પૂજયપાદ સંઘસ્થવિર આચાર્ય ભગવન્ત
શ્રીમદ્ વિજય ભદ્ર સુરીશ્વર સદ્‌ગુરુભ્યો નમઃ

# જ્ઞાનસાર પ્રવચન માળા

૨


પ્રવચન કારઃ
પૂજયપાદ, શાસન પ્રભાવક, આચાર્ય ભગવન્ત
શ્રીમદ્ વિજય ૐકાર સુરીશ્વર મહારાજા.



પ્રકાશક :
શ્રી જસવંતપુરા જૈન સંઘ
જસવંતપુરા (રાજસ્થાન)

# જ્ઞાનસાર
# પ્રવચનમાળા

ભાગ બીજો

**પ્રવચનકાર :**
પૂજ્યપાદ, શાસનપ્રભાવક આચાર્ય દેવ
શ્રીમદ્ વિજય ૐકાર સૂરીશ્વરજી મહારાજા

પ્રકાશક :

શ્રી જૈન શ્વે. મૂ. સંઘ,
જસવંતપુરા (રાજસ્થાન)

**પ્રાપ્તિસ્થાન :**

સરસ્વતી પુસ્તક ભંડાર,
હાથીખાના, રતનપોળ, અમદાવાદ–૩૮૦ ૦૦૧

❋

ઓરિએન્ટલ બૂક સેન્ટર,
૨૮, રતન ચેમ્બર્સ, ૧ લે માળ, હાથીખાના, રતનપોળ,
અમદાવાદ–૩૮૦ ૦૦૧

❋

સેવંતીલાલ વી. જૈન
૨૦/મહાજન ગલી, ઝવેરી બજાર, ૧લે માળે, મુંબઈ–૪૦૦ ૦૦૧

❋

સોમચંદ ડી. શાહ, જીવન નિવાસ સામે, પાલીતાણા

❋

જસવંતલાલ ગીરધરલાલ શાહ
જૈન પ્રકાશન મંદિર, દોશીવાડાની પોળ,
જૈન વિદ્યાશાળા સામે, અમદાવાદ–૩૮૦ ૦૦૧

❋

શંખેશ્વર પાર્શ્વનાથ જૈન પુસ્તક ભંડાર
શંખેશ્વર તીર્થ

**આઠ રૂપિયા**

મુદ્રક
ભગવતી મુદ્રણાલય, ૧૯, અજય એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ–૧

# જ્ઞાનસાર
# પ્રવચનમાળા–૨

પ્રવચનકાર : પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ૐકાર સુરીશ્વરજી મહારાજા

* ન્યાયાચાર્ય, ન્યાય વિશારદ, સમર્થ શાસ્ત્રકાર, મહામહોપાધ્યાય શ્રીમદ્ યશો વિજય મહારાજાની અણમોલ કૃતિ જ્ઞાનસાર ગ્રન્થના ૩જા તથા ૪થા અષ્ટક પરનાં

* પૂજ્યપાદ, સંઘસ્થવિર આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજય ભદ્ર સુરીશ્વરજી મહારાજાના પટ્ટ પ્રભાવક પૂજ્યપાદ, શાસન પ્રભાવક આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજય ૐકાર સુરીશ્વરજી મહારાજાના પ્રવચનોનું

* શ્રી જસવંતપુરા (જિ. જાલોર, રાજસ્થાન)માં પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી ના વિ. સં. ૨૦૩૭માં થયેલ યાદગાર ચાતુર્માસની સ્મૃતિરૂપે

* શ્રી જસવંતપુરા જૈન સંઘ દ્વારા પ્રકાશિત સારભૂત અવતરણ


સંકલન/સંપાદન : મુનિ શ્રી યશો વિજયજી

અવતરણ : મુનિ શ્રી મુનિચન્દ્ર વિજયજી

# જ્ઞાનસાર : યાત્રા શબ્દલોકથી ભાવલોક સુધીની

– મુનિ શ્રી યશો વિજયજી

કવિ એલીયટની એક મનભાવન કાવ્ય કડીનો, થોડોક વિસ્તારેલો, ભાવાનુવાદ કંઈક આવો છે : ભાઈ ! તેં ઘર તો ઘણાં બંધાવ્યાં; પણ એમાં ભગવાનનાં ધામ કેટલાં તે તું મને કહીશ ? આખરે, તારા દ્વારા બંધાયેલ મંદિરોની સંખ્યા કેટલી ? અને, શબ્દોનો તો તું અંધાધૂંધ ઉપયોગ કરે છે; ધૂંઆધાર ભાષણની ઝડી તું વરસાવી જાણે છે અને એની જગ્યાએ જ બાર શબ્દ નહિ, જ્યાં એકે શબ્દની જરૂરત ન હોય ત્યાંય તું ડઝનબંધ શબ્દોનો 'વેપાર' ખેલી નાખે છે; પરંતુ મને કહીશ કે આ બધા શબ્દોમાંથી ભગવાનની સ્તવનામાં વપરાયેલા શબ્દો કેટલા ? 'Much is your building, but not the house

of God; Much is your writing, but not the word of God.'

ગણિતને આ રીતે જો ઉપયોજી શકો તો જીવનની સાર્થકતાના વ્યાપને તમે માપી શકો. અને એ માટે તો 'જ્ઞાનસાર'નું આ કેલ્કયુલેટર તમારા હાથમાં મૂક્યું છે ને!

પેલા પ્રભુ શાસનને સમર્પિત મંત્રીશ્વરની વાત તો સાંભળી જ હશે તમે. તેમણે મન્દિર બંધાવ્યું ભગવાનનું. પ્રતિષ્ઠાના મૂહૂર્ત વખતે ધજા મુક્ત ગગનમાં લહેરાવા લાગી અને મંત્રીશ્વર નાચવા લાગ્યા શિખર પર બાંધેલા મંચ પર. આંખમાં હર્ષના આંસૂ. અંગોમાં થિરકન. રૂંવાડે રૂંવાડે પુલકાટ.

સદ્દગુરુદેવની નજર મંચ પર હર્ષના ઉમંગથી નાચી રહેલા મંત્રીશ્વર પર પડી. એમણે એક ભક્તને કહ્યું: મંત્રીશ્વરને સાવધ રહેવાનું સૂચવો. મંચને કઠેડા નથી...

મંત્રીજીને સદ્દગુરુદેવની સૂચના પહોંચાડવામાં આવી ત્યારે એ બોલ્યા: ગુરુદેવની આજ્ઞા શિરોધાર્ય છે. બાકી તો અહીંથી સમતુલા ખોઈ બેસું ને પટકાઈ જાઉં તો ય ઉપર જ જવાનું છે ને હવે તો મારે! પરમાત્માનું મિલન, ઉર્ધ્વયાત્રાનો પ્રારંભ! 'પાવંતિ ન દુક્ખદોગચ્ચં.'

ભક્તના હર્ષાશ્રૂમાં ભક્તિની ભીનાશ માણી શકાય. તેના શબ્દોમાં તેની વૈખરીમાં 'પરા'ની ચમક જોઈ શકાય.

ચૈતન્ય શિક્ષાષ્ટકનો પેલો શ્લોક યાદ આવે છે: હે ભગવાન! તમારું નામ લેતાં મારી આંખમાંથી ક્યારે ચોધાર આંસુ વરસવા લાગશે? ક્યારે મારું મોઢું, તમારું નામ ઉચ્ચારતાં, ભાવાવેશથી કંપવા લાગશે? અને રૂંવાડે રૂંવાડું, તમારું નામ સમરતાં, ક્યારે પુલકિત

બની જશે ? 'નયનં ગલદશ્રુધારયા, વદનં ગદ્‌ગદરુદ્ધયા ગિરા; પુલકૈર્નિચિતં વપુઃ કદા, તવ નામગ્રહણે ભવિષ્યતિ.'

પરમાત્માની ભવ્ય મૂર્તિ સામે બેઠા હોઈએ. સામાન્ય પ્રકાશ ગવાક્ષોમાંથી ચળાઈને આવી રહ્યો હોય કોઈ ભોંયરામાં આવેલ મંદિરમાં. ઘીના દીવાનો પ્રકાશ ઝીલમીલ જ્યોતિમાં અપાર્થિવ વાતાવરણનું સર્જન કરી રહ્યો હોય....

એવે સમયે આપણા મુખમાંથી એકાદ સ્તવન ભાવભર્યા કંઠે ગવાઈ રહ્યું હોય અને એ ગાનને તાલ આપવા આંખમાંથી અશ્રુબિન્દુઓ ટપકી રહ્યાં હોય...હા, 'તુજ વિરહો કિમ વેઠિયે રે લાલ !' જેવી પંક્તિઓ આંસુની ભીનાશ વગર કોરી કોરી લાગશે !

પછી એવી ક્ષણો આવશે જ્યારે સ્તવનની કડીઓ પૂરી થઈ ગઈ હશે અને આપણે પરમાત્માના વિશ્વમોહન રૂપમાં ખોવાઈ ગયા હોઈશું.

આ જ એ છલાંગ છે, જે આપણને શબ્દલોકમાંથી ભાવલોકમાં લઈ જાય છે. 'જ્ઞાનસાર ગ્રન્થ'ના શબ્દલોકમાંથી પણ આપણે આવી ભાવલોક ભણીની યાત્રા શરૂ કરવી છે. ઘણાં સ્ટાર્ટિંગ પોઈન્ટો તમને આ પુસ્તકમાંથી મળી જશે, જે તમારા જીવનમાં પણ એક નવી 'જાતરા'નો પ્રારંભ કરાવી શકે.

ન્યાયાચાર્ય, ન્યાય વિશારદ, મહામહોપાધ્યાય શ્રીમદ્ યશો વિજય મહારાજાના અનુપમ ગ્રન્થ 'જ્ઞાનસાર' પરના પૂજ્યપાદ ગુરુદેવ શ્રીમદ્ વિજય ૐકાર સુરીશ્વરજી મહારાજાના આ પ્રવચનોને સંપાદિત, સંકલિત કરતી વેળાએ મને મળેલ અપૂર્વ સ્વાધ્યાયાનન્દમાં સહભાગી બનવાનું તમને હું આમંત્રણ પાઠવું છું.

મહામહિમ, પરમતારક શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવાન તથા

અચિન્ત્ય ચિન્તામણિ ચન્દ્રપ્રભુ ભગવાનની છત્રછાયામાં પરમ સદ્ગુરુદેવ શ્રીમદ્ વિજય ભદ્ર સુરીશ્વરજી મહારાજાની કૃપાદષ્ટિથી મળેલ આ સ્વાધ્યાયાનન્દ વધુ ને વધુ વિસ્તરતો રહો !

પ્રુફ-સંશોધન માટે પોતાનો અમૂલ્ય સમય આપનાર સુહૃદ્દર મુનિરાજ શ્રી દિવ્ય ભૂષણ વિજયજી શ્રુતયાત્રાના સહયાત્રી બન્યા છે.

શ્રી જસવંતપુરા જૈન સંઘે આ પ્રકાશન દ્વારા એક મહાન સુકૃતનો લાભ લીધો છે.

જસવંતપુરા
૧૦-૧૦-૮૧

## અનુક્રમ


| | |
|---|---|
| **[૧] તમે જેને શોધો છો...[૩/૧]** | **૧** |
| સમયનો અભાવ : ધર્મ માટે જ ! | ૨ |
| સંત અને યુવાન | ૩ |
| એક કલાક રોજ જિનવાણી માટે... | ૩ |
| પ્રવૃત્તિનો હેતુ | ૪ |
| કાંખમાં છોકરું ને ઘેર ઘેર ગોતે ! | ૫ |
| જ્ઞાની પુરુષનો પ્રશ્ન | ૬ |
| ખજાનો આપણી પાસે જ છે. | ૭ |
| વીંટી તળાવમાં પડી હોય તો... | ૭ |
| ઈલાચિકુમારે શું જોયું ? | ૮ |
| ઈલાચિકુમારની વિચારધારા | ૯ |
| વાણિયો ખુશ થાય તો ? | ૧૦ |
| હોજો મુજ સરખા કામીને... | ૧૦ |
| પ્રશ્ન આપણો : ઉત્તર મહાપુરુષનો | ૧૧ |
| **[૨] આરાધના આણે સ્થિરતા [૩/૨]** | **૧૨** |
| ટેલીવિઝન તો લાવ્યા, પણ...! | ૧૩ |
| તમને કોણ અપ્રસન્ન બનાવે છે ? | ૧૩ |
| વજ્રસ્વામી મહારાજ | ૧૪ |
| ભાત-પાણીનો લાભ દેજો જી ! | ૧૫ |
| દાન દેઈ ભોજન કરું રે... | ૧૫ |
| નયસારની વિચારણા ફળે છે | ૧૬ |
| દાન કેમ આપવું ? | ૧૭ |

| | |
|---|---|
| વજ્રસ્વામી મહારાજ : આરાધકતાનો ભાવ | ૧૭ |
| હજારની નોટો રદ થઈ ત્યારે...! | ૧૯ |
| સ્કૂલમાં ભણતા બાળકોનું અપહરણ :... | ૧૯ |
| જ્ઞાન + અસ્થિરતા (વિકાર) = લોભ | ૨૦ |
| **[3] ગતિ અમૃત અનુષ્ઠાન ભણીની [3/3]** | **૨૦** |
| લલિત વિસ્તરા સૂત્રમાં... | ૨૧ |
| [૧] વધતી શુભ ભાવોની શ્રેણી | ૨૧ |
| [૨] અશ્રુપૂર્ણ લોચનિયાં | ૨૨ |
| [૩] રોમે રોમે દીવા પ્રગટે ત્યારે... | ૨૨ |
| [૪] ધન્યતાની લાગણી | ૨૨ |
| [૫] તારા મુખને મટકે અટકયુ મારું મન જો | ૨૨ |
| અખિયાં પ્રભુ દરસન કી પ્યાસી | ૨૩ |
| ધનપાળ કવિની સ્તુતિ | ૨૪ |
| છ'રી પાલિત સંઘનો અપૂર્વ આનંદ | ૨૪ |
| તુમે જયણાએ ધરજો પાય રે... | ૨૫ |
| સ્ટવનો ધમધમાટ, કપ-રકાબીનો ખણખણાટ | ૨૬ |
| છ'રી' પૂર્વકની યાત્રા | ૨૬ |
| હેમચંદ્ર સુરિ મહારાજ અને ઋષભપંચાશિકા | ૨૮ |
| ધન્ય તે રાત ને ધન્ય દીહા... | ૨૮ |
| કુળાચારને પિછાણો | ૨૯ |
| અમૃત અનુષ્ઠાન ભણી... | ૩૦ |
| **[૪] ક્રિયાનું ઔષધ : સંસારનો રોગ [3/૪]** | **૩૨** |
| અષ્ટ પ્રાતિહારજ સું જગમાં તું જયો રે લો | ૩૩ |
| [૧] તાહરા વૃક્ષ અશોકથી, શોક દૂરે ગયો રે લો ! | ૩૩ |
| વનસ્પતિ પર વિચારોની અસર | ૩૪ |
| [૨] ગીર્વાણ કુસુમવૃષ્ટિ કરે રે લો | ૩૫ |

અંજના સતીની જિનભક્તિ... ૩૫
પિયરથી પણ તિરસ્કાર! ૩૬
અંજનાનો પૂર્વભવ ૩૮
આધાર જિનભક્તિનો ૪૦
[૩] દિવ્ય ધ્વનિ સુર પૂરે કે... ૪૧
જિનમુખ દીઠી, વાણી મીઠી... ૪૨
પંડિતજીની નિઃસ્પૃહતા ૪૨
'હું ભીંડાનો નોકર નથી.' ૪૩
દ્રાક્ષ વિહાસે, ગઈ વનવાસે... ૪૪
[૪] ચામર કેરી હાર ચલંતી એમ કહે રે લો! ૪૫
[૫] તિહાં બેસી જિનરાજ... ૪૫
[૬] ભામંડલ શિર પૂંઠે... ૪૭
[૭] દેવદુંદુભિનો નાદ... ૪૭
[૮] ત્રણ છત્ર કહે... ૪૮
પ્રશ્ન સાધકનો : ઉત્તર ગ્રન્થકાર મહાપુરુષનો ૪૮
હોસ્પિટલાઈઝ્ડ થઈ જાવ! ૪૯

**[૫] સમતોલપણું શી રીતે આવે? [૩/૫]** ૫૦

નેચરોલોજિસ્ટની લાખેણી સલાહ ૫૧
રાજા અને પંડિત ૫૧
પેટ નરમ, પાંવ ગરમ... ૫૨
મોર્નિંગ વૉક લેવા જાય, પણ... ૫૩
જીવનની કાર માટેના આ પેટ્રોલ પંપો! ૫૪
દાદા–દાદી તરફથી સંસ્કાર મળતાં... ૫૬
બાળકને મન્દિર-ઉપાશ્રયે સાથે લઈ જાવ ૫૭
રવિશંકર મહારાજનો અનુભવ ૫૮
'ચાલી શરણં ગચ્છામિ!' ૫૯

અનીતિના લાડવા પચે કે... ૬૦
જીભની દલાલી ૬૧
હોટલવાળાએ ડૉક્ટર પાસે ભાગ માંગ્યો ૬૩
'હેવ્સ'ને બદલે 'હેવનોટ્સ'માં ૬૪
આરાધકની વિચારણા ૬૪
કોઈને ગમે સુરજ... ૬૬
[૬] કામનાઓની જાળ કેમ છેદાય? [૩/૬] ૬૭
મુલ્લાજીએ ઘરનું વાતાવરણ... ૬૮
જોગીદાસે આંખને સજા કરી ૬૯
જો જો, મર્યાદાનો બંધ તૂટી ન જાય! ૭૦
'મારી પાસે ત્રીજો હાથ નથી!' ૭૧
વાત એક અભિનેત્રીની ૭૨
'સાજો થાઉં તો ફરી પરણું।' ૭૩
પુણ્ય પ્રકાશનું સ્તવન... ૭૫
જ્ઞાનીઓને થતું આશ્ચર્ય ૭૭
એક સદ્દગૃહસ્થનો સ્વાનુભવ ૭૮
જોજો, પરીક્ષામાં ધબડકો ન વળે! ૭૯
ઉદયન મંત્રીની અંતિમ અભિલાષા ૮૦
રત્નદીપને મન-ઘરમાં ટાંગો ૮૨
[૭] ચિત્તની સ્થિરતા : બે સચોટ ઉપાયો [૩/૭] ૮૫
જ્યારે ખતરાની ઘંટી વાગે છે! ૮૬
'ચા કોઈ પીવડાવે તો સારી' ૮૮
વિરતિ ને પ્રણામ કરીને... ૮૯
મનની ચંચળતાનું બીજું કારણ : ધારાનું અપરિવર્તન ૯૦
પરાંની ટ્રેનોમાં આવા યાત્રી કેટલા ૯૧
દેવ મુનિની પરીક્ષા કરવા નીકળે છે? ૯૨

એક ધન્ય પ્રસંગ ૯૩
ધર્મમેઘ સમાધિ શી રીતે મળે? ૯૫
**[૮] પ્રયાણ : સાધનાની દિશા ભણી [૩/૮] ૯૭**
ધ્યાનની દુનિયામાં પ્રવેશવા માટે ૯૮
બે શ્રીમતીઓ વચ્ચે શ્રીમાનની અવદશા ૯૯
ચિત્તસ્થૈર્યનો એક અન્ય ઉપાય : રસવૃદ્ધિ ૧૦૧
આરાધનામાં રસ શી રીતે જાગે? ૧૦૧
સાહેબ! બીજી બધી સજા કરજો, પણ... ૧૦૨
એક સુંદર સુભાષિત ૧૦૩
તેની નાડ શું વૈદ્ય જુએ ૧૦૪
મારા દાદા આખી દુનિયા મૂકીને ગયા છે! ૧૦૫
વસ્તુ એક : એંગલ અનેક ૧૦૭
ધોળો વાળ જોઈ વૈરાગ્ય આવે? ૧૦૭
નહિતર, હું જ ખોવાઈ જાત! ૧૦૯
જ્ઞાન–ધ્યાન–કિરિયા સાધંતા... ૧૧૦
એડિસનનો ચાતુરી ભર્યો જવાબ ૧૧૧
'કેડિલોક' કારને પસાર થતી જુઓ તોય...! ૧૧૨
**[૯] મારક મન્ત્ર મોહનો [૪/૧] ૧૧૫**
જીવન વીમો તો ઉતરાવ્યો પણ ૧૧૫
મયણા સુન્દરી અને શ્રીપાળરાજા ૧૧૫
પેથડ મંત્રી કામળીનાં દર્શન કરે છે! ૧૧૭
વિજય શેઠ અને વિજયા શેઠાણી ૧૧૮
વાતાવરણમાં પ્રદૂષણો ૧૨૧
ચાંપરાજ વાળાની માતા ૧૨૨
મદાલસા બાળકને ઝુલાવતાં શું કહેતી ૧૨૨
અનુપમા દેવીની પ્રેરણા ૧૨૪

આર્યપત્નીની શીખ ૧૨૪
બીજું બધું MISS કરશો તો ચાલશે, પણ ૧૨૬
મન્ત્ર અને પ્રતિમન્ત્ર ૧૨૭
**[૧૦] અદ્વિતીય આનંદલોકની સફરે [૪/૨] ૧૨૯**
શુદ્ધ સ્વરૂપ રમણતા ૧૩૦
કથા કંજુસની ૧૩૧
દેહ પરની મમતાનો ત્યાગ ૧૩૩
તો બંદૂકને ઉપાડીને ફરવાનો શો અર્થ ? ૧૩૪
ધન્ના અણગારની મહાન તપશ્ચર્યા ૧૩૫
અહં મુક્તિ ૧૩૬
દશાર્ણભદ્ર : અહમ્ પણ તારક ૧૩૭
મુદ્રા, આસન, ધ્યાનાભ્યાસ ૧૩૮
ધ્યાન માટે શ્રેષ્ઠ આલંબન : પ્રભુની મૂર્તિ ૧૩૯
તપની દીપ્તિ ૧૪૦
કૂતરાં તો છુટ્ટાં છે, ને પથરા બાંધેલા ! ૧૪૧
આજે ચૌદશ છે. કારણ કે... ૧૪૨
પર–રમણતાનો ત્યાગ ૧૪૩
ડિઝાઈન રોજ નવી શી રીતે લાવવી ૧૪૪
કરુણાનો ફેલાવ ૧૪૬
ત્રિભુવન બંધુ ૧૪૬
સાધકની ભાવના સૃષ્ટિ ૧૪૭
**[૧૧] જેનું ચિત્ત–આકાશ પાપ-કાદવથી ખરડાતું નથી [૪/૩] ૧૪૮**
ધર્મનો અધિકારી કોણ ૧૪૯
ધર્મ પર બહુમાન કેવું છે ? ૧૫૦
જટાશંકર ભટ્ટનો લાડુપ્રેમ ૧૫૦
‘ધમ્મ દયાણું’’ આદિ પદોની ભાવના ૧૫૪

| | |
|---|---|
| સીમંધર સ્વામી! કહીએ રે હું મહાવિદેહે આવીશ | ૧૫૪ |
| ભટ્ટજી અને મિયાજી | ૧૫૫ |
| 'આઈ એમ ફર્સ્ટ કલાસ પેસેન્જર!' | ૧૫૬ |
| સદ્ગુરુની શીખ કેવી લાગે? | ૧૫૮ |
| અરણિક મુનિવરનો પાવક પ્રસંગ | ૧૫૯ |
| માઈક્રોફોન નો મોહ છોડો! | ૧૬૧ |
| પ્રધાનનું ભાષણ | ૧૬૨ |
| સિનેમા ગૃહો એટલે ગેસ ચેમ્બર્સ | ૧૬૨ |
| 'હારીએ નહિ પ્રભુબળ થકી' | ૧૬૫ |
| હું કેમ આવું એકલો | ૧૬૬ |
| 'તુજ મુજ નહિ છે ભેદ' | ૧૬૭ |
| મોક્ષ મેળવી આપનાર ભક્તિની ઉંચાઈ કેટલી | ૧૬૭ |
| ભરત મહારાજાની વિમાસણ... | ૧૬૮ |
| ધમ્મ દેસયાણં : પ્રભુની ધર્મદેશના... | ૧૬૯ |
| સંસાર : બળતા ઘર જેવો | ૧૭૦ |
| મેં માગ્યો ચડવા, તમે આપ્યો ઉપાડવા | ૧૭૧ |
| દેહ ઔદારિક દુઃખનો દરિયો | ૧૭૨ |
| ગુણસેન રાજાનો પ્રશ્ન : ગુરુદેવનો ઉત્તર | ૧૭૨ |
| ક્ષણનો પણ પ્રમાદ કેવો? | ૧૭૩ |
| શ્વાસે શ્વાસે સમરું તમને... | ૧૭૩ |
| સાધના અજન્મા બનવાની | ૧૭૪ |
| વિષયોની ભયંકરતા | ૧૭૫ |
| પ્લાસ્ટિક સર્જરીથી નવું નાક | ૧૭૫ |
| આજની કન્યા ફ્લેટ, કાર સાથે ફેરા ફરે છે | ૧૭૭ |
| બિલાડીની દોટે ચઢિયો, ઉંદરડો શું મહાલે? | ૧૭૮ |
| સંસારનો તાપ, ધર્મનો મેઘ | ૧૭૯ |
| જવાબ મયણા સુંદરીનો ને સુરસુંદરીનો | ૧૮૦ |

બુલવર્કર્સ નો આ જમાનો ૧૮૧
'તુ ઊંચો નથી, લાંબો જરૂર છે !' ૧૮૨
તો કાદવમાં ગાડી ન ફસાય ! ૧૮૨

**[૧૨] 'મોહરાય શિર લાકડિયાં' [૪/૪] ૧૮૪**

અનામી મિત્રની ભેટ (?) ૧૮૫
પેટ ભરવા માટેનું પાપ કેટલું ?
ને પટારા ભરવા માટેનું પાપ કેટલું ? ૧૮૬
'પહેલાં ઉપધાન કરાવું, પછી ઘર સમરાવું' ૧૮૭
કલ્પક મંત્રીની પાપભીતિ ૧૮૮
બે પંડિત : એક હાથી, એક પોપટ ! ૧૮૯
સંગીત પ્રિય રાજવી ૧૯૦
વાત કેળાંવડાંની ! ૧૯૨
'મારાં સાસુજી કરતાં તમારાં સાસુજી પર વધારે હેત છે' ૧૯૪
'દૌલત' ની બે લાત ૧૯૫
કલ્પકની મંત્રી થવાની ઈચ્છા નથી ૧૯૮
'તમારો બાબો મિનિસ્ટર બનશે' ૧૯૮
પેથડ મંત્રીએ પરમાત્માનાં કેવાં દર્શન કર્યાં ? ૨૦૦

**[૧૩] કારસ્તાન કારમાં મોહનાં [૪/૫] ૨૦૩**

'ભગવાન વગર નહિ ચાલે' ૨૦૪
સમરાશાહના પિતાની પરમાત્મસમર્પિતતા ૨૦૫
કુમારપાળ રાજા : કેવી સુંદર અંતિમ વ્યવસ્થા ! ૨૦૬
'ભાલાને લાંબો કરો' ૨૦૯
ધારિણી મનાવે રે મેઘકુમારને રે... ૨૧૧
એક મરજીવાની વાત ૨૧૨
જીવન રથના સારથી : પરમાત્મા ૨૧૩
મોહનાં આ કારસ્તાન ! ૨૧૪

આ તે 'હાઈ સોસાયટી' કે 'હાય ! સોસાયટી' ૨૨૦

'મારે તમારુ આઠમુ ઘર...!' ૨૨૦

પ્રીત ન હોય પરાણે રે... ૨૨૧

**[૧૪] ખોવાઈ ગયેલા 'હું' ને શોધવા [૪/૬] ૨૨૪**

મુસ્લિમ સજ્જનની ટકોરથી યુવાન ધર્માભિમુખ બન્યો ૨૨૭

મહા મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજય મહારાજ ૨૨૮

ઉદારતા લલ્લિગ શ્રાવકની... ૨૩૦

હું કંઈ ઢોર છું કે બે ભાખરી પર આ ત્રીજી આપે છે! ૨૩૨

ભલે વધાર્યા !... ૨૩૩

માધકવિના ધર્મપત્નીની ઉદારતા ૨૩૪

ભવવિરહ સૂરિ ૨૩૫

ધન્ય ગુરુભક્તિ ૨૩૫

છત્રીશ સો રૂપિયાનું શાક ૨૩૭

કસ્તૂરિયા મૃગની રખડપટ્ટી ૨૪૦

યોગીરાજ આનંદઘન મહારાજ ૨૪૧

**[૧૫] 'સિદ્ધની શોભા રે શી કહું !' [૪/૭] ૨૪૩**

પહેલાંના ગુરુકુળો ૨૪૫

'હું હાથી જોવા નથી આવ્યો !' ૨૪૬

'ચાવવું તો મારે પડે છે ને ! ૨૪૭

'No time' નો ઉપાય... ૨૪૯

એન્ટેના છે, ટી. વી. નથી !... ૨૫૧

ગામના અખબાર ગંગા ડોશી ૨૫૩

હું તો મરું તો મરું... ૨૫૭

આ વિષવર્તુળમાં કોણ બચી શકે ૨૫૮

ચરચામાંથી મરચાં ૨૫૯

'ગુરુમહારાજ નો ઉપદેશ !' ૨૬૦

| | |
|---|---|
| પડોશીના પીત્તળના ને ગામના ગારાના | ૨૬૧ |
| જીવન જ્યારે મહોત્સવ સમુ બને છે | ૨૬૩ |
| કુબડો રાજકુમાર ફૂટડો શી રીતે બન્યો | ૨૬૪ |
| આપણું સ્થાન સિદ્ધશિલા જ | ૨૬૬ |
| રાજા અને ભીલ | ૨૬૬ |
| અમેરિકી પ્રમુખનો માર્મિક જવાબ | ૨૬૭ |
| **[૧૬] ચાલો અન્તર્મુખ બનીએ [૪/૮]** | **૨૭૧** |
| વાણીના ચાર પ્રકાર | ૨૭૩ |
| મોક્ષ શી રીતે મળે? | ૨૭૪ |
| નાવનું લંગર છોડો | ૨૭૭ |
| મધ્યમા, પશ્યન્તી અને પરા | ૨૭૯ |

# શુદ્ધિપત્રક

| અશુદ્ધ | શુદ્ધ | પૃષ્ઠ/પંક્તિ |
|---|---|---|
| ટ્રાન્કિવઝિલ પિલ્સ | ટ્રાન્કિવલાઈઝર્સ | ૬૭/૧૦ |
| આંખોના આત્મમાંથી | આંખોના આભમાંથી | ટાઈટલ છેલ્લું |

**નોંધ :** [૧] પૃ. ૨૦ સંસ્કૃત શ્લોકની ઉપર ત્રીજા પ્રકરણનું શીર્ષક રહી ગયું છે, જે આ રીતે વાંચવું ' ગતિ અમૃત અનુષ્ઠાન ભણીની '

[૨] પ્રુફ શોધકોએ ચીવટ પૂર્વક શુદ્ધિ કર્યા છતાં પ્રેસની ઉતાવળને કારણે અહીં – તહીં મુદ્રણદોષો રહી ગયા છે; — ખાસ કરીને સંસ્કૃત શ્લોકમાં – જે સુધારી વાંચવા વિનંતી છે.

# જ્ઞાનસાર
# પ્રવચનમાળા–૨

[૧]

# તમે જેને શોધો છો, તે તમારી પાસે જ છે!

वत्स ! किं चञ्चलस्वान्तो
  भ्रान्त्वा भ्रान्त्वा विषीदसि ।
निधिं स्वसन्निधावेव
  स्थिरता दर्शयिष्यति ॥

વિચારક મનુષ્યને ભીતરથી હલાવી નાખે તેવો પ્રશ્ન કર્યો છે જ્ઞાની મહાપુરુષે : "ભાઈ ! તું શેના માટે દિન-રાત આ મહેનત કર્યા કરે છે? નથી સુખે ખાતો, નથી આરામથી ઊંઘતો; (આરાધનાની વાત તો તેથી પૂછવી જ શી રીતે?) બસ, ઊંધું ઘાલીને દોડયા જ કરે છે સવારથી સાંજ સુધી.

મને જરા કહે તો ખરો કે, આ દોડ આખરે શા કાજે છે?" પ્રશ્નકાર છે પૂજ્યપાદ મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજય મહારાજા. 'જ્ઞાનસાર' ગ્રન્થના સ્થિરતા પ્રકરણ (અષ્ટક)ના પ્રારંભમાં તેઓશ્રી આ પ્રશ્ન પૂછી રહ્યા છે.

મુંબઈ જેવા મહાનગરના પરાઓમાં રહેતા ગૃહસ્થો વહેલી સવારે તૈયાર થઈને દોડે છે ઓફિસ પર. મોડી રાત્રે જ્યારે એ પાછા ફરે છે ત્યારે ઘરવાળાઓને થાય છે કે, હાશ! હેમખેમ આવી તો ગયા. આશ્વસ્તતાનો એ શ્વાસ જરા હેઠો બેસે ન બેસે ત્યાં તો બીજી સવારે પાછું 'પુનરપિ ઓફિસં, પુનરપિ કાર્યમ્' નું ચક્ર ચાલુ થઈ જાય છે.

ચક્ર અવિરત ચાલુ છે અને તેથી જ ગ્રન્થકાર મહાપુરુષ પૂછી રહ્યા છે: ભાઈ! તું શેના માટે દોડી રહ્યો છે? 'ભ્રાન્ત્વા ભ્રાન્ત્વા વિષીદસિ....'

—સમયનો અભાવ: ધર્મ માટે જ!

પ્રશ્નનો ઉત્તર બહુ મુશ્કેલ નથી. મુશ્કેલ છે પ્રશ્નના હાર્દ સુધી ઉતરવાનું. પ્રશ્નના સમંદરમાં પેસી જવાબનું રત્ન ખોજતા મરજીવાઓનો જ તોટો હોય છે ને!

પહેલી વાત તો, આવા ચિન્તન કરવાની વાતના ટાણે આવીને ઊભી રહે છે તે છે 'નો ટાઈમ' ની. શું કરીએ, મહારાજ સાહેબ! સમય જ નથી મળતો. બાકી આરાધના તો ઘણી કરવી છે....ધર્મચિન્તન તો કરવું જ છે ને....

મજા ત્યારે થાય છે કે, જ્યારે સમયના અભાવના ગાણાં ગાતા એ માણસને સિનેમાની ટિકીટ માટેની લાંબી ક્યુમાં ઊભેલો જોઈએ છીએ!

### સંત અને યુવાન

એક સંતે એક યુવાનને ધર્મ કરવા માટે ઉપદેશ આપતાં એણે કહ્યું: મહારાજ! જીવન હજુ ઘણું લાંબુ છે. ઘડપણમાં પછી ધર્મ જ કરવાનો છે ને!

વળતે દિવસે એ જ યુવાનને સંતે જીવન વીમા કચેરીના પ્રાંગણમાં ફરતો જોયો. કરુણાળુ સંતે પ્રેમથી ત્યાં આવવાનું પૂછતાં યુવાન કહે: જીવન વીમો—લાઈફ ઈન્સ્યોરન્સ ઉતરાવવા માટે આવ્યો'તો. અચાનક જીવન-લીલા સમાપ્ત થઈ જાય, કોઈક એક્સિડન્ટમાં, તો પાછળવાળાઓને ચિન્તા નહિ ને....

ધર્મ કરવાના પ્રસંગે યુવાનને જીવન લાંબું, શાશ્વત લાગ્યું. સંસારના ચિન્તનના ટાણે જીવન ક્ષણભંગુર લાગ્યું.

બસ, ચિન્તનને થોડું પલટાવી નાખવાનું છે. થોડું જ. જીવન ક્ષણભંગુર લાગે અને એથી જ એની એક એક પળને ધર્મના કસુંબલ રંગે રંગી નાખવાનું મન થાય.

### એક કલાક રોજ જિનવાણી માટે...

ફક્ત નવરાશની પળોનો જ ધર્મચિન્તન અને ધર્મ-આરાધન માટે મનુષ્ય ઉપયોગ કરી લે તોય એ કેટલું બધું

ચિન્તન અને આરાધન કરી શકે.

જ્ઞાની મહાપુરુષે પ્રશ્ન કર્યો છે અને એથી આપણે આજે વિચારવા બેઠા છીએ કે, જ્ઞાની ભગવંતના પ્રશ્નનો શો ઉત્તર હોઈ શકે? કેટલી કરુણાદૃષ્ટિથી, કેવા વાત્સલ્ય પૂર્વક એમણે પ્રશ્ન કર્યો છે? સંબોધન જ કેટલું સરસ છે?: વત્સ! અને પછી ધીરેથી પૂછ્યું: તું શા માટે આમથી તેમ ફરીને ખિન્ન થઈ રહ્યો છે? આપણા વિષાદયોગને આનંદયોગમાં પલટાવવા આ પ્રશ્ન કરાયો છે.

આટલી આત્મીયતાથી પ્રશ્ન પૂછાયો છે ત્યારે, કમ સે કમ, થોડુંક વિચારવાની તો આપણી ફરજ થાય છે જ.

રોજની એકાદ કલાક જિનવાણીનું શ્રવણ, વાંચન કે ચિન્તન ચાલુ રહે તો આવા ઘણા પ્રશ્નોનો જવાબ મળી રહે.

પ્રશ્ન તો યાદ છે ને? તમારી અવિરત ચાલુ રહેતી દોડ સંબંધી એ પ્રશ્ન છે.

**પ્રવૃત્તિનો હેતુ :**

ચોવીસ કલાકની આ દોડધામ શા માટે? તમે લોકો બુદ્ધિજીવી છો અને બુદ્ધિજીવી મનુષ્ય વિચાર કર્યા વગર પ્રવૃત્તિ કરતો નથી.

વ્યસ્ત મનુષ્યને પૂછીએ કે, ભાઈ! આટલી બધી મથામણ તમે શા કાજે કરો છો? તો તરત જ એ કહેશે: આ પ્રવૃત્તિઓ ન કરું તો પરિવારનું પોષણ શી રીતે કરું?

પહેલી નજરે સાચો લાગતો આ જવાબ ખોટો ત્યારે પડે છે કે, પુણ્યના સહકારથી, જ્યારે એ મનુષ્ય પાસે દોમ-દોમ સાહ્યબી થઈ જાય છે; પૈસા ક્યાંથી લાવવાની ચિન્તા, પૈસા ક્યાં નાખવા તેની ચિન્તામાં ફેરવાઈ જાય છે ત્યારેય પેલું ઓફિસનું ને બિઝનેસ-મિટીંગ્સનું ચક્ર થોભતું નથી. ઊલટું, જીવનની કારના સ્પીડોમીટરનો કાંટો વધુ વેગ દર્શાવી જાય છે. ચક્ર વધુ ઝડપથી ફરે છે.

તમે કહેશો: ધન જોડે સુખને સંબંધ છે. ને અમારે સુખી થવું છે માટે આ દોડ ચાલુ છે.

જરા વિચારીએ: સુખ ક્યાં છૂપાયેલું છે? એવું તો નથી ને, કે સુખ હોય ક્યાંય ને તમે શોધતા હોવ ક્યાંય....

**કાખમાં છોકરું ને ઘેર ઘેર ગોતે!**

પેલી વાત જાણીતી છે: બાળકને તેડીને નીકળેલ બાઈ ઘરે ઘરે ફરતી'તી ને રઘવાઈ થઈને જે મળે તેને પૂછતી'તી: મારા દીકરાને ક્યાંય જોયો તમે? ક્યાં છે મારો લાલ? મારો નંદકિશોર....આખા ગામમાં એને શોધવા ઘૂમી રહી છું. ક્યાંય એનો પત્તો નથી.

જેને જેને બાઈ પ્રશ્નો પૂછતી એ સદ્‌ગૃહસ્થ કહેતો: બહેન! મને કંઈ ખબર નથી. છેવટે મળ્યો એક માણસ જે આ બાઈને ઓળખતો હતો. "મારા બાબાને તમે જોયો? ક્યાં ગયો હશે કોણ જાણે? કલાકોથી શોધી રહી છું એને."

પેલાં ભાઈ જરા નવાઈમાં ડૂબી ગયા. એમને ખબર હતી કે, એ બાઈને એક જ દીકરો છે અને એને તો બાઈએ તેડેલો છે.

"તમારે કેટલા બાબા?"

"એક જ."

"ત્યારે આ કેડે તેડેલો છે એ બાબો કોનો છે?"

બાઈએ જોયું કે, ઓહ! જેને પોતે કલાકોથી શોધી રહી છે એ તો પોતાની કેડે જ નિરાંતથી-'ટેસ'થી બેઠેલો છે. બાઈ શરમાઈ ગઈ. તરત જ એ ઘર ભણી રવાના થઈ. 'કાખમાં છોકરું ને ઘેર ઘેર ગોતે' તે આનું નામ.

## જ્ઞાની પુરૂષનો પ્રશ્ન

તમારી ય સ્થિતિ આવી તો નથી ને? કે સુખનો ખજાનો તમારી પાસે જ હોય અને તમે બીજે બધે શોધી રહ્યા હો.

જ્ઞાની પુરુષે જે પ્રશ્ન કર્યો છે, એનો જવાબ તેઓ પોતે પણ આપનાર છે. પણ આપણે થોડું ચિન્તન કરવું છે કે, ચોવીસ કલાકની સંસારી વ્યક્તિની દોડધામનું કારણ આખરે શું છે.

કારણ આ છે: પદાર્થોમાં સુખ રહેલું છે એ માન્યતા. અને એથી માણસ પદાર્થોનો ખડકલો કર્યા જ કરે છે: ટી. વી., ફ્રીજ, વીડીઓ, કાર....

પણ એ પદાર્થોના ખડકલામાંથી સુખના બિન્દુઓ

ઝરતા જોયા તમે ? ઘણી વખત તો લોકો ફિલસૂફની અદાથી કહેતા હોય છે : પરિગ્રહ વધ્યો તેમ ઉપાધિ વધી. ઉપાધિને ગળે વળગાડીને ફરવાની પણ કોઈ મઝા હોતી હશે....?

**ખજાનો આપણી પાસે જ છે.**

ગ્રન્થકાર પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ આપણા પ્રશ્નનો ઉત્તર દર્શાવતાં કહે છે : (હા, હવે પ્રશ્ન એમનો નહિ, આપણો બન્યો છે. આટલી વિવેચના આપણે માટે જ કરી કે, તેઓએ પૂછેલ પ્રશ્ન તેમનો ન રહેતાં આપણો બની જાય અને આપણો બને તો જ આપણને એ ઉત્તરમાં દિલચસ્પી રહે.) 'નિધિં સ્વસન્નિધાવેવ.' ભાઈ! સુખનો ખજાનો તારી પાસે જ છે. આનંદનો અણમોલ નિધિ આપણી પાસે જ છે. સુખ, આનંદ બીજે ક્યાંય નથી. એ આપણી પાસે જ છે.

હવે કહો કે, લોકો સુખને બીજે બધે ખોળતાં ફરે તો એ શોધની મહેનત માથે જ પડવાની ને!

તમે કદાચ પૂછશો : સુખ પાસે છે તો દેખાતું કેમ નથી ? પ્રશ્ન બરોબર છે. સુખનો અનુભવ નથી થતો એનું કારણ હોવું જ જોઈએ. અને તે કારણ છે મનની ચંચળતા, અસ્થિરતા.

**વીંટી તળાવમાં પડી હોય તો...**

ત્રણ-ચાર ફૂટ ઊંડા તળાવના પાણીમાં તમારી વીંટી પડી જાય અને એ ક્યાં છે એ બરોબર જોવી હોય–તેને

પ્રાપ્ત કરવા માટે–તો તળાવની સપાટી સ્થિર જોઈએ. જો પાણીના તરંગો સપાટીને અસ્થિર રાખતા હોય તો તમે તળિયે પડેલ વીંટીને જોઈ ન શકો.

બરોબર આ જ વાત અહીં છે. મન જો સ્થિર ન હોય તો સુખનો ખજાનો પાસે હોવા છતાં તમે ન જોઈ શકો.

તપશ્ચર્યા, સ્વાધ્યાય, સાધના આ બધું આટલા માટે જ છે: આપણી ખોવાયેલી (વીંટી) સ્વભાવદશા આપણને જડે તે સારુ.

દુનિયા આખીને જોનારે, ટેલીવીઝનની પેનલ પર વિશ્વને ખૂણે-ખાંચરે બનતા બનાવોને નીહાળનારે પરમાત્માને તો હજુ જોયા જ નથી કદાચ.

પરમાત્માનું દર્શન થાય તો આપણી સ્વભાવ-દશાનો આપણને ખ્યાલ આવે. આપણા મૂળ રૂપ ભણી આપણી નજર જાય.

## ઈલાચિકુમારે શું જોયું ?

ઈલાચિકુમારે નટીના મોહ ખાતર બધું છોડયું. માત-પિતાનો પ્રેમ છોડયો. કરોડોની દોલત છોડી. કરોડ-પતિ પિતાના એકના એક એ પુત્રે નટીને જોઈ. મુગ્ધ બન્યા અને એની પછવાડે એ નીકળી ગયા. બધું છોડીને.

પણ આટલું બધું છોડવા છતાં ઈલાચિકુમાર ત્યાગી કહેવાશે ?

સભા : ના, જી.

કેમ ? ઈલાચિકુમારે રૂપવતી નારી મેળવવા માટે એ છોડયું છે. બસો રૂપિયાની ઘડિયાળ ખરીદવા માટે કોઈ દુકાનદારને બસો રૂપિયા આપે તો એ ત્યાગ નથી. કારણ કે એને બદલામાં બીજું કંઈક મેળવવું છે.

ઈલાચિકુમાર રાજાને પ્રસન્ન કરવા સારુ વાંસ પર ચડી નાચી રહ્યા છે. એક જ ધ્યેય છે : રાજાને રીઝવવાનું. 'રાજા રીઝે, દાન જો દીએ, તો કન્યા મળે....'

છેલ્લી વખત વાંસ પર ચડયા ઈલાચિ. અને નજર પડી બાજુના મકાનના ચોકમાં. સુંદર મહેલની ઓસરીમાં મુનિરાજ નીચા નયણે ઊભા છે. સામે રૂપરૂપના અંબાર સમી નવયૌવના ઉત્તમ લાડવાનો થાળ ભરી ઊભી છે. મુનિરાજના શબ્દો નથી સાંભળી શકાતાં. પણ ઈશારાની 'ભાષા' ને તો 'જોઈ' શકતા જ હતા ને ઈલાચિકુમાર ! 'આગ્રહ કરતી ઊભી સુન્દરી, રૂપ રૂપનો અંબાર; નીચા નેણે મુનિવર બોલ્યા, વધુ ખપે ન લગાર....'

## ઈલાચિકુમારની વિચારધારા

આ પતિતપાવન, આંખો જેનાથી ધન્ય બને એવું દશ્ય જોઈ ઈલાચિકુમારે શું વિચાર્યું ? 'ધન્ય ધન્ય આ જીવતર મુનિનું, ધન્ય જીવન આ નાર....'

પણ એકલા ધન્યવાદથી એ વાતને ત્યાં પૂરી કરી લીધી હોત તો મુનિરાજને નમીને વાંસના દોરડા પર નાચવા માંડયા હોત ને રાજાને રીઝવવાના પ્રયત્નમાં આગળ વધવા લાગ્યા હોત તેઓ.

તમે આમ જ કરો છો ને? મુનિરાજની ઉગ્ર સાધના જુઓ તો, ધન્ય! ધન્ય! બોલી ઊઠો; પણ એથી વધુ કંઈ ખરું?

વાણિયો ખુશ થાય તો?

પેલી કહેવત ખ્યાલ છે ને? એ કહેવત કહે છે: રાજા રીઝે તો થોડાં ગામ ઈનામમાં આપી દે. જમીનદાર રીઝે તો થોડી જાગીર આપી દે. અને વાણિયો રીઝે તો તાળી આપે....! 'લે તાળી, ને થા ખુશ!'

તમે આવું ન કરતા! ખાલી ધન્યવાદથી વાત પતાવી ન દેતા. 'મહારાજ સાહેબે વ્યાખ્યાન બહુ સરસ આપ્યું.' 'વ્યાખ્યાન તો સરસ; પણ એમાંથી તમે કેટલું સ્વીકારવાના....? શક્ય હોય એટલું તો અમલમાં મૂકવાના ને?'

હોજો મુજ સરખા કામીને, લાખ લાખ ધિક્કાર...

ઈલાચિકુમાર મુનિરાજને અને આવા મહામુનિને વહોરાવવાનો જેણીને લાભ મળ્યો છે તે પેલી નવયૌવનાને ધન્યવાદ આપીને અટકી નથી જતા. એમના ધન્યતર જીવન સાથે પોતાના પતિત થઈ ગયેલા જીવનની સરખામણી તેઓ કરી રહ્યા છે: 'ધન્ય ધન્ય આ જીવતર મુનિનું, ધન્ય જીવન આ નાર; હોજો મુજ સરખા કામીને, લાખ લાખ ધિક્કાર....'

પેલી ધન્યતા જોડે પોતાની પતિત અવસ્થા ઇલાચિકુમારે વિચારી અને તેઓ મંથનમાં ડૂબી ગયા: જે રૂપના

ટૂકડા ખાતર હું રખડી રહ્યો છું; બીજાઓને રીઝવવા યત્ન કરી રહ્યો છું; એ રૂપના ભંડાર સમી નવયૌવના સામે હોવા છતાં મુનિરાજ આંખ ઊંચું કરીને જોતાં ય નથી. 'દૃષ્ટિ ઊંચી કરી જુએ નહિ....' કેવી મારી પામરતા! કેવી મુનિરાજની પવિત્રતા!

મુનિરાજ ઊભા નથી રહ્યા. વહોરવા માટેના આગ્રહને ઇન્કાર્યો. અને નીચી નજરે, ઈર્યાપથીકિ પૂર્વક પધાર્યા. ક્ષણના આ દૃશ્યે ઈલાચિ કુમારને એવી વિચારણા ભણી ધકેલ્યા, જેણે વાંસના માંચડા પર જ તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત કરાવ્યું.

**પ્રશ્ન આપણો: ઉત્તર મહાપુરૂષનો**

આપણી વાત હતી દર્શનની. પરમાત્માનું અને પરમાત્માની આજ્ઞા પ્રમાણે જીવન જીવનાર મહાપુરુષોનું દર્શન જો થઈ જાય તો તમારા માટે સુખનો ખજાનો, જે અત્યારે અદૃશ્ય છે, તે દૃશ્ય બની જાય.

'નિધિ સ્વસન્નિધાવેવ.' ઈલાચિ કુમારે પોતાની પાસે રહેલ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્યના ખજાનાને હાથવગો કરી લીધો.

આપણો પ્રશ્ન હતો: ચોવીસ કલાકની દોડધામ આખરે શા કાજે?

મહાપુરુષે ઉત્તર આપ્યો છે: ભાઈ! તું સ્થિર બની જા. સ્થિરતા દ્વારા – મનની ચંચળતા સમાપ્ત થવાથી તારી અંદર રહેલા ખજાનાને તું જોઈ શકીશ. અને અંદરનો ખજાનો દેખાતાં જ બહારની દોડધામ મટી જશે.

[૨]

# આરાધના આણે સ્થિરતા

ज्ञानदुग्धं विनश्येत,
लोभविक्षोभ कूर्चकैः ।
अम्लद्रव्यादिवास्थैर्याद्
इति मत्वा स्थिरो भव ॥

રેસ ચાલુ છે. દોડ ચાલુ છે. સહુ દોડી રહ્યા છે: બીજાઓને પાછળ પાડી દેવા માટે! હા, સંસારીઓની દોડનું મુખ્ય કારણ કદાચ આ જ છે. 'બીજો મારાથી આગળ ન વધી જાય!'

પોળમાં કોઈના ત્યાં ટેલીવિઝન નહોતું અને એ ભાઈ લાવ્યા ત્યારે એમની છાતી ગજ ગજ ઊછળતી હતી. પણ એમના પડોશીના ત્યાં ટી. વી. આવ્યું ત્યારે એ વિચારવા

લાગ્યા કે, હવે એવું શું લાવવું જે બીજા કોઈને ત્યાં ન હોય! પોતાને જરૂરત છે માટે લાવવું એ વાત નથી. બીજાને પાછળ રાખવા લાવવું છે.

### ટેલીવિઝન તો લાવ્યા, પણ...!

એક બીજી વાત. પોતે ટેલીવિઝન પહેલાં-પહેલાં લાવ્યા ત્યારે છાતી જે ગજ ગજ ઉછળી'તી ને રોજ ઉછળ્યે જતી'તી એમાં પડોશીએ ટેલીવિઝન લાવતાં મોટી ઓટ આવી ગઈ! હસું-હસું થતો ચહેરો ચીમળાવાની અણી પર છે હવે. જાણે કે હવાથી પૂરા ભરેલા ફુગ્ગામાં ટાંચણી ઘોંચાણી!

પર પદાર્થોથી માનેલી પૂર્ણતા કેટલી તો ક્ષણભંગુર છે!

એક બાજુ છે સ્થિરતા. બીજી બાજુ છે અસ્થિરતા. એ જોડલામાંથી આપણા ભાગે તો અસ્થિરતાનો જ છેડો આવ્યો છે. ઘડીકમાં ખુશી-ખુશી. ઘડી પછી નારાજગી, અપ્રસન્નતા.

### તમને કોણ અપ્રસન્ન બનાવે છે?

અપ્રસન્નતા કેમ આવી જાય છે વારંવાર? ચહેરો કેમ વિલાઈ જાય છે દિવસમાં કેટલીય વાર?

"શું થયું, ભાઈ? કેમ આમ મોઢું રાખીને બેઠા છો?"
"કંઈ થયું નથી...."
"તો?"

"તોફાનના કારણે બહારથી દૂધ આવી નથી શક્યું. અને ચા નથી પીધી તેથી...."

પણ એ જ ભાઈ પજુસણુમાં અઠ્ઠાઈ કરે અને આઠે દિવસ દૂધ ન આવે તોય એ દુખી થાય?

સભા : ના, જી.

કેમ?

દુખી કરનાર તત્ત્વને, પચ્ચક્ખાણની સહાયથી, તેમણે દૂર ફગાવી દીધું છે.

## વજ્રસ્વામી મહારાજ

આરાધના સ્થિરતા આણે. આરાધના વ્યક્તિને દૃઢ બનાવે.

વજ્રસ્વામી મહારાજ જ્યારે બાળમુનિ હતા ત્યારની વાત છે. એક વખત તેઓ ગુરુદેવ અને અન્ય મુનિવરો સાથે વિહાર કરી રહ્યા છે. ભયંકર જંગલ વચ્ચે થઈને તેઓ જઈ રહ્યા છે. માર્ગ લાંબો છે.

એ વખતે વજ્રમુનિનો પૂર્વભવનો મિત્ર દેવ ત્યાં આવે છે. દેવતાઈ શક્તિથી તે એક છાવણી વિકુર્વે છે. કોઈ સાર્થવાહ જઈ રહ્યો હોય અને માર્ગમાં વિશ્રામ અને ભોજન માટે થોભ્યો હોય તેવો દેખાવ કર્યો છે.

મુનિવરોનો સમૂહ આગળ આવ્યો અને તેણે તંબૂઓના સમૂહને જોયો. અને તરત જ પેલો દેવ આગળ આવે છે સોદાગરના વેષમાં: ભગવન્! અહો, આજ તો મને અપૂર્વ લાભ મળી ગયો. આપના જેવા સદ્ગુરુઓનાં

દર્શન થયાં. વન્દન કરીને વિનંતિ કરે છે : ગોચરીનો લાભ દેવા કૃપા કરો.

### ભાત-પાણીનો લાભ દેજોજી !

તમો પણ રોજ સવારે ગુરુ મહારાજને વન્દન કરવા આવો છો, ત્યારે કહો છો ને; ભાત-પાણીનો લાભ દેજોજી ? કે વન્દન કરવા જ નથી આવતા ?

શહેરી લોકો સવારે ચા-નાસ્તો કરી, પરવારી, ઓફિસે જવા નીકળે ત્યારે વળી મંદિર રસ્તામાં આવતું હોય તો દર્શન કરી લે અને ઉપાશ્રય વચ્ચે આવતો હોય તો....

ના, એવું નહિ હો ! ઉપાશ્રય તો આવે જ વચ્ચે કદાચ. પણ એવું છે ને, કે ખાસ સગાં મહારાજ આવ્યા હોય, પૂર્વના સંબંધી, તો વળી જવું પડે....ન જાય તો સારું ન લાગે વ્યવહારમાં.

### દાન દેઇ ભોજન કરું રે !

કલ્પસૂત્રમાં દર સાલ અનંત ઉપકારી મહાવીર સ્વામી ભગવાનના ૨૭ ભવો સાંભળતાં હશો. પહેલા ભવમાં ભગવાનનો આત્મા, નયસાર, ગામના મુખી રૂપે છે. રાજાના આદેશથી, મહેલ વગેરે માટે સારાં લાકડાં કપાવવા પોતાની સાથે નોકરોનો કાફલો લઈ તેઓ જંગલમાં જાય છે.

મધ્યાહ્નનો સમય થયો. ભોજન તૈયાર થયું. સેવકો નયસારને વિનંતી કરે છે : માલિક ! ભોજન માટે પધારો !

ભોજન તૈયાર હોય અને ધર્મ-પત્નીની વિનંતિ (કે આજ્ઞા!) થાય એટલે તરત જ તમે પાટલે બેસી જાવ ને? કે કંઈક હજુ અધૂરું છે એમ લાગે?

"મુનિ મહારાજ સાહેબનો કે સાધ્વીજી મહારાજનો લાભ મળ્યો છે આજ? આજે સુપાત્રમાં આ ભોજનનો અંશ ગયો છે?" એવું પૂછવા ઉભા રહો કે, સીધા રોટલી-શાક ગરમાગરમ જમી લો?

નયસાર હજુ સમ્યક્ત્વ નથી પામ્યા. તમે તો પાંચમા ગુણઠાણે પહોંચી ગયા છો ને? નયસાર પોતાના સેવકોને કહે છે: ભોજન તો તૈયાર છે. પણ અતિથિ ક્યાં છે? ને અતિથિને જમાડ્યા વગર જમાય શી રીતે?

નયસારની એ વખતની વિચારણાને પૂજ્ય વીરવિજય મહારાજે શબ્દોમાં આ રીતે બદ્ધ કરી છે: મન ચિન્તે મહિમાનીલો રે, આવે તપસી કોય; દાન દેઈ ભોજન કરું રે....

**નયસારની વિચારણા ફળે છે...**

આવા જંગલમાં અતિથિ ક્યાંથી મળે? માટે જલ્દી જલ્દી ખાઈ લઈએ આ વિચાર આવવાને બદલે નયસારને થાય છે: થોડી વાર રાહ જોઈએ. જો મારો પુણ્યોદય ચમકતો હોય તો મને કદાચ એવો લાભ મળી પણ જાય.

અને ખરેખર, નયસારનું પુણ્ય ચમકી રહ્યું છે. માર્ગ ભૂલેલા બે મુનિવરો ત્યાં આવી ચડે છે. એમને ગોચરી નયસાર વહોરાવે છે.

કેટલો હર્ષ થયો છે એ વખતે એમને? દાન કેટલું આપ્યું એની મહત્તા નથી. દાન કઈ રીતે અપાયું છે એની મહત્તા છે.

**દાન કેમ આપવું?**

એક સંસ્કૃત સુભાષિતકારે દાન આપતી વખતની દાતાની મનોદશાનું સરસ ચિત્રણ કર્યું છે:

आनंदाश्रूणि रोमाञ्च :
बहुमानं प्रियं वचं : !
किञ्चानुमोदना पात्रे
सद्धनं भूषयन्त्यमी ॥

દાન આપતી વખતે આનંદના આંસુ આવે: વાહ! કેવું મારું સદ્ભાગ્ય કે, આવો સુપાત્ર દાનનો અવસર મને મળ્યો! રૂંવાડે રૂંવાડું આનંદથી મલકી ઊઠે. થિરકી રહે. અંગ-અંગમાંથી બહુમાનની – સન્માનની લાગણીઓ નીતરવા માંડે. મુખમાંથી દાનની પ્રશંસાના ઉદ્ગારો નીકળવા લાગે. અને દાન આપ્યા પછી અનુમોદના થાય.

**વજ્રસ્વામી મહારાજ: આરાધકતાનો ભાવ:**

વજ્રસ્વામી મહારાજ પોતાના ગુરુ ભગવંત આદિ સાથે વિહાર કરી રહ્યા છે અને પૂર્વભવનો મિત્ર દેવ ત્યાં આવે છે. છાવણી લગાવી છે. સાર્થનો પડાવ હોય તેવો દેખાવ કર્યો છે. અને ગુરુ મહારાજને વહોરવા પધારવાની વિનંતી કરે છે.

મહામુનિઓનો સમુદાય છે આ. જંગલ વચ્ચે મંગળ જેવું થયું, ભિક્ષા મળી ગઈ; આવી ઉત્સુકતાની લાગણી-આનંદની લાગણી કોઈના ચહેરા પર વાંચી શકાય તેમ નથી.

એક વૃક્ષ નીચે મુનિમંડળી બેઠી. આવશ્યક ક્રિયાઓ પતાવી બાળમુનિ વજ્રસ્વામીને ગોચરી માટે જવાનુ કહેવામાં આવ્યું. બાળમુનિ ગોચરી માટે ગયા. છાવણીમાં ગયા પછી મુનિરાજ ખાદ્યપદાર્થો તરફ અને વહોરાવનાર તરફ એક ઝીણી નજર નાખે છે.

નિર્દોષ ભિક્ષા મેળવવા માટે આ બધું આવશ્યક છે. બાળમુનિરાજ વયથી જ નાના હતા; વિદ્યાથી નહિ. વહોરાવનારાઓની આંખો સ્થિર, અપલક જોઈ અને એ સમજી ગયા કે, કહો ન કહો આ દેવ છે! અને દેવનો પિંડ સાધુને કલ્પે નહિ. પોતાના માટે લોકોએ બનાવેલ ભોજનનો થોડો ભાગ, જો નિર્દોષ લાગે તો, મુનિ લઈ શકે. દેવો તો આવું ભોજન કરતા જ નથી....

બાળમુનિ વહોર્યા વગર પાછા ફરી રહ્યા છે. એટલી જ પ્રસન્નતાપૂર્વક ધીર, ગંભીર ડગલે ભયંકર જંગલમાં માંડ માંડ ગોચરીનું ઠેકાણું પડ્યું'તું ત્યાં વળી આ શું થયું એવો કોઈ ભાવ એમના મનના ખૂણે-ખાંચરે પણ નહોતો. દેવ મુનિરાજની આવી અનુપમ દૃઢતા, આરાધક ભાવની સ્થિરતા જોઈ પ્રસન્ન પ્રસન્ન બની ગયો.

આપણે સ્થિરતાનું પગેરું શોધવા બેઠા છીએ. પગેરું

કળાણું ને થોડું થોડું ....? સ્થિરતા જન્મે છે આરાધક ભાવ પ્રત્યેના અનુરાગમાંથી.

સંસારી લોકો અસ્થિર છે. ઘડીકમાં ખુશ. ઘડીકમાં નાખુશ. અસ્થિર–નાશવંત પદાર્થોમાંથી જ પ્રસન્નતા મેળવવાની ભ્રમણામાં રાચનારો લપડાક ખાઈ બેસે તો એમાં કંઈ નવાઈ ખરી ?

## હજારની નોટો રદ થઈ ત્યારે...!

હજારની નોટો રદ થઈ, ત્યારે એ સમાચાર સાંભળતાં ઘણાનાં હાર્ટ બંધ થતાં થતાં રહી ગયા'તા ને ઘણાને હળવો 'એટેક' આવી ગયો'તો. આવે જ ને! નોટોના થાંભલા પર જ જીવનનો મહેલ ટકાવ્યો હોય, ને એ વખતે પેલા થાંભલા જ લટી ન પડે તો થાયે શું બીજું ?

## સ્કૂલમાં ભણતા બાળકોનું અપહરણ:
## છે વિકાસ(?)ની કોઈ સીમા ?!

આજે લોકોએ જ્ઞાન તો પુષ્કળ મેળવ્યું છે (માહિતી જ્ઞાન, સમ્યગ્ જ્ઞાન નહિ હો!) પણ જ્ઞાન વધવા છતાં સામાજિક જીવનમાં ક્યાંય સ્થિરતા દેખાતી નથી. લૂંટ, આગ, બળાત્કારના કિસ્સાઓના વર્ણન સિવાયનું છાપું ભાગ્યે જ મળે, વિદેશમાં સ્કૂલોમાં ભણતા બાળકોનું ખૂબ અપહરણ થવા માંડયું ત્યારે સ્કૂલોના સત્તાવાળાઓને શાળાના મકાનોની આસપાસ ખાનગી ડિટેક્ટિવો રોકવાનું શરૂ કરવું પડયું !

**જ્ઞાન + અસ્થિરતા (વિકાર) = લોભ**

પૂજ્યપાદ ગ્રન્થકાર મહર્ષિ આ વાતને સ્પષ્ટ કરી રહ્યા છે એક રૂપક આપીને: દૂધની તપેલીમાં લીંબુ નીચોવો તો શું થાય? દૂધ ફાટી જાય. ફોદા - ફોદા થઈ જાય.

રૂપકના રહસ્યનું ઉદ્‌ઘાટન આપણા ચાલુ સંદર્ભમાં: જ્ઞાન એ દૂધ, અસ્થિરતા, આસક્તિ, વાસના એ ખટાશ. લીંબુ. ને ફોદા, કુચ્ચા તે લોભ....

જ્ઞાનનું અમૃત લોભના કુચ્ચામાં ફેરવાઈ ગયું: પેલા અસ્થૈર્યના પાપે! લોભ, છેતરપીંડી, અનીતિ ત્યારે જ જશે કે જ્યારે આસક્તિ, વાસના જશે. ધર્મ જીવનમાં આવશે, આરાધક ભાવની સ્થિરતા આવશે અને એની જાદુઇ લાકડી ફરતાં જ દુનિયા શાંત બની જશે.

अस्थिरे हृदये चित्रा,
 वाङ् नेत्राकार गोपना
पुंश्चल्या इव कल्याण -
 कारिणी न प्रकर्तिता ॥

આપણુને અણુમોલ વારસો મળ્યો છે પવિત્ર અનુષ્ઠાનોનો. પવિત્ર સૂત્રોનો. જેમનું એક એક પદ, જો એના પર ઊંડું ચિન્તન થાય તો, ભવવિરહ — સંસારનાં સર્વ દુઃખોથી મુક્તિ દેવા સમર્થ છે.

અનુષ્ઠાનો વખતે જેટલો ભાવોલ્લાસ એટલો જ કર્મક્ષય પણ વધુ!

ક્રિયા કરતી વખતે એક એક પદ બોલતાં, મનમાં અહોભાવની લાગણી થાય: ગણધર ભગવંતોએ કેવો ઉપકાર કર્યો છે મારા પર? તીર્થંકર ભગવંતો પ્રત્યેનું બહુમાન એ વખતે અછતું ન રહી શકે. અંગ-અંગમાંથી આનંદ સ્ફુરતો હોય. મુખ પર પ્રસન્નતા હોય આવી શ્રેષ્ઠ ક્રિયાને પ્રાપ્ત કર્યાની.

## 'લલિત વિસ્તરા' સૂત્રમાં ભક્તના ભાવોલ્લાસનું વેધક વર્ણન

પૂજ્યપાદ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ 'લલિત વિસ્તરા' સૂત્રમાં 'નમુત્થુણં'' સૂત્ર બોલતાં પહેલાં ભક્તના ભાવોલ્લાસનું અને એની મનોદશાનું જે વેધક વર્ણન કર્યું તે સાંભળી આપણા હૃદયમાં જરૂર થાય કે આવો ભાવોલ્લાસ મને ક્યારે મળશે!

## [૧] વધતી શુભ ભાવોની શ્રેણી

ચૈત્યવંદન કરતાં પહેલાં, નમુત્થુણં સૂત્ર બોલતાં અગાઉની પૂજકના ભાવોલ્લાસનું વર્ણન લલિત વિસ્તરાકાર મહર્ષિ કરી રહ્યા છે: 'પ્રવર્ધમાનાતિતીવ્રતર શુભ પરિણામ:' શુભ પરિણામો અત્યન્ત તીવ્ર રીતે વધી રહેલા હોય છે એ વખતે મહાન અનુષ્ઠાન કરવાનું કેવું સદ્ભાગ્ય મને સાંપડયું છે, આ વિચારે એના ભાવો વધતાં જ જાય છે, વધતાં જ જાય છે.

[૨] અશ્રુપૂર્ણ લોચનિયાં

'ભક્ત્યતિશયાત્ મુદશ્રુપરિપૂર્ણલોચનઃ' ભક્તિના પ્રબળ વેગથી, હર્ષના આંસૂ વડે આંખ ભરાઈ આવે છે. હૈયું હર્ષથી છલક છલક છલકાઈ રહ્યું છે. અને એનાં નીર નેણ વાટે બહાર નીકળી રહ્યાં છે.

[૩] રોમે રોમે દીવા પ્રગટે ત્યારે...

'રોમાંચાંચિતવપુઃ' ભક્ત ભક્તિની ધારાને ઝીલે છે ત્યારે રોમે રોમથી હર્ષ છલકાવા લાગે છે. પરમાત્માના અદ્ભુત રૂપને નીહાળવાથી હૃદયમાં જે પરમ આનંદ છવાયો છે, તેને બહાર કાઢવા એકલી આંખો અસમર્થ હોઈ રૂંવાડાં તેમના સહકારમાં જોડાઈ જાય છે. રોમ રોમ પ્રફુલ્લ બની જાય છે.

[૪] ધન્યતાની લાગણી

'....આત્માનં કૃતાર્થમભિમન્યમાનઃ' 'ઓહો! ચિન્તા-મણિ રત્ન અને કલ્પવૃક્ષથી પણ શ્રેષ્ઠ એવું આ ચૈત્યવંદન મને મારા કયા સુપુણ્યના ઉદયથી મળી ગયું! અતિ દુર્લભ છે આ ચૈત્યવંદન. **આનાથી વધુ સારું કૃત્ય દુનિયામાં કોઇ નથી.**' આવા વિચારો ભક્તને એ વખતે આવે છે. અને આ ચૈત્યવંદન પોતાને કરવાનું મળ્યું હોઈ પોતાની જાતને એ કૃતકૃત્ય માને છે.

[૫] તારા મુખને મટકે અટક્યું મારું મન જો...

'ભુવનગુરૌ વિનિવેશિત નયનમાનસઃ'

ત્રણ ભુવનના સ્વામી, જગદ્‌ગુરુ, તીર્થંકર પ્રભુની મૂર્તિ સામે જ એકીટસે એ જોઈ રહે છે–ભક્ત. એ વખતે સાધકને દેવનો અવતાર ધન્ય લાગે. દેવનો ? હા, પણ એ શા માટે છે તે સમજો. દેવની આંખો પલકારા નથી મારતી. બંધ નથી થતી. ભક્તને ભગવાનનું રૂપ એવું ગમે છે કે, પળભર માટે, વચ્ચે, આંખ બંધ થાય એ એને ગમતું નથી.

'અખિયાં પ્રભુ દરસન કી પ્યાસી.'

'ભક્તામર સ્તોત્ર'માં પૂજ્ય માનતુંગ સૂરિ મહારાજાએ પરમાત્માની સ્તુતિ કરતાં કહ્યું : હે પ્રભુ ! આપને જોયા પછી હવે બીજું કશું જ જોવું મને ગમતું નથી. 'દૃષ્ટ્વા ભવન્તમનિમેષ-વિલોકનીયં, નાન્યત્ર તોષમુપયાતિ જનસ્ય ચક્ષુ :'

'અનિમેષ વિલોકનીયમ્'. પલકારો માર્યા વગર જોવા જેવું ભગવાનનું રૂપ છે. હજુ આપણે દુનિયાને જ જોઇ છે. ભગવાનને જોયા જ નથી કદાચ. અને ભગવાનને નથી જોવા માટે તો દુનિયા જોવી ગમે છે !

લલિતવિસ્તરાકાર પૂજ્યપાદ હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજા ચૈત્યવન્દન કરતાં પહેલાં સાધકના મનમાં કઈ વિચારણા હોય છે એની વાત કરી રહ્યા છે. આપણે આ વાત બરોબર સમજવી પડશે. કારણ કે પારોરામાં પહેલી પૂણી હજુ નથી થઈ. 'ભુવનગુરૌ વિનિવેશિત નયન-માનસ.' પરમાત્માની મૂર્તિ સામે જ આંખ, મીટ માંડ્યા વગર, સ્થિર થયેલી હોય.

મન પણ ત્યાં જ હોય. સૂત્રો બોલતા હોઈએ પવિત્ર, ત્યારે મન સંસારમાં ગોથા મારતું હોય તો એ ન ચાલે.

ચૈત્યવન્દન ભાષ્યમાં કહેવામાં આવ્યું છે : 'તિદિસિ નિરીકખણ વિરઈ.' સાધક ચૈત્યવન્દન કરે ત્યારે ભગવાનની દિશા સિવાયની બીજી ત્રણે દિશાઓમાં જોવાનું બંધ કરી દે.

ચૈત્યવન્દન કરતા હો તમે, ધ્યાનથી, અને પાછળ કંઈ ધબાકો થાય, તો તરત જ મોઢું ભગવાન સામેથી ફરી જાય ને? એક સહેજ થોડો અવાજ થાય અને તમારુ ધ્યાન વિચલિત થઈ જાય?

## ધનપાળ કવિની સ્તુતિ

પરમાત્માની મૂર્તિ સામે અપલક નેત્રે, મીટ માંડી જોઈ રહીએ ત્યારે જ એ મૂર્તિનું ત્રિભુવનમોહન રૂપ આપણી સમક્ષ છતું થાય છે.

મહાન ભક્ત ધનપાળ કવિએ પરમાત્માની સ્તુતિ કરતાં 'ઋષભ પંચાશિકા'માં કહ્યું છે: હે પ્રભુ! તમારા રૂપને જોયા પછી જે લોકોનાં હૃદય હર્ષથી છલકાઈ જતા નથી, જેમની આંખોમાંથી હર્ષના આંસૂઓ વહી આવતાં નથી, જેમના રોમે રોમે પુલકાટ થતો નથી; તે લોકોને હું મનવાળા કહેવા તૈયાર નથી. એ અસંજ્ઞી છે!

## છ'રી પાલિત સંઘનો અપૂર્વ આનંદ

કાલિકાલ સર્વજ્ઞ પૂજ્ય આચાર્ય ભગવંત હેમચન્દ્ર સૂરિ મહારાજ પરમાર્હત કુમારપાળ રાજાએ કાઢેલ શત્રુંજય ગિરિરાજના સંઘમાં શત્રુંજય ગિરિએ પધાર્યા.

પદયાત્રા સંઘમાં તીર્થોને જુહારવાનો જે અપૂર્વ આનંદ આવે છે તેની આછેરી ઝાંખી પણ બસો કે રેલ્વેના સંઘમાં આવવી મુશ્કેલ છે. દિવસો વધતા જાય તેમ ભક્તનો –યાત્રીનો ઉમંગ વધતો જાય. બસ, હવે પાંચ દિવસ પછી કે સાત દિવસ પછી તીર્થાધિપતિને ભેટશું.

તીર્થાધિપતિ, આરાધ્યદેવનું અને આરાધકનું અન્તર બહારનું ભૌતિક, ભૌગોલિક અન્તર કપાવા લાગે છે અને એક દિવસ એવો આવે છે જ્યારે એ અંતર બિલકુલ ઓગળી જાય છે અને એ અંતરના દૂરીકરણ સાથે અંદરનું મિલન પણ કેમ ન મળી જાય?

તીર્થાધિરાજના પાવન મંદિરને અથવા પાવન ગિરિને જોતાં રોમ રોમ પુલકિત થઈ જાય છે. 'આંખડિયે મેં આજ શત્રુંજય દીઠો રે, સવા લાખ ટકાના દા'ડો રે લાગે મુને મીઠો રે....'

તુમે જયણાએ ધરજો પાય રે...

શત્રુંજય ગિરિની યાત્રા કઈ રીતે કરવાની છે? પૂજ્ય રૂપ વિજય મહારાજ કહે છે: 'તુમે જયણાએ ધરજો પાય રે...' તીર્થાધિપતિને ભેટવા જવું છે, એટલે ઉતાવળ તો હોય જ દાદાની પાસે જવાની. પણ એ ઉતાવળ પણ પ્રભુની આજ્ઞાને ભોગે તો ન જ હોય. 'એકેકું ડગલું ભરે, ગિરિ સન્મુખ ઉજમાળ....' જયણા સાથે ભરાયેલા એક એક ડગલામાં કરોડો જન્મના પાપને સાફ કરી નાખવાની તાકાત સમાયેલી છે.

**સ્ટવનો ધમધમાટ, કપ-રકાબીનો ખણખણાટ**

ઘણા યાત્રીઓ એવા પણ જોયા છે કે, વહેલી સવારે ગિરિરાજ પર ચઢવું હોય તો સવારે પાંચ વાગ્યે ઊઠી પ્રતિક્રમણની નહિ પણ પ્રાયમસની સાધનામાં પડી જાય! સ્ટવનો ધમધમાટ, ચાના પ્યાલાનો ખણખણાટ, યાત્રિકની રૂમમાંથી, અને તેય સૂર્યોદય પહેલાં....! ગજબ છે ને વાત!

'જયણાએ ધરજો પાય....'ની વાત આખી વિસરાઈ ગઈ.

જે પરમાત્માને જુહારવા જવું છે, ભેટવા જવું છે એમની આજ્ઞા પર પગ મૂકીને....! ના, કદાપિ ન બને. અજ્ઞાનથી આવું કંઈક થઈ ગયું હોય તો ગુરુ ભગવંત પાસે એનું પ્રાયશ્ચિત્ત કરજો અને ભવિષ્યમાં આવી ભૂલ કદી નહિ થાય તેવો દૃઢ સંકલ્પ લેજો.

**છ'રી' પૂર્વકની યાત્રા**

તીર્થયાત્રા છ'રી' પૂર્વકની હોવી જોઈએ. 'ભૂમિ સંથારો ને નારી તણો સંગ, દૂર થકી પરીહરીએ. સચિત્ત પરિહારી ને એકલ આહારી, ગુરુ સાથે પદચરીએ. પડિક્કમણાં દોય વિધિસું કરીએ, પાપ પડલ વિખરીએ....'

થઈ ગઈ ને છ'રી'? ભોંય સંથારી. એ પહેલી 'રી'. યાત્રિક સંઘયાત્રામાં જોડાયેલ હોય તો તેટલા દિવસ અને નવ્વાણુયાત્રા કરતો હોય તો તેટલા દિવસ પથારીનો ત્યાગ કરે. સંથારે સૂઈ રહે.

તીર્થાધિપતિને ભેટવા જવું છે: એમણે ફરમાવેલ

પદ્ધત્તિઓને જીવનમાં અપનાવીને. ત્યાગ માર્ગના સેવનપૂર્વક.

બ્રહ્મચારી. બીજી 'રી'. બ્રહ્મચર્યનું ચૂસ્ત પાલન. વિકારોત્તેજક વાર્તાઓ, મેગેઝિનો, પુસ્તકો બધું બંધ. ચિત્રપટો-સિનેમા જોવાની તો વાત જ શેની હોય!

સચિત્ત પરિહારી. સચિત્ત, બીજવાળાં ફળ, રાંધ્યા વગરનાં કાચાં શાક વગેરેના ત્યાગવાળો યાત્રિક હોય. બોરડીના ઝાડને રસ્તામાં જોઈ મોઢામાં પાણી છુટે જ નહિ ને! લૉક લાગી ગયું!

એકલ આહારી. રોજ એકાસણું કરે યાત્રિક. સાત્વિક આહાર એક વખત લેવાથી શરીરમાં આળસ નથી આવતી. મન આરાધના માટે પ્રફુલ્લ રહે છે. બપોરે, મધ્યાહ્નને ભોજન લેવાથી એ રાત સુધીમાં બિલકુલ પચી જાય છે અને એથી પરોઢિયે સાધક આરાધના માટે ઊઠે છે ત્યારે એના શરીરમાં તાજગી હોય છે.

'ગુરુ સાથે પાદચારી'. એકલો પદયાત્રી નહિ, ગુરુ મહારાજના નેતૃત્વમાં, શિસ્તબદ્ધ રીતે, જયણા પૂર્વક ચાલતો યાત્રી. અને એ પણ અડવાણે પગે. ભલે ને થોડાં કાંટા-કાંકરા વાગે, યાત્રી મસ્તીમાં હોય છે. એ વિચારતો હોય છે આ કાંટા-કાંકરાય અત્યારે નિર્જરાનું સાધન છે. ઈચ્છા વગર સંસારમાં ખૂબ દુઃખ ભોગવ્યાં, થોડું દુઃખ ઈચ્છાપૂર્વક મોજથી સહેવું છે.

આવશ્યક-કારી. આ છઠ્ઠી 'રી' બન્ને સમય પ્રતિક્રમણ, જિનપૂજા આદિ યાત્રિક હંમેશાં કરે.

આવી તીર્થયાત્રા કરો અને પછી જુઓ કે, કેવો અપૂર્વ આનન્દ આવે છે!

**હેમચંદ્રસૂરિ મહારાજ અને ઋષભપંચાશિકા**

કલિકાલ સર્વજ્ઞ પૂજ્ય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ શત્રુંજય ગિરિ પર ગયા. તીર્થાધિપતિનાં દર્શન કર્યાં અને મધુર અવાજે પ્રભુની સ્તુતિ કરી. મહાકવિ ધનપાળે કરેલ 'ઋષભ પંચાશિકા' નામની સ્તુતિ તેઓ બોલવા લાગ્યા.

પરમાર્હત કુમારપાળ રાજાએ પાછળથી વિનમ્ર સ્વરે ગુરુદેવને કહ્યું : ભગવન્! આપ પોતે પણ મહાન સ્તુતિકાર છો. તો આપની બનાવેલી કોઈ સ્તુતિ ગાવાને બદલે ધનપાળ કવિએ રચેલ સ્તુતિ આપ કેમ બોલ્યા?

ગુરુદેવ બોલ્યા : રાજન્! ધનપાળની રચનામાં જે ભાવોલ્લાસ અને ચમત્કૃતિ છે, તે મારી કૃતિમાં ક્યાં છે?

કલિકાલ સર્વજ્ઞ ગુરુની આ તે કેવી નિરભિમાનતા અને ગુણગ્રાહિતા! ધનપાલ કવિની ઋષભપંચાશિકાની એક ગાથાનો અર્થ આપણે પહેલાં વિચાર્યો હતો. કેવો સરસ એ અર્થ હતો? 'તમારું રૂપ જોયા પછી જેઓ હર્ષવિભોર નથી બનતાં, હે નાથ! તે, કેવળી ભગવાન સિવાયના, મનવાળા પ્રાણીઓ મન વગરના–અસંજ્ઞી છે.

હા, મનનું ફળ શું મળ્યું? મનનું ફળ છે પ્રભુના ગુણોનું ચિન્તન.

**ધન્ય તે રાત ને ધન્ય દીહા...**

પૂજ્યપાદ, મહોપાધ્યાય. શ્રીમદ્ યશોવિજય મહારાજે

પરમાત્મ–સ્તવનામાં ઇન્દ્રિયોની સાર્થકતા વિષે નિર્દેશ આપતાં કહ્યું છે: ધન્ય તે કાય જેણે પાય તુજ પ્રણમિયા, તુજ થુણે તેહ ધન્ય ધન્ય જીહા; ધન્ય તે હૃદય જેણે તુજ સદા સમરતાં, ધન્ય તે રાત ને ધન્ય દીહા....

કાયાનું સાર્થક્ય પ્રભુની સેવામાં, પ્રભુના દર્શન–પૂજનમાં; જીભની સાર્થકતા પ્રભુના ગુણગાન ગાવામાં. અને હૃદયની કૃતકૃત્યતા રાત દિવસ પ્રભુના ગુણોને સ્મરવામાં.

દિવસ પણ તે જ સફળ, જે દિવસ પ્રભુની પૂજા, ભક્તિ થાય.

## કુળાચારને પિછાણો

પ્રભુની પૂજા તો બધા કરો છો ને?

સભા: મોટા ભાગે કરીએ....

પેટની પૂજામાં તો ચૂક નથી આવવા દેતા ને....? ત્રણ-ચાર સમય બરોબર પેટ પૂજા થાય છે ને....? અને ભગવાનની પૂજા કદીક થાય પણ ખરી, કદી ન પણ થાય....! ભાગ્યશાળીઓ, આવો અવતાર અને આવો અવસર વારે વારે નથી મળતો. પરમાત્માની ખૂબ ભક્તિ કરો.

દર્શન, નવકારસી, પૂજા, રાત્રીભોજનનો ત્યાગ આ બધું તો જૈનકુળમાં જન્મેલ માટે ફરજિયાત–કમ્પલ્સરી હોય. એ માટેય ઉપદેશ આપવો પડે છે એ બતાવે છે કે, કુળાચારની મર્યાદા કેટલી શિથિલ બની ગઈ છે!

બટાકા–ડુંગળીની બાધા કરાવવાને સ્થાને, હવે તમારા બાળકોને, એ વેજિટેરિયન–શાકાહારી છે અને

માંસાહારી નથી એ પૂછવાનો સમય આવી પહોંચ્યો છે. આથી વધુ દુર્દશા કઈ હોય ?

મૂળ વાત આપણી એ હતી કે, આપણને જે મહાન વારસો મળ્યો છે એ આપણા હાથમાંથી છટકી ન જાય અને સુરક્ષિત રહે એ માટે શું કરવું.

અર્થગંભીર સૂત્રો, મહાન, પવિત્ર અનુષ્ઠાનો આ આપણને મળેલ અદ્વિતીય વારસો છે. એને સુરક્ષિત રાખવા માટે ક્રિયામાં–આરાધનામાં સ્થિરતા, દૃઢતા જોઈશે.

અને તમારી આરાધનાની દૃઢતા, સૂક્ષ્મ શક્તિનું એ પ્રગટીકરણ, ભવિષ્યની પેઢીમાં પણ ધર્મનાં બીજને આરોપશે.

ઉપર જે વાત વિધેયાત્મક રીતે કરી, એને જ સૂત્રકાર મહર્ષિ હવે નિષેધાત્મક રીતે મૂકે છે: 'અસ્થિરે હૃદયે ચિત્રા...' એક રૂપક આપીને તેઓએ આ વાત સમજાવી છે. અસતી સ્ત્રી, જેનું મન અહીં–તહીં, પર પુરુષોમાં, ભટકી રહ્યું છે તે કદાચ પતિ પર ગમે તેવો વહાલ કે ભક્તિ દર્શાવે તોય એ વહાલ કે એ ભક્તિ: કલ્યાણ સાધક બને નહિ. તેમ ક્રિયા ટાણે મન ઈધર–ઉધર ફરતું હોય અને એવી અસ્થિર ચિત્તવૃત્તિ પૂર્વક આરાધના કરીએ તો એ એટલું ફળ નથી આપતી, જેટલું એ આરાધના દ્વારા મળવું જોઈએ.

### અમૃત અનુષ્ઠાન ભણી...

કંકોતરીઓ—સંઘ આમંત્રણ પત્રિકાઓ એટલી બધી ચોમેરથી આવતી રહેતી હોય છે કે, દહેરાસરનું બોર્ડ એથી

ભરાઈ જાય છે. આનંદ થાય કે, કેટલાં સરસ અનુષ્ઠાનો અધે ચાલી રહ્યાં છે.

જરૂર એટલી જ છે કે, એ અનુષ્ઠાનોમાં જેમ બને તેમ ભાવોલ્લાસ વધારવાનો આપણે પ્રયત્ન કરીએ. આપણાં અનુષ્ઠાનોને અમૃત અનુષ્ઠાનની કોટીમાં મૂકવા આગળ વધીએ.

પંડિતે રબારીને ધર્મ કરવા ઉપદેશ આપતાં એણે પૂછ્યું : ધર્મથી શું મળે? પંડિત : મોક્ષ મળે. રબારી : મોક્ષ કેવો હોય? પંડિત : ત્યાં તો ખૂબ આનંદ હોય. બસ, આનંદ જ આનંદ...

રબારી કહે : એ તો ઠીક, પણ ત્યાં આ હોકો પીવા મળે કે નહિ, પંડિતજી? પંડિત : ના. રબારી : તો મોક્ષમાં આનંદ શી રીતે?

પૌદ્‌ગલિક પદાર્થો વડે જ સુખ મળે એ ભ્રમણા એટલી દૃઢ બની ગઈ છે કે, તે વગર આનંદ મળે જ કેમ એવું મનમાં ઠસી ગયું છે.

[૪]

# ક્રિયાનું ઔષધ : સંસારનો રોગ

अन्तर्गतं महाशल्य
मस्थैर्यं यदि नोद्धृतम् ।
क्रियौषधस्य को दोषः
तदा गुणमयच्छतः ॥

પવિત્ર અનુષ્ઠાનો વખતે જો એટલો જ પવિત્ર, સુન્દર ભાવોલ્લાસ આવી જાય તો આત્મા જનમ-જનમનાં બંધનોને દૂર કરવા શક્તિમાન બને.

'નમુત્થુણં" સૂત્ર બોલતાં જો સાધક ભાવાવેશમાં ન આવે તો જ નવાઈ કહેવાય. કેવા કેવા અપ્રતીમ વિશેષણો મૂક્યા છે ગણધર ભગવંતે પ્રભુના ઐશ્વર્યને-યોગૈશ્વર્યને પ્રકટિત કરવા સારું !

'ભગવંતાણં" યોગૈશ્વર્યથી દીપતા એવા પરમાત્માને

મારા નમસ્કાર થાઓ! કેવી ઠકુરાઈ છે એમની? પૂજ્ય પદ્મવિજય મહારાજે કહ્યું: એ ઠકુરાઈ તુજ કે બીજે નવિ ઘટે રે લો!

અષ્ટ પ્રાતિહારજ સું, જગમાં તું જયો રે લો.

અષ્ટ પ્રાતિહાર્યો પરમાત્માની ઠકુરાઈ -ભાવૈશ્વર્યને સૂચિત કરે છે. 'ભગવંતાણં' પદ સમવસરણમાં બિરાજમાન થયેલા ભગવન્તની મુખમુદ્રા મનમાં તરી આવવી જોઈએ. 'જિણ પરે દેશના દેયતાંએ, સમરું મનમાં તેહ; પ્રભુ! તુમ દરિસને એ....'

દર્શન પ્રભુનું, દર્શન શિવસુખનું. અગણિત સમયથી આપણે કેમ ભટકતાં આવ્યા છીએ? પરમાત્માનું દર્શન નથી થયું માટે. 'તુમ દરિસણ વિણુ હું ભમ્યો રે કાળ અનંત અનંત, કૃપા હવે કીજિએ રે....'

'ભગવંતાણં' ભાવૈશ્વર્યથી યુક્ત પરમાત્માનાં દર્શન. અષ્ટ પ્રાતિહર્યથી સોહતા પ્રભુનું દર્શન.

[૧] તાહરા વૃક્ષ અશોકથી, શોક દૂરે ગયો રે લો!

સમવસરણમાં બિરાજમાન પરમાત્મા પર છાયા કરી રહ્યો છે અશોક વૃક્ષ. અશોક. શોક જેનાથી દૂર ભાગે. પરમાત્માનું નામ સ્મરણ અને એમનું સામીપ્ય તો અમંગળને નષ્ટ કરે જ છે; પણ પરમાત્માની નજીકમાં રહેનાર આ વૃક્ષ પણ અમંગળને દૂર કરી દે છે. પૂજ્ય પદ્મ વિજય મહારાજ કહે છે: જિનજી, તાહરા વૃક્ષ અશોકથી શોક દૂરે ગયો રે લો...

## વનસ્પતિ પર વિચારોની અસર

પ્રભુનું સમવસરણ. પરમાત્માની દેશનાભૂમિ. કલિકાલ સર્વજ્ઞ પૂજ્ય હેમચન્દ્રસૂરિ મહારાજે 'અયોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકા'માં કહ્યું છે : 'પરૈરગમ્યાં....દેશનાભૂમિમ્'. આ દેશનાભૂમિ-સમવસરણનો મહિમા બીજાઓ-જેમને પરમાત્માના ભાવૈશ્વર્યનો ખ્યાલ નથી-ન સમજી શકે એવો છે. સિંહ અને ઘેટું, બિલાડી ને ઉંદર; પાસે પાસે બેસી ભગવાનની વાણી સાંભળે આ વાત દરેક વ્યક્તિ શી રીતે સમજી શકે?

જો કે, અત્યારે આ વાત વૈજ્ઞાનિક રીતે પૂરવાર થયેલી છે. પશુ જ નહિ, વનસ્પતિ પર પણ વ્યક્તિના વિચારોની અસર થાય છે. બે છોડ પર પ્રયોગ કરવામાં આવ્યો. એક છોડ પર પાણી છાંટતી વખતે પ્રયોગકર્તાએ મનમાં નિષેધક વિચારો ચિંતવ્યા. છોડ નષ્ટ થઈ જાઓ એવા. બીજા છોડ પર જળ છાંટતી વખતે સારા વિચારો મનમાં લાવ્યાં : આ છોડ જલ્દી વિકસિત થાઓ એવા.

પરિણામ આશ્ચર્યજનક હતું. પાણી એક જ સરખું હોવા છતાં વનસ્પતિ પર ઘણી ભિન્ન અસર પડી. નિષેધક વિચારપૂર્વક છંટાયેલ પાણીવાળો છોડ પાંગર્યો નહિ. બીજા છોડે ખૂબ જ વિકાસ કર્યો.

વનસ્પતિ જેવી અવિકસિત ચેતના પણ જ્યારે વિચારોનો આવો પડઘો પાડે છે, વિચારોને આ રીતે સ્વીકારે છે, ત્યારે પશુ-પંખી પરમાત્માના પ્રભાવને કેમ ન ઝીલી શકે? ઝીલી શકે જ.

[૨] ગીર્વાણ કુસુમવૃષ્ટિ કરે રે લો.

ગીર્વાણ એટલે દેવ. પરમાત્માના સમવસરણની ભૂમિની ચોપાસ તેઓ ફૂલની વૃષ્ટિ કરે છે. દેવો ભગવાનની ભક્તિ કરવા બેસે પછી શું બાકી રાખે?

ભગવાનની ભક્તિમાં તો તમેય પાછળ રહો એવા નથી ને? દેવો ક્ષીરસમુદ્રના નીર લાવી પરમાત્માનો અભિષેક કરતા. તમારા માટે ક્ષીરસમુદ્ર દૂર છે, પણ ચોકખું, સારું દૂધ તો અપ્રાપ્ય નથી ને?

કુટુંબમાં દશ સભ્યો હોય તો અર્ધો લીટર દૂધથી ચાલે ખરું? પણ, ઘણી જગ્યાએ દશ-પંદર જિનબિંબોના અભિષેક માટેનું દૂધ જોયું હોય તો....! પછી પૂજારી દૂધમાં પાણી જ નાખ, નાખ કરે કે બીજું કંઈ?

અને પાછા, 'મેરુ શિખર નવરાવે' વાળા ઘણા હોય, કળશ પર કળશ નામનારા; એટલે અધો લોટો તો હોય દૂધ અને હાંડો-બે હાંડા જેટલું હોય પાણી....! થઈ ગયું ક્ષીર સમુદ્રનું નીર!

મૂળ વાત એ છે કે, પરમાત્માની ભક્તિ માટે અંતરમાં જે ભાવોલ્લાસ હોવો જોઈએ એમાં ઘણી કચાશ છે. તમો કરો છો તે સારું જ કરો છો; ટીકાની આ વાત નથી; હવે વધુ સારું કેમ થાય એ વિચારવાનું છે.

## અંજના સતીની જિનભક્તિ-દુઃખમાં આધાર કોણ?

અંજના દેવીને સાસરેથી નિષ્કાસિત કરવામાં આવ્યા, પીયર ભણી ધકેલી દેવામાં આવ્યા. એમનો દોષ ન હોવા

છતાં. ગેરસમજને કારણે. રથમાં બેસી અંજના સતી પોતાના પીયરના ગામ આવ્યાં.

સાસરિયામાં દુખ હોય તો સ્ત્રી માટે, તે વખતે એક માત્ર આધાર પીયરનો હોય છે. વહાલસોયી માતા અને વત્સલ પિતાની હૂંફે જીવતરના ભારને એ સુખરૂપ વહી લે છે.

વસન્તતિલકા નામની સખી સાથે અંજના સતીને પીયરના ગામ-મહેન્દ્રપુર નગરના પરિસર સુધી મૂકી રથ પાછો જતો રહ્યો. અંજના સતી ઘેર આવે છે. પગે ચાલીને, એક માત્ર સખી સાથે આવેલ પુત્રીને જોઈ પિતા તે નગરના રાજા સ્તબ્ધ થઈ ગયા : આ શું? શું થયું?

સખીએ રડતે હૃદયે બધી વાત કરી કે, ખોટું કલંક ચડાવી સતીને સાસરિયેથી કાઢવામાં આવ્યાં છે. હકીકતમાં, સતી બિલકુલ નિષ્કલંક, મહાન ચારિત્ર્યવતી છે.

## પિયરથી પણ તિરસ્કાર!

જુઓ, આ કર્મની લીલા! સખીની વાત સાંભળવા છતાં, પિતા વિચારમાં પડે છે : શું આ વાત સાચી હશે? ખરેખર, પુત્રી નિષ્કલંક જ હશે કે પછી....! પિતાના મુખ પરનો ભાવ વાંચી પુત્ર અંજનાનો માડી જાયો વીરો કહે છે : નહિ, આ નગરમાં એનું સ્થાન ન હોઈ શકે. એણે તો અમારા આખા કુળને કલંકિત બનાવ્યું.

ત્યારે, મંત્રી રાજાને-અંજનાના પિતાને કહે છે : મહારાજ! સાસરિયામાં દુઃખ પડે ત્યારે દીકરીનો એક

માત્ર આધાર પીયર હોય છે. શું અહીંથી પણ એને જાકારો મળશે? તેની સાસુએ તેને કાઢી મૂકી છે, આપણે થોડા દિવસ અંજનાને અહીં રાખીએ. ત્યાં પણ પૂછપરછ કરીએ. બધો વિચાર કરી, ધીરતા ને ઠંડકથી નિર્ણય લો. આમ ઉતાવળાપણું કરવું શોભે નહિ.

સામાન્ય સંયોગોમાં, મંત્રીની આ વાતને રાજા સ્વીકારી જ લેત. પણ આજે સતીનું કર્મ વાંકું છે. એ વાતને સીધા પાટે ચડવા દે તેમ નથી. રાજાએ એ વાત ન સ્વીકારી અને વહાલસોયી, નિર્દોષ પુત્રીને, એક મહાસતીને, પિતાના ઘરેથી જાકારો મળ્યો. માડી જાયો વીરોય નથી કહેતો કે, ના, મારી બહેન ભલે થોડા દિવસ અહીં રહે. આપણે અહીંથી તિરસ્કાર કરીશું તો એ ક્યાં જશે?

સ્ત્રીનો છેવટનો આધાર વહાલસોયી માતા પુત્રીના દુઃખે અતિદુખી બનેલી મા પણ આખરે, પતિની ઈચ્છાથી વિરુદ્ધ હું શું કરી શકું? કહી નીસાસો નાખી, હાથ ખંખેરી બેસી રહી.

રોતી, ડગલે ડગલે પછડાતી, વેદનાગ્રસ્ત અંજના સતી સખી સાથે આગળ ચાલે છે. રાજકુળમાં ઉછરેલી એ રાજબાળા અને રાજરાણી દુઃખની ભઠ્ઠીમાં શેકાતી ચાલી રહી છે. એ નગરમાંથી નિકળી ત્યારે નગરજનો પણ એ મહાસતીનું દુઃખ ન જોઈ શક્યા.

કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિ મહારાજે 'ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર' નામના મહાકાવ્યમાં મહાસતી અંજના દેવીનું ચરિત્ર આલેખ્યું છે. ત્યાં ઉપરની સ્થિતિનું હૃદયદ્રાવક

વર્ણન આપતાં તેઓશ્રીએ લખ્યું છે : 'પદે પદે પ્રસ્ખલન્તી, વિશ્રામ્યન્તી તરૌ તરૌ' મહાસતી ડગલે ડગલે પછડાતા, કૂટાતા, અથડાતા હતા. વૃક્ષે વૃક્ષે વિસામો લેતા હતા. પણ મનની આગને વૃક્ષની છાયા શે હરી શકે? રોદયન્તી દિશોપિહિ.' રુદન તો એવું હતું કે, સાંભળનાર પત્થર હૃદયની આંખમાંથી પણ આંસૂનો ચુવાક થવા માંડે. સામાન્ય માણસ તો ધ્રૂસકે ધ્રૂસકે જ રડી પડે એ રુદન સાંભળીને. ચરિત્રકાર લખે છે : મનુષ્યની ક્યાં વાત કરો છો, આખું વાતાવરણ રુદનમય, આક્રન્દમય બની ગયું હતું. દશે દિશાઓ અને સમગ્ર આકાશ પૃથ્વી જાણે ડૂસકાં ભરતા હતા.

આગળ જે નગરો અને ગામો આવ્યા ત્યાં પણ મહાસતીને આસરો ન મળી શક્યો. પિતા રાજાએ કુળ-કલંકિની (?) પુત્રીને ક્યાંય આશ્રય આપવાની, પોતાના રાજ્યમાં, મનાઈ ફરમાવી હતી!

થાકેલાં હારેલાં મહાસતી ભયંકર અટવીમાં આવેલ એક પર્વતની તળેટી પાસે પહોંચ્યાં. એક વૃક્ષ નીચે બેસી મહાસતી વિલાપ કરે છે. સાથે છે એક ફક્ત સખી વસન્ત તિલકા. એની આંખો પણ અનરાધાર વરસી રહી છે. ત્યાં એ પરમ સખીને શી રીતે આશ્વાસન આપે?

## અંજનાનો પૂર્વભવ

ત્યાં વસન્તતિલકાની દૃષ્ટિ પર્વતની ગુફામાં પડી. ગુફામાં એક મુનિરાજ કાઉસ્સગ્ગ ધ્યાનમાં લીન ઊભા છે.

અંજનાને કહ્યું સખીએ: મુનિરાજ કોઈ ધ્યાનમાં ખડા છે. ચાલો, આપણે તેમને વન્દન કરીએ.

બેઉ મુનિરાજ પાસે ગયા. વન્દન કર્યું. મુનિરાજે ધ્યાન પૂરું કર્યું ત્યારે, તેમને સુખસાતા પૂછી અંજનાએ પૂછ્યું: ભગવન્! આટલી બધી દુઃખોની ફોજો મારા પર એકી સાથે કેમ તૂટી પડી? હું નિર્દોષ છતાં મારા માથે આવું ભયંકર દુઃખ?

જ્ઞાની મુનિરાજ કહે છે: "વત્સે! તું નિર્દોષ છે, પણ આ જન્મની; જ્યારે પાપ તો ગત જન્મોનાં પણ વ્યક્તિએ ભોગવવા જ પડે છે. તેં ગત જન્મમાં જે ભૂલ કરેલી, તેનું ફળ આ જન્મમાં તું ભોગવી રહી છો."

વસન્તતિલકાએ અંજના સતીનો પૂર્વભવ પૂછતાં જ્ઞાની ગુરુ બોલ્યા: અંજના એક રાજાની રાણી હતી. તેની શોકય જે એક બીજી રાણી હતી, તે જૈન હતી. જિનેશ્વર ભગવાનની પરમ ઉપાસિકા. અંજના–તે જન્મમાં એનું નામ હતું કનકોદરી–ને શોકય પર ભયંકર ઈર્ષા હતી, તીવ્ર દ્વેષ. ખાર. શોકયનું અહિત ચિંતવવા ઘણા વિચારો કર્યા; છેવટે બીજા કોઈ ઉપાયો કારગત ન લાગતાં વિચાર્યું: શોકયને ભગવાનની પ્રતિમા પર ખૂબ પ્રેમ છે અને રોજ વિધિપૂર્વક પ્રતિમાની પૂજા કરે છે. લાવ, એ મૂર્તિને સંતાડી દઉં! મૂર્તિ વગર મારી શોકય હેરાન પરેશાન થઈ જશે. એની પરેશાની એ જ તો મારું સુખ છે!

મૂર્તિને સંતાડવી કયાં? મહેલની પાછળ, કચરાના ઢગલામાં અરિહન્ત પ્રભુના પરમ પાવન બિમ્બને એણે

સંતાડયું. કેવું ભયંકર પાપ! બાવીસ ઘડી પછી, તે રાણી મૂર્તિ કચરામાં જ છે કે કેમ તે જોઈ રહી હતી ત્યારે ત્યાંથી પસાર થતાં એક સાધ્વીજી આ કાર્ય જોઈ ગયા. કનકોદરી (ભાવિની અંજના)ને સમજાવી: અરે, આ તું શું ભયંકર પાપ કરી રહી છે? અરિહન્ત ભગવાનની આશાતના: તું કયા જન્મે છુટીશ આ પાપમાંથી?

પાપના વિચારે કનકોદરી ધ્રૂજી. બિમ્બને બહાર કાઢયું. જૈન ધર્મ સ્વીકાર્યો, પ્રભુની ભક્તિ કરી. પાપનો તીવ્ર પશ્ચાત્તાપ કર્યો. એ પાપ લગભગ ક્ષીણ થવા આવ્યું છે. એ પાપના ઉદયથી આ દુખ આવ્યું છે.

આ પ્રમાણે પૂર્વજન્મની વાત કહી, બન્નેને ધર્મમાં સ્થિર કરી મુનિરાજ આકાશમાં ઉડી અન્યત્ર પધાર્યા. જતાં પહેલાં મુનિરાજે કહ્યું છે: હવે દુઃખના દા'ડા પૂરા થવા આવ્યા છે. ધર્મની આરાધનાથી બધું સારું થશે.

### આધાર જિનભક્તિનો

અંજના સતી એ ગુફામાં ધર્મના આલંબને દિવસો પસાર કરી રહી છે. મુનિસુવ્રત સ્વામી ભગવાનની પ્રતિમા બનાવી પ્રભુની પૂજામાં, ભક્તિમાં સમય પસાર કરે છે. આધાર હવે છે જિનભક્તિનો. બધું દુખ, પ્રભુના આગમને, દૂર થઈ ગયું છે.

અને જુઓ, આ જિનભક્તિનો પ્રભાવ! એક વાર એક સિંહ આવ્યો ગુફામાં. ભયંકર સિંહ. જેને જોતાં જ ભલભલાનાં ગાત્રો ઢીલાં થઈ જાય.

કોણ રક્ષક છે અત્યારે ?

સાસરિયામાં કોઈ આશરો દેવાવાળું ન મળ્યું, પીયરમાં કોઈએ જેની વાત સુદ્ધાં ન સાંભળી; એ નારીને આવા ભયંકર જંગલમાં સિંહથી કોણે બચાવશે ? હવે મહાસતીને ચિન્તા રાખવા જેવું નથી. જિનેશ્વર દેવના ભક્તને તલભાર પણ ચિન્તા શેની હોય ?

તે ગુફાનો માલિક દેવ અંજનાના ધર્મથી ખેંચાઈ અષ્ટાપદ નામના પ્રાણીનું રૂપ વિકુર્વી ત્યાં આવે છે અને એને જોતાં જ સિંહભાઈ રફુચક્કર !

થોડા સમય પછી અંજના દેવીના મામા આવે છે અને મહાસતીને લઈ જાય છે.

આપણે તો એ જ જોવું છે કે, કેવી હતી એ મહાસતીની ભક્તિ. ભગવાનની પ્રતિમાનું જ ધ્યાન આખો દિવસ તેઓ ધરતાં. અને જ્યાં પરમાત્માનું ધ્યાન હોય, પરમાત્માનું નામ હોય ત્યાં દુઃખોને ફરકવાનું ગજું નથી.

[3] દિવ્ય ધ્વનિ સુર પૂરે કે...

ભગવાનના આઠ પ્રાતિહાર્યોનું સ્વરૂપ આપણે વિચારી રહ્યા છીએ. ત્રીજા પ્રાતિહાર્ય અતિશયનું વર્ણન કરતાં પૂજ્ય પદ્મ વિજય મહારાજે કહ્યું : દિવ્ય ધ્વનિ સુર પૂરે કે, વાંસળિયે સ્વરે રે લો ! મેઘ ગંભીર પ્રભુની વાણી. અને એને દેવતાઓ વાંસળી દ્વારા સંગીતથી અનુધ્વનિત કરી રહ્યા હોય. શ્રવણેન્દ્રિય–કાનનું સાર્થક્ય ખરેખર આવા વખતે જ અનુભવાય.

પૂજ્ય કાન્તિ વિજય મહારાજ પરમાત્મ-સ્તવનામાં કહે છે: 'અમૃત ઝરણી મીઠી તુજ વાણી, જેમ આષાઢો ગાજે; કાન મારગ થઈ હિયડે પેસી, સંદેહ મનના ભાંજે રે....'

### જિનમુખ દીઠી, વાણી મીઠી,...

પૂજ્ય વીર વિજય મહારાજે જિન-વાણીનો મહિમા કેવો સરસ વ્યક્ત કર્યો છે: 'જિનમુખ દીઠી, વાણી મીઠી, સુર તરુ વેલડી....પ્રભુની વાણી, કલ્પવેલડી જેવી છે. કલ્પવૃક્ષ પાસે જઈને ઈચ્છો તે બધું હાજર થાય. એમ જિનવાણી તમારા સંકલ્પોને પૂર્ણ કરી દે. કઈ રીતે? સંકલ્પો મનમાં જે કારણે ઊઠે છે, એ કારણને જ સમાપ્ત કરી દે છે એ.

ઈચ્છા વિષવેલ દુખી બનાવ્યા કરે. સંતોષ કલ્પવેલ. આ સંતોષ આવતા દુનિયા તમારા હાથમાં આવી જાય છે.

### પંડિતજીની નિઃસ્પૃહતા

એક તત્ત્વચિન્તક પંડિતને, એ બુદ્ધિશાળી હોવાથી, રાજા તરફથી મંત્રીપદની ઑફર કરવામાં આવી. પંડિતજીએ એ ઓફરને ઠુકરાવી દીધી. 'રાજાની ગુલામી હું કરું?' એ પંડિતનો મિત્ર તે પછી મંત્રી બન્યો.

મંત્રી બન્યા પછી એક વખત એ મિત્ર પંડિતના ઘર પાસેથી નીકળી રહ્યો હતો, સુન્દર મઝાના રથમાં બેસીને, અને જોગાનુજોગ, પંડિતજી એ જ વખતે ભોજન કરીને વાસણ ઉટકી રહ્યા હતા.

હા, તેઓ શ્રમમાં શરમ નો'તા અનુભવતા. જાતે જ

રોટી બનાવી ખાય અને વાસણ પણ હાથે જ સાફ કરે.

પેલા મિત્રે મજાકમાં કહ્યું : રાજાની ઓફર સ્વીકારી લીધી હોત તો આ કડાકૂટ ન કરવી પડત ને! પંડિતે વળતો જ જવાબ આપ્યો : વાસણ ઘસવાનું તેં ચાલુ રાખ્યું હોત, મિત્ર! તો આ રાજાની ગુલામગીરી–ચમચાગીરી ન કરવી પડત ને! મિત્ર–મંત્રી મહોદયનું મોઢું જોવા જેવું બની ગયું!

## હું ભીંડાનો નોકર નથી!

'રાજાને ગમે તે રાણી' અને 'રાજા, વાજા ને વાંદરાં' જેવાં સૂત્રો કહે છે તેમ, રાજના મનનો કોઈ ભરોસો નહિ. તેમની હા-જી-હા કરે તો ગમે, નહિતર મોઢું થઈ જાય કટાણું.

એક રાજા એક વાર જમવા બેઠો. ત્યારે શાક હતું ભીંડાનું. નવા રસોઈયાએ–એ જ દિવસે નવા આવેલ રસોઈયાએ એવો મસાલો નાખેલો કે, શાક ટેસ્ટફુલ બનેલું. રાજાને એ બહુ ભાવ્યું. મંત્રી–જે પાસે જ બેઠેલ હતા–ને કહે : વાહ! શું શાક છે! ભીંડો એટલે ભીંડો. કહેવું પડે. રોજ આ જ શાક લાવવાની આજ્ઞા કોઠારીને આપી દેજો. મંત્રી કહે : ભીંડો એટલે ભીંડો. એની વાત ન થાય. જેમ આપ રાજા છો, તેમ શાકમાં એ રાજા છે....હવે રોજ એ જ શાક આવશે આપના ભાણામાં.

થોડા દિવસ થઈ ગયા. રોજ રાજાના ભાણામાં ભીંડાનું શાક આવે. રાજા તો કંટાળી ગયો આ ભીંડાથી.

મંત્રીને કહે: બીજું કોઈ શાક મળે છે કે નહિ નગરમાં? રોજ ભીંડો ને ભીંડો જ. ભીંડો તો કંઈ શાક છે. મંત્રી કહે: ખરી વાત છે, સરકાર! આ તે કંઈ શાક છે! સાવ નકામું.

રાજા કહે: મંત્રીજી, તે દિવસે તો તમે ભીંડાના વખાણ કરતા'તા ને આજ....મંત્રી કહે: નામવર! હું તો આપનો ચાકર છું, કંઈ ભીંડાનો ચાકર નથી! તે દિવસે આપે ભીંડાને વખાણ્યા તો મેં ય વખાણ્યા, આજે આપે વખોડ્યા તો મેં ય વખોડ્યા....

દ્રાક્ષ વિહાસે, ગઇ વનવાસે...

આપણે પ્રભુની વાણીની વાત કરતા હતા. 'સુરતરુ વેલડી.' કલ્પવેલ સમી છે જિનવાણી. મીઠી, મીઠી, અતિમીઠી છે આ વાણી....

પૂજ્ય વીર વિજય મહારાજે ખૂબ સરસ કલ્પના કરી છે એક સ્તુતિમાં. એમણે કહ્યુ: દ્રાક્ષને લોકો મીઠી કહેતા. પણ પ્રભુની વાણીની મિઠાશ આગળ એની શુ વિસાત? બિચારી દ્રાક્ષ શરમાઈને, પરાજિત થઈ ને જંગલમાં જતી રહી. પરાજિત રાજા શરમાઈને જંગલમાં જતો રહે ને તેમ! 'દ્રાક્ષ વિહાસે, ગઈ વનવાસે....'

અને શેરડી? એને તો બિચારીને પીલાવાનું નસીબમાં આવ્યું! શેરડી પીલવાના સંચા ભણી જુઓ તો ખ્યાલ આવે, કે બિચારી રસના બહાને આંસૂની ધાર વહાવી રહી છે. મિઠાશના મામલામાં, જિનવાણી સામે, એ ય પરાજિત થઈ ગઈને તેથી જ રડતો!

સાકરની તો વાત છોડો. એ તો ગભરાઈને પહેલાં જ શરણે આવી ગઈ. 'તમારી ગાય છુ'' કહીને શરણુ માગ્યું એટલું જ નહિ, બિચારીએ ઘાસ–તરણું મોઢે ય નાખ્યું. પહેલાં સાકર–ખાંડમાં ઘાસ આવતું. ઘાસના બારીક રેસાઓ. 'સાકર સેંતી, તરણાં લેતી, મુખે પશુ ચાવતી.' પશુ જેમ મોઢામાં નાખી ઘાસ ચાવે તેમ એ ચાવવા લાગી....

'અમૃત મીઠું, સ્વર્ગે દીઠું.' અમૃત મીઠું ખરું, પણ એયસમજી ગયું કે, આ ધરતી પર હવે આપણો ટપ નહિ ખાય. જિનવાણીની મિઠાશ સામે મોરચો માંડવાનું આપણું ગજું નહિ. એટલે એ તો બિચારું સ્વર્ગમાં સિધાવી ગયું!

આપણે જિનેશ્વર ભગવંતની વાણીની વાત કરી રહ્યા હતા. આઠ પ્રાતિહાર્ય અતિશયો પૈકીનો આ ત્રીજો અતિશય.

**[૪] ચામર કેરી હાર ચલંતી એમ કહે રે લો!**

ભગવાનને વીંઝાઈ રહેલા ચામરો પોતાની એ ક્રિયા દ્વારા જગતને એક સંદેશો પાઠવી રહ્યા છે. શો સંદેશ છે એમનો? 'જે નમે અમ પરે, તે ભવી ઉર્ધ્વગતિ લહે રે લો.' અમારી પેઠે, જેઓ પ્રભુની સેવા કરે છે, પરમાત્માને નમે છે, તેઓ ઉર્ધ્વગતિ પ્રાપ્ત કરે છે.

**[૫] તિહાં બેસી જિનરાજ, ભવિક દેશના દીયે રે લો**

આવાં પ્રાતિહાર્યોથી સેવાતા ભગવાન સમવસરણમાં સિંહાસન પર બિરાજમાન થઈ દેશના ફરમાવી રહ્યા છે.

રૂપાના, સોનાના અને માણિક્યના ગઢ છે સમવસરણને. 'કલ્યાણ મન્દિર' સ્તોત્રમાં પૂજ્ય સિદ્ધસેનસૂરિ મહારાજ કહે છે: 'કાન્તિપ્રતાપયશસામિવ સંચયેન.' ભગવાનના યશ, પ્રતાપ અને કાન્તિના પ્રતિનિધિત્વને ધારણ કરી રહ્યા છે આ ત્રણ ગઢ. યશનો વર્ણ સફેદ મનાયો છે. પ્રતાપને પીળો અને કાન્તિને લાલ રંગની કહેવામાં આવેલ છે. આ ત્રણ ગઢવાળા સમવસરણ પર છે ભવ્ય સિંહાસન. 'તિહાં બેસી જિનરાજ, ભવિક દેશના દિયે રે લો.'

સમવસરણમાં બિરાજેલા, ચતુર્મુખ ભગવાનની વાણીનો પ્રસાદ પામનાર જીવો કેવા બડભાગી! એવું બડભાગ્ય આપણને ય મળી ચૂકેલું, પણ એ બડભાગ્યને યોગ્ય પાત્રપણું નહિ વિકસેલું. અપાત્રતાના કારણે આવો ધન્ય અવસર મળવા છતાં આપણે સાવ વંચિત રહી ગયા.

'કલ્યાણમન્દિર' સ્તોત્રમાં આપણા આ દર્દને વાચા આપતાં સ્તોત્રકાર મહર્ષિએ પરમાત્મ-સ્તવના કરતાં કહ્યું: 'આકર્ણિતોપિ મહિતોપિ નિરીક્ષિતોપિ....' હે પ્રભુ! મેં સમવસરણમાં બિરાજમાન થયેલા એવા આપની વાણી સાંભળી છે, ભૂતકાળના કો'ક ભવમાં મારી આંખે મેં દર્શન, સોનેરી કમળ પર વિહરી રહેલા, અનુપમ રૂપના સ્વામી એવા આપનાં દર્શન કર્યાં છે. મારા હાથ વડે આપના પવિત્ર અંગોનો મેં સ્પર્શ પણ કર્યો છે.

પરન્તુ, મારી કમનસીબી કે, એ શ્રવણ, એ દર્શન અને એ સ્પર્શનથી આગળ હું વધી ન શક્યો. "નૂનં ન ચેતસિ

મયા વિધૃતોઽસિ ભક્ત્યા.' મનના મંદિરમાં–આતમના ધામમાં આપની પધરામણી મેં ન કરી. નહિતર, આ ભવભ્રમણા, જનમ-મરણના ફેરા મારા માટે હોય ?

**[૬] ભામંડલ શિર પૂંઠે, સૂર્ય પરે તપે રે લો.**

અપાર રૂપ છે પરમાત્માનું પરમાત્માની મુખની પાછળ હોય છે ભામંડલ. પ્રકાશમય તેજવર્તુળ. પ્રકાશની દુનિયાનું પ્રતિક છે ભામંડલ.

પૂજ્ય પદ્મ વિજય મહારાજ કહે છે: નિરખી હરખે જેહ, તેહના પ્રતિક ખપે રે લો. ભગવાનના મુખનું દર્શન થતાં, ભામંડલને નજરે નીહાળતાં, જેટલો હર્ષ થાય તેટલું પાપ ખતમ થાય.

જેટલાં હર્ષના આંસૂ નીકળે, ભગવાનનું આ વિશ્વમોહન રૂપ જોતાં, એક એક આંસૂ જનમ–જનમના પાતકને ખતમ કરે.

ભગવાનની મૂર્તિને ભાવથી ભેટતાં કેટલીવાર આંખમાં આંસૂ આવ્યાં એની નોંધ હવેથી કરજો !

**[૭] દેવદુંદુભિનો નાદ...**

સુંદર વાજિંત્રો, અને વગાડનાર દેવો. 'દેવ દુંદુભિનો નાદ ગંભીર ગાજે ઘણો રે લો.' 'કલ્યાણ મન્દિર'માં સ્તોત્ર-કાર મહર્ષિ કહે છે: આ દુંદુભિ તો લોકોને આમંત્રણ આપતું, મંગલ ગીત બજાવતું વાજિંત્ર છે. પહેલાંના યુગમાં સાર્થવાહો સાથે લઈને જતાં, ત્યારે ઘોષણા કરાવતા :

સાર્થવાહ અમુક નગર ભણી જઈ રહ્યા છે, જેઓની ઈચ્છા હોય તે તેઓની સાથે જવા તૈયાર થઈ જાય....

દેવ દુંદુભિ શું કહે છે? ભગવાન તીર્થંકર દેવ મોક્ષનગરના સાર્થવાહ છે. જેમને મોક્ષનગરે જવું હોય તે બધા તેમના શરણે આવી જાય....

[૮] ત્રણ છત્ર કહે...

પરમાત્માના શિર પર ઝળુંબી રહ્યા છે ત્રણ છત્ર. ત્રણ ભુવનના સ્વામી ભગવાન છે, એનું સંસૂચન એ ત્રણ છત્રો કરી રહ્યા છે. 'ત્રણ છત્ર કહે તુજ કે, ત્રિભુવનપતિ-પણો રે લો.

**પ્રશ્ન સાધકનો : ઉત્તર ગ્રંથકાર મહર્ષિનો...**

'ભગવંતાણું' પદનું ચિન્તન કરતાં, પ્રભુના ઐશ્વર્યના સૂચક આઠ પ્રાતિહાર્યોનું વર્ણન આપણે વિચાર્યું. સૂત્રો બોલતાં આ રીતે જો અર્થગંભીર પદો પર વિચારણા થાય તો અનુષ્ઠાનોમાં અપૂર્વ આનંદની ઝાંખી થઈ શકે.

ઘણા સાધકોની ફરિયાદ હોય છે: અનુષ્ઠાનોમાં આનન્દ કેમ નથી આવતો?

ગ્રન્થકાર મહર્ષિ અહીં એનો જવાબ આપે છે. અનુષ્ઠાનો કરતી વખતે મનનો ભટકાવ યત્ર, તત્ર, સર્વત્ર હોય છે. અને એથી, ચિત્તનું જોડાણ અનુષ્ઠાનો સાથે ન થવાથી, અનુષ્ઠાનો કરવા છતાં, તેમની દિવ્ય શક્તિનો પરિચય થતો નથી.

મન જો શેરબજારની ઉથલ-પાથલમાં જ રમતું હોય તો, ભોજન કરતી વખતે, દાળમાં મીઠું ડબલ હોય કે બિલકુલ ન હોય; કદાચ તમને ખબર નહિ પડે.

આજ વાત અહીં છે. અનુષ્ઠાનો વખતે મન સંસારમાં જ હેરા-ફેરા મારતું હોય તો અનુષ્ઠાનોની દિવ્યતાનો પરિચય શે થાય ?

**હોસ્પિટલાઈઝ્‌ડ થઈ જાય !**

ઘણી ગાંઠ, રસોળી એવી હોય છે; જે દવાથી નથી મટતી; તેમનું ઓપરેશન જ કરવું પડતું હોય છે. ડૉકટર તમને કહી દેશે: ઓપરેશન વગર આનો બીજો કોઈ ઈલાજ નથી.

ચિત્તની આ ચંચળતા એવી જ ચીજ છે. એને દૂર કરવી પડશે. શસ્ત્રક્રિયા અનિવાર્ય છે. ઉપાશ્રયો એ હોસ્પિટલો. ગુરુ ભગવંતો ડૉકટર. હવે થઈ જાવ હોસ્પિટલમાં ભરતી....અને થઈ જાય રોગ છૂમંતર !

ક્રિયા રૂપ ઔષધ ભવના રોગને દૂર કરી દે છે. એ ઔષધનો પ્રભાવ બરોબર પ્રસરે એ માટે, ઉપર કહ્યું તેમ, હૉસ્પિટલાઈઝ્‌ડ થઈ ચિત્તના ભટકાવ રૂપ ગાંઠનું ઓપરેશન કરાવી લેવાની સલાહ ખ્યાતનામ સર્જન-ગ્રન્થકાર મહર્ષિએ આપી છે તેને ભૂલતા નહિ !

[૫]

# સમતોલપણું શી રીતે આવે?

स्थिरत्ता वाङमनः कायैं-
येषामङ्गाङ्गितांगार्गिताँ गता ।
योगिनः समशीलास्ते
ग्रामेऽरण्ये दिवा निशि ॥

આજનો મનુષ્ય વિષમતાઓ વચ્ચે જીવી રહ્યો છે. ક્યાંય સમતોલપણું-બેલેન્સ નથી દેખાતું. સમતોલપણું જીવનમાં આવતું જાય તેમ જીવન સ્થિર, શાન્ત ગતિએ વહેવા લાગે. ઉકળાટ, અધૈર્ય અદશ્ય થઈ જાય અને એવા જીવનની નદીના પ્રવાહનું જ આધ્યાત્મિકતાના સાગર જોડે મિલન થાય.

તપ, સ્વાધ્યાય, ધ્યાન જીવનને સમતોલ બનાવવા અમૂલ્ય ફાળો આપે છે. બાહ્યતપથી આહારની અસમતુલા નિયંત્રિત થાય, અભ્યંતર તપથી વિચારો પર નિયંત્રણ આવે.

## નેચરોલોજિસ્ટની લાખેણી સલાહ

એક પ્રકૃતિ-ચિકિત્સકે-નેચરોલૉજીસ્ટે એક સભાને સંબોધતાં પ્રશ્ન કર્યો: પોતાને માટે જ ખાનારા કેટલા અને ડૉકટર પર દયા કરીને એના માટે ખાનારા, તમારામાંથી કેટલા! પ્રશ્નની સ્પષ્ટતા કરતાં એણે સમજાવ્યું: તમારા આહારનો એક તૃતીયાંશ કે એક દ્વિતીયાંશ ભાગ તો તમારા માટે જ તમે ખાવ છો, શરીરને જોઈતી ઉર્જા-શક્તિ મળી રહે તે માટે. પણ બાકીનો ભાગ તમે ડૉકટર માટે ખાવ છો. એ ન ખાવ તો તમે માંદા પડો નહિ, અને માંદા ન પડો તો બિચારો ડૉકટર શું કરે? એટલે ખોરાકનો પહેલો અર્ધો ભાગ તમારા માટે છે. બીજો અર્ધો ભાગ ડૉકટર માટે.

## રાજા અને પંડિત

એક રાજા પાસે આયુર્વેદનો એક નિષ્ણાત પંડિત એક લાખ શ્લોકોનો બનાવેલ મોટો ગ્રન્થ લઈ ગયો. રાજાને કહ્યું: "મહારાજ! ખૂબ પરિશ્રમ કરી આ ગ્રન્થ હું બનાવીને લાવ્યો છું. આપ કૃપા કરી એ ગ્રન્થને સાંભળો હું અનુવાદ કરી આપને સમજાવું."

રાજા કહે: પંડિતજી! આપનો ગ્રન્થ જરૂર અણમોલ હશે. પણ મને એટલી ફુરસદ કયાં છે? રાજકાજમાંથી કેટલો સમય હું કાઢી શકું? પણ આપ એમ કરો. આપના ગ્રન્થનો જે સાર હોય તે નાનામાં નાના રૂપમાં ગોઠવીને મને આપો.

પંડિતજીને સારા એવા મહેલમાં ઉતારો આપ્યો. મહિના સુધી મહેનત કરી, સંક્ષેપ કરતાં કરતાં પંડિતજીએ એક લાખ શ્લોકોના ગ્રન્થનો સાર આટલો તારવ્યો: 'જીર્ણે ભોજનમ્'. પહેલાં ખાધેલું ભોજન પચી જાય પછી જ નવું ભોજન લેવું એ આરોગ્યશાસ્ત્રનો પહેલો પાઠ. માત્ર પહેલો જ નહિ, છેલ્લો પણ! જો આટલું તમે કરી શકો તો ડૉક્ટરની મુલાકાત તમારે ન લેવી પડે.

**પેટ નરમ, પાંવ ગરમ...**

એક કવિએ એક દુહામાં આરોગ્યશાસ્ત્રને સારી રીતે વણી લીધું છે: પેટ નરમ, પાંવ ગરમ, ઔર શિર કો રકખો ઠંડા, ફિર ડાકટર આયે ઘર પર, તો ઉસકો મારો ડંડા!

'પેટ નરમ.' પેટને નરમ રાખવાનું. ડૉકટરની દયા (?) ચિંતવી, જે વધારાનો ખોરાક ખાવ છો, તે બંધ કરવાનો. ઉનોદરી તપ કરવાનો.

આપણા ધર્મશાસ્ત્રમાં બધી બાબતો પર ચિન્તન થયેલું છે. કશું બાકી નથી. પણ એના પર વિચાર થવો જોઈએ ને! મંથન કરવું જોઈએ.

ઉનોદરી તપ, ધ્યાન અને આરાધના માટે બહુ ઉપયોગી છે. પેટ ભરેલું હોય તો પ્રમાદ થાય. પણ માપસર ખાધું હોય તો આરાધના અપ્રમત્ત રીતે થઈ શકે.

'પાંવ ગરમ.' પગને ગરમ રાખવાના. અર્થાત્ બેઠાડુ જીવન નહિ જીવવાનું. આરાધક માટે પણ, ઊભા ઊભા

કાઉસ્સગ્ગ કરવો, પંચાંગ પ્રણિપાત વગેરેની ક્રિયા વિધિ-પૂર્વક કરવા રૂપ વ્યાયામ છે જ.

મોર્નિંગ વોક લેવા જાય, પણ...

મહાનગરોના રોડો પર સવારે નીકળો તો મોર્નિંગ વોકવાળા ઘણા મળે. એમાં જૈનો પણ હોય. જો ઘરે વિધિપૂર્વક એ સવારનું પ્રતિક્રમણ કરે તો એને મોર્નિંગ વોક લેવાની લગભગ જરૂર ન રહે. પ્રતિક્રમણમાં ઉઠવા-બેસવાની ક્રિયા, ખમાસમણ વખતે અંગને નમાવવાની ક્રિયા, કાઉસ્સગ્ગમાં શ્વાસોચ્છ્વાસની ક્રિયા....

હા, કાઉસ્સગ્ગમાં નવકાર મંત્ર બોલીએ ત્યાં વિધિ એ છે કે, એક પદે એક શ્વાસોચ્છ્વાસ થવો જોઈએ. એનું આખું વ્યવસ્થિત ગણિત છે. નવકાર મંત્રના પદ નવ, પણ તેની સંપદા આઠ. અર્થાત્ વિરામ સ્થાન, શ્વાસોચ્છ્વાસ માટે થોભવાનાં સ્થાન આઠ છે.

લોગસ્સ 'ચંદેસુ નિમ્મલયરા' પદ સુધી કેમ ગણાય છે ? એનું કારણ આ છે : જ્યારે પચીશ શ્વાસોચ્છ્વાસનો કાઉસ્સગ્ગ હોય ત્યારે 'ચંદેસુ નિમ્મલયરા' પદ સુધી આવતાં પચીશ પદ થઈ ગયા. એક ગાથાના ચાર પદ....પચીશ પદે પચીશ શ્વાસોચ્છ્વાસ આમ પ્રાણાયામની ક્રિયા આપણા અનુષ્ઠાનોમાં જોડાયેલી જ છે.

ખમાસમણ દો ત્યારે પાંચે અંગ–બે હાથ, બે ઢીંચણ અને માથું જમીનને અડવા જોઈએ. પંચાંગ પ્રણિપાત અર્થાત્ પાંચ અંગ દ્વારા નમસ્કાર....

**છતાં મોર્નિંગ વોક કરવું જ હોય તો..**

આમ, આપણા અનુષ્ઠાનોમાં બધું આવી જતું હોવા છતાં જો મોર્નિંગ વોક-પ્રાતઃભ્રમણ કરવું જ હોય તો, મોર્નિંગ વોકનો રૂટ એવો ગોઠવો કે, જેમાં બે-ચાર જિનાલયો આવી જાય.

અમદાવાદમાં મેં એક ભાઈને જોયેલા, જેઓ રોજ સવારે પાંચ-સાત જિનાલયોમાં દર્શન કરવા જતા. બેય કામ ભેગા પતી જાય! મુખ્યતા દર્શનની રહે તો વધુ સારું. જીવનમાં પ્રભુનું સ્થાન જેટલું આગળ રહે અને પોતાનું સ્થાન જેટલું ગૌણ રહે તેટલો વિકાસ થવાનો.

**જીવનની કાર માટેના આ પેટ્રોલ પંપો!**

શાસ્ત્રોમાં કહ્યું છે કે, શ્રાવક સવારે ઊઠી, તૈયાર થઈ (બૅડ-ટી પીને નહિ, હો!) વિચારે: 'યાસ્યામ્યાયતનં જિનસ્ય....' ચાલો, ભગવાનનાં દર્શન કરવા જાઉં. સૌથી કરવા જેવું કર્તવ્ય એ છે.

જ્ઞાની પુરુષોએ શ્રાવકની દિનચર્યા એવી બતાવી છે કે, જેમાં થોડી થોડી વારે પરમાત્માનું અને ગુરુદેવનું દર્શન થઈ જાય અને એમ, સંસારના મોહને દૂર કરવાના નિમિત્તો મળ્યે જાય. સવારે દર્શન, મધ્યાહ્ને પૂજા, સાંજે આરતી. સવારે ગુરુવન્દન. સાંજે ગુરુ મહારાજ સાથે પ્રતિક્રમણ....

હાઈવે પર થોડા થોડા અંતરે પેટ્રોલ પંપો હોય છે. જેથી સ્કુટર કે કારને પેટ્રોલ કે ડીઝલના ડબ્બા લઈને

યાત્રાએ ન જવું પડે. ખલાસ થાય એ પહેલાં, નજીકના પેટ્રોલ પંપ પર પહોંચી જવાનું.

અમદાવાદ, ખંભાત, પાટણ, રાધનપુર જેવી પુરાણી નગરીઓમાં પોળે પોળે જિનમંદિરો છે. જીવનની યાત્રા માટે જોઈએ પ્રભુ ભક્તિનું પેટ્રોલ. એ પૂરવા માટેના આ પવિત્ર ધામો.

ટેન્સન વધી જાય, ગભરામણ થઈ જાય કે તરત જ મંદિરે દોડો. ભાવવાહી સ્તવનો રટો. જુઓ, ટેન્સન કેવું દૂર ભાગી જાય છે !

તો, મંદિરો અને ઉપાશ્રયો થોડે થોડે અંતરે ખૂબ જ હેતુપૂર્વક પૂર્વજોએ બનાવ્યા છે. ગરમી વધુ હોય ત્યારે પરબો થોડે થોડે અંતરે હોય તેમ. ભૌતિકતાની ગરમીમાં આધ્યાત્મિક ચિન્તન રૂપ પાણી ડગલે-ડગલે જોઈએ. એ માટે ધર્મસ્થાનો છે.

તમે આ પેટ્રોલ પંપો પર જઈ તમારી ગાડીઓમાં તત્ત્વજ્ઞાનનું પેટ્રોલ ભરાવો છો કે નહિ ?

નહિ પૂરાવો તો ગાડી નહિ ચાલે, હો ! સુખની ગાડી ઠપ્પ થઈ ગઈ છે ને ? એનું કારણ આ જ છે.

સમતોલપણું જીવનમાં શી રીતે આવે એની આપણે વિચારણા કરી રહ્યા છીએ. 'પેટ નરમ, પાંવ ગરમ ઔર શિર કો રકખો ઠંડા.' ત્રણ સમતોલનની વાત આમાં કરી. પહેલું સમતોલન આહારનું, બીજું શ્રમનું. અને ત્રીજું મનનું.

આહાર એટલો જ લો, જેટલો જરૂરી છે. પેટને તો ખાલી અધોં શેર આટો જોઈએ છે. કડાકૂટ છે બધી જીભની. સ્વાદની. ટેસ્ટની.

એક ગામડા ગામના પટેલનો દીકરો મુંબઈ નોકરી કરતો હતો. નોકરી સારી હતી. પિતાને મુંબઈ આવવા તેણે ઘણું કહ્યું. પણ પટેલ કહે: હવે મને ઘરડે ઘડપણ ત્યાં જેલમાં શીદને લઈ જાય, ભઈલા! અહીં જ રહેવા દે. દાળ-રોટી ખાઈશ ને ભગવાનનું ભજન કરીશ.

દાદા દાદી તરફથી સંસ્કાર મળતાં તે બંધ થયું

આ સમસ્યા આજે બહુ મોટી થઈ ગઈ છે. પૌત્રોને દાદા દાદીના વહાલ સાથે નાનપણમાં જે સંસ્કાર-બીજ મળતાં એ હવે મળતાં બંધ થઈ ગયા.

પુત્ર પોતાના કુટુંબ સાથે રહે મહાનગરોમાં. જ્યારે માતાજી અને પિતાજી રહેતા હોય દેશમાં. નાનાં ભૂલકાંઓને વ્યસ્ત માતા-પિતા ધકેલી દે કિન્ડરગાર્ડનમાં. ન મળે ઘરમાં ધર્મના સંસ્કાર. ન મળે બહાર ધર્મના સંસ્કાર.

રાજસ્થાનના ઘણા ગામોમાં અમે જોયું કે, ત્યાં ઘરના માલિકો-પુરુષો ધંધા માટે બહાર રહેતા હોય. પણ કુટુંબને દેશમાં જ રાખે. આમાં ધાર્મિક સંસ્કારો બાળકોને મળવાની તક ઘણી હોય છે. દાદા-દાદી પાસેથી જ તો!

**બાળકને મન્દિર-ઉપાશ્રયે સાથે લઈ જાવ**

અમારી પાસે તો બાળક પછી આવશે. સમજણું થયા પછી. અમારી પાસે બાળક આવે, અને જે રીતે વન્દન કરે એ ઉપરથી અમે તેના મા-બાપે તેને કેવી શિક્ષા આપી છે, તેનો ક્યાસ કાઢી લઈએ.

માસા, મામી, ફોઈ, ફુઆ બધાયની ઓળખાણ બાળકને કરાવી, તેમને પ્રણામ વગેરે કેમ કરવા તે સમજાવ્યું; પણ આપણા ગુરુ મહારાજ આવા હોય છે અને એમની પાસે આ રીતે સુખશાતા પૂછવી જોઈએ. ગોચરી વહોરવા આપણા ઘેર લઈ આવવા જોઈએ. આ બધું શીખવાડ્યું છે ?

અમારે ઉપાશ્રયોમાં તો, શહેરોમાં, બાળકો બહુ ઓછા જોવાં મળે. એમાં બાળકોનો કોઈ વાંક નથી. વાંક તમારો છે. પૂજા કરવા જાવ ત્યારે પણ બાળકને સાથે લઈ જાવ. ગુરુ મહારાજને વંદન કરવા જાવ ત્યારે પણ તેને સાથે લઈ જાવ.

અમે એક ગામમાં ગયેલા. ત્યાં એક ભાઈ સાંજે પ્રતિક્રમણ કરવા આવે ત્યારે રોજ પોતાના નાનકડા દીકરાને લઈને આવે. બાબો થોડીવાર સુધી તો જાગે અને કાઉસગ્ગ આવે ત્યારે નવકાર ગણે. એને સામાયિક નહોતા લેવડાવતા. પછી ઊંઘી જાય. પ્રતિક્રમણ ઉઠયે, શ્રાવક ભાઈ ગુરુ મહારાજને સુખશાતા પૂછી, થોડો ધર્મોપદેશ સાંભળી બાબાને ઊંચકીને ઘેર જાય.

એક ભાઈએ એમને એક વાર કહ્યું : બાબો રોજ સૂઈ જાય છે, પછી શા માટે લાવતા હશો ? પેલા ભાઈ કહે : ભલે એ સૂઈ જાય, ને મારે એને ઊંચકીને લઈ જવો પડે; એના મનમાં એટલાં સંસ્કાર તો પડશે કે, આ કરવા જેવું છે.

**રવિશંકર મહારાજનો અનુભવ**

સમાજસેવક શ્રી. રવિશંકર મહારાજ એક ગામમાં ગયેલા. એક ભાઈએ એમની ખૂબ સારી મહેમાનગતી કરી.

આપણા દેશમાં 'અતિથિ' ને દેવ માની તેની સેવા કરવી એ કોઈને શીખવવું ન પડતું. વિદ્યાગુરુઓને એ પાઠ ન આપવો પડતો. બાળક પોતાના ઘરમાં આવતા અતિથિઓનું થતું આતિથ્ય જોઈ એ પાઠ ભણી જતો ! અને આચરણ દ્વારા જે પાઠ ગ્રહણ કરવામાં આવે છે, તેની ઊંડી અસર પડતી હોય છે.

હજુ ઘણી જગ્યાએ, કર્ણાટક વગેરે રાજ્યોમાં, આતિથ્યનો સુંદર રીવાજ જોવા મળે છે. તમે ગમે ત્યાં જાવ અને પાણી માગો તો પહેલું પાણી નહિ આપે. પહેલાં કાંકરી ગોળ આપશે. અને પછી પાણી આપશે.

રવિશંકર મહારાજ જવા માટે તૈયાર થયા ત્યારે તેમના જજમાન પેલા ભાઈ વોળાવવા આવ્યા. સાથે નાના પુત્રને તેમણે લીધો. થોડે ગયા. રવિશંકર મહારાજ કહે : હવે તમે પાછા વળી જાવ. પણ પેલા ભાઈ પાછા ન વળે.

"બાબાને થાક લાગશે. માટે પાછા વળી જાવ."

"બાબા માટે તો ખાસ આવ્યો છું વોળાવવા. તેને એ શીખવા મળે કે, અતિથિને કેવી રીતે મૂકવા જવું જોઈએ."

રવિશંકર મહારાજે પાછળથી નોંધ્યું છે કે, આવા પાઠ જો ભારતના દરેક બાળકોને એમના વાલીઓ તરફથી મળ્યા કરે તો ભારતીય સંસ્કૃતિનો પૂર્ણ વિકાસ જોવા મળે એ દિવસો દૂર નથી.

## 'ચાલી શરણં ગચ્છામિ!'

પટેલનો દીકરો મુંબઈ રહે. પટેલ દેશમાં. દીકરો પિતાને મુંબઈ આવવા કહે. પિતા કહે : હું છું ત્યાં જ ઠીક છું! દશ બાય દશની રૂમમાં, આખરે, ડોસાનો સમાવેશ શી રીતે થાય? બહારની ચાલીનું જ શરણું લેવું પડે. જે દિવસોમાં 'ધમ્મં શરણં ગચ્છામિ' કરવાનું હોય એ જ દિવસોમાં 'ચાલી શરણં ગચ્છામિ!'

દીકરાએ જોયું કે, પિતા મુંબઈ તો નહિ આવે. ત્યારે એણે લખ્યું : તમ તમારે આરામથી રહેજો. બે પૈસા છુટથી ખર્ચજો. હું દર મહિને મનીઓર્ડરથી પૈસા મોકલીશ.

સાદાઈથી રહેતા પટેલને ખર્ચ તો શું હોય? ખેતરમાંથી અનાજ આવે. એમાંથી રોટલા-ખર્ચ બાદશાહીથી નીકળી જતો. પણ દીકરાએ બહુ આગ્રહ કર્યો હતો અને પોતે ન લખે તોય દીકરો મનીઓર્ડર કરવાનો જ હતો; એટલે એ વધુ રકમ દર મહિને ન મોકલે એ માટેય થોડી રકમ મંગાવવી જરૂરી હતી.

પટેલ અભણ હતો. તેથી પોસ્ટ માસ્તરને એક પોસ્ટ કાર્ડ આપી મુંબઈ લખવાનું કહ્યું. પચાસ રૂપિયા દર મહિને મોકલવા તેવું સૂચવ્યું.

પોસ્ટ માસ્તરના મનમાં એ વખતે વિચાર આવ્યો કે, ૫૦ ને બદલે ૧૫૦ રૂપિયા લખી નાખું તો શો વાંધો? મનીઓર્ડર અહીં જ આવવાનું છે. ૧૫૦ માંથી ૧૦૦ હું લઈ લઈશ અને ૫૦ પટેલને આપી દઈશ!

**અનીતિના લાડવા પચે કે પેટમાં ઊભા થાય?**

અને પછી તો પોસ્ટમાસ્તર દર મહિને હરામના લાડવા જમવા લાગ્યા. આ લાડવા પચે કે પેટમાં ઊભા થાય?

સભા : સાહેબ, પચે નહિ.

ભલા માણસ! તમારાથી આમ બોલાય? અનીતિનું ધન ન પચે એવું માનનારા છો તમે? કે નીતિ, નીતિ કરીએ તો ભૂખે મરીએ એવું માનનારા છો?

સભા : કહેવાય એવું નથી, સાહેબ!

તમે ભલે ને ન કહો પણ અમે તમારા મનની વાત જાણીએ ને! નીતિ, નીતિ કરીએ તો ભૂખે મરીએ એવું માનનારો જ્યારે ખરીદી કરવા જાય ત્યારે વેપારીને એમ જ કહે ને કે, તારે જેટલી અનીતિ કરવી હોય તેટલી કરજે. કારણ કે નીતિ કરવા જઈશ તો તારા બૈરા–છોકરાં ભૂખે મરશે! કે એને–વેપારીને નીતિના પાઠ પઢાવે?

સભા : એ વખતે તો વેપારી નીતિ આચરે એ જ ગમે.

ત્યારે તો પારકા છોકરાને જ જતિ કરવા નીકળ્યા છો, એમ કહોને !

ઘણા લોકો કહે છે : સાહેબ ! આપણે ચોકખું કહી દઈએ કે, આની કિંમત આટલી છે, પણ મારે આટલી લેવાની છે. અને પછી વધારે ભાવ લઈએ તો અનીતિ કહેવાય ?

એમને આટલો જ જવાબ : તમારો દીકરો માંદો પડચો હોય અને એ વખતે ડૉકટર અમુક પેટન્ટ દવા લેવા સૂચવે. આજુબાજુના એક જ કેમિસ્ટ પાસે એ દવા હોય. અને એ કહી દે કે, આ દવા છાપેલા ભાવ પર અમુક ઑન મળે તો જ આપવાની છે. તે વખતે તમારે લેવી તો પડે જ. પણ એ લેતી વખતે કેમિસ્ટનો અભિગમ તમને કેવો લાગે ? તમને એના પર ગુસ્સો આવી જાય ? એણે ખોટું કર્યું છે એમ તમને લાગે ?

સભા : લાગે.

બસ, તો જવાબ મળી ગયો. કે પછી બધા કરે તે ખરાબ અને તમે કરો તે સારું; આવો કોઈ નિયમ છે ?

## જીભની દલાલી

પોસ્ટ માસ્તર દર મહિને સો રૂપિયા ચાંઉં કરવા લાગ્યા. બે-ચાર મહિના તો બરોબર આવ્યું. પણ એ પછી

પટેલનો દીકરો ઘેર આવ્યો. પિતાને કહે: મહિને દોઢસો જ કેમ મંગાવો છો? વધારે મંગાવતા હો તો. મજાથી રહો તમે. બીજી તમારી સેવા નથી કરી શકતો પણ આટલું તો કરું.

પટેલ સાંભળીને જરા નવાઈમાં ડૂબ્યા. હું મહિને પચાસ રૂપિયા જ મંગાવું છું અને આ દોઢસો કેમ કહે છે?

"ભાઈ! હું તો દર મહિને પચાસ જ મંગાવું છું. તેં દોઢસો કેમ કીધું?"

હવે નવાઈમાં ડૂબવાનો વારો દીકરાનો હતો. "હું દર મહિને દોઢસો મોકલું છું ને....તમે મંગાવ્યા હતા પણ દોઢસો." ધીરે ધીરે ખ્યાલ આવ્યો કે આ પોસ્ટ માસ્તરના જ કરતૂત છે. પટેલ-પુત્ર પહોંચેલો હતો. લાંચ-રૂશ્વત વિરોધી અધિકારીને મળ્યો. બધી વાત સમજાવી. છટકું ગોઠવ્યું. બીજે મહિને મનીઓર્ડર આવ્યું. તેની ચૂકવણી વખતે અધિકારીએ હાજર થઈ પોસ્ટ માસ્તરની પોલ ખોલી નાખી. અને પોસ્ટ માસ્તર સસ્પેન્ડ થયા.

હરામનો લાડવો પચ્યો નહિ, હો....

આપણી મૂળ વાત એ હતી કે પેટને જોઈએ પા શેર; પણ જીભ ઘણો ઉમેરો કરાવે છે. પોસ્ટ માસ્તરે જેમ વચ્ચેથી ઉમેરો કરી નાખ્યો તેમ જીભ પણ પેટની માગમાં વચ્ચેથી ઘણો વધારો કરી નાખે છે. પાપડ, રાયતું, ચટણી, કચુંબર....આ બધું કોને જોઈએ છે?

એટલા માટે કહ્યું, યુક્તાહારી બનો. આહાર સાત્ત્વિક, સાદો અને પ્રમાણસર જોઈએ. એવો આહાર હોય તો ધ્યાન માટે યોગ્ય બાહ્ય ભૂમિકા સર્જાવા માંડે.

હોટેલ, રેસ્ટોરન્ટનો આહાર 'ખાતર ઉપર દિવેલ' જેવો ખર્ચ કરાવે છે. હોટલનું બિલ વત્તા ડોક્ટરનું બિલ!

## હોટલવાળાએ ડૉક્ટર પાસે ભાગ માંગ્યો

નવા-સવા ડૉક્ટર ગામમાં આવ્યા. એમની પ્રેક્ટિસ ધીકતી ચાલવા લાગી. કારણ કે થોડો સમય પહેલાં જ એક હોટલ ગામમાં ખુલી હતી. અને માંખીઓથી બણ-બણતા ગાંઠિયા લોકો ટેસ્ટથી ખાતા હતા.

થોડા દિવસ પછી હોટલનો માલિક ડૉક્ટર પાસે ગયો અને પછી કહે: સાહેબ, તમારી કમાણીમાં મારોય ભાગ રાખવો પડશે, હો!

"તમારો ભાગ શી રીતે?"

"શી રીતે તે એ રીતે કે, લોકોને માંદાં તો છેવટે હું જ પાડું છું ને! મારાં સડેલાં ફરસાણ ન ખાય તો લોકો માંદાં શાના પડે? અને લોકો માંદાં ન પડે તો તમે દવા કોની કરો?"

ડૉક્ટરને ય લાગ્યું કે, વાત ખરી હતી. આ પહેલાં પોતે જે ગામમાં ગયેલા, ત્યાં હોટલ, રેસ્ટોરન્ટ ન હોઈ તેમનો ધંધો જામેલો જ નહિ. અને અહીં આવતા વેંત

જામી ગયો. એ પ્રતાપ તો હોટલવાળાનો જ! ડૉક્ટરે હોટલ-માલિકનો ભાગ કબૂલી લીધો.

### 'હેવ્સ'ને બદલે 'હેવ્સનોટ્સ'માં

સંપૂર્ણ જીવનમાં સમતુલા લાવવી છે. અને એ માટે આહારમાં સમતુલા લાવવી છે. આહાર સાત્વિક હશે, વાંચન સારું હશે તો મન પણ સ્વસ્થ રહેશે. આજે તનના રોગ કરતાં મનના રોગ વધી ગયા છે.

હાઈપર એસીડીટી, બ્લડ પ્રેસર આ બધા દર્દો શરીરમાં દેખા દે છે એટલું જ, બાકી એ છે અસ્વસ્થ મનની દેણ. એટલે કહ્યું: શિર કો રકખો ઠંડા. મસ્તકને ઠંડું રાખો.

ધાર્મિક ચિન્તન જેટલું વધશે એટલો મગજ પરનો બોજ હળવો થશે. દુઃખ આવી જાય એ વખતે પણ ધાર્મિક વ્યક્તિ હારશે નહિ. ગભરાશે નહિ. કર્મનો ઉદય માની શાન્ત રીતે એને સહી લેશે.

ખાસ ટેન્સન તો છે રેસમાં પહેલો લાવવાનું. બીજાઓ પાસે છે એ કરતાં મારે વધારે જોઈએ. 'હેવ્સ' ને બદલે 'હેવ નોટ્સ' ની બાજુ જ ચિન્તન ચાલુ છે. અને એ જ વ્યસ્તતાને પેદા કરે છે.

### આરાધકની વિચારણા

આરાધકનું મન સતત 'હેવ્સ' માં જ, પોતાને જે અણમોલ તત્ત્વો મળ્યાં છે તેની આનન્દાનુભૂતિમાં જ રમતું

હોય છે. અને એથી એનું મન સ્વસ્થ હોય છે. આરાધકને પૂછો કે, તારે શું જોઈએ? તો એ કહેશે: મારે કંઈ ન જોઈએ. પરમકૃપાળુ પરમાત્મા મળ્યા, એમનું શાસન મળ્યું, સદ્‌ગુરુદેવની વાણી સાંભળવા મળી; હવે બીજું મારે શું જોઈએ?

ગ્રન્થકાર મહર્ષિ યોગીઓની સ્થિરતાની વાત કરે છે. સ્થિરતા આવે તો સમતા–સમતોલપણું આવે. મન, વચન અને કાયાથી સ્થિર હોય છે યોગીઓ. અસ્થૈર્ય–સૂચક એકાદ રેખા પણ યોગીના મુખ પર કળી શકાય નહિ. અને આવી સ્થિરતા કેવી સમતા જન્માવે છે? ગામ હોય કે જંગલ; યોગીને બેય સરખા છે.

સામાન્ય સાધક માટે ગામ કરતાં જંગલ, એકાન્ત સારુ. જેથી મન ધ્યાનમાં લીન બને. પણ લીનતા, ધ્યાનની સ્થિરતા, જેના અંગ–અંગમાં પ્રસરી ચૂકી હોય, એને ગામ ને જંગલ વચ્ચે કંઈ ભેદ નથી લાગતો. ખંડેર અને ભવ્ય મહાલય; એમની દૃષ્ટિએ બેઉ સરખા છે. આજનો મહેલ આવતી કાલે ઈંટ–મટોડાના ઢગમાં પરિવર્તન પામનાર છે અને આજનું ખંડેર ગઈ કાલના ભવ્ય મહાલયનું જ રૂપાન્તર છે આવું માનનાર યોગી અભેદદૃષ્ટિના પૂરા સાધક છે.

જેવું સ્થળ માટે એવું સમય માટે. રાત્રી અને દિવસ; બેય એમના માટે સરખા છે. બહારના પ્રકાશની જેમને

જરૂર હોય તેમને દિવસની—સૂર્યની જરૂર લાગે. પણ જેમને અંદરથી જ પ્રકાશ મળતો શરૂ થઈ ગયો છે એમને તો શું રાત કે શું દિવસ; ચોવીસે કલાક પ્રકાશ જ પ્રકાશ છે.

### કોઈને ગમે સૂરજ, ને કોઈને ગમે ચંદ્ર

ભક્તામર સ્તોત્રમાં મહાન સ્તુતિકાર પૂજ્ય માનતુંગ સૂરિ મહારાજાએ આ વાત સરસ રીતે મૂકી છે: 'કિં શર્વરીષુ શશિના અહ્નિ વિવસ્વતા વા.'

હે પ્રભુ! તમારા મુખરૂપ ચન્દ્ર વડે જ્યારે અંદરનો અંધકાર–પાપ રૂપી અંધકાર વિદારાઈ ગયો છે ત્યારે હવે મારે દિવસે નથી સૂર્યના પ્રકાશની જરૂર, નથી રાત્રે ચન્દ્રના પ્રકાશની જરૂર. તમે જ પ્રકાશના અદ્વિતીય સ્રોત રૂપે છો મારા માટે.

શ્રી ગજાનન ઠાકુરનું સ્તવન છે: કોઈને ગમે સૂરજ ને કોઈને ગમે ચંદ્ર; મને એથી અધિકો ગમે માતા! તારો નંદ....

કેમ? વામા માતાનો લાડકવાયો કેમ વધુ ગમે છે?

કવિ કહે છે: સૂર્ય ચન્દ્ર જગે અજવાળાં કરે, બાહ્ય અન્તર અંધારાં તારો નંદ હરે; ભલે ઊગે આકાશે સો સો સૂરજ ને ચંદ....

સૂર્ય–ચન્દ્ર બહુ બહુ તો બહારના અંધારાને ઉલેચશે. અંદરના અંધારાને કોણ હરશે? સિવાય કે પરમાત્મા.... પરમાત્માની પધરામણી મન–ઘરમાં કરાવીએ. જેથી પ્રકાશની છોળો ઉછળ્યા કરે.

[૬]

# કામનાઓની જાળ કેમ છેદાય ?

स्थैर्यं रत्नप्रदीपश्चेद्-
 दीप्रः संकल्पदीपजैः ।
तद्विकल्पैरलं धूमै-
 रलं धूमैस्तथाऽऽश्रवैः ॥

કામનાઓની જાળમાં ઘેરાયેલ માનવ-મન ટેન્સનથી એટલી હદે વ્યાકુળ બને છે, જ્યારે શાન્તિ માટેની ટ્રાન્કિવઝિલ પિલ્સનો આસરો પણ એ વ્યાકુળતામાંથી છોડાવી શકવા અસમર્થ બને છે.

અસહિષ્ણુતા ટેન્સનીય મનની જ નીપજ છે. એક ભાઈ સવારે ઓફિસે જતી વખતે પત્નીને કહી ગયા: સાંજે ખમણ-ઢોકળાં બનાવજો. કોઈ કારણસર પત્ની એ ન બનાવી શકી. સાંજે ભાણામાં ભાખરી-શાક જોતાં એ

ભાઈ એટલા ગુસ્સે થઈ ગયા કે, ભાણું પટકીને ઊભા થઈ ગયા.

હકીકતમાં, આ ગુસ્સો પત્નીએ પોતાનો અનાદર કર્યો એ બાબતનો નહોતો કે ઈચ્છિત વાનગી ન મળ્યાનો નહોતો. એ ઉશ્કેરાટ અંદર દબાયેલા લાવારસનો બહાર આવી ગએલો અંશ હતો. ઑફિસમાં ઉકળેલો રસ ઘરે ઉભરાવા માંડ્યો. બૉસ પરનો ગુસ્સો પત્ની પર ?

ચોવીસે કલાક ભૌતિક પદાર્થોની લગનને જ મનમાં સંઘરી રાખવાથી સતત લાવારસ-ટેન્સનરૂપે અંદર ઉકળ્યા કરતો હોય છે. અને પછી સહેજ નિમિત્ત મળતાં એ લાવારસ ફૂટી નીકળે છે. ગરમ ગરમ રસ દડવા લાગે છે, તેના ફૂવારા અહીં તહીં ઊડે છે અને નજીક રહેલો દાઝી જાય છે.

મુલ્લાજીએ ઘરનું વાતાવરણ કેવું શાન્ત પાડ્યું !

આથી વિરુદ્ધ, જે ટેન્સનમુક્ત છે તે એટલો શાન્ત હોય છે કે બીજાને પણ શાન્ત બનાવી દે. મુલ્લાજી ઘરે આવ્યા ત્યારે બીબી રોષથી ધુંઆ-ફુંઆ થઈ ગયેલા. "ક્યાં ફર ફર કરો છો આખો દિવસ ? તમે ન આવો ત્યાં સુધી રસોડું સંભાળીને અમારે બેઠા રહેવું કેમ ? જુઓ, આ રસોઈ તો ઠરીને ઠીકરું થઈ ગઈ છે." મુલ્લાજી શાન્ત આદમી હતા. ઠંડા પડી ગયેલ ભાણાને હાથમાં લઈ પત્નીના મસ્તક પર મૂકતાં કહે : કંઈ વાંધો નહિ. તારું મસ્તક હમણાં ધમધમાટ વાળું, ગરમ છે એટલે

રસોઈ ગરમ થઈ જશે. એક જ વાકયે ધમધમાટ અદશ્ય. ઘરનું વાતાવરણ શાન્ત. કદાચ આ વખતે મુલ્લાજી પણ ગરમ થયા હોત તો....? તો પરિણામ શું આવત ? તમારા અનુભવની વાત છે એટલે એ વિષે વધુ કહેતો નથી.

સભા : સાહેબ, રોજ ઘરમાં જાદવાસ્થળી જામે છે....

કેમ જામે છે ? શ્રાવકના ઘરે જાદવા સ્થળી ન હોય. અપૂર્વ શાન્તિ હોવી જોઈએ. તમારા ઘરે પણ રાગ, દ્વેષ જન્મે તેવા નિમિત્તો વધ્યા અને પરિણામે શાન્તિ ગઈ. રેડિઓ સતત રાગનાં ગાણું ઓકતો હોય, ટી. વી. રાગનાં દશ્યોને પ્રસારિત કરી રહ્યો હોય. હલકાં મેગેઝિનો આમથી તેમ ઊડતા હોય.... આ શ્રાવકનું આંગણું ?

તમારે ઘેર દીવાનખાનામાં કેલેન્ડરોમાં એવા ચહેરાઓ ઝૂલતા હોય, એવા લેબાશમાં, જે જોઈ સદ્‌ગૃહસ્થોને આંખો મીંચવી પડે.

પહેલાંના આર્યાવર્તના સામાન્ય આદમીમાં જે ધર્મની પ્રાથમિક સમજ હતી, તે આજે વિશિષ્ટ, સંસ્કારી કુળોમાં દેખાવી પણ દુર્લભ થઈ ગઈ.

## જોગીદાસે આંખને સજા કરી

પોતાને થયેલ અન્યાય સામે બહારવટે ચડેલ જોગીદાસ એકવાર બહાર ગયેલા. રસ્તામાં નદી આવી. નદીના કાંઠે કોઈ બાઈ નહાતી-ધોતી હતી. જોગીદાસની નજર અચાનક એ બાઈના કોઈ અંગ પર પડી ગઈ.

નજરને તો તરત જ પાછી વાળી લીધી અને ઘોડાને

પોતાના મુકામ ભણી દોડાવી મૂકયો. પણ મનમાં એક જ વાત ઘૂમવા લાગી. મારી આંખ કોઈ બહેનના અંગ પર પડી ગઈ.... આનું શું પ્રાયશ્ચિત્ત? આંખ શેના માટે! ભગવાનને જોવા માટે. વધુમાં દુશ્મનને જોવા માટે. પણ કોઈ નારીને નીરખવા માટે તો નહિ જ.

કથા કહે છે કે, જોગીદાસે પોતાને પડાવ જઈ આંખમાં ભરણુ ભર્યું. કાળી વેદના ઉપડે તેવું તીખું ભરણુ. કોઈએ પૂછયું: ભા, આ શું કર્યું? જોગીદાસ કહે: આંખને સજા કરી. એણે ન જોવાનું જોઈ લીધું, એટલે એને દંડ આપ્યો.

જોવાની બુદ્ધિથી નહિ, પણ અચાનક જોવાઈ ગયેલા નારીના રૂપથી પણ કેટલી સાવધાની? આંખો માતાને જોવા માટે છે. બહેનને જોવા માટે છે. પરનારીને જોવા માટે નહિ. હરગીઝ નહિ.

## જોજો, મર્યાદાનો બંધ તૂટી ન જાય

એક ભાઈને પાંચ પુત્રો હતા. પુત્રી એકે નહિ. મિત્ર એકવાર એમને મળવા આવ્યા. વાતમાંથી વાત નીકળી. એટલે પેલા મિત્ર કહે: તમે નસીબદાર છો, પાંચે પુત્રો એટલે જવાબદારી ઘણી ઓછી....

ભાઈ કહે: ભાઈ એ કાંઈ આપણા હાથમાં નથી. પણ ખરું પૂછો તો, મને એક પુત્રીની ઈચ્છા જરૂર હતી.

“કેમ?”

“એટલા માટે કે, મારા પુત્રોને એક બહેન હોય તો

એ લોકોમાં એવી એક નિર્વિકાર દૃષ્ટિ પેદા થાય, જે બીજાની બહેન દીકરીઓને બીજી રીતે ન જોવા દે. ઘરે બહેન હોય, વીરા-વીરા, કહી હેતના અમી વરસાવનારી, ત્યારે નારીને આ નજરે–આ નિર્દોષ સ્નેહના એંગલથી જોવાની તક મળે છે. આ માટે મારી ઈચ્છા એક પુત્રીની હતી. મારા પુત્રોને એક બહેની મળે તે માટે."

જો કે, માત્ર એક બહેની જ આ તૂટયા આભને થીગડું દઈ નહિ શકે. અત્યારે કારણ કે કાણું મોટું થઈ ગયું છે. એ માટે જરૂર છે મર્યાદાના બંધને અતૂટ, અડીખમ ઉભો રાખવાની. બહેનીના કામને સરળ બનાવવા જરૂર છે મર્યાદાના બંધને ટેકો આપવાની.

મર્યાદાના બંધને ઘણી જગ્યાએ તિરાડો આવી ગઈ છે. તૂટું-તૂટું થઈ રહ્યો છે એ. અમુક જગ્યાએ એ તૂટી પણ ગયો છે અને લોકો ઉપેક્ષા ભાવે એ જોઈ રહ્યા છે.

યાદ રાખો, એ બંધ તૂટશે ત્યારે તમારું અસ્તિત્વ, પૂરેપૂરું અસ્તિત્વ ભયમાં મૂકાશે. જીવનનો અર્થ હાડ–માંસનું માળખું જ માત્ર નથી થતો. જીવન એટલે શીલ અને સંસ્કારિતાથી સુગંધતું વ્યક્તિત્વ.

## 'મારી પાસે ત્રીજો હાથ નથી'!

જોગીદાસ ખુમાણ એક જગ્યાએ ગયેલા. તેમનું પૌરુષ–સભર રૂપ જોઈ એક સ્ત્રી એમના પર મોહી પડી. જોગીદાસ તે જગ્યાએથી નીકળી ઘોડા પર બેસી રવાના થયા. પેલી બાઈ, જે આગળથી જોગીદાસના જવાના રસ્તે બેઠેલી,

તરત જ બૂમ મારી જોગીદાસની પાસે આવી. જોગીદાસે વિચાર્યું. કોઈ દુખિયારી બાઈ લાગે છે. એને કંઈ જોઈતું કરતું હોય તો આપી દઉં.

"બહેન ! તમારે શું જોઈએ ?" જોગીદાસે પૂછ્યું. કામાંધ બાઈએ જોગીદાસ સાથે પરણવાની ઈચ્છા વ્યક્ત કરી. જોગીદાસ કહે: બાઈ ! તું ભીંત ભૂલી. જોગીદાસને બે હાથ છે. જેમાંથી એક હાથ તલવાર માટે છે. બીજો માળા માટે છે. ત્રીજો હાથ જ નથી. જે તને આપી શકું. જોગીદાસ એક પત્ની વ્રત ધારી છે આ વાત તું ભૂલી ગઈ છે.

ઘોડાને દોડાવી આગળ લઈ જઈ જોગીદાસ પોતાના ઈષ્ટ દેવ સૂર્યદેવને સંબોધી બોલ્યા : હે સૂરજ દાદા ! મને આવું રૂપ કેમ આપ્યું, જેથી મારી નિર્દોષ બહેનો ભૂલી પડે.

પોતાનું રૂપ બીજાને આકર્ષી પાપનો વિચાર તેને ન કરાવે એની ચિન્તા આર્યાવર્તનો એક બહારવટિયો રાખી રહ્યો હતો. નામોનિશાન દેખાય છે આ વિચારધારાનું આજે ? સૌન્દર્ય-પ્રસાધનોમાં અને બુલવર્કર જેવા શરીર સૌષ્ઠવના સાધનોમાં લાખો કરોડો રૂપિયા ખર્ચાઈ રહ્યા છે આજે. આ હોડ ક્યાં જઈ અટકશે ?

## વાત એક અભિનેત્રીની

એક અભિનેત્રીએ જ્યારે પોતાના મોઢા પર કરચલીઓ જોઈ ત્યારે પ્લાસ્ટિક સર્જરી દ્વારા તેને હટાવવાનો

પ્રયાસ કર્યો પણ કુદરતી ક્રમ આગળ કૃત્રિમતા ક્યાં સુધી ટકવાની ? પ્લાસ્ટિક સર્જરીના જંગમાં પણ કરચલીએ હાર ન સ્વીકારી. મુખ પર વિજય-પતાકા તેણે ફરકાવી જ. અને ત્યારે કરચલિઆળું મોઢું દુનિયાને બતાવવા કરતાં સ્લીપિંગ પિલ્સનો મોટો ડોઝ લઈ મોતને ભેટવાનું તે અભિનેત્રીએ પસંદ કર્યું.

૩૫, ધન, કીર્તિ આ જ્યારે જીવનના આધારસ્તંભ બની જાય છે, માણુસ એવું માની લે છે કે આ બધા વગર હું જીવી જ ન શકું, ત્યારે ભવ્યતમ એવું આ જીવન ક્ષુદ્રતમ, મીનિંગલેસ બની જતું હોય એમ નથી લાગતું ?

ધર્મ જો જીવનનો આધારસ્તંભ બની રહે તો ભવ્યતમ જીવન પોતાની નિરાળી અદા, છટા દેખાડી શકે. અને જીવનના આ લાંબા પટ પર જો ધર્મનું સામ્રાજ્ય છવાયેલું હોય તો અન્ત સમયે પણ ધર્મ યાદ આવશે. નહિતર અન્ત સમયે ધર્મ નહિ, સંસાર જ યાદ આવશે.

## સાજો થાઉં તો ફરી પરણું

એક ભાઈનાં પત્ની ગુજરી ગયેલાં થોડા સમય પહેલાં. પત્ની ગયાં, પણ આ ભાઈ સાહેબની વિષય-વાસના જતી નહોતી. મોટી ઉમ્મર થયેલી. આ ઉમ્મરે ધર્મનું શરણ સ્વીકારવાની બુદ્ધિ પેદા થવી જ જોઈએ. પણ આ ભાઈ તો પરણુવાની ધૂનમાં જ હતા.

વિષય-વાસના શી રીતે મરે ? અનાદિથી આ વિષયોના ઝેરી ઝાડવાઓ, આતમની ભોમકા પર મૂળિયાં લગાવી

બેઠા છે. એ મૂળિયાંઓને પાણી મળતું બિલકુલ બંધ થાય તો એ સહેજ ઢીલાં પડે.

એટલા માટે જ શાસ્ત્રકાર ભગવંતો સારા નિમિત્તો, શુભ આલંબનો પર વધુ ભાર મૂકે છે. નિમિત્તવાસી આત્મા છે, સારા નિમિત્તો, સત્સંગ વગેરે મળે તો તે ઊંચે ચડે; ખરાબ નિમિત્તો મળે તો તેનું પતન થાય.

માટે તમારા ઘરોમાં સારા નિમિત્તો મળે તેવું વાતાવરણ પેદા કરો. વિકારોત્તેજક ચિત્રો ન હોય તમારે ઘેર. વિકારોત્તેજક સાહિત્ય ન હોય તમારે આંગણે. અને દુનિયા આખીની ગંદકીને ઘરે ઓકતી ગટર જેવાં રેડીઓ, ટેલીવિઝનની તો વાત જ કેવી?

હોય સારાં પુસ્તકો, સારાં ચિત્રો, ત્યાં રોજ વાતો થાય તોય ધર્મની. આજે મેં અમુક સારું પુસ્તક વાંચ્યું, તેમાં આવી આવી વાતો લખેલી છે. ગજસુકુમાળ અને મેતાર્ય મુનિનાં નામ સંભળાય તમારે ઘરે.

પેલાં ભાઈને આવાં કોઈ નિમિત્તો નહિ મળેલાં, જેથી અનાદિની અસરને કારણે તેમનું મન વિષયોના કીચ-ડમાં જ રમી રહ્યું હતું.

યાદ રાખો, નિર્વિકાર અવસ્થા પેદા કરવા માટે લાંબી સાધનામાંથી પસાર થવું પડે છે. પણ અનાદિની અસરને કારણે, વિકારી બનવા માટે થોડી પળો જ લાગતી હોય છે. ઘાસની મોટી ગંજી લગાવવી હોય તો ઘણો સમય લાગે. પરિશ્રમ પણ એ માગે. પણ એને સળગાવવી

હોય તો? દીવાસળી – નાનકડી એવી દીવાસળી પળવારમાં એને ભસ્મસાત્ કરી શકે.

સારા સંસ્કારોથી હૃદયને વાસિત કરવાનું કામ બહુ અઘરું છે; શ્રમસાધ્ય પણ છે એ, સમય સાધ્ય પણ. પાણીને ઊંચે ચડાવવું હોય ત્યારે જ મુશ્કેલી પડે ને? ઢાળથી નીચે રેલાવવામાં મુશ્કેલી શી? એ તો ધડધડાટ પડવાનું.

પેલા ભાઈના હૈયામાં એક જ ધૂન. પરણવાની જ તો! લોકો પાછળ મશ્કરી કરે એમની: લાકડામાં જવાનો થયો છે, તોય પૈણવું છે ભાઈને:

**પુણ્ય પ્રકાશનું સ્તવન એટલે પાસપોર્ટ!**

એક વાર એ ભાઈ માંદા પડ્યા. ઘણી દવા કરી. પણ કોઈ દવા લાગુ પડી નહિ. કોઈ દવા લાગુ ન પડે અને વિદાયની વેળા આવે ત્યારે 'પુણ્ય પ્રકાશ'નું સ્તવન સંભળાવાય. ત્યારે તો સાંભળવું જ જોઈએ. પણ એ પહેલાંય રોજ એનો પાઠ કરવો જોઈએ. એક માજી એમના કાનમાં કહે: બોલો, અરિહંતનું શરણું. પણ પેલા ભાઈ એ ક્યાંથી બોલે? એમના મનમાં તો હતું કે, સાજો થાઉં તો ફરી પરણું!

એક ગામમાં અમે ગયેલા ત્યારે એક ભાઈ માંદા હતા, એ ભાઈના સગા–વહાલાને થયું કે, ગુરુ મહારાજનો જોગ મળી ગયો છે તો 'પુણ્ય પ્રકાશ'નું સ્તવન સંભળાવીએ. એ લોકો તૈયારી કરવા લાગ્યા. પણ તેવામાં પેલા માંદગીને બિછાને બેઠેલ ભાઈને ખબર પડતાં એ કહે:

ના, મારે નથી સાંભળવું. એમને એમ કે 'પુણ્ય પ્રકાશ'નું સ્તવન સંભળાય એટલે પરલોકમાં જવાનો પાસપોર્ટ મળી ગયો! અને એમને એવા પાસપોર્ટની જરૂર નહોતી. એમના મનમાં હતું કે, હજુ તો હું લાંબું જીવવાનો છું; અત્યારે કંઈ પુણ્ય પ્રકાશનું સ્તવન સંભળાય?

પુણ્ય પ્રકાશનું સ્તવન રોજ બોલવું જોઈએ. વાંચતાં ન આવડતું હોય તેણે બીજા પાસે સાંભળવું જોઈએ.

જન્મ રોગ છે. મૃત્યુ સ્વભાવ છે. જે વસ્તુ પ્રાકૃતિક છે એને ટાળી શકાતી નથી. જન્મને નિવારી શકાય છે: સિદ્ધિપદને પામીને. પણ જન્મ મળ્યા પછી, મૃત્યુ અનિવાર્ય છે, અપરિહાર્ય છે. એને નિવારી શકાતું નથી. કોશીશ કરો અજન્મા બનવાની.

મૃત્યુના 'હાઉ'થી આપણે તો ગભરાઈએ જ શેના? રોજ પ્રભુ પાસે આપણી પ્રાર્થના હોય છે. પ્રાર્થના સૂત્ર 'જયવીયરાય'માં: 'સમાહિમરણ' હે ભગવન્! આપની કૃપાથી મને સમાધિમરણ પ્રાપ્ત થાઓ. આપને સ્મરતાં સ્મરતાં, આપનું જ નામ મુખમાં લેતાં લેતાં અહીંથી યાત્રા આગળ લંબાવી દઉં. યાત્રા, અજન્મા બનવાની દિશામાં આગળ પ્રવાસ....

મસ-મોટી સેના લઈને ઉદયન મંત્રી યુદ્ધમાં ગયેલા. યુદ્ધમાં વિજયની વરમાળા તો એમને મળી. પણ એ વિજય મોંઘો પડી ગયો. ઘાથી આખી કાયા ભરાઈ ગઈ હતી. યુદ્ધની છાવણીમાં એક બિછાના પર તેઓ સુતા હતા. સૈન્ય નાયકો બાજુમાં ઊભા હતા. એમના મનમાં

હતું કે, જો મંત્રીશ્વરને થોડું સારું થાય તો તેમને રાજધાનીમાં લઈ જઈએ. જેથી સારવાર પણ સારામાં સારી મળી શકે. કુટુંબ સાથે મેળાપ પણ થઈ જાય.

સૈન્ય સાથે હાજર હતા તે વૈદ્યો મંત્રીશ્વરની શય્યા પાસે બેસી ગયા છે, થોડી વારે દવાના ડોઝ બદલ્યા કરે છે; પણ આશાનું કોઈ ચિહ્‌ન જણાતું નથી. વૈદ્યોના મુખ નિરાશ છે, સૈન્ય નાયકો અને સૈનિકોના ચહેરા ગમગીન છે. વિજયની પ્રફુલ્લતાના સૂર્યને જાણે કે માંદગીના રાહુએ ઘેરી લીધો.

પ્રકાશિત મુખ આખી છાવણીમાં કોઈનુંય હોય તો તે છે મંત્રીશ્વરનું. મૃત્યુને સાહજિક માનીને જીવ્યા હતા. એટલે મૃત્યુથી ગભરાતા નથી.

દીવો હવે બૂઝાઈ રહ્યો છે એવું સમજતાં સૈન્ય નાયકને વાર ન લાગી. તેણે મંત્રીશ્વરને પૂછ્યું: આપની અંતિમ ઇચ્છા....? જે આપના મનમાં હોય તે કહી દો. આપના પુત્ર આમ્રભટ્ટ અને વાગભટ્ટને અમે આપની છેલ્લી ઇચ્છા જણાવીશું.

## જ્ઞાનીઓને થતું આશ્ચર્ય

મૃત્યુ ક્યારે આવી માણસને પકડી લેશે એ જ્ઞાની સિવાય કોણ જાણી સકે? જ્ઞાની પુરુષોને નવાઈ એ લાગે છે કે, માણસ આટલો નિશ્ચિંત, બેફિકરો કેમ? મીનિટોમાં, અરે સેંકડોમાં સ્વસ્થ મનુષ્યને મૃત્યુને શરણે જતાં જોઈને પણ મનુષ્ય પોતે તો અમર રહેવાનો હોય તેવા (Plannings)

પ્લાનિંગ્સ કરે ત્યારે જ્ઞાનીઓને તેના આ અજ્ઞાન પર દયા આવે છે.

**એક સદ્‌ગૃહસ્થનો સ્વાનુભવ**

એક ભાઈ વન્દન કરવા આવેલા. વાતમાંથી વાત નીકળતાં પોતાના વેવાઈના મૃત્યુ-સમયની એમણે વાત કરી. વેવાઈના અંત સમયે તેઓ હાજર હતા.

નજરે જોયેલ એ દૃશ્યની વાત એમણે મારી આગળ કરી: સાહેબ! હું એમને મળવા ગયો. અમે બેઉએ ખૂબ આનંદ સાથે વાતો કરી. ચા મંગાવી અમે બેયે પીધી. ચા પીધા પછી તેઓ કહે: મને જરા છાતીમાં દુઃખે છે. એ સહેજ આડે પડખે થયા. પેઢી પર નોકરો જ હાજર. દીકરા એકે ત્યાં નહિ, એક દીકરો ટૂર પર ગયેલો, એક કાશ્મીર ગયેલો. ત્રીજો ફોરીન ગયેલો.

મુખ્ય મુનીમે તરત જ ડૉકટરને ફોન કર્યો. મેં એમની છાતીએ બામ ઘસવા માંડયો. ડૉકટર નજીકમાં જ હતા. પણ એ આવે તે પહેલાં વેવાઈ ચાલ્યા ગયા હતા ન એકે દીકરાનો મેળાપ થયો, ન પત્નીનો મેળાપ થયો, ન સદ્‌ગુરુના મુખે નવકાર સાંભળવા મળ્યો.

કો'કના આકસ્મિક મૃત્યુની વાત કરનારો એ અન્યના મૃત્યુમાંથી બોધપાઠ લેવા ધારે તો ઘણો લઈ શકે. પહેલાં આવા આકસ્મિક મૃત્યુના બનાવો લોકોને વૈરાગ્ય ભણી દોરી જતા!

અને આજે? આજે શું હાલ છે? ગરમાગરમ ચા ભેળાં હજારો માનવીના મૃત્યુના સમાચારને પણ ગટગટાવી જનારાઓનું હૈયું રીઢું થઈ ગયું છે, નહિ? અરે 'ગરમાગરમ' સમાચાર ન હોય તો છાપું એમને ફિક્કું લાગે.

આપણે ઉદયન મંત્રીની અંતિમ ઈચ્છાની વાત જોવા જઈ રહ્યા છીએ. પણ એ પહેલાં મારે તમારા મનની વાત જાણવી છે.

એવા સંયોગોમાં મૃત્યુ આવીને ઊભું રહે, ઉદયન મંત્રીની પાસે આવી ઊભું છે તેમ, જ્યારે પુત્રો પાસે ન હોય, પત્ની જોજનો દૂર બેઠેલી હોય, માત-પિતા દૂર-દૂરના ગામડે બેઠા હોય; ત્યારે તમારી અંતિમ ઇચ્છા શું હોય? સ્વજનને મળવાની કે સદ્ગુરુના મુખે ધર્મ સાંભળવાની?

ઉદયન મંત્રીને એ વખતે પરમાત્માની યાદ આવે છે. સદ્ગુરુની યાદ આવે છે. ધર્મના શરણને સ્વીકારવાનું મન થાય છે. સંસારને બિલકુલ ભૂલી ગયા તેઓ. ન પુત્રોને યાદ કર્યા, ન સ્વજનોને યાદ કર્યા, ન સંબંધીઓને. યાદ કર્યા પરમાત્માને. યાદ કર્યા સદ્ગુરુને.

**જો જો, પરીક્ષામાં ધબડકો ન વળે!**

વિદ્યાર્થી આખું વરસ ભણે, મહેનત કરે એનું પરિણામ પરીક્ષા વખતે દેખાવું જોઈએ. પરીક્ષામાં જ ધબડકો વાળે તો એના પિતા સમજી જાય કે, ભાઇસાહેબ આખું વરસ ભણ્યા નથી, ભટકયા જ છે.

જીવન આખાની સાધના અંત સમયે દેખાય, મહાન વ્યક્તિઓનું મરણ જોવા મળે તો, અને જોતાં આવડે તો જીવનને કયા વળાંક પર લઈ જવું એનો બોધપાઠ મળી જાય. કવિએ કહ્યું છે: *જબ તુમ આયે જગતમેં, જગત હસે તુમ રોય; કરણી ઐસી કર ચલો, તુમ હસો જગ રોય....* તમે જ્યારે જગતમાં આવ્યા, તમારો જન્મ થયો હતો ત્યારે તમે રોતા હતા અને તમારા જન્મની વધાઈમાં સગા-સંબંધી પરિચિતો હસતા હતા. હવે જીવનમાં એવાં કૃત્ય કરો કે, જતી વખતે, વિદાય વેળાએ, તમારું મોઢું પ્રસન્ન હોય અને બધા જ પરિચિતો ઉદાસ હોય.

ઉદયન મંત્રીનું મુખ પ્રસન્ન છે મૃત્યુની પૂર્વસંધ્યાએ અને છાવણીમાં રહેલા હજારો સૈનિકો સાથેના અધિકારીઓ ઉદાસ છે, ગમગીન છે.

### ઉદયન મંત્રીની અંતિમ અભિલાષા

ઉદયન મંત્રીને મુખ્ય અધિકારી પૂછે છે: આપની અન્તિમ ઈચ્છા અમોને જણાવો. અમો આપના પુત્રોને તે જણાવશું. મહાન પિતૃભક્ત એવા તે પુત્રો જરૂર આપની છેલ્લી ઇચ્છાને સાકાર રૂપ આપશે.

ઉદયન મંત્રી કહે છે: જીવનમાં શાસન-સેવાનાં થોડાં કાર્યો સદ્‌ગુરુદેવ શ્રી હેમચન્દ્ર સૂરિ મહારાજાની અસીમ કૃપાથી કરી શક્યો છું. અને એનો આજે પૂર્ણ આનંદ છે. અને અંતિમ કામના પણ શાસન સેવા સંબંધી જ છે. થોડો સમય પહેલાં શત્રુંજય પર આવેલ યુગાદીશ ઋષભદેવ ભગવાનની

યાત્રાએ ગયેલો ત્યારે સંકલ્પ કરેલો કે, દેવાધિદેવના મંદિરનો પુનરુદ્ધાર કરાવું. જીર્ણ થયેલ મંદિરને સ્થાને ભવ્ય, નૂતન મંદિર ખડું કરું. મારા પુત્રોને કહેજો કે, તમારા પિતાની માત્ર આ જ અભિલાષા હતી.

પુત્રોને આ રીતે આવું કાર્ય ભળાવવું, પરમાત્મ ભક્તિનું, એ પુત્રોને ભવ્ય વારસો સોંપી જવાનું કૃત્ય છે એમ સમજાય છે? ભૌતિક વારસો તો પુત્રોને મળવાનો જ છે. પણ આ દિવ્ય વારસો – શાસનનો, પરમાત્માનો, સદ્‌ગુરુનો – સોંપીને જવું એ જ શાસન ભક્ત પિતાનું બુદ્ધિમત્તાપૂર્વકનું કાર્ય છે.

વૈદ્યો દવાનો ડોઝ ધીરે ધીરે આપી રહ્યા છે અને અંત સમયે પણ ઉદયન મંત્રી પોતાના મનની વાત અધિકારીઓને જણાવી રહ્યા છે.

થોડી વાર થોભી દવાના પ્રભાવથી સ્વસ્થતા આવતાં મંત્રીશ્વર કહે છે: આ ઘોર જંગલમાં સદ્‌ગુરુનો યોગ ક્યાંથી મળે? જો તેમનો યોગ સાંપડ્યો હોત તો તેમના પવિત્ર મુખેથી પરમાત્માનું નામ સાંભળવાનો લાભ મળત. અંત સમયે સદ્‌ગુરુના મુખેથી ધર્મ સાંભળવાનો લાભ કાંઈ નાનો–સુનો નથી.

મુખ્ય અધિકારી સહાયક અધિકારીઓ સાથે બહાર આવ્યા. બધા વિચાર કરવા લાગ્યા કે, મંત્રીશ્વરની આ ઈચ્છા શી રીતે પૂર્ણ થઈ શકે? હવે ખેલ મિનિટોનો છે.

નજીકમાં કોઈ મુનિરાજ હોવાનો સંભવ નથી. શું કરવું? ત્યાં એક અધિકારીએ કહ્યું: આપણા લશ્કરમાં એક એવો જુવાન છે, જે વેશ લેવાની કળામાં કુશળ છે. જૈન મુનિઓ શું બોલે છે એનો એને ખ્યાલ હોય તો તેને મુનિનો વેશ પહેરાવીએ અને મંત્રીશ્વરની ઇચ્છા પૂરી કરીએ.

તાબડતોબ એ જુવાનને બોલાવવામાં આવ્યો. સદ્ભાગ્યે, મુનિવરોના થોડા આચાર-વિચાર અને થોડાં સૂત્રોથી એ પરિચિત હતો. એને વેષ પહેરાવવામાં આવ્યો મુનિનો અને મન્ત્રીશ્વરને સમાચાર આપ્યા: આપના સદ્ભાગ્યે એક સદ્ગુરુ મળી આવ્યા છે. ત્યાં જ 'ધર્મલાભ'નાં પવિત્ર શબ્દનું ઉચ્ચારણ કરતાં મુનિ (વેષધારી મુનિ) આવ્યા. મન્ત્રીશ્વર તો મુનિરાજને જોતાં જ હર્ષાવેશ–ભાવાવેશમાં આવી ગયા. બેઠા થઈ ગયા. અને ભાવપૂર્વક વન્દન કરી કહ્યું: ભગવન્! મને ચતુઃ શરણ સંભળાવો....

'અરિહંતે શરણં પવજ્જામિ' સાંભળતાં સાંભળતાં મન્ત્રીશ્વરનો ચહેરો અસીમ આનંદથી છલકાઈ ગયો. પરમ કૃપાળુ પરમાત્માનું નામ અને એ પણ એમના પ્રતિનિધિ સમા મુનિ ભગવંતના મુખેથી, મન્ત્રીશ્વરનું મૃત્યુ મહોત્સવ સમું બની ગયું. 'તુમ હસો જગ રોય....' મંત્રીશ્વર હસતાં હસતાં ચાલ્યા ગયા. બધાને રડાવીને....

### રત્નદીપને મન-ઘરમાં ટાંગો

આવું મૃત્યુ ક્યારે શક્ય બને? જીવન આખું સાધના-

મય બનાવ્યું હોય ત્યારે જીવન જો સંકલ્પો અને વિકલ્પોમાં જ અટવાયેલું હોય તો, છેલ્લા સમયે વ્યક્તિ એ જાળને છેદી મનને સમાધિમાં નહિ લાવી શકે.

ગ્રન્થકાર પરમર્ષિ ફરમાવે છે કે, વ્યક્તિએ, જ્ઞાની વ્યક્તિએ અંદરના અંધારાને ઉલેચવા સારુ સ્થિરતા રૂપી – આરાધનાના સાતત્ય રૂપી રત્નદીપને હૃદયમાં એવી રીતે લગાવવો જોઈએ જેથી આખું મનમન્દિર એ દિવ્ય પ્રકાશથી ઉભરાઈ જાય.

હા, રત્નદીપને લાવવો છે. ટાંગવો છે. લટકાવવો છે મન-ઘરમાં, દીપકની Choice પસંદગીમાં જો થાપ ખાઈ ગયા, તો કહેવાતો દીવો જ મનના ઘરને ધૂમાડાથી ભરી નાખશે.

બહાર દોડી રહેલું મન અશુદ્ધ છે. અંદર ઉતરી રહેલું મન શુદ્ધ છે. બહાર દોડી રહેલ મનની દોડ કદી પૂરી થવાની નથી. પૂજ્ય આનંદઘનજી મહારાજ કહે છે: 'દોડત દોડત દોડત દોડિયો, જેતી મનની રે દોડ....' મનની જેટલી ઝડપ હતી, એ ઝડપે બધે દોડી આવ્યો આત્મા. પણ આખરે શું? હતા ત્યાં ને ત્યાં! ઘાણીમાં જોડાયેલો બળદ સવારથી સાંજ સુધી ફર્યા કરે; પરિશ્રમ ઘણો; પણ ગતિ કેટલી થઈ? એક તસુય આગળ તે વધી શક્યો નથી.

સ્થિરતા એ રત્નદીપ છે. જેને નથી ધૂમાડો કે નથી પવનના ઝપાટાનો ભય. સામી બાજુ, બહાર દોડી રહેલું મન, સંકલ્પ દીપ, ધૂમાડિયા ફાનસ સરખું છે.

કયો ધૂમાડો એ જ્ઞાનસમાંથી નીકળી રહ્યો છે ?

વાર'વાર બાહ્ય પદાર્થોનું સ્મરણ, તેમના વગર જીવનમાં અનુભવાતી અધૂરપ અને તે બાહ્ય પદાર્થો મેળવવા કરાતાં હિંસા આદિ પાપો. આ બધો ધૂમાડો છે જે અ'દરના મહાલયની ભી'તોને કાળી ધબ બનાવી દે છે. વ્યક્તિત્વને કામનાઓની જાળમાં લપેટે છે.

જિનવાણીના ચિન્તન દ્વારા કામનાઓની જાળને છેદવા આગળ વધીએ....

પત્ની પરના અત્ય'ત મોહથી, પીયર ગયેલી પત્નીને મળવા, મેઘલી, અ'ધારી રાતે તુલસીદાસ પત્નીને ઘેર પહોંચ્યા. ત્યારે પત્નીએ કહ્યુ' : અસ્થિ ચરમ મય દેહ મમ, તામે' જેસી પ્રીત; હોતી જો શ્રી રામ મે', તો નહી હોત ભવભીત ...... હાડ-ચામના બનેલા મારા દેહ પ્રત્યે જેટલો પ્રેમ છે, તેટલો જો ભગવાન પ્રત્યે હોત તો જનમ-મરણના ફેરા ટળી જાત !

પત્નીના આ વચને તુલસીદાસ નામની એક સામાન્ય વ્યક્તિત્વમાંથી એક મહાન સ'તનું પ્રાગટ્ય થયું.

[૭]

# ચિત્તની સ્થિરતા: બે સચોટ ઉપાયો

उद्दीरष्यसि स्वान्ता–
दस्थैर्यं पवनं यदि ।
समाधेर्धर्ममेघस्य
घटां विघटयिष्यति ॥

'પ્રભુ! તારા નામની માળા ફેરવીએ ત્યારે, મનડું ફરે છે મારું ફેરા રે સંસારના....' સાધકના અંતરની વેદના નીતરી રહી છે આ શબ્દોમાં. 'આરાધના કરવા જાઉં છું, અનુષ્ઠાનો કરવા લાગું છું અને બસ, એ ટાણે જ મન ક્યાંનું ક્યાં ભમવા ઉપડી જાય છે!'

એક સાધકે પોતાની આ મનોવેદના વિષે ગુરુદેવ પાસે સમાધાન ઇચ્છયું હતું. 'ગુરુદેવ! સામાયિક વગેરે અનુષ્ઠાનો કરીએ છીએ, પણ મન તો સ્થિર રહેતું નથી. માળા વખતે પણ મન નવકારના પદોને બદલે રૂપિયાની નોટો ગણવા મંડી પડે છે. તો મારી આ આરાધના સફળ કે નિષ્ફળ?'

ગુરુદેવે સમાધાન આપતાં કહ્યું: "મનની મુસાફરી તો ચાલુ જ છે. પણ જો તમે સભાન બનો તો એને જરૂર અટકાવી શકો. નવકારમન્ત્ર ગણવા બેઠા. મન ભમવા લાગ્યુ. અવનવા, જાત-જાતના વિચારો આવવા લાગ્યા. હવે, તે વખતે, જેટલી તમારી સભાનતા હશે તેટલી બ્રેક-વિચારોની યાત્રા પરલાગી શકશે."

અનુભવ કરો એટલે તમને ખ્યાલ આવશે કે, પછી તમે એવા સાવધાન બની જશો કે, સહેજ પણ મન બહારની યાત્રા પર જાય કે તરત જ તમને એની જાણ થઈ જશે.

**જ્યારે ખતરાની ઘંટી વાગે છે!**

નાનકડા બાબલાને ભૂલ થાપ ખવરાવી માતા બહાર જવા ઇચ્છે છે, પણ ચકોર બાળક બરોબર ધ્યાન રાખી મા જ્યાં ડેલી બહાર પગ મૂકે છે કે તરત જ રેકોર્ડીંગ શરૂ કરી દે છે! અને બાળક નથી જાણતું માની ડેલી બહાર પગ મૂકી ચૂકેલી માતા પાછી વળી બાબાને રમાડવા લાગે છે. વળી થોડીવાર પછી બાબાને રમકડાઓ વચ્ચે મૂકી મા એના જરૂરી કામ માટે બહાર જવા તૈયારી કરશે. પણ ના, રમકડાથી રમી રહેલ બાબો બરોબર સાવધ છે. એ થોડી થોડી વારે રસોડામાં અને દીવાનખંડમાં જઈ ઝાંકી આવે છે. અને 'બા છે' એવા આશ્વસ્તતાના ભાવ સાથે પાછો રમકડાની દુનિયામાં ખોવાય છે. અને બાળકની આ જાગ્રત ચોકીને કારણે માતા બહાર નથી જઈ શકતી.

તો, પહેલી વાત છે જાગૃતિની. અપ્રમાદની અવસ્થાને વિકસાવવાની. મન ભમવા લાગે, આરાધનાના વિચારને છોડી બીજા વિચાર ભણી જવા લાગે કે તરત જ અ-પ્રમાદનો જાસૂસ સુચના આપી દેશે : સાવધાન! ખતરાની ઘંટી તરત જ વગાડી દેશે તે.

અનંત સમયથી બહિર્યાત્રા જ કરતા આવ્યા છે લોકો. તેથી અન્તર્યાત્રાના સમયે પણ, મન, ટેવ મુજબ બહાર સરી જાય છે. લેસન કરવા સારુ મોટા ભાઈએ કડક આંખે સૂચના કરી બેસાડેલ બાળક મોટા ભાઈ કોઈ કામ પ્રસંગે બહાર જતાં રમવા સારુ દોડી જાય છે તેમ!

બાળકને ભણવાનું નથી ગમતું. રમવાનું ગમે છે. આરાધનામાં જેની બાલ્યાવસ્થા છે, તેને પણ સામાયિક કરતાં એટલે બેસી ચોવટ કરવામાં વધુ મઝા આવતી જ હોય છે ને! એવાને કહીએ કે, ભાઈ! એકાદ સામા-યિક કરતાં હો તો....! તો કહેશે : બાપજી! પોણો કલાક એક સરખો બેસું તો અકડાઈ જઉં! પણ એને વાતો કરવા બેસાડી દો, ગામ ગપાટા માટે, તો બે સામાયિક જેટલી વાર બેસી રહે. વા ભાગી જાય તે વખતે!

અને, સામાયિકમાં બેસી રહેવું પડે એવું ફરજિયાત નથી. હકીકતમાં, ઉભા જ રહેવાનું છે ધ્યાન માટે. અને એટલે જ સામાયિક લેતી વખતે સાધક ગુરુ ભગવંતને પૂછે છે : ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! બેસણે સંદિસા હું? હે ગુરુદેવ! કદાચ બેસવું પડે તો, તે વખતે રજા

લેવા આવીને આપના સ્વાધ્યાયમાં ખલેલ પાડું નહિ એ માટે, પહેલાંથી પૂછી લઉં છું કે, બેસું?

પણ પેલાને કહો કે, બેઠાં બેઠાં અકળાઈ જતાં હો તો વચ્ચે ઉભા થઈ જવું. પણ સામાયિક તો કરવું. તો શું કહેશે ખબર છે? બાપજી, વાત ખરી છે. પણ ઉદય વગર ધર્મ થતો નથી....

કોઈને ત્યાં તમે જાવ અને પેલો ચા-પાણીનો ભાવે ન પૂછે તો તમે બહાર જઈને શું કહો? 'જોયો હવે મોટો બંગલો એનો. બંગલાનો ને પૈસાનો ફાંકો આવી ગયો છે બહુ. હવે એના ત્યાં જાય એ બીજા!'

"પણ થયું શું?"

"અરે, થાય શું? માળાએ ચા-પાણીનો ય વિવેક ન કર્યો."

કોઈના ઘરે જાવ ત્યારે ચા-પાણીના આમંત્રણની આશા રાખનારો ઉપાશ્રયે આવે અને ગુરુ મહારાજ આરાધના માટે આમંત્રણ આપે તો ખુશ થાય ને....? કે....? 'ચા કોઈ પીવડાવે તો સારી!'

એક પટેલ વ્યવહાર-દક્ષ, વ્યવહારમાં હોંશિયાર મનાતા. એક વખત એક યુવાને એમને પૂછયું: કાકા! ચા પીવી એ સારી કે ખરાબ?

"સારી પણ ખરી. ખરાબ પણ."

"એ શી રીતે?"

"જો કોઈ મફતિયો ચા પાતો હોય તો, પી જ લેવી. એ વખતે એ સારી. પણ કો'ક ગૂંદરિયો રસ્તામાં

ભેટી જાય અને 'કેમ, ચા પીધી કે હવે ?' કહી તમારે પૈસે એ ચા પીવા ઇચ્છે તો એ વખતે 'ચા ખરાબ છે' એમ માની પીવી નહિ. કારણ કે પીવા જતાં પીવાના પૈસા તો ચોંટે, પણ પેલાને પીવરાવવાના ય ચોંટે....

મફતની ચા મળે તો સારી. બીજાને પીવડાવવી પડે તો ખરાબ.

એમ ધર્મ સાંભળવા સુધી જ રાખવાનો હોય તો તો ધર્મ ઘણો સારો. પણ એને કહો કે, તો પછી તમેય થોડી આરાધના કરો ને...તો....?

આપણે ઘણો બધો વિકાસ કરવાનો છે. આરાધક ભાવને દિલમાં ઘૂંટવાનો છે. ક્યારે કરશું આ બધું ? આરાધના કરવી એટલું જ લક્ષ્ય આપણું નથી. ઉત્કૃષ્ટ કોટિના આરાધક ભાવ સાથે આરાધના કરવી એ આપણું લક્ષ્ય છે.

## વિરતિને પ્રણામ કરીને...

મુનિપણાને સ્વીકારી એક મહાત્મા જિનવાણીની અનુપ્રેક્ષા દ્વારા ઉત્કટ કોટિના આરાધક બન્યા. સૌધર્મેન્દ્રે એક વખત સભામાં આ મુનિવરની તીવ્ર આરાધકતાની ખૂબ પ્રશંસા કરી.

ઇન્દ્રસભામાં આરાધક મુનિઓની પ્રશંસા થાય. ધર્મનું કીર્તન થાય. તમારી સભાઓમાં — ઘરે કે ઓફિસ મીટિંગોમાં-શેની ચર્ચા થાય ?

'વિરતિને પ્રણામ કરીને ઇન્દ્ર સભામાં બેસે....' તમે કોને પ્રણામ કરીને દુકાને ગાદી પર બેસો છો? ઇન્દ્ર સભામાં બેસે ત્યારે વિરતિધર મહાત્માઓને પ્રણામ કરીને બેસે છે.

ગાદી પર બેસતી વખતે જો વિરતિધર મહાત્માઓને યાદ કરી બેસો તો, શરીર ભલે ગાદી પર રહે, મન કટાસણાં પર રહેશે. મનને ચોવીશે કલાક ધર્મની ચિન્તામાં પરોવાયેલું રાખવું છે.

**મનની ચંચળતાનું બીજું કારણ: ધારાનું અપરિવર્તન**

તેવીસ-સાડા તેવીસ કલાક સુધી તો સંસારમાં વિચરણ હોય મનનું, હવે એ અર્ધો કલાક કે કલાક કદાચ ધર્મમાં આવી જાય તોય ધર્મમય કેમ બની શકશે? ઝડપથી ઉડતા વિમાનને સ્થિર થતાં પહેલા રન-વે પર કેટલું દોડવું પડે છે? બે-ત્રણ કીલોમીટર જેટલું રન-વે પર દોડે ત્યારે એ ધીરું પડી શકે.

સાડા તેવીસ કલાકના ઉડ્ડયન — સંસારમાંની ઉડ્ડયન પછી તમે મન્દિરમાં આવો અને અર્ધો કલાકમાં ત્યાંથી જતા રહો તો એ અર્ધો કલાક લેન્ડિંગ અને ટેઈક ઓફમાં જ ગયો. મનના વિમાનનું રોકાણ તો મિનીટ-અર્ધી મિનીટનું માંડ થયું. મનની ચપળતાનું એક કારણ પહેલાં આપણે જોયું હતું. અભાનપણાનું. પ્રમાદ દશાનું. બીજું કારણ આ છે: મનની ધારા એક જ પ્રવાહમાં વહ્યા કરે છે, ચોવીસે કલાક. રાગના પ્રવાહમાં. દ્વેષના પ્રવાહમાં. અહમ્‌ના પ્રવાહમાં.

આ પ્રવાહને છોડી ધર્મના પ્રવાહમાં મનની ધારાનું પ્રવહન થાય તો મનની ચપળતા પર બ્રેક આવે.

અનુપ્રેક્ષા – જિનવાણીનું ચિન્તન આ માટેનો શ્રેષ્ઠતર ઉપાય છે. વાચકપ્રવર પૂજ્ય ઉમાસ્વાતિ મહારાજે 'પ્રશમરતિ પ્રકરણ'માં કહ્યું છે. મહાપુરુષોના વચનોનું વારંવાર અનુકીર્તન કરવું. 'બહુશોપ્યનુકીર્તન'. વારંવાર એટલે હરરોજ એમ નહિ. દરેક દિવસે વારંવાર, પચીસ-પચાસ કે સો વાર, જિનવાણીનું ચિન્તન, અનુપ્રેક્ષણ કરવું.

**પરાંની ટ્રેઈનોમાં આવા યાત્રી કેટલા?**

આ માટે એક સરળ પદ્ધતિ બતાવું. એક ડાયરી પાસે રાખવી. નોંધપોથી વ્યાખ્યાનના શ્રવણ વખતે આવતા મુખ્ય મુદ્દાઓને એમાં નોંધી લેવા. તે જ રીતે સારાં પુસ્તકોનાં આપણને ઉપયોગી એવાં ટાંચણો પણ એ નોંધ-પોથીમાં તારવવાં. અને પછી જ્યારે પણ સમય મળે, મુસાફરીમાં કે પેઢી પર, પેલી નોંધપોથીનું 'પરાયણ' શરૂ કરી દેવું!

એક ભાઈને મેં જોયેલા. તેમની ઑફિસ રહેઠાણથી દૂર હતી. પરામાંથી શહેરમાં આવેલ ઑફિસે જતાં એકાદ કલાક તો મોટર માર્ગે કે રેલમાર્ગે લાગી જ જતો. તેઓ એ સફરનો ઉપયોગ ધાર્મિક સારાં પુસ્તકોના વાંચન અને ચિન્તનમાં જ કરતા. સમયનો કેવો સરસ ઉપયોગ! તમને ય ગમી ગયો ને આવો સદુપયોગ? હવે એક પણ ક્ષણને વ્યર્થ ન જવા દેતા.

દેવ મુનિની પરીક્ષા કરવા નીકળે છે!

સૌધર્મેન્દ્ર સભામાં તીવ્ર કોટિના આરાધક ભાવને વરેલા એક મહાત્માની પ્રશંસા કરી રહ્યા છે: ખરેખર, આવો આરાધક ભાવ વિરલ વ્યક્તિત્વોમાં જ સાંપડે. બધા દેવો પણ અનુમોદનાના પ્રવાહમાં ઝૂકાવી રહ્યા છે. કિનારે રહી ગયો એક દેવ. કોરો, અણુભીંજ્યો.

એને થયું, દુનિયા તો મોટા માણસની પાછળ જ જતી હોય છે. પણ પાછળ જાય એ તો ઘેટાં! હું એવો ઘેટા જેવો નથી, કે હાજી-હાજી કર્યા કરું. આપણે નજરે જોયા વગર કે અનુભવ્યા વગર ખોટી હાજી ન કરીએ.

મુનિવરના આરાધક ભાવને કસોટીએ ચડાવવા દેવ મેદાનમાં ઉતરે છે. બિચારો! ક્યાં ચાર ગતિના ચક્કરમાં અટવાતો એ પામર જીવ અને ક્યાં ચાર ગતિના ચકરાવા-માંથી બહાર નીકળવા આગળ વધી ગયેલા મહાત્મા!

ધ્યાનમાં ઊભા છે મુનિરાજ. 'ઠાણેણં, મોણેણં, ઝાણેણં....' સ્થાન વડે, મૌન વડે અને ધ્યાન વડે તેમણે કાયોત્સર્ગ સ્વીકાર્યો છે. હલન-ચલન બંધ, શબ્દયાત્રા બંધ, ધ્યાન ચાલુ! બીજી બધી ક્રિયાઓ અટકે ત્યારે ધ્યાન ચાલુ થાય. નવકાર મન્ત્રના પદથી ધ્યાન કરતાં હોઈએ તો પણ જેટલું બને તેટલું સૂક્ષ્મમાં જવું રહ્યું. હોઠનો ફફડાટ તો ન જ હોય; પણ અંદર જીભ પણ ઊંચી-નીચી ન થવી જોઈએ. લોગસ્સ કે નવકારની સંખ્યા ગણવા આંગળી પણ વેઢા પર ન ફરવી જોઈએ. 'સુહુમેહિં અંગ સંચાલેહિં' જે અંગોનાં ફરકાટને આપણે બંધ નથી કરી

શકતા; જેમ કે પાંપણોનું સ્પંદન, હૃદયનો ધબકાર, શ્વાસોચ્છવાસ આદિ, એ સિવાય બીજે ક્યાંય સ્પન્દન, ક્રિયા ન જોઈએ.

ધ્યાનનાં દ્વાર ત્યારે ઉઘડે છે જ્યારે સ્થૂળ ક્રિયાઓનાં બધાં દ્વારો બંધ થાય છે. ધ્યાન એટલે સૂક્ષ્મની દુનિયામાં પ્રવેશ. સ્થૂળની દુનિયામાં ડૂબેલ વ્યક્તિત્વ સૂક્ષ્મની ઝલક કેમ પામી શકે ?

મુનિરાજ ધ્યાનમાં છે. દેવ ત્યાં આવે છે પરીક્ષા કરવા સારુ. હાથીનું રૂપ વિકુર્વી સુંઢમાં મુનિરાજને પકડ્યા. અને પકડીને દૂર-દૂર ફંગોળ્યા. મુનિરાજ પડ્યા થોડે દૂર ધરતી પર.

પછડાટથી થયેલ વેદના પ્રત્યે મુનિરાજનું લક્ષ્ય નથી. એમને વિચાર થાય છે: અણુ પડિલેહી, અણુપૂંજી આ જમીન પર મારું શરીર પડતાં ત્યાં રહેલા કેટકેટલા જીવોનો કચ્ચરઘાણ વળી ગયો હશે !

વળી હાથીરૂપ દેવને હાથે પછડાટ. અને વળી એ જ શુભભાવના. 'મારા શરીરથી આ જીવોની વિરાધના.... ઓહ ! કેવું ભયંકર પાપ ! !'

દેવે પોતાના જ્ઞાનથી મુનિરાજની આ વિચારણા જોઈ અને એ મુનિરાજના આરાધક ભાવને ઝૂકી પડ્યો.

## એક ધન્ય પ્રસંગ

ઉત્કટ કોટિના આરાધક ભાવની આવી બીજી એક વાત આવે છે. 'સમરાઈચ્ચ કહા'માં. ગુણસારનો જીવ મુનિ-

બની સાધના કરી રહ્યો છે. એક વાર તેઓ પોતાના સંસારી વતન બાજુ આવેલ છે. તેમના પૂર્વાવસ્થાનાં પત્ની ધનશ્રી—જે અગ્નિશર્માનો જીવ છે—પૂર્વભવના વૈરને કારણે ધ્યાનસ્થ બનેલ મુનિ પાસે આવી, મુનિવરની આજુબાજુ લાકડાં સળગાવી તેમને બાળી મૂકે છે.

ત્યારે મુનિવર વિચારે છે: ધિક્કાર છે મારા આ શરીરને જે બીજી વ્યક્તિને પાપ બાંધવામાં નિમિત્તરૂપ થયું. કેવી ભયંકર વેદના હોય, જ્યારે અગ્નિ ચારે બાજુ ભભૂકી રહ્યો હોય અને શરીરને સળગાવી રહ્યો હોય. એ વખતે તેઓની કઈ વિચારણા છે? મારા આ શરીરના નિમિત્તે, ક્રોધ કરીને, એક જીવાત્મા પાપ બાંધી રહેલ છે. એક જીવાત્માને પાપ બાંધવામાં મારું આ શરીર નિમિત્તરૂપ બન્યું. ધિક્ આ શરીરને....ધન્ય છે સિદ્ધ ભગવંતોને. જેમને શરીર જ નથી.

કેવી ઉત્કટ આરાધક ભાવના. શરીરને કોઈ સળગાવી નાખે ત્યારે પણ અનુપ્રેક્ષા–તત્ત્વચિન્તનની અને અન્ય પ્રતિ ઊંડી કરુણાની આ ભૂમિકા મેળવતાં પહેલાં આત્માએ કેટલો પરિશ્રમ કરવો પડતો હોય છે! સાધનાના આ ઉચ્ચ શિખર પર વિરાજતાં પહેલાં કેટલાં આકરાં ચઢાણ ચઢવા પડે છે!

આપણે ચઢાણ શરૂ કર્યું છે કે કેમ તેની તો શંકા છે જ; પણ તળેટીમાં પહોંચ્યા છીએ કે કેમ એય વિચારવું પડે તેમ છે.

માત્ર આરાધનાની જ લગની હોય અને વિરાધનાનો તીવ્ર ભય હોય તો, એ બેઉ લાકડીના ટેકે આપણે પેલાં આકરાં ચઢાણ ચડી શકીએ.

**ધર્મમેઘ સમાધિ શી રીતે મળે ?**

સાધના કરીએ તો, અને તો જ, સિદ્ધિને વરી શકીએ. સિદ્ધિને દ્વારે જતાં આપણને રોકે છે આરાધના, સાધનાના માર્ગે સાતત્યનો અભાવ. સાધનામાં સાતત્ય આવે, ચોવીસે કલાકનું રટણ આવે તો સિદ્ધના દ્વાર ખૂલે.

ગ્રન્થકાર મહર્ષિ કહે છે: ધર્મમેઘ સમાધિ રૂપ વાદળના સમૂહને અસ્થૈર્યરૂપ પવન વીખેરી નાખે છે. વાદળોની ઘટા જામી હોય આકાશમાં, ખેડૂતો તરસી નજરે પાણી માટે આશાભરી નજરે મીટ માંડી રહ્યા હોય અને એ ટાંકણે જ પવન ફુંકાવા માંડે તો ? ખેડૂતની આશાને વાયરો તાણી જાય. વાદળાઓનું વિસર્જન થઈ જાય.

ધર્મમેઘ સમાધિ ચિત્તની એ અવસ્થાનું નામ છે જ્યાં ચિત્તની વૃત્તિઓનો સંપૂર્ણ રોધ છે. આ શિખર છે. જ્યાં આપણે જવું છે. ત્યાં જવાના માર્ગમાં સહાયકરૂપ છે આરાધનામાં સાતત્ય.

મનની ધર્મમાર્ગમાં સ્થિરતા કેમ નથી થતી એનાં બે કારણો આપણે જોયાં. એક છે અસાવધાની, અજાગૃતિ. બીજું છે અસાતત્ય.

જાગૃતિ અને સાતત્ય આવી જાય, આરાધનામાં અપ્રમત્તતા પણ આવે અને સાતત્ય–નિરન્તરતા પણ આવે

તો સમાધિ દૂર નથી. અને ધર્મમેઘ સમાધિથી મુક્તિને હાથવેંતનું જ છેટું છે!

(ચિત્તસ્થૈર્યના ત્રીજા ઉપાયની વાત આગળના પ્રકરણમાં ચર્ચાનાર છે. એ ઉપાય છે અનુષ્ઠાનોમાં રસની વૃદ્ધિ. સંસારમાં જેવો રસ છે, તેનો અંશ પણ ધર્મમાં કેમ નથી આવતો? માર્મિક વિશ્લેષણ માટે વાંચો આગળનું પ્રકરણ)

રાજાએ સંન્યાસીને ગુરુપદે સ્થાપ્યા. સંન્યાસી તો રમતારામ. આજ અહીં તો કાલ તહીં. વર્ષો પછી ફરી તે જ નગરમાં સંન્યાસી પધાર્યા. રાજા દર્શન માટે આવ્યો. બોધવચન સાંભળ્યા પછી રાજાએ પૂછ્યું : ગુરુદેવ! આ નાચીઝ ભક્તને કદી યાદ કરતા'ના કે ...?

સંન્યાસીએ રોકડું પરખાવ્યું : રાજન્! જ્યાં સુધી હું પરમાત્માના સ્મરણમાં રહેતો અને રહું છું; ત્યાં સુધી તો કોઈનેય યાદ કરવાનો સવાલ જ નથી હોતો. પરમાત્માનું સ્મરણ એટલે જ સંસારનું વિસ્મરણ. પણ જ્યારે પરમાત્માને હું વીસરી જતો અને બીજાઓને યાદ કરતો ત્યારે તમારી ય યાદ આવી જતી. 'એક મોટો રાજા મારા ભક્ત છે.' પરંતુ પાછળથી આવી યાદ પર હું ચોધાર આંસુએ રડતો : હાય! મારા નાથનું વિસ્મરણ થઈ ગયું?

[૮]

# પ્રયાણ : સાધનાની દિશા ભણી

चारित्रं स्थिरतारूप-
मतः सिद्धेष्वपीष्यते ।
यतन्तां यतयोऽवश्य-
मस्या एव प्रसिद्धये ॥

સંસારના સાગરનો કિનારો કઈ બાજુ જવાથી હાથમાં આવે? પૂજ્ય પદ્મવિજય મહારાજે નવપદ પૂજામાં કહ્યું છે: એક અચરિજ પ્રતિસ્રોતે તરતાં આવે ભવસાયર તટમાં.... ઇન્દ્રિયોના અનુકૂલનનો માર્ગ તે અનુસ્રોત. ચાલુ વહેણમાં તરવાની વાત ત્યાં છે. પણ એ માર્ગે તો મધદરિયો જ આવશે. કિનારો નહિ. કિનારો આવે પ્રતિસ્રોતે તરવાથી. ઇન્દ્રિયોના અનુકૂલનનું સ્થાન જ્યારે આત્મ-અનુકૂલન લે ત્યારે પ્રતિસ્રોતે-સામા પૂરે તરવાનું થાય.

અનંત સમયથી એક જ કામ કર્યા કર્યું છે સંસારી આત્માએ. અનુસ્રોતે તરવાનું. ઇન્દ્રિયોના અનુકૂલનના પ્રવાહમાં જ આત્મા તણાયા કર્યો છે. ખાવાનું પીવાનું ને સુવાનું. વાર્તાના રાજાની પેઠે ખાધું, પીધું ને રાજ જ કર્યું છે....!

રાજ કોના પર કર્યું છે એ પ્રશ્ન ન પૂછશો. પોતીકું રાજ્ય જ અડાણે મૂકાયું છે ત્યાં! અનંતજ્ઞાન અને અનંત દર્શનનું રાજ્ય કર્મ રાજાએ છીનવી લીધેલ છે ને!

## ધ્યાનની દુનિયામાં પ્રવેશવા માટે

ધ્યાન આવે તો પોતાનું રાજ્ય પોતાના હાથમાં આવે. ધ્યાનની દુનિયામાં પ્રવેશ કરવાની વિધિ કઈ છે?

એક સુભાષિતકારે કહ્યું છે:

"ખાના ચલના સોવના, મિલના વચન વિલાસ;
જયું જયું પાંચ ઘટાઈએ, ત્યું ત્યું ધ્યાન પ્રકાશ."

ખાવાનું, પીવાનું, ઊંઘવાનું, મળવાનું ને બોલવાનું જેમ ઓછું થાય તેમ ધ્યાનના પ્રકાશથી જીવન પ્રકાશિત થતું જાય.

બહારનો કોલાહલ ઓછો થાય તો અંદરનું સંગીત સંભળાય. પર્યુષણ પર્વના દિવસોમાં જ્ઞાની મુનિ ભગવન્ત દેશના આપતાં હોય, પણ પ્રવચનાર્થીને બદલે પ્રભાવનાર્થી ઘણા હોય અને ધમાલ મચી રહી હોય તો વ્યાખ્યાન સંભળાય નહિ ને? પ્રભાવનાર્થીઓનો અવાજ ઓછો થાય તો મુનિરાજનો અવાજ સંભળાય.

એમ ભોજનની ધમાલ ઓછી થાય તો ભજન સૂઝે. બહારના ઝમેલામાં માણસ એવો ફસાઈ ગયો છે કે, તોબા, તોબા! અલબત્ત, અમારા જેવા તીરે બેસીને તમાશો જોનારને એમ લાગે છે. ઝમેલામાં પડેલો તો મોજમાં પડ્યો હોય તેમ લાગે છે.

## બે શ્રીમતીઓ વચ્ચે શ્રીમાનની અવદશા

ચોર એક ઘરે ચોરી કરવા ગયેલો. જે વ્યક્તિના ઘરે એ ચોરી કરવા ગયેલો, તેને બે પત્ની હતી. એક પત્ની ઉપરના માળે રહેતી. બીજી નીચલે માળે. પેલા ભાઈ, વારાફરતી, એક દિવસ ઉપર રહે. બીજે દિવસે નીચે રહે.

ચોર ચોરી કરવા ગયેલો એના બે દિવસ અગાઉ એ ભાઈ બિઝનેસ-ટૂર પર ગયેલા. આજે રાત્રે એ પાછા આવ્યા છે. હવે મુશ્કેલી એ થઈ કે, આજે પોતાને નીચે રહેવાનું છે એ વાત પેલા ભાઈ ભૂલી ગયા. ને એ ઉપર ચડવા લાગ્યા.

અને લો, યુદ્ધ થઈ ગયું શરૂ!

અર્ધા ઉપર દાદર ચડી ગયા પેલા ભાઈ એટલે ઉપરવાળી પત્ની દોડી આવી. પતિને લેવા જ તો! સુસ્વાગતમ્. પણ ત્યાં તો નીચેવાળી પત્નીય દોડી આવી. એ કહે : જરા, શરમાવ! ફટ દઈને દાદર ચડવા માંડો છો તે. બસ, ઉપરવાળી શોક્ય જ વહાલી લાગે છે. અમે તમારા

માટે ગમે તેટલું કરીએ પણ તમને અમારી કીંમત જ ક્યાં છે?

અને પછી નીચેવાળાં શ્રીમતીજી ઉપરવાળાને સ્વસ્તિ વચન સંભળાવતાં કહે: લો, ફટ દઈને સામૈયું કરવા નીચે ઉતર્યા! કયા હક્કે આજ તમે સ્વાગત કરવાના? આજ તો અધિકાર મારો છે.

પણ ઉપરવાળાં શ્રીમતીજી કંઈ કમ નથી. એ કહે: હવે, બસ કરો. આપણે તો સ્વામીની સેવા કરવી જોઈએ. સ્વામીને કંઈ મેં નહોતું કહ્યું કે, તમે ઉપર આવો. પણ એ ઉપર આવવા લાગ્યા તો હું સ્વાગત કરવા ન આવું? તમે મને રોકનાર કોણ? અને આજ તમારો અધિકાર છે એ વાત ખરી, પણ સ્વામીની ઈચ્છા સહુથી મોટી. એમની ઈચ્છા આજે ઉપર રહેવાની છે તેથી ઉપર જ રહેશે.

નીચેવાળાં શ્રીમતી તાડૂક્યા: બેસ, બેસ, હવે લાજતી નથી આમ બોલતાં? આજ તો સ્વામી મારે ઘેર જ આવશે. એમ કહી એણીએ પેલા ભાઈના પગ પકડ્યા. તો ઉપર-વાળીએ હાથ પકડ્યા. અને પછી શરૂ થયો ખેલ. પેલી ઉપર ખેંચે. વાહ, ભાઈ! વાહ! સ્વાગતમાં કંઈ મણા હવે રહી નથી!

પ્રેક્ષક તરીકે ચોરભાઈ છે. એટલે પ્રેક્ષક વિહોણું નાટક પણ નહિ કહેવાય. અને પ્રેક્ષક તો એવો તલ્લીન બની

ગયો છે આ નાટક જોવામાં કે, પોતે કોણ છે અને શા માટે આવેલ છે એ બધું ભૂલી ગયો.

### ચિત્તસ્થૈર્યનો એક અન્ય ઉપાય : રસવૃદ્ધિ

તમેય આવા નાટકમાં આવા લીન બની શકો છો ને ? બધી ઈન્દ્રિયો આંખમાં આવી જાય. અપલક નેણે જોયા કરો.

જરૂર છે રસને પલટાવવાની, પરમાત્માની ભવ્ય મૂર્તિ સામે હોય અને આપણે સૂધ–બૂધ ખોઈ, દેહ–દશા વીસરી, એકી ટસે ભગવાન સામે જોયા જ કરીએ, તો આપણી આધ્યાત્મિક વિકાસયાત્રા પ્રારંભાઈ જાય.

પણ, ત્યાં તો મન સ્થિર થતું જ નથી ને! એક નવકારવાળી પૂરી થતાં થતાં તો મન ક્યાં નું ક્યાં ભમી આવે છે! કારણ કે, અમૃત આરાધનામાં રસ નથી. ઉત્કૃષ્ટ ભાવ પૂર્વક કરાયેલી નાનકડી ક્રિયા પણ કેટલું ફળ આપે છે એ વાત પર ધ્યાન દોરાય અને એવું ફળ મેળવવાની જિજ્ઞાસા જાગે તો તમે ખૂબ ઉલટથી આ ક્રિયાઓ કરશો.

### આરાધનામાં રસ શી રીતે જાગે ?

આરાધનામાં રસ જાગે એ માટે શું કરવું ? તમે કદાચ પૂછશો.

એ માટે આરાધનાના હેતુઓને સ્પષ્ટ કરનાર ગ્રન્થોનું વાંચન જોઈશે. તદુપરાંત, અનુષ્ઠાનોમાં જે પવિત્ર સૂત્રો

બોલાય છે એના અર્થોનું જ્ઞાન જોઈએ. 'નમુત્થુણં" સૂત્રના અર્થ બરાબર સમજો અને આચાર્ય પ્રવર શ્રી ભુવનભાનુ સૂરીશ્વરજી દ્વારા સંપાદિત થયેલ 'પ્રતિક્રમણ સૂત્ર ચિત્ર આલ્બમ' પુસ્તકમાં 'નમુત્થુણં" સૂત્રના એક એક પદને ઉલ્લેખીને દોરાયેલ ભાવવાહી ચિત્રો દેખો તો તમને ખ્યાલ આવે કે, 'નમુત્થુણં"માં ભગવાનના કેવા કેવા અપ્રતીમ ગુણોનું વર્ણન આવેલ છે.

પૂજ્ય હરિભદ્ર સૂરિ મહારાજાએ 'ચૈત્યવન્દન'નાં સૂત્રો પર મહાન ગ્રન્થ 'લલિતવિસ્તરા' લખ્યો છે. જેમાં 'નમુત્થુણં" સૂત્રના એક એક પદ પર મોટું ભાષ્ય આપ્યું છે. જૈન દર્શન પરનો એન્સાઈક્લોપીડિઆ છે એ ગ્રન્થ. એનો ગુજરાતી અનુવાદ પણ પ્રકાશિત થયેલ છે. એવાં પુસ્તકો વાંચો તો ધર્મનો મર્મ જાણવા મળે.

**સાહેબ ! બીજી બધી સજા કરજો, પણ...**

પેલા સદ્‌ગૃહસ્થ અને એમની બે સન્નારીઓ વચ્ચે ભજવાતા ખેલને પેલો ચોર તલ્લીનતાથી જોઈ રહ્યો છે. ઉપરવાળી શ્રીમતી શ્રીમાનને ઉપર ખેંચે નીચેવાળી નીચે ખેંચે.

શ્રીમાનની બરાબરની કફોડી હાલત થઈ છે. છેવટે શ્રીમાનથી ન રહેવાણું એ જોર જોરથી બૂમો પાડવા લાગ્યા જેથી આડોશી પાડોશીઓ આવી લાગ્યા. શ્રીમાનને

શ્રીમતીઓના પંજામાંથી છોડાવ્યા. ચોર ભાઈ તો હજુ જોયા જ કરે છે.

એક પાડોશીની નજર ખૂણામાં બેઠેલ એ ચોર પર પડતાં કહે: "અરે ત્યાં ખૂણામાં કોણ છે? બરોબર ફાનસનું અજવાળું એ બાજુ કરો તો!" ચોર પકડાઈ ગયો. પોલિસને સોંપવામાં આવ્યો. કોર્ટમાં એને રજુ કરવામાં આવ્યો ત્યારે એણે ન્યાયાધીશ મહોદય પાસે પોતાનો ગૂનો કબૂલી વિનંતી કરી: સાહેબ! બીજી બધી સજા કરજો પરંતુ બે બૈરીનો ભરતાર બનવાની સજા ન કરજો!

## એક સુંદર સુભાષિત

બેના ગુલામની આવી અવદશા હોય તો અનેક પદાર્થોના મોહમાં ગળાડૂબ ફસાયેલ વ્યક્તિની શી હાલત હોય?

તો, બહારની ધમાલ જેમ ઓછી થાય તેમ અંદરના પ્રકાશથી—ધ્યાનના પ્રકાશથી જીવન આલોકિત બને. એ માટે આપણે એક સુભાષિતની વાત આગળ કરી હતી. 'ખાના ચલના સોવના, મિલના વચન-વિલાસ જ્યું જ્યું પાંચ ઘટાઈએ ત્યું ત્યું ધ્યાન પ્રકાશ.'

પાંચ વાતમાં ઘટાડો કરવાનો છે. ત્યાં ઓટ આવશે એટલે સામે કાંઠે, આન્તરિક દુનિયામાં, ભરતી આવશે.

પહેલી વાત ભોજનની. એક વખત, મધ્યાહ્ને, ભોજન લેવાય, એકાસણું રોજ કરાય તો તે ધ્યાન માટે ઉચિત

છે. કમ સે કમ, સાંજે તો ભોજન ન જ લેવાવું જોઈએ. સાંજે ન જમનાર, સવારે મળસ્કે ઊઠશે ત્યારે જે સ્ફૂર્તિ અનુભવશે એ સ્ફૂર્તિનો અનુભવ સાંજે દાબીને ખાનારને નહિ થાય. બપોરે લેવાયેલ ભોજનના અંશો રાત દરમ્યાન પચી ગયા હોઈ પેટ હળવું લાગશે સાંજે ન જમનારને.

છેવટે, સાંજે જમ્યા સિવાય ન જ રહેવાય તો બિલકુલ હળવું ભોજન લેવું. આપણે ત્યાં એક કહેવતમાં કહેવાયું છે: 'દૂધે વાળુ જે કરે તસ ઘર વૈદ્ય ન જાય.' સાંજના ભોજનમાં જે માત્ર દૂધ જ લે, દૂધ દ્વારા વાળુ Supper કરે તેને ડૉક્ટરની મુલાકાત ન લેવી પડે!

## તેની નાડ શું વૈદ્ય જુએ!

'કમ ખાના'ની વાત ચાલુ રહી છે. ભોજન કમ કરવું છે: ભજન વધારવા માટે! પહેલાંના લોકોને જીવનમાં ઉતારવા માટે અતિ જરૂરી એવા નિયમોનો સારો ખ્યાલ હતો. વૃદ્ધો પાસેથી એવા નિયમોવાળો એક દુહો સાંભળેલો: આંખે પાણી દાંતે લૂણ, જમતાં રાખે ખાલી ખૂણ, ડાબું પડખું દાબી સૂએ, તેની નાડ શું વૈદ જુએ!

'જમતાં રાખે ખાલી ખૂણ.' થોડી ભૂખ હોય ત્યારે જ ભોજન સમાપ્ત કરી દેવાનું. 'ઉનોદરી' વ્રતનો આ મહિમા ધ્યાનની દુનિયામાં પ્રવેશવાને આતુર વ્યક્તિઓ માટે બહુ મહત્ત્વનો છે.

આજે તો લોકો એ રીતે ખાય છે કે, જાણે પેટ પર અત્યાચાર જ આચરતા હોય તેવું લાગે!

આજે શહેરી જીવનમાં રાત્રી ભોજનનો પ્રશ્ન બહુ વ્યાપક બની ગયો છે. આરોગ્યશાસ્ત્રને સમ્મત એવો આ પ્રશ્નનો ઉકેલ આ છે: સાંજના ભોજનમાં દૂધ અથવા દૂધ અને હળવો, સુક્કો નાસ્તો લેવો. આ કામ ઓફિસે જ પતી જાય.

રાત્રી ભોજનનું મહાપાપ જાય અને સ્વસ્થ જીવનની એક મોટી ચાવી તમારા હાથમાં આવી જાય.

ધ્યાનમાં પ્રવેશવાની બીજી શરત છે: ક્રમ ચલના. ઓછું ચાલવું. ભૌતિક પદાર્થો માટેની દોડને થોડી અંકુશિત કરવી. તીર્થયાત્રા માટે ચાલવાની છૂટ છે! બિઝનેસ-દૂરો પર નિયંત્રણ.

ગમે તેટલો બિઝનેસ માણસ ખેલે, બેન્ક-બેલેન્સ ભલે ને ખૂબ એકઠું થાય; પણ આખરે શું? આખરે તો બધું મૂકીને જ જવાનું છે ને!

**મારા દાદા આખી દુનિયા મૂકીને ગયા છે!**

એક ભાઈએ પોતાના મિત્રને કહ્યું: મારા પિતાજી મારા માટે દશ લાખ રૂપિયા મૂકીને ગયા છે. મિત્ર કહે: બસ? દસ લાખ રૂપિયા જ? મારા દાદા તો આખી દુનિયા મૂકીને ગયા છે!

હોડ જામી છે આજે દુનિયામાં: વધુ મૂકીને કોણ જાય તેની! વધુ મૂકીને જાય એ વધુ ડાહ્યો મનાય છે દુનિયામાં.

પણ બહારની દુનિયાનો નિયમ અને અંદરની દુનિયાનો નિયમ ભિન્ન છે, અલગ છે. બહારની દુનિયામાં વધુ પડતો ફેલાવ એ જ અંદરની દુનિયામાં પ્રવેશવાની અયોગ્યતા. NO ADMISSIONનું બોર્ડ લાગી ગયું ! એટલે કહ્યું : બહારની પ્રવૃત્તિ પર રોક લગાવો. બહિર્યાત્રાને સ્થાને અન્તર્યાત્રા પ્રારંભવી છે હવે.

અંદરની યાત્રા એટલે અપ્રમાદની યાત્રા. અન્તર્યાત્રાનું બીજું નામ છે જાગૃતિ. ધ્યાનનું ત્રીજું ચરણ છે : નિદ્રા પર કાપ.

સાધુની દિનચર્યા એટલે અપ્રમાદથી ઠસોઠસ ભરેલું એક જીવન. મુનિની યાત્રા અપ્રમાદની યાત્રા છે. 'યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી.' સામાન્ય જનની જે રાત્રી, તે મુનિજનનો જાગૃતિકાળ. આ વિધાનને ઊંડા પર્સ્પેક્ટિવમાં, પરિપ્રેક્ષ્યમાં સમજવું જોઈશે. રાત્રી અંધકારનું પ્રતિક છે. પ્રમાદ એ અંધકાર છે. સ્વભાવ દશાને છોડીને વિભાવ દશા તરફ. વસ્તુલક્ષિતા તરફ જવું એ પણ ઘોર અંધારા ભણીની યાત્રા છે. લોકો માટે અંધકારની યાત્રા જ્યાંથી પ્રારંભાય છે, તે જ બિન્દુ પરથી મુનિની પ્રકાશ-યાત્રા પ્રારંભાય છે.

પદાર્થ એક જ. યોગી માટે એ આત્મચિન્તનનો વિષય હશે. ભોગી માટે એ ભોગનું સાધન હશે.

વસ્તુ એક: એંગલ અનેક

એક નદીના કાંઠે, એક રૂપવતી નારીનો અલંકારોથી મંડિત મૃતદેહ પડેલો હતો. નદીએ અહીં સુધી તાણી લાવી ફેંકી દીધેલ. થોડી વાર પછી એક સોની આવે છે. એની નજર જાય છે શબ પરના સુવર્ણના અલંકારો પર. "કેવા સરસ દાગીનાઓ!" એની સૃષ્ટિમાં સુવર્ણનું જ મહત્ત્વ હતું.

સોનીની વિદાય પછી આવ્યા એક યોગી. મૃતદેહને જોઈ યોગી વિચારે છે: આહ! જીવન કેવું ક્ષણુ ભંગુર છે! ધર્મશાસ્ત્રોની વાત કેટલી સાચી છે કે, ધર્મમાં એક ક્ષણનો પણ પ્રમાદ ન કરવો જોઈએ. મૃતદેહને જોઈને અપ્રમાદનાં બોધપાઠને તાજો કરનાર યોગી જ જાગૃત છે. બાકી, જાગતો કહેવાતો પણ પ્રમાદી ઊંઘતો જ છે.

યોગીની વિદાય પછી આવ્યો એક કામી પુરુષ. Sex સિવાયની દુનિયા જેની નજરથી ઓઝલ હતી તેવો પુરુષ, સ્ત્રીના દેહને એણે ભોગ્ય સ્વરૂપે જ જોયો.

યોગી માત્ર મૃતદેહને જ જોઈને નહિ, જીવંત દેહને જોઈને પણ અનિત્ય ભાવનાનો વિચાર મનમાં આણી શકે છે. મહેલમાં અને ઈંટ-મટોડાના ઢગલામાં રજ માત્ર ફરક ન જોનાર પરિવર્તનથી ગભરાતો નથી.

ધોળો વાળ જોઈ વૈરાગ્ય આવે?

પહેલાના ઘણા રાજાઓની વાતમાં આ પ્રસંગ

આવતો : રાજા બેઠા છે, રાણી એમનું માથું સ્નેહથી પંપાળે છે અને બોલે છે : મહારાજ ! દૂત આવ્યો.

રાજા ચમકીને આમ-તેમ જુએ, પણ કોઈને ન દેખતાં પૂછે : દેવી ! કયો દૂત ? ત્યારે મહારાણી રાજાના વાળમાંથી એક ધોળો વાળ કાઢી રાજાને દેખાડે. 'મહારાજ ! આ યમરાજનો દૂત આવ્યો.'

ધોળો વાળ દર્પણમાં દેખો, તમારા માથા પર, તો તમે શું કરો ? કલપ લગાડો કાં ? કે વૈરાગ્ય આવે ?

પેલા રાજા યમરાજના દૂતને જોઈ વૈરાગ્યના પંથે વળવાનો નિર્ણય કરતા અને રાજા-રાણી ગુરુદેવના શરણે જઈ દીક્ષાની પ્રાર્થના કરતા.

'કમ સોવના'નો મંત્ર જીવનમાં ઉતરેલો હતો એની આ સાબીતી. ઊંઘ્યા, ખૂબ ઊંઘ્યા રાજસુખમાં, પણ એક જ પળમાં જાગી ગયા. અને જાગ્યા તેવા બેઠા થઈ, સાબદા થઈ ચાલવા લાગ્યા.

એવું ચાલવાનું શરૂ કર્યું, જેથી જનમ-જનમની રખડપટ્ટી બંધ થઈ જાય !

ચોથું સૂત્ર : 'કમ મિલના.' બહારનાં મેળાપ ખૂબ કર્યા, અને શિષ્ટાચારના જંગલમાં ખૂબ ફર્યા; હવે જાત સાથે મિલન કરવું છે. પરમાત્મ-મિલન એ આત્મ-મિલન માટેની જ વિધિ છે.

દુનિયાની ખૂબ ખબર રાખી, છેલ્લા બુલેટીન સાંભળ્યા

રેડિઓ પર અને છેલ્લાં ન્યૂઝ ટી. વી. સ્ક્રીન પર જોયા; પણ અંદરના રહેવાસીને જોવા માટે કયો સ્ક્રીન-પડદો ?

નહિતર, હું જ ખોવાઈ જાત !

કુંભારનો ગધેડો ખોવાઈ ગયો. આડોશી-પાડોશીએ દિલસોજી દર્શાવી. કુંભારનું ધન તો ગધેડો જ કહેવાય ને! દિલસોજી દર્શાવવા આવનારને કુંભાર કહે: પાડ માનું ભગવાનનો, કે રોજની જેમ તે દા'ડે હું ગધેડા પર નહોતો બેઠો; નહિતર ગધેડા ભેગો હું જ ખોવાઈ જાતને !

દેહના વાહન પર બેઠેલ આતમ તો ખોવાણો જ છે. 'હું જ ખોવાઈ ગયો છું !'

'કમ મિલના' બહારના મેળાપમાં વધારો એ ધ્યાનની દુનિયા માટે તો ખતરનાક છે જ, પણ સ્વસ્થ જીવન માટે ય ઉપાધિજનક તે છે.

રવિવારના દિવસે, આજ તો આખો દિવસ આનંદ કરીશું તેમ નક્કી કર્યું હોય ને ત્યાં જ કોઈ અણગમતા મહેમાન ટપકી પડે તો? મોઢા પર પરાણે સ્મિત લાવવું પડે.

મહેમાન પૂછે: કેમ મઝામાં ને? ત્યારે શિષ્ટાચાર ખાતર હા તો પાડવી પડે; પણ મનમાં તો એમ જ હોય કે તમે આવીને રવિવારનો આખો ટેસ્ટ બગાડી નાખ્યો ને પાછા પૂછો છો: કેમ મજામાં? હવે તો ભાઈ, સજામાં છીએ તમે ન જાવ ત્યાં સુધી !

બહારનું મિલન ઓછું કરો. તો અંદરના રહેવાસીને શ્રુતજ્ઞાનના સ્ક્રીન પર તમે જોઈ શકશો.

જ્ઞાન-ધ્યાન-કિરિયા સાધંતા...

તત્ત્વજ્ઞ ઈકિહાર્ટ જંગલમાં એક ઝાડ નીચે બેઠો બેઠો તત્ત્વજ્ઞાનની કોઈ ગૂંચ શોધી રહ્યો હતો. જ્ઞાનમાં લીનતા એટલે પોતાની જાત સાથેનું મિલન.

મુનિરાજોને કેવો અપૂર્વ આનંદ આવતો હોય છે જ્ઞાનધ્યાનમાં? 'જ્ઞાનધ્યાન કિરિયા સાધંતા કાઢે પૂર્વનાં કાળ....' લાખો વર્ષોના સંયમ પર્યાયની, ક્રોડો વર્ષના દીક્ષિત જીવનની એક એક ક્ષણને આનંદથી ભરી દેનાર છે જ્ઞાન-ધ્યાનની સાધના.

ઈકહાર્ટ એકલો બેઠો હતો ત્યાં એક મિત્ર આવી ચઢયો. ઈકહાર્ટને એકલો જોઈ તેની સાથે તે વાત કરવા લાગ્યો. શિષ્ટાચાર ખાતર તત્ત્વજ્ઞાનીને પણ વાતમાં જોડાવું પડ્યું. પણ ક્યાં તત્ત્વજ્ઞાનના ચિન્તનનો આનંદ અને ક્યાં ગપ્પાનો આનંદ (?)! અર્ધો કલાક પછી એ સદ્‌ગૃહસ્થ વિદાય થયા ત્યારે જતાં જતાં કહે: તમને એકલા જોયા, એટલે થયું કે લાવો, તમને COMPANY આપું. મજાનો સમય કપાણો.

ઈકિહાર્ટને કહેવું હતું કે, ભાઈ! હું એકલો હતો નહિ પહેલા. ઊંડા જ્ઞાનમાં લીન હતો. પોતાની જાત સાથેની એકાકારતામાં રમમાણ. તમારા આવ્યા પછી હું

એકલો પડ્યો. અંદરની ઝાંકી બંધ થઈ ગઈ ને!....પણ કહેવાનો અર્થ કંઈ ન દેખાવાથી તે મૌન રહ્યો.

મૌનની મઝા કોઈ જુદી જ છે. આપણે શબ્દોમાં ખોવાઈ ગયા છીએ. ઘસાઈ ગયેલા સિક્કા જેવા શબ્દોનો આડેધડ વપરાશ કરી રહ્યા છીએ આપણે.

નકામા વપરાતા શબ્દો જો બંધ થઈ જાય તો ઘણો સમય બચે. સાધનાની દુનિયામાં પ્રવેશવા માટેનું પાંચમું સૂત્ર છે મૌન. શબ્દોની ફેંકાફેંકની રમત અશબ્દયાત્રામાં પલટાય તો સાધના માર્ગે એક પડાવ આગળ વધી શકાય.

## એડિસનનો ચાતુરીભર્યો જવાબ

થોમસ આલ્વા એડિસને ફોનોગ્રાફ શોધ્યું. એ વખતે એને ટૉકિંગ મશિન–બોલતું યન્ત્ર-કહેતા. એડિસનના માનમાં યોજાયેલ એક સમારંભમાં મુખ્ય વક્તા એડિસન વિષે ને એના મશીન વિષે એટલું બધું બોલ્યા કે, એડિસન સહિત આખું ઓડિયન્સ 'બોર' થઈ ગયું. આખરે મુખ્ય વકતાને બોલવું બંધ કરવું પડ્યું. બોલવાની ઈચ્છા તો હજુય ઘણી હતી; પણ શું થાય? તોબા આ સભાના યોજકો અને શ્રોતાઓથી!

કહે છે કે, વા ચોર્યાશી જાતનો હોય છે. તેમાં પંચ્યાશીમો છે બકવા! ભાષણ કરવાનો રોગ એટલો બધો વધી ગયો છે....હદ બહાર!

મુખ્ય વકતા બેઠા એટલે એડિસન ઊભા થયા. કામમાં માનતો એ માણસ બહુ ઓછા શબ્દો બોલતો. એડિસને કહ્યું : ટૉકિંગ મશીન—બોલતું યન્ત્ર એ કાંઈ મારી શોધ નથી. એ તો ઈશ્વરની શોધ છે. મેં તો માત્ર એવું યન્ત્ર શોધ્યું છે, જેને બોલતું બંધ પણ કરી શકાય છે! લોકો ઝૂમી ઊઠયા એડિસનની આ ચતુરાઈ ભરી કૉમેન્ટ પર. ભાષણખોર નેતાનું મોઢું જોવા જેવું થઈ ગયું હતું.

જે દુહા પર આપણે લાંબી વિચારણા કરી એ દુહા પર ફરી એક વાર નજર નાખી લઈએ: ખાના ચલના સોવના, મિલના વચન વિલાસ જયું જયું પાંચ ઘટાઈએ ત્યું ત્યું ધ્યાન પ્રકાશ....આ પાંચમાં ઘટાડો થાય તેમ ધ્યાનની દુનિયામાં આપણે આગળ ધપતા જઈએ.

## 'કેડિલોક' કાર ને પસાર થતી જુઓ તો ય...!

ધ્યાનનું એક કાર્ય છે મનમાં ઊભા થતાં પ્રકમ્પનોની તીવ્રતાને ઓછી કરવી. આપણે કોઈ પણ પદાર્થને દેખીએ છીએ કે તરત જ આપણા મનમાં પ્રકમ્પનો શરૂ થાય છે. લાલસાથી નિર્માયેલા તરંગો. રૂપની જેમ શબ્દ, ગન્ધ, સ્પર્શ અને રસની લાલસા પણ મગજમાં પ્રકમ્પનો – આવેગો ઉભા કરે છે. વસ્તુ સામે ન હોય તો પણ માણસ કલ્પના દ્વારા મનમાં તે વસ્તુનું ચિત્ર દોરી પ્રકમ્પનોની ભૂતાવળ ખડી કરી શકે છે.

એક વસ્તુ સમજો કે, પદાર્થોનું હોવું – એ ટેન્સનનું –

પ્રકમ્પનોનું કારણ નથી. પદાર્થોની લાલસા જ ટેન્સનની જન્મદાત્રી છે.

અવધિજ્ઞાની મુનિરાજ દેવલોકના વૈભવ અહીં બેઠાં બેઠાં જુએ, છતાં એમને એનાથી દુઃખ નહિ, અને તમે એક સિનેમા જોઈને આવો તો ય....! હૈયામાં હોળી સળગતી હોય.

દેવલોકના વિમાનો અને વાહનો જોઈ જ્ઞાની મુનિને એ પદાર્થોની ઇચ્છા નથી થતી માટે એ સુખી છે. ને તમે કોઈની કેડિલોક કારને પસાર થતી જુઓ ત્યારે....? હળવો નીસાસો સરી પડે છે ને?

અંદરની દુનિયામાં, સાધનામાં જે સ્થિર બનેલ છે, એના માર્ગમાં ભૌતિક પદાર્થો રૂકાવટ નહિ ખડી કરી શકે.

'સ્થિરતા' પ્રકરણનો ઉપસંહાર કરતાં ગ્રન્થકાર ભગવાન મુનિજનોને સ્થિરતાને માટે આરાધનામાં દૃઢતા અને સાતત્ય પેદા કરવા માટે શીખ આપી રહ્યા છે. 'યતન્તાં યતયોવશ્યમસ્યા એવ પ્રસિદ્ધયે.' સાધુજને સ્થિરતાની પ્રાપ્તિ માટે જ યત્ન કરવો. ચારિત્ર એટલે જ સ્થિરતા. સ્થિરતા રૂપ એ ચારિત્રની પરાકાષ્ઠા સિદ્ધ ભગવંતોમાં છે, 'નમો સિદ્ધાણં' દ્વારા સિદ્ધ ભગવંતોને હંમેશા નમનાર એવા આપણામાં પણ આ સ્થિરતા પ્રકટે એવી અભિલાષા રાખીએ.

[૯]

# મારક મન્ત્ર મોહનો

अहं ममेति मन्त्रोयं
मोहस्य जगदान्ध्यकृत् ।
अयमेव हि नञ्पूर्वः
प्रति मन्त्रोपि मोहजित् ॥

દુન્યવી સંબંધોનું મંડાણ, મોટે ભાગે, સ્વાર્થની આધારશિલા પર થયેલું દેખાતું હોય છે: જો એ સંબંધોના અટામણમાં ધર્મનું મોયણ ન નખાયું હોય તો!

બે ચમચી ઘી કે તેલ નાખો એટલે રોટલી-પરોઠાં-ભાખરી કુણાં બની જાય અને એ 'મુણ' ન હોય તો ચવડાં થઈ જાય.

ધર્મહીન સાંસારિક સંબંધોમાં આ જ ત્રુટિ-મુણની દેખાય છે. સ્વાર્થનું પાણી તો થોડી વારમાં સૂકાઈ જાય

અને રોટલી સૂક્કી થઈ જાય. ખાખરા જેવી!

## જીવન વીમો તો ઉતરાવ્યો, પણ...!

મુલ્લાજીએ જીવન વીમો ઉતરાવ્યો. એક વખત તેઓ ઓફિસેથી રોજના સમય કરતાં વહેલાં ઘરે પહોંચ્યા. ફ્લેટનું બારણું ખુલ્લું હતું અને અંદરથી બીબીનો અવાજ આવી રહ્યો હતો. મુલ્લાજી સાંભળવા લાગ્યા. બીબી એમની સખીને કહી રહ્યા હતાં: અમારા એમનું તો હાથી જેવું છે. જીવતો લાખનો, ને મર્યે સવા લાખનો જેવું! જીવશે ત્યાં સુધી ઓફિસ-વર્ક કરશે અને ખુદા ન કરે, ને એમની ડેથ થઈ જાય તો લાઈફ ઈન્સ્યુરન્સ પાકવાનો જ છે! મુલ્લાજી તો સાંભળીને સ્તબ્ધ જ થઈ ગયા. જીવન વીમો તો ઉતરાવી નાખ્યો, પણ એની બધી મઝા હવા થઈ ગઈ!

પત્નીની નજર પતિના પૉકેટ પર છે. અને પતિની નજર પત્નીના રૂપ પર છે. બ્હારે બહાર! સંબંધોનું ચણતર જો સ્વાર્થની રેતીથી જ થયું હોય તો એ ઘર 'ડાયવોર્સ'ના-છુટ્ટાછેડાના ખંડિયેરમાં ન ફેરવાય તો જ નવાઈ!

## મયણા સુન્દરી અને શ્રીપાળરાજા

મયણા સુન્દરીને પિતાએ કોઢિયા પતિ – શ્રીપાળ સાથે વરાવી છે. લગ્ન પછી શ્રીપાળ વિચારે છે: ક્યાં મારી આ કોઢથી વ્યાપ્ત કાયા અને ક્યાં આ રૂપરૂપના

અંબાર જેવી રાજકુમારી! એના પિતાએ પુત્રી પરના દ્વેષથી ભલે મારી સાથે લગ્ન કરાવ્યાં, પણ આ સંબંધ ઉચિત તો નથી જ. મારા સંગથી આ સૌન્દર્યવતી રાજબાળા પણ શું કોઢિયણ બનશે? ના, ના, કદાપિ એ ન બનવું જોઈએ.

શ્રીપાળકુમાર મયણા સુન્દરીને કહે છે: "દેવી! તમારા પિતાએ ભલે ભૂલ કરી, હું એ ભૂલને દોહરાવવા નથી માગતો. તમે કોઈ સારા પુરુષ સાથે...."

મયણા સુન્દરીના કાનમાં જાણે ધગધગતું સીસું રેડાણું હોય એમ એ ચિત્કારી ઊઠે છે: નાથ! સ્વામી! મારા પ્રાણાધાર! આપ આ શું બોલો છો? આ વચનોથી મારા કાનને ને હૃદયને અકથ્ય પીડા થઈ રહી છે. જાણે કે કાનોમાં શૂળો તીવ્રતાથી ભોંકાઈ રહી હોય. અંગે અંગે આગ ઊઠી રહે છે.

આર્ય સતી માટે લગ્ન એ રમત નહોતી ઢીંગલા-ઢીંગલીની. એ તો હતું એક દૃઢતર બન્ધન. જેને ન રોગ તોડી શકે, ન દરિદ્રતા હચમચાવી શકે. પતિનું શરીર રોગથી ઘેરાઈ જાય તોય શું? માત્ર શરીર સુધીની જ દૃષ્ટિ હોત તો લગ્નનાં બંધન તડ–તડ કરતાં તૂટી જાત. પણ દૃષ્ટિ ધર્મ પર સ્થિર થયેલી હોય છે ત્યારે રોગ કે આવી પડેલી ગરીબી પેલા બન્ધનને શિથિલ કરી શકતા નથી.

મૂળ તો, ત્યાગમૂલક વિચારસરણી ને વરેલી હોય છે ધાર્મિક વ્યક્તિ. સંયમ માર્ગને સ્વીકારવા જ એનું મન

તલપાપડ બની રહેલું હોય છે. પરન્તુ કોઈ અશક્તિને કારણે સંયમ માર્ગે એ નથી જઈ શકતી ત્યારે લગ્ન-બન્ધનથી બંધાય છે, પણ હૃદયમાં ત્યાગનો દીવો અવશ્ય ટમટમતો હોય છે.

**પેથડ મંત્રી કામળીનાં દર્શન કરે છે...!**

પેથડ મંત્રીની વાતમાં આવે છે કે, એ વખતે એક શ્રાવકે બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કર્યો ગુરુ ભગવંત પાસે અને એ વ્રત-સ્વીકારના ઉપલક્ષ્યમાં સાધર્મિક બન્ધુઓને બહુમૂલ્ય કામળીની ભેટ મોકલી. પેથડ મંત્રીને પણ એ પ્રભાવના મળી. ખૂબ આદરપૂર્વક એ ભેટ એમણે સ્વીકારી સારા સ્થાને એ કામળીને મૂકી અને રોજ મંત્રી એ કામળીનાં દર્શન કરે. પણ કદી તે કામળી વાપરે નહિ. તેનો ઉપયોગ ન કરે.

એક વખત પેથડ મંત્રીનાં પત્નીએ તેમને – મંત્રીને પૂછયું: નાથ! આ પવિત્ર કામળીનો આપ ઉપયોગ કેમ નથી કરતા? સામાયિક, પૌષધ વગેરે ક્રિયાઓ કરતી વખતે એનો ઉપયોગ કરી શકાય ને? ત્યારે મન્ત્રીશ્વરે કહ્યું: આ કામળી બ્રહ્મચારીની ભેટ છે અને બ્રહ્મચારીની ભેટનો ઉપયોગ અબ્રહ્મચારી કેમ કરી શકે?

ધર્મપત્નીએ તરત જ કહ્યું: તો આપણે પણ એ પવિત્ર વ્રત સ્વીકારીએ. પેથડ મંત્રી આ વાત સાંભળી બહુ પ્રસન્ન બન્યા. એમનું મન ક્યારનુંય આ વ્રતને

સ્વીકારવા ઉત્સુક બનેલું હતું. સદ્‌ગુરુવર પાસે બન્નેએ બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કર્યો.

## વિજય શેઠ અને વિજયા શેઠાણી

વિજય શેઠ અને વિજયા શેઠાણીની કથા પણ આ જ વાત કહી જાય છે. બ્રહ્મચર્ય વ્રતનો પૂર્ણતયા સ્વીકાર કરવાનું વિચાર-બીજ વિજય શ્રેષ્ઠીના મનમાં પડેલું, સદ્‌ગુરુની પ્રેરણા રૂપી જળસિંચનથી એ બીજ અંકુરિત થયું. કૃષ્ણ પક્ષમાં સંપૂર્ણ બ્રહ્મચર્ય પાલનના નિયમ સ્વીકારમાં એ વિચાર પરિવર્તિત થયો. અને શુકલપક્ષમાં બ્રહ્મચર્ય પાલનના નિયમવાળી વિજયાદેવી સાથે તેમનાં લગ્ન થયાં! કેવો જોગ-સંજોગ!

લગ્નની પહેલી રાત. વદિ તેરસની રાત. વિજયાદેવી પતિ પાસે ગયાં છે. વિજય શ્રેષ્ઠી કહે છે: મારે નિયમ છે કૃષ્ણ પક્ષનો. ત્રણ દિવસ પછી વાત. 'એમ સાંભળી રે તવ વિજયા વિલખી થઈ.' વિજયાદેવી આ સાંભળી હત-પ્રભ બની ગયાં.' પિયુ પૂછે રે કાં ચિન્તા તુજને હુઈ' શ્રેષ્ઠી કહે: અરે, તમે શેની ચિન્તામાં ડૂબી ગયા? વિજયા દેવી પોતાના નિયમની વાત કરે છે: દેવ! શુકલપક્ષમાં મારે નિયમ છે.

પતિને કૃષ્ણપક્ષના બ્રહ્મ-પાલનનો નિયમ છે. પોતાને શુકલ પક્ષનો. પળ ભર વિજયા દેવી વિચારમાં પડી ગયાં છે. પણ ગળથૂંથીથી મળેલા ધર્મ-સંસ્કારે એમના મનને વિચારના,

સંકલ્પ-વિકલ્પના ખાડામાંથી બહાર કાઢયું. એક ક્ષણમાં જ નિર્બળતાને ખંખેરી વિજયા દેવી કહે છે : 'બાળપણમાં કીધો નિશ્ચય, શુકલપક્ષ વ્રત પાળશું; ઉભય પક્ષ હવે શિયળ પાળી, નિયમ દૂષણ ટાળશું....' હા, નિયમ લીધો હતો પણ અધૂરો લીધો હતો. સારું થયું કે, હવે મારો નિયમ કુદરતી રીતે પૂર્ણ થયો. પરમાત્માની કૃપા કે મને આવો લાભ મળ્યો !

ધર્મ કરવાની ઇચ્છા મનમાં પડેલી હોય પણ સંયોગ વશ કે અશક્તિવશ એ ન થતો હોય; પરન્તુ એવા જોગ-સંજોગ સરજાઈ જાય, જે ધર્મની પ્રાપ્તિ સુધી પહોંચાડી દે ત્યારે ધર્મ કરવાની ઇચ્છાવાળી વ્યક્તિને જરૂર આનંદ થશે.

વિજયાદેવી શું કહે છે? તુમે પરણો અવર નારી, શુકલ પક્ષ ભોગ ભોગવો; કૃષ્ણ પક્ષ નિજ નિયમ પાળી, અભિગ્રહ એમ જોગવો....' પતિને કહે છે કે, તમે બીજાં લગ્ન કરી શકો છો અને નિયમ સિવાયના કાળમાં દામ્પત્ય-સુખ અનુભવી શકો છો.

વિજય શ્રેષ્ઠી માટે બ્રહ્મચર્ય – પાલન મજબૂરી નથી પણ શૈશવથી એવા ધર્મ સંસ્કારો મળ્યા છે, જેને કારણે એ પ્રબુદ્ધ આત્મા વિષયરસ કરતાં બ્રહ્મરસને શ્રેષ્ઠ માનતો આવ્યો છે. ધર્મપત્નીને વિજય શ્રેષ્ઠી શું કહે છે? 'વિષયા રસ રે કાલકૂટ હોય જિસ્યું, તેહ છાંડી રે શિયલ સબળ અમે પાળશું.' વિષ – કાલકૂટ વિષ કરતાંય વિષય ભયંકર

છે. ઝેર ફરી ફરીને શું કરે? એકાદ જન્મને ખતમ કરે, નષ્ટ કરે. જ્યારે વિષય તો....ઓહ, કેટકેટલા જન્મોને – ઉત્તમ જન્મોને એણે ખતમ કરી નાખ્યા!

માનવનો ભવ મળ્યો હોય, પરમાત્માનું શાસન નાનપણથી રુચ્યું હોય, સદ્‌ગુરુની કૃપા વરસી હોય, જન્મને સફળ કરવાની શ્રેષ્ઠતમ તક મળી જાય — મુનિપણાને પ્રાપ્ત કરવાની બધી અનુકૂળતા મળી રહે; પણ એ વખતે વિષય–રસ વચ્ચે આવી જાય તો....? રંગમાં ભંગ એ પાડી દે. અને પછી વિષય–રસ ધર્મ–રસ કરતાંય વધી જાય તો....? ખલાસ, ફરી વાર પ્રભુનું શાસન ક્યારે મળશે તે કોણ જાણે છે? એક નહિ, અનેક જન્મોમાં ઉત્તમ તક મળવાની શક્યતા જોખમાઈ જાય.

વિજય શ્રેષ્ઠી અને વિજયા દેવી કેવું બ્રહ્મચર્ય–પાલન કરે છે? આચાર્યપ્રવર શ્રી હર્ષ કીર્તિ સૂરિ મહારાજ સજઝાયમાં કહે છે: 'એકત્ર શય્યા શયન કરતાં, ખડ્ગ ધારા વ્રત ધરે; મન વચન કાયા ધરીય શુદ્ધ, શીયલ વ્રત બેઉ આચરે....'

આવા વ્રતધારીઓની સજઝાયો કંઠસ્થ કરો. એમનાં જીવન ચરિત્રો વાંચો. જેથી જીવન નિર્મળતાના પંથે આગળ ધપતું રહે.

વિજય શેઠ અને વિજયા શેઠાણીનો વ્રત પ્રેમ અદ્વિતીય હતો. અજોડ. તમે એટલી કક્ષાએ પહોચવાનું

લક્ષ્યબિન્દુ જીવનમાં નિશ્ચિત કરો તો, થોડો વિકાસ તો તમે જરૂર કરી શકો.

### વાતાવરણમાં પ્રદૂષણો

આર્યાવર્તનું વાતાવરણ, ત્યાંની પારંપરિક સંસ્કારિતા વ્રત પાલન માટે ખૂબ અનુકૂળ હતી અને છે. પણ એ વાતાવરણ આજે પ્રદૂષણોથી અભડાઈ રહ્યું છે. પર્યાવરણ વિશેષજ્ઞો બૂમ મારી રહ્યા છે: હવા દૂષિત થઈ રહી છે. વાહનો અને ઉદ્યોગો ધૂમાડો ઓકી ઓકીને હવામાનમાં નિરન્તર પ્રદૂષણોને વધારી રહ્યા છે.

વિદેશના અમુક શહેરોમાં તો સ્કૂલના વિદ્યાર્થીઓને વ્યાયામ કરવા પર પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યો છે. કસરત કરતી વખતે શ્વાસોચ્છવાસ ઊંડા ખેંચવા પડે, પ્રાણાયમ વખતે તો ખાસ, પણ ઊંડા શ્વાસોચ્છવાસમાં જે હવા લેવાય છે તે એવી ઝેરી બની ગઈ છે કે, સ્વસ્થતા માટે ઊંડા શ્વાસોચ્છવાસ જોખમી બની ગયા છે. અને એથી ત્યાં વ્યાયામ પર પ્રતિબંધ લાદવો પડ્યો છે.

આ જ વાત આધ્યાત્મિક વાતાવરણ માટે છે. કેવાં આલંબનો આજે મળવાનાં? મહાનગરોમાં જ્યાં નજર નાખો, બીભત્સ ભીંતપત્રો દેખાવાના. ઈન્દ્રિયોને બહેકાવીને ઉન્માર્ગ ભણી દોરી જાય એવા આલંબનોની ભરમાર વચ્ચે, જો જિનવાણીનું પૂરું આલંબન નહિ હોય તો અનાદિની ટેવ માણસને ક્યાં લઈ જશે?

**ચાંપરાજ વાળાની માતા**

ચાંપરાજ વાળો બહાદૂર ક્ષત્રિય હતો. એના શૂરાતનને નજરે નીહાળનાર એક અંગ્રેજ એની વીરતા પર ઓવારી ગયો. "આવા શૂરવીરોનો હવે દુકાળ પડ્યો છે." ચાંપરાજના મૃત્યુ પછી એણે એક જગ્યાએ કહેલું. ત્યારે ત્યાં હાજર એવા એક બારોટે કહ્યું: મહાશય! ચાંપરાજ જેવા શૂરવીરો કેવી માતાની કૂખે પાકે? એવી માતાઓનો દુકાળ પડ્યો છે, પછી ચાંપરાજો ક્યાંથી પેદા થાય? આમ કહી બારોટે એક પ્રસંગ સંભળાવ્યો.

બારોટે કહેલો કિસ્સો ચાંપરાજના માતા-પિતાના જીવનની નિર્મળતા પર પ્રકાશ ફેંકતો હતો. ચાંપરાજ પારણિયે ઝૂલતો હતો ત્યારે એકવાર એના પિતાએ એની માતાને સહેજ છેડી. તરત જ એ ધર્મનિષ્ઠ ક્ષત્રિયાણી બોલી ઊઠી: લાજો, લાજો! બાળક પેદા થયા પછી પતિ-પત્ની તરીકેના આપણા સંબંધનો અન્ત આવ્યો છે. આપણે ફક્ત માતા – પિતા જ હવે છીએ.

આવી માતાઓ કેટલી?

બાળક ગર્ભમાં આવે ત્યારથી માતા અને પિતાની જવાબદારી શરૂ થઈ જાય છે. બાળકનું ઘડતર કેવું કરવું તે આખરે તો તમારા હાથમાં છે.

**મદાલસા બાળકને ઝુલાવતાં શું કહેતી?**

બાળક ગર્ભમાં આવે ત્યારથી માતા નવકાર મંત્ર ગણવાનું શરૂ કરી દે અને નવ મહિનામાં હજારો નમસ્કાર

મન્ત્ર ગણાઈ જાય તો બાળકમાં ધાર્મિક વૃત્તિ નાનપણથી જ પાંગરવા માંડે.

મદાલસા પોતાના બાળકને પારણિયે ઝૂલાવતા કહેતીઃ ત્વં શુદ્ધોસિ, બુદ્ધોસિ નિરંજનોસિ....તું શુદ્ધ છે, બુદ્ધ છે, નિરંજન છે. આવી માતાનો બાળક મહાન સંત પેદા થાય તો તેમાં શી નવાઈ?

આપણે સંબંધોની આધારશિલાની વાત કરતા હતા. જો ધર્મને જીવનમાં સ્થાન આપવામાં ન આવે તો એ સંબંધો સ્વાર્થ મૂલક જ રહેવાના.

પતિની ઇચ્છા એટલી જ હશે કે, પત્ની પોતાના પર પ્રસન્ન રહે અને....સામે પક્ષે, પત્ની પણ એ જ ઇચ્છતી હશે. પતિની પ્રસન્નતા અને ભેટ–સોગાદોનો વરસાદ. પતિને નોકરીથી પૂરું ન થાય તો ઓવર–ટાઈમ કરે...આત્માની ચિન્તાની વાત તો દૂર રહી, પતિના શરીરનીય લાગ આવે તો ચિન્તા ન હોય.

પત્નીને આપણે ત્યાં ધર્મપત્ની કહેવામાં આવી છે. જે પતિ સહિત આખા કુટુંબને ધર્મમાર્ગે વાળે તે ધર્મપત્ની

પહેલાં આવી શેઠાણીઓ હતી. શેઠ કમાઈને આવે. અને ઘણા બધા પૈસા પતિ પાસે જુએ તો એ હરખાઈ ન જાય. તરત જ પૂછેઃ નાથ! આ ધન અનીતિનું તો નથી ને? જો અનીતિનું ધન પેસી ગયું ઘરમાં, તો એ તો જશે જ. પણ સાથે નીતિ પૂર્વક કમાયેલું છે એને

પણ લઈને જશે. આવી આત્માની ચિન્તા કરનારી પત્ની તે ધર્મપત્ની.

### અનુપમા દેવીની પ્રેરણા

વસ્તુપાળ-તેજપાળ પોતાનું ધન એક જગ્યાએ દાટવા જાય છે. પહેલાં સેઈફ ડીપોઝિટનાં ખાનાંનું સ્થાન ધરતીનું હતું. દાટવા માટે ખાડો ખોદ્યો તો પુરાણા જમાનાનું કોઈએ દાટેલું ધન મળી આવ્યું!

મારે જે વાત કહેવી છે તે આ છે: ધન દાટવા પતિ અને જેઠ ગયા હતા આ સમાચારે અનુપમા દેવીને દુખ થયું. એમણે પતિને કહ્યું: આપણે નીચે જવું છે કે ઉપર જવું છે? જો નીચે જવું હોય તો જ ધનને નીચે દટાય. ઉપર જવું હોય તો ધનને ઊંચા કાર્યોમાં વાપરો. ભગવાનના ગગનચુંબી મન્દિરોના નિર્માણમાં ધનનો ઉપયોગ કરો.

આર્ય સ્ત્રી સ્વાર્થના સંકુચિત કોચલામાં સમાયેલી નારી નહોતી. મને બનારસી સાડીઓ મળી જાય એટલે બસ, આ વિચારણા એની નહોતી. પોતે જેના સાન્નિધ્યમાં વસી રહી છે, તે તમામ વ્યક્તિઓનું આ લોક અને પર-લોકમાં કેમ કલ્યાણ થાય આ જ વાત એના મગજમાં હંમેશા ઘૂમરાતી રહેતી.

### આર્યપત્નીની શીખ

તુલસીદાસનાં પત્ની પિયર ગયેલાં. પત્નીને મળવાની ઉત્કંઠાથી એક મેઘલી, અંધારી રાત્રે તુલસીદાસ સાસરે ગયા.

લક્ષ્ય સ્થિર થઈ ગયા પછી મનુષ્ય વચ્ચે આવતાં કષ્ટોને ગણકારતો નથી. સંસાર માટે તમે કંઈ ઓછું કષ્ટ સહન કરો છો? ધન માટે લોકો ક્યાંના ક્યાં પહોંચી જાય છે? પણ ધર્મ માટે કંઈક કરવાની પ્રેરણા ગુરુદેવ આપે તો...? જવાબ તૈયાર હોય છે ને તમારી પાસે? પણ એ જવાબ સાચો નથી હોતો. જીવનને ધર્મના પુરથી વાસિત બનાવવાનો ઇરાદો હોય તો એ માટે વ્યક્તિ જરૂર પુરુષાર્થ કરશે.

વતનથી હજાર માઈલ દૂર આવેલ નગરમાં બિઝનેસ ખેડવા જવા અને ત્યાં રહેવા જે તૈયાર છે એ ધર્મ માટે શો ભોગ આપવા તૈયાર છે? એને પૂછી એ કે, ભાઈ! તમે પરમાત્માનાં દર્શન-પૂજન કરો છો? તો કહેશે: મહારાજ સાહેબ! અમે રહીએ છીએ ત્યાંથી દહેરાસર બહુ દૂર છે. અર્ધો કિલોમીટર દહેરાસર છેટું હોય તો એ દૂર લાગે છે. અને હજાર માઈલ દૂર આવેલ આ બિઝનેસ સેન્ટર...? અને બિઝનેસ સેન્ટર રૂપ એ નગરમાં ય રહેઠાણથી માર્કેટ દુર હોય તો એ દુરી ખટકશે નહિ.

તુલસીદાસ અંધારી રાત્રે પહોંચી ગયા પત્નીને પીયર. અંધારી, મેઘલી રાત; રસ્તા કાચા; માર્ગ ભૂલી જવાનું જોખમ, આ બધું એ વખતે તેઓ ભૂલી ગયા. લક્ષ્ય નક્કી થયા પછી વચ્ચે આવતાં કષ્ટો ભૂલાઈ જાય છે.

તુલસીદાસનાં પત્ની ધર્મપત્ની છે. પતિને સ્નેહપૂર્વક ઠપકો આપે છે: અસ્થિ ચરમમય દેહ મમ, તામેં જેસી

પ્રીત; હોતી જો શ્રી રામ મેં, તો નહિ હોત ભવભીત.

આર્યપત્નીની કેવી શીખ છે?

'અસ્થિ ચરમમય દેહ મમ.' મારા આ દેહ પર તમે આટલો બધો મોહ કેમ રાખો છો? તમારા જેવા વિવેકી પુરુષને આવો મોહ છાજે? મારા દેહમાં શું છે? ગંદકી જ ભરી છે નરી.

મળશે આવી આર્યનારી આજે? દીવો લઈને નહિ, સર્ચલાઈટ લઈને શોધવા જાવ તો ય...! છે. જરૂર આવી મહાન નારીઓ છે આજે. અને ધાર્મિક પુરુષો પણ છે. એમના ધર્મથી તો ધરતી ટકી રહી છે! પરન્તુ એવું વાતાવરણ પેદા થઈ રહ્યું છે, જેમાં આવી નારીઓની પેઢીનો વંશવેલો પાતળો થતો જશે તેમ લાગે છે.

**બીજું બધું MISS કરશો તો ચાલશે, પણ...**

હમણાં જ ક્યાંક વાંચ્યું હતું એક વાક્ય. કુમારિકાઓને ઉદ્દેશીને લખાયેલું એ વાક્ય નાનકડું હોવા છતાં બહુ અર્થસભર હતું. "બહેન! MISS! તમે બીજું બધું miss કરશો તો (ચૂકી જશો તો) ચાલશે, પણ સદાચાર miss કરશો તો તમારા માટે એ ઘાતક નીવડશે."

તુલસીદાસનાં પત્ની પતિને શું કહે છે? મારામાં જેટલી પ્રીત તમારી છે, એટલી જો ભગવાનમાં હોત તો જનમ-મરણના ફેરા ટળી જાત! 'તો નહિ હોત ભવભીત.'

**મન્ત્ર અને પ્રતિમન્ત્ર**

દેહ સુધી જ દૃષ્ટિ સીમિત રહે તો આધ્યાત્મિક વિકાસ ઘણો દુર છે. અહં મમેતિ મન્ત્રોયં મોહસ્ય જગદાન્ધ્યકૃત્.' હું એટલે દેહ, દૃષ્ટિનો વ્યાપ જો આટલો જ હોય તો, ગ્રન્થકાર મહાપુરુષ કહે છે, તમે મોહની દુનિયામાં છો. !

હું એટલે દેહ, અને ભૌતિક પદાર્થો એ મારી માલિકીની વસ્તુઓ; આ એક એવો ઘેરાવ છે જેણે વ્યક્તિને, અગણિત સમયથી, એક સંકુચિત કુંડાળામાંથી બહાર જવા નથી દીધી.

'હું એટલે દેહ' આ મોહનો મન્ત્ર. 'મારી માલિકીની વસ્તુઓ એટલે બંગલો, કાર, પરિવાર...આ પણ મોહનો જ મન્ત્ર.

મન્ત્રોની દુનિયામાં એક નિયમ હોય છે. એક મન્ત્ર હોય. પણ એની અસરને નાબૂદ કરનાર પ્રતિમન્ત્ર, વિરોધી મન્ત્ર પણ હોય.

મોહનાં મન્ત્રની અસરને ધોઈ નાખનાર કોઈ પ્રતિ-મન્ત્ર ખરો કે નહિ ?

ગ્રન્થકાર મહાપુરુષ કહે છે: 'અયમેવ હિ નઞ્-પૂર્વ: પ્રતિમન્ત્રોપિ મોહજિત્' મન્ત્રને પ્રતિમન્ત્રમાં બદલવાની વિધિ બહુ સરળ છે. મન્ત્રને નિષેધવાચક બનાવી દેવાનો બસ, કામ પતી ગયું ! 'હું એટલે દેહ નહિ. દેહ ના નાશે

પણ ન નષ્ટ થનાર આત્મા તે હું.' આ પ્રતિમન્ત્ર. મારી માલિકીના પદાર્થોમાં બંગલો નહિ, કાર નહિ, દોલત નહિ; જ્ઞાન એ મારો ગુણ, દર્શન એ મારો ગુણ...આ પ્રતિમન્ત્ર.

મોહના મન્ત્રનું રટણ તો ખૂબ કર્યું. એકાદ જન્મમાં નહિ, અનંતા જન્મોથી એ રટણ કરતો આવ્યો છે આત્મા. હવે પ્રતિમન્ત્રનો જપ કરો.

[૧૦]

# અદ્વિતીય આનંદલોકની સફરે

शुद्धात्मद्रव्यमेवाहं
शुद्धं ज्ञानं गुणो मम ।
नान्योहं न ममान्येचे
त्यदो मोहास्त्रमुल्बणम् ॥

આત્મસ્વરૂપનું ભાન થયા પછી, સ્વભાવ-રમણતામાં સ્થિર થયા પછી, જે આનંદની અનુભૂતિ થાય છે; તે ખરેખર શબ્દાતીત હોય છે. શબ્દો એ ભૂમિકાનો ખ્યાલ આપવા માટે ટોટલી (TOTALLY) અસમર્થ હોય છે.

પૂજ્ય પદ્મ વિજય મહારાજ 'નવપદ પૂજા'માં કહે છે : જ્ઞાન ધ્યાન કિરિયા સાધંતા, કાઢે પૂર્વનાં કાળ...૮૪ લાખ વર્ષ ગુણ્યા ૮૪ લાખ વર્ષ બરોબર એક પૂર્વ. આવા

પૂર્વોના પૂર્વો સુધી આત્માનુભૂતિવાળા મુનિરાજ આનંદ-રસમાં ઝીલ્યા કરે છે. 'આનંદ, આનંદ, નિરવધિ આનંદ...' આ સિવાય બીજા કોઈ શબ્દો એ ભૂમિકાને સૂચવી શકે તેમ નથી.

પૂજ્યપાદ મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજય મહારાજાકૃત નવપદની પૂજામાં મુનિરાજના અદ્વિતીય આનન્દની પૃષ્ઠ ભૂમિકા-બેક ગ્રાઉન્ડ આ રીતે દર્શાવવામાં આવી છે: જે રમ્યા શુદ્ધ સ્વરૂપ રમણે, દેહ નિર્મમ નિર્મદા; કાઉસ્સગ્ગ મુદ્રા, ધીર આસન, ધ્યાન અભ્યાસી સદા; તપ તેજ દીપે, કર્મ ઝીપે, નૈવ છીપે પર ભણી; મુનિરાજ કરુણા સિન્ધુ ત્રિભુવન બન્ધુ પ્રણમું હિત ભણી...

આ પૃષ્ઠ ભૂમિકાને જરા વિગતવાર જોઈ જઈએ. મુનિરાજ જે આનન્દલોક ના સ્વામી છે, એ આનંદલોકમાં તમારે ય પ્રવેશ કરવો છે ને?

## શુદ્ધ સ્વરૂપ રમણતા

'જે રમ્યા શુદ્ધ સ્વરૂપ રમણે.' અશુદ્ધ સ્વરૂપમાં તો આત્મા અનાદિકાળથી રમતો આવ્યો છે અને રમી રહ્યો છે; હવે શુદ્ધ સ્વરૂપમાં રમવું છે.

અત્યારની ભૂમિકાએ તમારે એ ચિન્તન કરવું જોઈએ કે, મોટી મોટી અશુદ્ધિઓ શી રીતે ટળે? એક અશુદ્ધિ પરિગ્રહ સંજ્ઞાને કારણે ઉદ્ભવેલી છે: ધન પર વધુ પડતી મૂર્છા. અતિલોભ. દાનના સંસ્કાર વડે આ અશુદ્ધિને દુર

કરી શકાય. લક્ષ્મી દાનથી સોહે છે.

કંજુસ પાસેય પૈસા છે. દાનવીર પાસે પણ પૈસા છે, કંજુસ લક્ષ્મીદાસ છે. દાનવીર શ્રીપતિ–લક્ષ્મીનો પતિ છે.

**કથા કંજુસની**

એક હિન્દુ કથાકારે સરસ કૉમેન્ટ એક જગ્યાએ કરેલી. એમણે કહ્યું : જે લોકો કંજુસ છે અને લક્ષ્મીને તિજોરીમાં પૂરી રાખે છે તેમણે સમજવું જોઈએ કે, 'ઉપર' ગયા પછી એમની હાલત કફોડી થઈ જવાની છે. કારણ કે લક્ષ્મી એટલે વિષ્ણુ ભગવાનનાં પત્ની. સામાન્ય માણસ પણ પોતાની સ્ત્રીનું અપમાન નથી સાંખી શકતો તો આ તો ભગવાન છે! એ લાલ આંખ કરીને નહિ કહે કે અલ્યા! તેં ગત જન્મમાં શું કર્યું'' તું? મારી પત્નીને ગોંધી રાખી' તી ને....?

કંજુસને આપવાના નામથી ધ્રુજારી છૂટે છે. એક કંજુસ એક વખત જઈ રહ્યો હતો. મશગુલ હશે ઉઘરાણી –પા– ઘરાણીના વિચારમાં. રસ્તામાં આવ્યો એક ખાડો. વરસાદના પાણીથી ભરાયેલો. પેલા ભાઈ વિચારમાં એવા લીન હતા કે, ખાડો આવ્યો તેનો ખ્યાલ રહ્યો જ નહિ.

એક ગુજરાતી સુભાષિતકારે સરસ કહ્યું છે : નીચું જોઈને ચાલતાં, ત્રણ ગુણ મોટાં થાય; કાંટો ટળે દયા પળે, પગ પણ નવિ ખરડાય.... શહેરમાં કાંટાનો ત્રાસ ન હોય તોય કેળાની છાલનો તો છે જ. સિનેમાના પોસ્ટરો સામે આંખો ફાડી ફાડીને ભાઇ સાહેબ જોતા હોય ને ત્યાં નીચે

કેળાંની છાલ આવતાં પગ લસરે તો જોઇ લો મઝા! ધરતી માતાને સાષ્ટાંગ નમસ્કાર થઈ જાય! અને આજુ-બાજુ વાળાઓને વગર પૈસે 'ફિલમ' જોવા મળી જાય!

શાસ્ત્રીય મર્યાદાનું પાલન થાય, ઇર્યાસમિતિનું અનુ-સરણ થાય તો કોઈની મજાકના ભોગ ન બનવું પડે અને અહિંસાના પાલનથી મોટો લાભ મળે.

પેલા કંજુસ ભાઈ ધૂનમાં જઇ રહ્યા હતા. ત્યાં આવ્યો ખાડો અને પડયા એ ખાડામાં! નીકળવા માટે મહેનત કરી પણ નીકળાય તેવું નહોતું.

ત્યાં જ સદ્ભાગ્યે એક સદ્ગૃહસ્થ ત્યાંથી નીકળ્યા. સદ્ગૃહસ્થ કોને કહેવાય? સૂટેડ-બૂટેડ થયા કે બગલાની પાંખ જેવા કપડાં પહેર્યા એટલે સદ્ગૃહસ્થ થઈ ગયા એવું ન માનતા! બીજાનું દુખ જોઈ જેનું હૃદય દ્રવે તે સદ્-ગૃહસ્થ. પેલા સદ્ગૃહસ્થે કંજૂસને ખાડામાં પડેલો જોયો કે તરત જ એમના હૈયે કરુણા જાગી. તરત જ એ ખાડા પાસે આવ્યા અને પેલાને કહે: લાવો, ભાઈ! તમારા હાથ આપો! હું તમને બહાર કાઢું. પણ કંજુસ કાકા હાથ ન આપે.

સદ્ગૃહસ્થને આશ્ચર્ય થયું. આ ભાઇ હાથ કાં ન આપે? એ હાથ આપે તો હું ખેંચીને એમને બહાર કાઢું. બીજીવાર અપીલ કરી. નિષ્ફળ. ત્રીજીવાર પણ એ જ દશા.

ત્યાં જ બાજુમાંથી કંજૂસના પડોશી નીકળ્યા રામ-

લાલકાકા. પરિસ્થિતિનો તાગ મેળવી એમણે સદ્ગૃહસ્થને કહ્યું : ભલા માણસ! તમે અમારા આ કંજૂસ કાકાને નથી ઓળખતા. આપવાનું કામ આખી જીંદગીમાં એમણે નથી કર્યું તો અત્યારે શી રીતે કરે? તમારે એમને કાઢવા જ હોય તો કહો કે, લ્યો મારો આ હાથ. તો તરત તમારો હાથ લેશે અને બહાર નીકળી શકશે. પેલા સદ્ગૃહસ્થે એમ કહેતાં કંજુસ કાકાએ તરત એમનો હાથ પકડ્યો.

લેવાનું આત્મા અનાદિ કાળથી શીખતો આવ્યો છે. આપવાનું હવે શીખવાનું છે. 'ધર્મસ્ય આદિપદં દાનમ્'. ધર્મનું પહેલું પગથિયું દાન છે.

તો, પરિગ્રહની અશુદ્ધિ દાનથી ધોવાઈ જાય. આહાર સંજ્ઞાની અશુદ્ધિ ટાળવા માટે તપ છે. વાસનાથી પેદા થયેલ અશુદ્ધિને ટાળવા બ્રહ્મચર્ય....

જેમ જેમ અશુદ્ધિ ટળતી જશે અને જીવન નિર્મળ બનતું જશે તેમ તેમ વધુ નિર્મળ જીવન માટેની સ્પૃહા અંદરથી ઉગ્યા કરશે. અને એમ કરતાં એક દિવસ એવો આવશે જ્યારે તમે શુદ્ધ સ્વરૂપમાં રમણતા પ્રાપ્ત કરશો.

### દેહ પરની મમતાનો ત્યાગ

મુનિરાજની અણમોલ ગુણસંપદાનું બીજું મહામૂલું રત્ન છે દેહ પર નિર્મમત્વ. દેહ તો સાધન છે સંયમયાત્રા માટેનું. એના પર રાગ કેવો ને મમતા કેવી?

કારનું મોડેલ સરસ હોય, રંગ-રોગાન ઉડીને આંખે

વળગે તેવો હોય પણ જો મશીન ખોટવાયેલું હોય તો ? બીજી કાર દેખાવમાં ભંગાર છે, પણ દોડવામાં તેજ છે, અધ વચ્ચે અટકે નહિ તેવી; તમે એમાંથી કઈ કારને પસંદ કરશો, યાત્રા માટે ?

અહીં ગાડી સાધન છે. સાધ્ય છે કોઈ તીર્થસ્થળ. જ્યાં જાવા તમે ઇચ્છો છો. સાધન તેને કહેવાય, જે સાધ્ય અને આપણા વચ્ચે રહેલા અન્તરને ઘટાડે.

સાધનમાં રૂપ-રંગ નહિ જોવાના. સાધનમાં સાધ્યને પ્રાપ્ત કરાવવાની ક્ષમતા છે કે નહિ તે જોવાનું.

આ દૃષ્ટિકોણથી જોઈશું તો તરત સમજાશે કે, રૂપાળું શરીર જ માત્ર સારું નહિ; પણ જેનાથી વધુ સાધના થાય તે શરીર સારું.

## તો બંદૂકને ઉપાડીને ફરવાનો શો અર્થ ?

ચોકીદારને શેઠે નવી નકોર બંદૂક લાવી આપી. બંદૂકને રોજ ચોકીદાર કપડાંથી લૂછે અને એને ખભે લટકાવી રોફ જમાવે. એક દિવસ રાત્રે ચોર આવ્યા. ચોકીદારે હોકારા-પડકારા કર્યા પણ ચોર હોંકારા ને કંઈ ગાંઠે ? એ તો શેઠની તીજોરી સાફ કરીને જ ગયા.

ચોરોના ગયા પછી ચોકીદાર શેઠ પાસે ગયો. બંદૂકને બરોબર ખભે લગાવીને. શેઠની નજર એના તરફ પડતાં ગુસ્સામાં ધૂંધવાઈ ને તેઓ બોલ્યા : તારી બંદૂકની પૂજા કર હવે ! ગમાર ! બંદૂક આવા વખતે સ્વ-રક્ષણમાં કામ

ન આવે તો એને આખો દિવસ ઉપાડીને ફર્યા કરવાનો શો અર્થ ?

જે વાત બંદૂકની, તે વાત શરીરની. જો ખરે ટાણે કામમાં ન આવે તો એ શરીર શા કામનું ? શરીરથી નિરપેક્ષ બનેલા મહાત્માઓ પણ ગોચરીએ જતા. સ્વાધ્યાય અને અધ્યયનમાં જેમને અપૂર્વ આનન્દ મળતો, એ મહામુનિઓ પણ ભીક્ષાચર્યાએ જતા. કેમ ? શરીર આરાધનામાં સહાય આપે છે, તો એવા શરીરને આહાર આપવો.

ધન્ના અણગારની મહાન તપશ્ચર્યા

ધન્ના અણગાર દીક્ષા પછી તરત પ્રભુ મહાવીર પાસે અભિગ્રહ ધારણ કરે છે : 'છઠ તપ આંબિલ પારણે રે, કરવો જાવજ્જીવ.' છઠનો તપ અને પારણે આયંબિલ.

આયંબિલમાં પણ કેવો આહાર ?

'માખી ન વંછે તેહવો.' એવો નીરસ આહાર કે જેના પર માખી પણ બેસવાનું પસંદ ન કરે.

દેહ પરની કેવી નિર્મમતા !

ધન્ના અણગારની વાત સાંભળ્યા પછી રસાસ્વાદ પર કાપ મૂકવાનું મન થવું જોઈએ. મહામુનિઓ કેવા ચાલાક કે અરસ, નીરસ આહાર શરીરને આપીને પણ કસ બરોબર કાઢતા કાયાનો. અત્યારના લોકો તો શરીરને પંપાળે એટલું જ. તપશ્ચર્યાની વાત કરો તો....! સાધના માટે દેહનો ઉપયોગ કેટલો ?

શ્રેણિક રાજાએ પ્રભુ મહાવીરને પૂછ્યું : સ્વામી! આપના ચૌદ હજાર મુનિઓમાં અત્યારે ઉત્કૃષ્ટ પરિણામ વાળા મુનિ કોણ? ત્રિલોકગુરુ પ્રભુએ કહ્યું : રાજન્! ધન્ના અણગાર સહુથી શ્રેષ્ઠ પરિણામવાળા છે. જેવી ઉગ્ર તપશ્ચર્યા એવી જ ઉગ્ર સાધના. ઉંડી જ્ઞાનદૃષ્ટિ સાથેની તપશ્ચર્યા.

કેવો ગુણાનુરાગ હતો એ મહામુનિઓમાં? ચૌદ હજારમાંથી પ્રભુએ ધન્ના અણગારને પહેલા નંબરમાં મૂકયા; બીજાઓને ખોટું લાગે કે નહિ? ના, બધા ગુણાનુરાગી હતા. બધા ધન્ના અણગારની પ્રશંસા કરવા લાગ્યા.

આજે સભામાં બેઠેલા પાંચસો હજાર આરાધકોમાંથી એક આરાધકની પ્રશંસા, અનુમોદના કરવામાં આવે તો....? દશ જણે અઠ્ઠાઈ કરી હોય, એમાં નવ જણે તો ઊંઘી ઊંઘીને જ પૂરી કરી હોય અને એક જણે અપ્રમત્ત રીતે આરાધના અઠ્ઠાઈમાં કરી હોય અને ગુરુ મહારાજ એ અપ્રમત્ત તપશ્ચર્યાવાળાની પ્રશંસા કરે ત્યારે આખા સભાગૃહના આનંદમાં પેલા નવ અઠ્ઠાઈવાળા જોડાયા હોય ને, કે....? "જોયું? પેલા ભાઈ બાપજીની બહુ સેવા કરે છે, માટે વ્યાખ્યાનમાં એમની પ્રશંસા કરી. આપણો તો ભાવે નથી પૂછાતો." આવો જ ભાવ કદાચ મનમાં ઘૂમરાતો હોય.

## અહં મુક્તિ

મુનિરાજ જે ગુણોના સહારે આનન્દ-સામ્રાજ્યમાં

પ્રવેશ કરે છે, તે ગુણોની ઝાંખી આપણે કરી રહ્યા છીએ. ત્રીજો ગુણ છે અહમ્‌થી ઉપર ઉઠવાપણું નિરહંકારિતા.

સાધના અને અહંકાર સામસામા છેડા છે. અહમ્ હોય ત્યાં સાધના કેવી? સાધના હોય ત્યાં અહમ્ કેવું?

## દશાર્ણભદ્ર : અહમ્ પણ તારક!

દશાર્ણભદ્ર રાજા ભગવાનને વન્દન કરવા જાય છે. ઠાઠમાઠ પૂર્વક. ભગવાનને વન્દન કરવા જવું છે. ત્રણ લોકના નાથને ભેટવા જવું છે. સરસ ઉદ્દેશ છે. પણ ત્યાં અહમ્ આવી ગયો. 'એવી સામગ્રી લઈ ને એવા ઠાઠમાઠથી જઉં કે કોઈ એ રીતે ન ગયું હોય.'

ત્રણ લોકના ધણી આગળ આપણે કોણ? પણ જનમ-જનમમાં રખડપટ્ટી કરીને આજે એક બે બંગલા કે કારના માલિક બનેલ આ મનુષ્યની આંખો આડે આવી જાય છે. અરે ભાઈ! કઈ મૂડી પર આ અભિમાન? આ તો ચાર દિવસની ચાંદની. ફેર એ જ અંધારી રાત છે. નરક-તિર્યંચના અવતારમાં અહમ્ મનુષ્યને ઉંચકશે નહિ જ. એ નીચે જ પાડશે. અહમ્‌થી ઉપર ઊઠેલો જ ઉંચકાશે.

દશાર્ણભદ્ર રાજાના અહમ્‌ને તોડવા ઈન્દ્ર મહારાજા એવા ઠાઠથી વન્દનયાત્રા કાઢે છે, જેની શોભા જોઈ દશાર્ણ-ભદ્ર રાજા ઠરી જાય છે.

અહમ્‌ની આ જ તો મોકાણ છે ને! મતગણતરી ચાલતી હોય ને એક ઉમેદવાર જીતમાં લાગતો હોય, તેના

પ્રસંશકો ફૂલહારની ને બેન્ડવાજાની વરધી આપીને આવ્યા હોય અને ત્યાં છેલ્લે સમયે બીજી પેટીઓમાંથી સાપને બદલે છછૂંદર નીકળે તો જોઈ લો પેલા ભાઇનું મોઢું ફોટો પાડવા જેવું થાય તે! હર્ષના મોજાની ટોચે ગયેલ એમની હૃદય–નાવ શોકના તળિયે આવી જાય.

દશાર્ણભદ્ર રાજા વિવેકી છે. તરત સમજી ગયા. 'કેવો મારો અવિવેક, કે અહીં હું મારા અહમ્‌નુ પ્રદર્શન કરવા નીકળી પડયો !' પરમાત્માના ચરણે અહમ્‌ની ભેટ ધરી દીધી એમણે ! 'હું પ્રભુ તારો....' પ્રભુ ! હું આપનો છું. આપનું જ શરણ છે મારે. અહમ્‌ને ઓગાળી દીધું.

સાધના માર્ગે એવી તો દોડ મૂકી દશાર્ણભદ્ર રાજાએ કે મુનિવેષમાં સોહતા તેમના ચરણે નમી ઈન્દ્ર કહે છે : ભગવન્ ! તમે તરી ગયા.... અહમ્ પણ દશાર્ણભદ્ર માટે તારક બન્યું. અહમ્‌માંથી અહંમુક્તિના માર્ગે કેટલા ઝડપથી તેઓ આગળ વધી ગયા ! આપણેય પ્રભુને ચરણે આપણું અહમ્ ચડાવી દઈએ વિસર્જિત કરી દઈએ. તો કેવું સારુ !

## મુદ્રા, આસન, ધ્યાનાભ્યાસ

મુનિરાજના ગુણવૈભવની વાત ચાલી રહી છે. કાઉસ્સગ્ગ મુદ્રા ધીર આસન ધ્યાન અભ્યાસી સદા....' અખૂટ આનંદની દુનિયામાં પ્રવેશવાનાં જે દ્વારો છે તે પૈકીના એકનું નામ છે ધ્યાન. કાઉસ્સગ્ગ મુદ્રાએ ધ્યાનમાં ઊંડા ઉતરેલ મુનિરાજનાં દર્શન કરો તો ખ્યાલ આવે કે, ધ્યાન

એટલે શું ?

કાઉસ્સગ્ગ કરો છો ત્યારે શું બોલો છો ? 'ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ.' સ્થાન, મૌન અને ધ્યાન પૂર્વક કાઉસ્સગ્ગ કરવાનો છે. શરીર નિશ્ચલ, અકમ્પ ખડું હોય કાઉસ્સગ્ગ મુદ્રામાં. મૌનનું ખંભાતી તાળું મોઢે લાગી ગયું હોય. મન ધ્યાનમાં લાગેલ હોય. મન, વચન, કાયા ત્રણે ધ્યાનમાં એકાકાર બન્યા હોય. મુદ્રા, આસન અને ધ્યાનને પરસ્પર સંબંધ છે. કાઉસ્સગ્ગ મુદ્રા અને પદ્માસન જેવા આસનો જગત જોડેના આપણા સંબંધના દરવાજાને બંધ કરે છે. અને એ દ્વાર બંધ થાય છે ત્યારે જ અંદરનું દ્વાર-ધ્યાનનું દ્વાર ખુલે છે.

ધ્યાન માટે શ્રેષ્ઠ આલંબન : પ્રભુની મૂર્તિ

ધ્યાન માટે શ્રેષ્ઠ આલંબન છે પરમાત્માની મૂર્તિ. 'જિન પડિમા જિન સારિખી.' ભક્ત માટે મૂર્તિ સાક્ષાત્ પરમાત્મા જ છે. પૂજ્ય જ્ઞાન વિમલ સૂરિ મહારાજ જિન સ્તવનામાં કહે છે : જિણ પરે દેશના દેયતાં એ, સમરું મનમાં તેહ; પ્રભુ ! તુમ દરિસને એ....' ભગવાનની મૂર્તિનાં દર્શન કરતી વખતે સમવસરણમાં બિરાજમાન પ્રભુની સ્મૃતિ ઊઠે છે હૃદયમાં. મેઘગંભીર અવાજે, પ્રભુ દેશના આપી રહ્યા છે. ભગવાનની વાણી.... 'મીઠી હો પ્રભુ ! મીઠી તારી વાણ, લાગે હો પ્રભુ ! લાગે જેસી શેરડીજી....

'તુજ મુખ મુદ્રા ભાવતાં એ, વિચરતા જિનરાજ,

પરે તે સાંભરે એ....' પ્રભુની મુખ મુદ્રાનું દર્શન થતાં જ સોનાનાં કમળો પર વિહરી રહેલા પરમાત્મા યાદ આવે.

ભગવાનનાં દર્શન થતાં આવી ચિત્તની એકાકારતા પ્રગટે તો મિથ્યાત્વ ભાગી જાય. 'તુમ દરિસનથી ઉજલું એ, સમકિત વીસવાવીસ, લહ્યું મેં કલિયુગે એ....'

પ્રભુનું દર્શન ન થયું માટે તો સંસારની આ હેરાફેરી મટી નહિ. ભવભ્રમણા મીટાવવા જોઈએ પરમાત્મ-દર્શન. જોઈએ પરમાત્મ-કૃપા. 'તુમ દરિસન વિણ હું ભમ્યો એ, કાળ અનંત અનંત, કૃપા હવે કીજિએ એ....'

### તપની દીપ્તિ

મુનિરાજના ચહેરા પર દીપ્તિ, ચમક હોય છે પણ એ દૂધ, ઘીની નથી; તપની છે! 'તપ તેજ દીપે.'

સંસારી માણસ લાલ ગાલ રાખતો હોય છે; પણ એ તમાચો મારીને! જ્યારે તપનું તેજ અંદરથી ઉદ્ભવેલું છે.

બહાર તો મહાશય છાતી ફૂલાવીને ફરતાં હોય. અને નોકરોને ધમકાવતાં હોય ત્યારે વાઘની ગર્જના યાદ આવી જાય સાંભળનારને. પણ એ જ મહાશય ઘરે શ્રીમતી-જીના વાક્પ્રહારો નતમસ્તકે સાંભળતા હોય ત્યારે થાય કે, પેલી ગર્જનાનું અકાળે અવસાન થઈ ગયું! તમાચાનો પાવર ખલાસ થઈ ગયો! હવે ફરી બેટરી ચાર્જ કરવી પડશે.... અલબત્ત, બહાર જઈને!

'તપ તેજ દીપે, કર્મ ઝીપે' મુનિરાજ તપશ્ચર્યા દ્વારા

કર્મોનાં ભૂક્કા બોલાવવા માંગે છે. 'કર્મ નિકાચિત પણ ક્ષય જાયે....'

તપની ટૂંકી વ્યાખ્યા નવપદ પૂજામાં આ રીતે અપાઈ છે : 'ઈચ્છારોધન તપ નમો.' કામનાની પૂરપાટ જતી ગાડી પર બ્રેક મારવી એનું નામ તપ.

**કૂતરાં તો છુટ્ટાં છે, ને પથરા બાંધેલા !**

ગામડા ગામમાં રહેતા મુલ્લાજી શહેરમાં ગયા. અજાણ્યા માણસને જોઈને કૂતરાઓ તેમનું 'સ્વાગત' કરવા સામે દોડ્યા. મુલ્લાજીને કૂતરાઓનું 'સ્વાગત' નહોતુ જોઈતું. એટલે એમને હટાવવા, સ્વરક્ષા માટેનો ઉપાય શોધવા મુલ્લાજીએ આજુબાજુ જોયું. પણ શહેરના ડામરના રોડો પર એકે પથરો કે કાંકરો દેખાય નહિ. ડામરના 'રીસર-ફેઈસ્ડ' કરવાની જરૂરવાળા ઉબડ–ખાબડ રોડ પર કાંકરીઓ દેખાય, પણ એ તો ડામર જોડે ચોંટી ગયેલી; એટલે હાથમાં શેની આવે ?

ત્યાં જ નજીકમાં રહેતો એક માણસ મુલ્લાજીની વહારે ધાયો. તેણે કૂતરાંને કાઢી મૂક્યાં. મુલ્લાજી આગળ જઈ સ્વગત બબડ્યા : ખરા છે આ શહેરીઓ ! કૂતરાંને તો છુટ્ટાં રાખે છે અને પથરાને બાંધી રાખે છે !

ભોગોના કૂતરાં છુટ્ટાં છે. અનિયન્ત્રિત. હાઉ–હાઉ કરી ખાઈ જવા તૈયાર. પણ એમના પર બ્રેક લગાવનાર તપ હાથવગો નથી ! શું થશે આ ભોગીઓનું ?

આજે ચૌદશ છે. કારણ કે...

આજે આઠમ-ચૌદશની ઓળખાણ રહી છે? બહેનો ધાર્મિક વૃત્તિની હોય તો તેઓ આઠમ-ચૌદશે લીલું શાક ન કરે. અને ભાણામાં લીલું શાક ન આવે એટલે અમારા આ 'ધર્મપ્રિય' શ્રોતાઓ અનુમાન કરે કે આજે કાંઈક તિથિ હશે....બાકી બહેનોમાં ધાર્મિક વૃત્તિ જે ઘરોમાં ઓછી હોય ત્યાં આઠમ-ચૌદશ કેલેન્ડરના ડટ્ટાને કે પંચાંગના પાનાને જ આવે; અમારા આ મહાનુભાવોને નહિ!

ભક્ષ્યાભક્ષ્યનો વિવેક પણ ઓછો થવા લાગ્યો છે. ઘણી વખત વહોરવા જઈએ-સરપ્રાઈઝ વિઝિટ રૂપે-ત્યારે બટાકા, ડુંગળી પડેલાં દેખાઈ જાય. હા, પહેલાંથી ખ્યાલ આવી જાય કે, મહારાજ સાહેબ વહોરવા પધાર્યા છે. તો તે ઢાંકી-ઢબૂરી નાખે. પણ અચાનક વહોરવા ચઢી જઈએ, પૂર્વ ખબર વગર, ત્યારે તમારી પોલ ખુલ્લી થઈ જાય!

એક જગ્યાએ એક મુનિરાજ વહોરવા ગયેલ. બહેનના હાથ કાચા પાણીવાળા હતા એટલે એમણે ભાઈને બોલાવ્યા: જરા મહારાજ સાહેબને વહોરાવજો ને....!

પેલા ભાઈ વહોરાવવા માંડ્યા. શાકની તપેલીનું છીબું ભાઈ ખોલવા જતા'તા ત્યાં બાઈ કહે: ના, ના. એ નહિ ખોલતાં! બટાકાનું શાક રાંધેલું હતું!

બહેન જો ધર્મપ્રિય હોય તો એ ઘરમાં ધર્મ-સંસ્કારનું

વાતાવરણ રાખી શકે. બાળકોને પણ નાનપણથી સંસ્કારો આપી શકે. બેટા! આપણાથી આ ન ખવાય. આપણાથી આમ ન કરાય....

પર-રમણતાનો ત્યાગ

'નૈવ છીપે પર ભણી.' બહિર્વૃત્તિથી સંપૂર્ણ રીતે પર બનેલા છે મુનિરાજ. પરરમણતા ક્યારે ટળે? તત્ત્વ-રમણતા પ્રગટે ત્યારે. 'ચારિત્ર ગુણ વળી વળી નમો, તત્ત્વરમણ જસ મૂલોજી.' મૂળમાં તત્ત્વ-રમણતા જોઈએ.

પ્રશમરતિ પ્રકરણમાં પૂજ્યપાદ ઉમાસ્વાતિ મહારાજે કહ્યું છે: 'સંયમયોગૈરાત્મા નિરન્તરં વ્યાપૃતઃ કાર્યઃ' સંયમના યોગો વડે નિરન્તર, અહોનિશ, આત્માને ભાવિત રાખવો.

'પરનું ચિન્તન તો ખૂબ કર્યું; શરીરનું ને બંગલાનું ને મોટરનું ને કંઈ કેટલાય પદાર્થોનું; હવે 'સ્વ'નું ચિન્તન કરવું છે.

હું કોણ? મોટામાં મોટું અજ્ઞાન આ વિષયનું છે.

ગ્રન્થકાર મહર્ષિ કહે છે: 'શુદ્ધાત્મદ્રવ્યમેવાહં.' હું કોણ? શુદ્ધ આત્મ દ્રવ્ય તે હું. દેહ તો એના નિવાસનું સ્થાન માત્ર છે. દેહમાં હું પણાની બુદ્ધિ એ મોટામાં મોટું અજ્ઞાન છે. એ અજ્ઞાન ટળી જાય તો દેહને ખાતર થતું ઘણું પાપ ઓછું થઈ જાય.

ભાડાના ઘરમાં તમે રહેતા હો તો એને ટિપટોપ

બનાવવાનો વિચાર તમને નહિ આવે. કારણ કે એ તમારું નથી. દેહને પણ આપણે પુણ્યના ભાડે થોડા સમય માટે લીધેલ છે. ભાડાના આ ઘરની—દેહની આટલી બધી માવજત શા માટે ?

## ડિઝાઈન રોજ નવી શી રીતે લાવવી ?

અમેરિકી પ્રમુખ જહોન કેનેડીનાં પત્ની જેકવેલીન એક વખત પહેરેલો પોષાક બીજી વાર ન પહેરતાં. પોષાક જ માત્ર નવો નહિ; ડિઝાઈન પણ અલગ-અલગ જોઈએ. એ માટે એક દરજી હેલિકોપ્ટરમાં જુદા જુદા નગરોમાં ફર્યા કરતો. અને નવી નવી ડીઝાઈનો જોઈ, કલ્પી, દરજી-ઓની એક ટીમને તે સમજાવતો. જે ટીમ નવાં નવાં વસ્ત્ર બનાવ્યે જતી.

ભર ઉનાળામાં પણ સૂટેડ-બૂટેડ મહાશયને જોઈને અમને તો દયા આવી જાય ! બિચારો ! અંદરથી ગરમીથી પરેશાન થઈ રહ્યો હોય પણ શું થાય ? વસ્ત્રો જ સ્ટેટસ-સિમ્બોલ બની ગયાં છે ત્યાં !

કેવી પરાધીનતા !

પાર્ટીમાં જવા એક અપટુડેટ બહેન તૈયાર થઈ રહ્યાં છે. પણ 'મેચિંગ' બરોબર જામતું નથી ! બહારથી એમનાં પતિ પૂછ્યા કરે : હવે કેટલી વાર ? હવે કેટલી વાર ? બહેન કહે : બસ, આ બે મિનીટ....

મિનીટ કાંટો ઘડિયાળના આખા ચંદા-ડાયલ પર

ફરી વળ્યો. કલાક થઈ. પણ બહેનની બે મિનીટ પૂરી ન થઈ. પતિદેવ કંટાળી ગયા. "હવે કેટલી વાર ?"નો મન્ત્ર તેમણે ફરી વાર રટયો.

રૂમમાંથી પ્રતિમન્ત્રનો ઘોષ, શ્રીમતીજીના રોષયુક્ત વદનથી નીકળેલો, સંભળાયો : એક કલાકથી તો કહ્યા કરું છું કે, બે મિનીટમાં તૈયાર થાઉં છું, બે મિનીટમાં તૈયાર થાઉં છું તોય પૂછ્યા જ કરો છો, પૂછ્યા જ કરો છો. ઘણો સમય તો તમે બગાડો છો, પૂછ–પૂછ કરીને !

એક પ્રશ્ન પૂછું તમને ? આ વસ્ત્રો તમે પહેરો છો તે તમારા માટે કે....બીજાઓ માટે ? સરસ મજાનાં વસ્ત્ર બનાવ્યાં. પછી એ પહેરીને તમે બહાર નીકળો છો. એક મિત્ર મળે છે. "અરે, આ શું પહેર્યું ? ભલા માણસ, તમે તો કઈ દુનિયામાં રહો છો ? બાવા આદમના જમાનાની આ ફેશન ક્યાંથી લાવ્યા ?" બીજા બે–ચાર મિત્રો પેલા મિત્રની વાતમાં ટાપસી પૂરાવે છે. અને તમારો બધો ઉમંગ હવા થઈ જાય છે. હવે તમારા મનમાં ઘરે પહોંચવાની ચટપટી હોય છે. 'ક્યારે ઘરે જાઉં અને આ વસ્ત્રો બદલાવી નાખું !'

પરરમણતા, પરમુખપ્રેક્ષિતા જેટલી વધુ એટલું દુખ વધુ એ સૂત્ર સમજાય છે ? મુનિરાજ કેવા છે ? 'નૈવ છીપે પર ભણી' પરથી ઉદાસીન બનેલા. 'સ્વ'રૂપ – દર્શનમાં મગ્ન.

### કરુણાનો ફેલાવ

મુનિરાજ કરૂણાસિન્ધુ છે. અમાપ છે એમની કરુણાનો વ્યાપ.

પેલા કરુણાધન મેતાર્ય મુનિવર! નાનકડા પક્ષીનો પ્રાણ બચાવવા પોતાના પ્રાણની આહૂતિ આપી દીધી.

અગ્નિકાપુત્ર આચાર્ય મહારાજ પર દ્વેષવાળી દેવીએ તેમને નદીમાં નાખી શૂળીએ પરોવ્યા. નદીની અંદર થતી ગૂંગળામણ વચ્ચે શૂળીની પીડા. કેટલી વેદના હશે. પણ જિનવચનને સંપૂર્ણતયા સમર્પિત આ મહાત્મા એ ટાણે શું વિચારે છે? શૂળીએ પરોવાયેલ દેહમાંથી રુધિરના બિન્દુઓ ઝરી રહ્યા છે. ગુરુદેવ વિચારે છે: મારા આ લોહીના ટીપાંથી અપકાયના જીવોને કેટલી કિલામણા થતી હશે? આખું જીવન આરાધનામય પસાર કર્યા પછી અન્ત સમયે આ દેહથી આ વિરાધના!

કેવી સુન્દર વિચારણા!

### ત્રિભુવન બંધુ

મુનિરાજ ત્રિભુવન બંધુ છે. દુનિયાના સમસ્ત જીવો સાથે મૈત્રીનો નાતો એમણે સ્થાપ્યો છે.

આવા મુનિરાજને પ્રણામ કરનાર પ્રણામ કરતી વખતે ઇચ્છે છે કે, એમના શ્રેષ્ઠતર ગુણોનો અંશ પોતાને પણ મળે. મુનિરાજ શુદ્ધસ્વરૂપમાં રમણતા કરી રહ્યા છે. મને પણ એવો અવસર ક્યારે મળશે? આ ભાવના સાધકની હોય છે.

સાધકની ભાવના સૃષ્ટિ

સાધકની આ ભાવના હોય છે: "અપૂર્વ અવસર એવો ક્યારે આવશે, ક્યારે થઈશું બાહ્યાન્તર નિર્ગ્રન્થ જો; સર્વ સંબંધનું બન્ધન તીક્ષ્ણ છેદીને, વિચરશું ક્યારે મહા-પુરુષને પન્થ જો.... સર્વભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી, માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો; અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ, દેહે પણ કિંચિત મૂર્છા નવિ હોય જો.... શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા, માન અમાને વર્તે તે જ સ્વભાવ જો; જીવિત કે મરણે નહિ ન્યૂનાધિકતા, ભવ મોક્ષે પણ વર્તે શુદ્ધ સ્વભાવ જો.... ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહિ, સરસ અન્ને નહિ મનને પ્રસન્ન ભાવ જો; રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની, સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો...."

પણ આ વિચારણા પ્રગટાવવા માટે દેહાધ્યાસથી પર બનવું પડશે. ગ્રન્થકાર મહર્ષિ કહે છે તેમ, 'શુદ્ધાત્મ-દ્રવ્યમેવાહં' નો જાપ કરવો પડશે. 'હું નિષ્કલંક, શુદ્ધ, બુદ્ધ આત્મ સ્વરૂપ છું. દેહરૂપ નહિ.'

અને આપણી પોતીકી સંપત્તિ કઈ? 'શુદ્ધં જ્ઞાનં ગુણો મમ.' શુદ્ધ જ્ઞાન એ મારું ધન. અનંત દર્શન એ મારું ધન. ના, મોટર મારી નહિ. બંગલો મારો નહિ, કોઈ પણ ભૌતિક પદાર્થો પર મારી માલિકીયત નહિ.

"હું આત્મા છું. જ્ઞાન વગેરે ગુણો મારી સંપત્તિ છે." આ વિચારણા, ભાવના એ ફાઉન્ડેશન છે, જેના પર તત્ત્વજ્ઞાનની મોટી ઈમારત ખડી કરવી છે.

[૧૧]

# જેનું ચિત્ત – આકાશ પાપ – કાદવથી ખરડાતું નથી

यो न मुह्यति लग्नेषु
भावेष्वौदयिकादिषु ।
आकाशमिव पङ्केन
नासौ पापेन लिप्यते ॥

નોબલ પારિતોષિક વિજેતા, પ્રસિદ્ધ વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈનનું જ્યારે એક મોટા નગરમાં આગમન થયું ત્યારે તેમની શોભાયાત્રા વખતે મહાલયોના ઝરૂખે-ઝરૂખે અને રાજમાર્ગો પર ઉભેલા રંગબેરંગી વસ્ત્રો પહેરેલા નાગરીકો હાથ હલાવી તેમનું અભિવાદન કરી રહ્યા હતા.

આઈન્સ્ટાઈનની સાથે મોટરમાં બેઠેલ એક રાજપુરુષે

એ પ્રસિદ્ધ વૈજ્ઞાનિકને પૂછ્યું : કેટલા બધા લોકો તમને જોવા ભેગા થયા છે? તમારું અભિવાદન કરવા સારુ.

આઈન્સ્ટાઈને નમ્રતાથી કહ્યું : કદાચ આ જ રાજમાર્ગ પરથી વાઘ, સિંહને (અલબત્ત, પાંજરામાં પૂરેલ !) લઈ જવાતા હોય તો આટલું જ, બલ્કે આથીય વધુ માણસ ભેગું થાય, નહિ ?

રાજપુરુષ પ્રસિદ્ધ વૈજ્ઞાનિકની આ નિરભિમાનિતાને જોઈ જ રહ્યા.

સાધનાને અને પ્રસિદ્ધિને બિયાં બારું હોય છે. સાધનાથી સિદ્ધિ મળે, પણ વચ્ચે 'પ્રસિદ્ધિ' ન આવી જાય તો! પ્રસિદ્ધિમાં લપટાણા તો ગયા !

જો કે, સિદ્ધિની વાત તો બહુ આગળની ભૂમિકાની છે. પહેલાં તો સાધના માટેનું, અનુષ્ઠાન માટેનું અધિકારિત્વ પ્રાપ્ત કરવું છે.

### ધર્મનો અધિકારી કોણ ?

લલિતવિસ્તરા ગ્રંથમાં પૂજ્યપાદ હરિભદ્રસૂરિ મહારાજાએ ધર્મના અધિકારીમાં ત્રણ ગુણો અપેક્ષ્યા છે; તેમાંનો પહેલો ગુણ છે ધર્મ પર અત્યન્ત બહુમાન.

સંસાર છોડ્યો નથી ત્યાં સુધી સંસારની ચિંતા સાધક કરશે, પરંતુ બહુમાન તો ધર્મ પર જ હશે.

સંસારની ક્રિયાઓ પરત્વે એટલો રસ એને નહિ હોય જેટલો ધર્મક્રિયામાં હશે. બિઝનેસ ખેલવો પડશે,

પરંતુ એના વગર ચાલે એમ ન હોય ત્યાં સુધી જ. જ્યારે વગર ધંધો કર્યે, પોતાની મૂડીના વ્યાજ વગેરેમાંથી આજીવિકા ચાલે તેમ હશે ત્યારે એ એજ ઘડીએ દુકાનને તાળું મારી દેશે.

## ધર્મપર બહુમાન કેવું છે?

તમારી ભૂમિકાને અને આ ઉપર કહેલ ભૂમિકાને કંઈ મેળ પડે તેમ છે? 'ત્રિવર્ગરૂપ પુરુષાર્થ ચિન્તાયાં ધર્મમેવ બહુમન્યતે.' અર્થ, કામ અને ધર્મ એ ત્રણમાં સાધકનું અન્તર ધર્મ તરફ જ ઢળેલું હોય.

તમારું મન કઈ તરફ ઢળેલું છે? અત્યારે પ્રવચન સાંભળવા બેઠા છો, પણ મનમાં તો ધંધાની જ કોઇ ચિન્તા ચાલી રહી હશે.

## જટાશંકર ભટ્ટનો લાડુપ્રેમ !

જટાશંકર ભટ્ટ બ્રહ્મભોજનમાં ગયેલા. પીરસણિયાએ બે-ત્રણ લાડુ મૂકયા એટલે જટાશંકર કહે: અલ્યા, તું કોઈ અજાણ્યો પીરસણિયો લાગે છે. મારા ભાણામાં ત્રણ લાડુ! નંગના હિસાબે નહિ પણ થાળીના હિસાબે મારા ભાણામાં મૂકાય. આ આખી થાળી લાડુ ઠાલવી દે મારી પતરાળીમાં ને બીજી થાળી ભરતો આવ! હા, આ એક થાળી લાડુથી તો ખાલી નાસ્તો થશે! ભોજનનો પ્રારંભ તો બીજી થાળીથી થશે.

પીરસણિયો આખી થાળી ગોરની પતરાળીમાં ઠાલવી બીજી થાળી ભરવા ગયો. ત્યાં દાળ પીરસવા એક ભાઈ આવ્યા. જટાશંકર કહે : મારે દાળ નહિ જોઈએ. લાડુ જ દાળ, લાડુ જ શાક, લાડુ જ ભાત. અરે, આખી દુનિયા આ લાડુમાં સમાઈ ગઈ છે!

કેવો લાડુ પ્રેમ?

તમારો સંસારપ્રેમ પણ આનાથી કમ તો નથી ને?

તમે લોકોએ સંસારમાં ધર્મભાવના નાખવાના બદલે ધર્મમાં વ્યવહાર ખડો કરી દીધો છે! અંદર-અંદરના ડખાથી કોઈ ગામમાં લગ્ન પ્રસંગો બંધ નથી રહેતા; પણ ધર્મ પ્રસંગો પર બ્રેક લાગી જાય છે.

"મન્દિર નવું થવા છતાં હજુ પરમાત્માની પ્રતિષ્ઠા કેમ નથી થઈ?"

"ગુરુદેવ! અમારા સંઘમાં થોડો રાગ ઓછો છે, કુસંપ છે એટલે પ્રતિષ્ઠાનું કામ થતું નથી."

બસ, બધો વાંધો અહીં આવી જાય છે! તમારા રાગ-દ્વેષના ઝઘડાને તમારા ઘરોમાં રાખો. ધર્મસ્થાનકોમાં એને શા સારુ ઘસડી લાવો છો? ધર્મક્ષેત્ર એટલે જાણે પંચાયતી કૂટવાનું મોકળું મેદાન!

જટાશંકર ગોરે લાડવાની બીજી થાળીથી ભોજન શરૂ કર્યું. અને છેલ્લે છેલ્લે, મુખવાસમાં બે-ચાર લાડુ ચૂરી ઉડાવી ગયા! ત્યાં જ જેમના તરફથી ભોજન હતું

તે યજમાન આવ્યા. ખવડાવવાના શોખીન હતા તેઓ.

"કેમ, ભટ્ટજી ! બરોબર ?"

"બરોબર. બરોબર." એવું ચકાચક ખાધું છે ભટ્ટજીએ કે, હવે બોલવાનું પણ ભારે પડે તેમ છે.

"ભટ્ટજી ! હવે તમે જેટલા લાડુ ખાવ એટલા રૂપિયા આપણા તરફથી ભેટ." યજમાને ઉદારતા દાખવી.

ભટ્ટજી તો આ સાંભળી ખુશ ખુશ થઈ ગયા. 'જેટલા લાડુ એટલા રૂપિયા ! પણ હવે બહુ સમાશ થાય તેમ નથી. છતાંય પાંચ-દશ લાડુ તો મહેનત કરીનેય પેસાડી દેવાય....!'

ભૌતિક બાબતમાં છેવટે તો આ મુસીબત આવે જ છે. ત્યાં આખરે લિમિટેશન હોય જ છે. પેટમાં ચકાચક થઇ જાય ત્યારે મોઢાનો 'નો એડ્મિશન' ની ચીમકી જાગૃત મન દ્વારા મળી જ જાય છે. Housefull થઇ ગયું છે ને લાડુગૃહ !

જટાશંકર ધીમે ધીમે ધીમે પાંચ લાડુ તો ઝાપટી ગયા. પણ હવે.... હવે જાય તેમ નથી લાડુ અંદર. પચાસની સીટવાળી બેઠકમાં પંચોતેર-એંસી મુસાફરો બેઠા પછીય વધારાનો મુસાફર પેસવા જાય તો તેને બહાર જ પાછા આવવું પડે ને !

પાંચ રૂપિયા લઈ ભટ્ટજી ઘરે ગયા. અલબત્ત, એમના પોતાના પગે નહિ ! ઉઠી શકે એવું જ નહોતું તો ચાલવાની

તો વાત જ શી કરવી ? જજમાને ગાડામાં બેસાડી ઘરે પહોંચાડ્યા.

પણ હવે અકળામણનો પાર નથી. પાણીની લાગી છે તરસ. પણ પાણી જાય શી રીતે ? બિલકુલ જગ્યા જ નથી રાખી ત્યાં !

ભટાણીએ વૈદ્યરાજને તેડાવ્યા. વૈદ્યરાજે ચણા જેવડી એક નાનકડી ગોળી ભટ્ટજીને આપી. "આ ગોળી ગળી જાવ. સારું થઈ જશે." બોલવામાં તકલીફ પડતી હતી એટલે ધીરેધીરે ભટ્ટજી કહે: વૈદ્યરાજ ! શું કરું ? પેટમાં જગ્યા નથી. અને મનમાં બોલ્યા જગ્યા હોત – આ ગોળી નાખવા જેટલી – તો તો સાંકડ-માંકડ કરી એક લાડુ ન સમાવી દેત, જેથી એક રૂપિયો તો મળત દક્ષિણાનો વધુ !

ગુરુ મહારાજ જ્યારે કહે કે, ભાઈ ! ધર્મ-આરાધના તો કરો છો ને ? ત્યારે લોચો વાળવો પડે : સાહેબ, શું કરીએ ? ટાઈમ જ નથી મળતો.... પણ મનમાં શું હોય ? એ જ ને, કે ટાઈમ વધુ મળે તો વધુ બિઝનેસ ખેલું ! એક લાડુ વધુ !

મૂળ વાત એ છે કે, ધર્મ પર હજુ બહુમાન પ્રગટયું નથી. ધર્મ કરતી વખતે મનમાં થવું જોઈએ કે, કેવો મારો મહાન પુણ્યોદય કે ચિન્તામણિ રત્ન અને કલ્પવૃક્ષ કરતાંય શ્રેષ્ઠ એવું આ પવિત્ર ધર્માનુષ્ઠાન મને મળી ગયું.

ધર્મની મહત્તા સમજાય ત્યારે તેના પ્રરુપક તીર્થંકર ભગવંતો પર અત્યન્ત ભક્તિ મનમાં ઉપજે.

### 'ધમ્મદયાણં' આદિ પદોની ભાવના

ધમ્મદયાણં, ધમ્મદેસયાણં આદિ પદો દ્વારા રોજ પરમાત્માની સ્તવના કરતી વખતે આપણે પરમાત્માનાં આપણા પરનાં અસીમ ઉપકારની ઝાંખી કરીએ છીએ. 'હે ઉપકારી! આ ઉપકાર તમારો કદીય ન વિસરે....

'ધમ્મ દયાણં' એટલે ધર્મને આપનારા. 'ધમ્મ દેસયાણં' એટલે ધર્મનો ઉપદેશ આપનારા.

આપણે તો એ કાળમાં જીવી રહ્યા છીએ, જ્યાં સાક્ષાત્ પરમાત્માની વાણી સાંભળવી અશક્ય થઈ પડી છે. સીમંધર પ્રભુ મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજમાન છે. પરન્તુ આપણે એમનાથી એટલા બધા દૂર છીએ, એટલા બધા દૂર કે ત્યાં પહોંચવું એ, હાલના તબક્કે તો, અશક્ય જ બની ગયું છે આપણા માટે.

### સીમંધર સ્વામી! કહીએ રે હું મહાવિદેહે આવીશ.

સવારના પ્રતિક્રમણમાં મહામહિમ સીમંધર ભગવાનની સ્તવના કરતી વખતે ભક્તના મુખમાંથી, પરમાત્માના દર્શન કાજે, પરમાત્માની વાણી સુણવા કાજે આતુર બનેલા ભક્તના મુખમાંથી આ શબ્દો સરી રહે છે: 'પાંખ નહિ આવું ઊડી.' હે પ્રભુ! તમારી પાસે આવવું છે, પણ શી રીતે આવું? મારી પાસે પાંખ હોત તો હું જરૂર ઊડીને આપના ચરણોમાં વિશ્રામ લેત. 'લબ્ધિ નહિ કોઇ રૂડી.'

આકાશમાં ઉડવાની વિદ્યા હોત તો તો, ભગવન્! વચમાં આવતાં પહાડોને વીંધી મહાવિદેહમાં હું ક્યારનો આવી ગયો હોત !

ગદ્ગદ સ્વરે ભક્ત ગાય છે : 'દેવે ન દીધી પાંખડી જી, કેમ કરી આવું હજુર ?.... આપ જઈ દૂરે બેઠાં, મિલું કિણી પરે આય ? દૂરી જ માત્ર નહિ. માર્ગ પણ કેવો વિષમ ? 'દુર્ગમ મોટા ડુંગરા, નદી નાળાનો નહિ પાર; ઘાટીની આંટી ઘણી, અટવી પંથ અપાર....'

પણ આ મુશ્કેલીઓથી ભક્ત ગાંજ્યો જાય તેમ નથી. કારણ કે એની પાસે આ મંત્ર છે : હારીએ નહિ પ્રભુબળ થકી, પામીએ જગતમાં જીત રે.... આત્મબળ ન હોય તો શું થયું ! પ્રભુબળ તો છે જ ને ! અને જેની પાસે પ્રભુ-બળ છે, તે કોઇથીય ગાંજ્યો કેમ જાય ?

### ભટ્ટજી અને મિયાજી

જમનાશંકર ભટ્ટજી નદીએ નહાવા ગયેલ. મન્ત્રોના ઉચ્ચાર પૂર્વક તેઓ સ્નાન કરી રહ્યા છે. એ જ વખતે ઈસ્માઈલ ખાન પણ ત્યાં આવ્યા.

દુનિયામાં બે જાતના માણસો હોય છે. પહેલા પ્રકારના માણસો પોતાની નજીક રહેલા લોકોને કષ્ટ ન પડે એ રીતે પોતાની જીવનયાત્રા ગોઠવતાં હોય છે. બીજા પ્રકારના લોકોની જીવનયાત્રાના કેન્દ્રમાં એ પોતે પ્રતિષ્ઠિત થયેલ હોય છે અને પરિધિમાં બીજા બધાને તેઓ ગોઠવે

છે. 'મારી અનુકૂળતા સચવાવી જોઈએ.' એમનું આ સૂત્ર હોય છે. બીજાઓનું, એમની અનુકૂળતા સાચવવા માટે શું થાય છે, એ જોવાની એમને ફૂરસદ નથી હોતી.

તમારી જીવનયાત્રા શી રીતે ગોઠવાયેલી છે ? આપણે તો રોજ પરમાત્મા પાસે 'પરત્થકરણ' ની યાચના કરનારા. 'હે પ્રભુ ! આપની કૃપાથી પરના કલ્યાણની ભાવના મારામાં વિકાસ પામો.' આવી પ્રાર્થના કરનારની જીવનયાત્રા સ્વાર્થ-યાત્રા હરગીજ ન હોય. એનું જીવન જ આખું પરાર્થમય, અન્યની કલ્યાણની ભાવનાથી તરબોળ થયેલું હોય.

આપણી વાર્તાના ઈસ્માઈલ ખાન, કમભાગ્યે, બીજી કક્ષાના યાત્રી હતા. Second–class passenger. એમની વાત તો કરવી જ છે. પણ સાથે સાથે તમારીય વાત કરવી છે. કારણ કે પ્રવચનમાં દ્રષ્ટાન્તો એટલા માટે મૂકાય છે કે, એમાંથી શ્રોતા બોધ લઈ શકે. પેલા ભાઈ ભલે સેકન્ડ કલાસ પેસેન્જર હતા. તમે તો ફર્સ્ટ કલાસ પેસેન્જર છો ને ? ફર્સ્ટ કલાસ પેસેન્જર બનો. જીવનમાં અહમ્–Ego ન હોવું જોઈએ. પણ એ રાખવું જ હોય તો જીવનની કક્ષા થોડી ઉંચકો પહેલાં. પછી એનું અભિમાન ....નહિ, એને ગૌરવ કહેવાય હો ! હાં તો, પછી એનું, ધાર્મિકતાનું ગૌરવ રાખો.

'આઈ એમ ફર્સ્ટ કલાસ પેસેન્જર !'

એક અંગ્રેજ અમલદાર ફર્સ્ટ કલાસમાં મુસાફરી કરી

રહ્યો હતો. અંગ્રેજોનું રાજ્ય ભારતમાં હતું ત્યારની આ વાત છે. એ અંગ્રેજને પોતાના કમ્પાર્ટમેન્ટમાં એક કમ્પેનિયન જરૂર જોઈતો હતો. પણ બુદ્ધિશાળી, નીડર સહયાત્રી; જેની જોડે વાતો કરવામાં મઝા આવે.

તેથી કોઈ પણ સ્ટેશને કોઈ ફર્સ્ટક્લાસનો પેસેન્જર એના ડબ્બામાં પ્રવેશતો કે તરત જ આ અંગ્રેજ બરાડતો : WHO ARE YOU ? એવી રીતે એ બોલતો કે, પ્રવેશનાર મુસાફર ગભરાઈને નીચે જ ઉતરી જતો.

પછી એક સ્ટેશને એક નીડર યાત્રી એના કમ્પાર્ટમેન્ટમાં પ્રવેશ્યો. સ્વાતંત્ર્ય સંગ્રામની અગ્રણી વ્યક્તિ હતી તે. પેલા અંગ્રેજે તરત જ પૂછ્યું : હુ આર યુ ? તમે કોણ છો ? પેલા યાત્રીએ પણ અવાજમાં એટલી જ કડકાઈ, સ્વસ્થતા સાથેની કડકાઈ (મીઠી, કડક ચા જેવી !) પૂર્વક જવાબ આપ્યો : 'I AM FIRST CLASS PASSENGER.' 'હું પ્રથમવર્ગનો યાત્રી છું' ! અંગ્રેજે કહ્યું :COME. COME. I AM GLAD TO MEET YOU. મને આવા જ કોઈ સહયાત્રીની જરૂર હતી.

તમે પણ પ્રથમ વર્ગના યાત્રી છો ને ? બે વર્ગની વાત કરી હતી આપણે. એક વર્ગ એવો, જેનો પેસેન્જર બીજાઓની અનુકૂળતાનો પહેલો વિચાર કરે. આ પહેલો વર્ગ. ફર્સ્ટ ક્લાસ. બીજો વર્ગ એવો છે, જેનો પેસેન્જર પોતાની જ ડફલી બજાવવામાં મશગુલ છે. એ બીજાની

શરણાઈ સાંભળવા તૈયાર નથી ! 'વર મરો, કન્યા મરો, પણ ગોરનું તરભાણું ભરો' ની કહેવતના ગોર મહારાજની જેમ એને પોતાના ભાણામાં જ રસ છે. બીજાઓની એને ચિન્તા નથી.

પેલા મિયાંજી સેકન્ડ કલાસના યાત્રી છે. ભૂદેવ સ્નાન કરતા હતા ત્યાં જ મિયાં આવ્યા અને ધોકો લઈ કપડાં ધબ-ધબાવવા લાગ્યા. ભૂદેવ મન્ત્રો બોલી રહ્યા છે : જલે અસ્મિન્ સન્નિધિં કુરુ.... ને ત્યાં જ સાબુના છાંટા એમના પર પડયા.

ભૂદેવે કહ્યું : મિયાં સાહેબ! નદી તો બહુ મોટી છે. જરા થોડે દૂર જઈ કપડાં ધુઓ ને ! હું પહેલાંથી અહીં આવી સ્નાન કરી રહ્યો છું. તમે પાછળથી આવ્યા ત્યારે જ તમારે જાતે વિચાર કરી યોગ્ય જગ્યાએ બેસવું જોઈતું હતું. સમજુ માણસને શીખામણની જરૂર ન પડે !

મિયાંજી તો થઈ ગયા ગુસ્સે. 'નદી કંઈ તમારી નથી, મહારાજ ! સહુની છે. અમને ફાવે ત્યાં અમે બેસીએ. એમાં તમે કહેનાર કોણ ?

ભૂદેવ સમજ્યા કે, આ તો શીખ કઠેકાણે દેવાઈ ગઈ. સમજુ માણસ જ્ઞાનીના બોલને અમૃત સમા ગણે. અને અજ્ઞાનીને જ્ઞાનીનાં વચન નકામાં લાગે.

**સદ્‌ગુરુની શીખ કેવી લાગે ?**

તમને તો ઠપકો આપીએ તે ગમે છે ને ? પ્રવચનમાં

તો દરેકને આશ્રયીને કહે સદ્ગુરુ. પણ કોઈની લાયકાત જુએ તો તેને એકાન્તમાં વ્યક્તિગત – પર્સનલ શીખ પણ આપે. 'ભાઈ! તમારા જેવા વિવેકીએ આવું ન કરવું જોઈએ. આમ કરવું જોઈએ....' ત્યારે વિવેકી શ્રોતા માને કે વાહ ! સદ્ગુરુની કેવી કૃપા કે મુજ અજ્ઞાનીને જ્ઞાનની વાતો કહી.

ડોક્ટર પાસેથી તમારે કેવી દવા જોઈએ ? મીઠી, મીઠી લાગે તેવી જ....? ના, દર્દ મટે તેવી જોઈએ. દવા પછી ભલે ને કડવી કડવી વખ જેવી એ હોય. કારણ કે પરિણામે એ દવા જ હિતકારિણી છે.

એમ સદ્ગુરુનો કટુ લાગતો ઉપદેશ પણ એકાન્તે હિત કરનાર છે. જોકે, તેઓ કટુ શબ્દોમાં કહે જ નહિ. મીઠા શબ્દોમાં જ ઉપદેશ આપે.

### અરણિક મુનિવરનો પાવક પ્રસંગ

સદ્ગુરુના શબ્દોમાં જે બળ હોય છે એ સૂક્ષ્મનું બળ હોય છે. વેશ્યાના ઘરેથી સાધ્વી માતાના વચનોથી ઉદ્બુદ્ધ થયેલા અરણિક મુનિવર ફરી ગુરુદેવના ચરણે આવ્યા હશે ત્યારે ગુરુદેવે શું કહ્યું હશે ? કદાચ, એમના સામે વાત્સલ્યપૂર્ણ, કરુણા સભર નેત્ર સ્થાપી આટલું જ કહ્યું હશે : "વત્સ ! તારા જેવા પ્રબુદ્ધ આત્માનો આવો વિનિપાત કોણે કર્યો ? સંયમના તારા શ્રેષ્ઠ ધનને લૂંટી લેનાર કોણ ? તારા શત્રુને પીછાની લે." ગુરુદેવના એક એક શબ્દે મીઠાશ ટપકતી હશે. અને એ

એક એક શબ્દે કેટલું બળ આપ્યું હશે એ જાણવું આપણી શક્તિ બહારની વસ્તુ છે.

અરણિક મુનિવરનો એ પ્રસંગ મનની આંખો સામે ફિલ્માઈ રહ્યો છે અત્યારે. સાધ્વી માતાને દેખી ઝરૂખેથી નીચે ઉતરી માતાના ચરણોમાં નમતાં તેઓ હિબકે હિબકે રડી રહ્યા છે. 'ગોખથી ઉતરી જનનીને પાયે પડચો, મનસું લાજ્યો અપાર જી.'

હિબકાં ભરતા તેઓ શું બોલી રહ્યા છે ? "હું કાયર છું મારી માવડી, ચારિત્ર ખાંડાની ધારો જી; ધિગ ધિગ વિષયા રે મારા જીવને, મેં કીધો અવિચારોજી."

પરમપાવની સાધ્વીમાતા પોતાના પુત્રની એ પશ્ચાત્તાપ મુદ્રાને જોઈ પરિતોષમાં મહાલી રહી છે. આવી માતા મેળવનાર બડભાગી સંતાનો કેટલા ? કેવી કરુણામયી ભાવ-દયાથી પરિપૂર્ણા છે આ માતા.

પશ્ચાત્તાપથી શેકાતા નાનકડા પોતાના બાળને કરુ-ણામયી સાધ્વી માતાએ આટલું જ કહ્યું : 'વત્સ ! તુજ ન ઘટે ચારિત્રથી ચૂકવું, જેહથી શિવસુખ સારો જી.' આટલા જ શબ્દો, પણ એ શબ્દોનું બળ ઘણું હતું. બલ્બ નાનો હોય પણ વોલ્ટેજ વધુ હોય તેમ એમાં પ્રકાશ આપવાની ક્ષમતા વધુ હોય. પ્રકાશને વોલ્ટેજ જોડે સંબંધ છે, કદ જોડે નહિ.

સાધ્વી માતા અરણિક મુનિને સદ્દગુરુ પાસે લઈ

આવ્યાં. સદ્‌ગુરુએ પ્રેમથી બે બોલ કહ્યા. બસ, વધુ કહેવાની જરૂર નહોતી.

માઈક્રોફોનનો મોહ છોડો !

શબ્દોમાં આપણે ફોર્સ નથી પૂરી શકતા, માટે તો સભાઓમાં અધ્યક્ષોને વારંવારે ઘંટી વગાડી વક્તાઓને સૂચવવું પડે છે કે, હવે માઈક્રોફોનનો મોહ છોડો ! 'હું આપની સમક્ષ બે બોલ બોલું છું, જે આપ શાન્તિથી સાંભળજો.' કહી માઈક પ્રિય વક્તા ધૂંઆધાર ભાષણ ઠપકારવા માંડે છે. તો બસ, જાણે કે એકસપ્રેસ ટ્રેઈન ચાલી ! નાના સ્ટેશને તો એ ઉભી રહે નહિ. અને મોટું સ્ટેશન કંઈ તરત આવી જાય ? દિલ્લી દૂર હૈ !

યુગલિકોની વાતમાં આવે છે કે, એ લોકો ચણાની દાળ જેટલો ખોરાક લેતા. અને એટલા ખોરાકથી એવો સંતોષ થઈ જાય કે, બે-ત્રણ દિવસ સુધી ખાવાની ઈચ્છા ન થાય. ભૂમિ એવી ઉર્વરા, કે અનાજમાં સત્ત્વ ઘણું. જેથી બહુ ઓછા કદમાં પણ power ઘણો.

શબ્દમાંય આ જ વાત છે. અંદરની ભૂમિ, જ્યાં શબ્દોનો પાક ઉતરે છે, ત્યાં, હૈયામાં આદર્શનો power ઓછો થવાથી શબ્દો નો ઘણો બધો વપરાશ પણ કાર્ય સાધક નીવડતો નથી.

આચાર વિહોણા, કોરા શબ્દોમાં બળ કેવું ?

**પ્રધાનનું ભાષણ!**

એક નેતાજી ભાષણ કરી રહ્યા હતા. પ્રધાન બન્યા પછી, નવી ચૂંટણી સામે મોં ફાડીને આવી રહી ત્યારે, પોતાના મતવિસ્તારની મુલાકાતે આવી ભાષણ કરી રહ્યા હતા તેઓ.

પ્રધાન બન્યા પછી પોતાના મત-વિસ્તારની એકવાર પણ મુલાકાત ન લેનાર અને એ મત વિસ્તારના ડેપ્યુટેશનોની સૂચના પર જરાય ધ્યાન નહિ આપનાર આ પ્રધાન નાગરિકોને ઉઠાં ભણાવી રહ્યા છે: આ ક્ષેત્રનો ખૂબ વિકાસ થયો છે. અહીં વીજળી આવી, નળ આવ્યા, રસ્તા પાક્કા બન્યા....તે પહેલાં જ આ બધી યોજનાઓ શરૂ થયેલી, પણ આજે પોતાની સિદ્ધિ તરીકે તેઓ આ બધી યોજનાને ખપાવી રહ્યા છે.

'વેસ્ટર્નાઈઝેશન'ની અસર નીચે આજે Development ની આખી વ્યાખ્યા બદલાઈ ગઈ છે. નગરમાં સિનેમા ગૃહ ખૂલે એને નગરના વિકાસમાં ખપાવવામાં આવે છે. અરે, આ તે વિકાસ કે વિનાશ ?

**સિનેમાગૃહો એટલે ગેસ-ચેમ્બર્સ**

સિનેમા ગૃહો એટલે ગેસ-ચેમ્બર્સ. હિટલરે ગેસ-ચેમ્બર બનાવરાવેલ. હજારો માણસોને એ ચેમ્બર-ખંડમાં ધકેલી ગેસ છોડવામાં આવતો. પરિણામે એ સંખ્યાબંધ જીવંત મનુષ્યો મૃત-દેહોમાં ફેરવાઈ જતા. કેવું કરુણ,

અરેરાટી ભર્યું મૃત્યુ !

સિનેમાગૃહોમાં આ જ પરિસ્થિતિ સર્જાય છે. સંખ્યા-અંધ દર્શકોના ચિત્તમાં રહેલ સંસ્કારોનું પૂરે પૂરું ધોવાણ કરે છે વિકૃત ચલચિત્રો અને સંસ્કાર ખતમ થાય પછી જીવન એ જીવન નથી રહેતું. શ્વાસોચ્છ્વાસ પૂરા કરવા એટલી જ માત્ર જીવનની વ્યાખ્યા નથી. જીવન એટલે કોઈ આદર્શને ધ્યેય બિન્દુ તરીકે સ્વીકારી એ તરફ પ્રયાણ કરવાની યાત્રા.

પેલા પ્રધાનજી ભાષણ કરી રહ્યા છે: આ ક્ષેત્રનો ઘણો વિકાસ થયો છે. બોલતા જાય છે અને ફાંદ પર હાથ ફેરવતા જાય છે. હા, હમણાં પ્રધાનજીની કાયામાં ઘણો વિકાસ થયો છે !

એક શ્રોતાએ એ વખતે મજાની કોમેન્ટ કરેલી: પ્રધાનજી હાથ ફેરવીને બતાવે છે એ પ્રદેશે – પ્રધાનજીના પેટે – ખરેખર વિકાસ કર્યો છે !

આચાર વિહોણી, આદર્શવિહીન વ્યક્તિના મુખેથી ઉચ્ચારાયેલ શબ્દોનું જન્મતાં જ મરણ થઇ જાય છે ! બાળ મરણનું પ્રમાણ, શબ્દોના ક્ષેત્રે ઘણું વધી ગયું છે એની નોંધ કોઈ શબ્દશાસ્ત્રીએ લેવા જેવી છે.

અરણિક મુનિવર સદ્‌ગુરુ પાસે આવ્યા છે. સદ્‌ગુરુની પવિત્ર વાણીનું શ્રવણ કરતાં મુનિવરના હૃદયમાં ભયંકર ઉથલ-પાથલ સરજાઈ ગઈ છે. ઓહ ! કેવું ભયંકર કૃત્ય

મારા હાથે થઈ ગયું! ગુરુદેવે પરમ કૃપા કરીને મને ચારિત્રની નૌકામાં બેસાચો; ત્યારે આ તો મારી કેવી અધમતા કે આવા સરસ આશ્રયસ્થાનનો મેં ત્યાગ કરી નાખ્યો.

મનમાં પશ્ચાત્તાપનો અગન એવો જળી રહ્યો છે, જેમાં પાપોના લાકડા, પ્રતિક્ષણે, ઝપાટાબંધ ખતમ થઈ રહ્યા છે.

અને, જે શરીરે વાસના સેવી ચારિત્રને ભ્રષ્ટ કર્યું તે જ શરીર દ્વારા ઉચ્ચ કક્ષાની આરાધના કરવા જઈ રહ્યા છે મુનિવર. 'અગ્નિ ધખંતી શિલા ઉપરે, અરણિકે અણુસણ લીધું જી; રૂપવિજય કહે ધન્ય તે મુનિવરુ, જેણે મનવાંછિત લીધું જી....' ધગધગતી પર્વતની શિલા પર બેસી ગયા મુનિરાજ. અનશન સ્વીકારીને. વાસનાઓને બાળી નાખવી છે ને!

'ધન્ય તે મુનિવરુ.' ધન્યતર જીવન આવા મહાપુરુષોનું છે. સદ્ગુરુના એક વચને જીવનનું આખું વહેણ બદલાઈ ગયું.

જિનવાણીનું શ્રવણ તમે કરો છો, તેમાં પણ આ જ હેતુ છે ને? જીવનમાં પરિવર્તન આણવા માટે જિનવાણીનું શ્રવણ. ધારાઓના પરિવર્તન માટે. અહમ્‌ની ધારામાં, રાગની ધારામાં, દ્વેષની ધારામાં જીવન વહી રહ્યું છે. હવે એને ત્યાગની ધારામાં વહેવડાવવું છે.

હારીએ નહિ પ્રભુબળ થકી.'

ભૂદેવની અને મિયાંની વાત હજુ અધૂરી છે. ભૂદેવે મિયાંજીને કહ્યું: ભાઈ સાહેબ! તમે થોડા છેટે જઈને કપડાં ધુઓને! નદીનો કિનારો બહુ મોટો છે. પણ મિયાંજીને એ શીખ ગમી નહિ. એ કહે: નદી કંઈ તમારા બાપની નથી. અમને ફાવે ત્યાં અમે કપડાં ધોઈએ એમાં તમે કહેનાર કોણ?

મિયાંજી વાત કરે છે ત્યાં જ જોરાવર સિંહ બાપુ ત્યાં આવ્યા. જોરાવરસિંહ નામ જેવા જ જોરાવર હતા. બળુકા. હાલે તો ધરતી ધણધણે. ભૂદેવે વિચાર્યું કે, આ બાપુને જો હું મારા પક્ષમાં લઈ લઉં તો પછી મિયાંજીના શા ભાર છે?

એટલે, બાપુ આવતાં જ ભટ્ટજી મિયાંને કહે: મિયાં! દેખો, એ જોરાવર સિંહ બાપુ આવ્યા છે. અને અમારા એ જજમાન છે. માટે સમજી-વિચારીને તમે બોલજો.

પણ મિયાં તો તોરમાં હતા. કહે: જોરાવરસિંહ વળી કોણ? એવા તો કંઈ મગતરાને ચપટીમાં ચોળી નાખ્યા. આ સાંભળતાં જ જોરાવરસિંહ ગર્જ્યા: શું કીધું? હું મગતરો એમ? આવી જા, આજ મગતરાની તાકાત જોઈ લે.! બાપુનો સિદ્ધાન્ત હતો કે, પહેલો મારે તે કદી ન હારે.' મિયાંની ગળચી પકડી, એમને પટકી બાપુ એમના પર તૂટી પડ્યા. મિયાંની બકરી બેં થઈ ગઈ!

મિયાં સમજી ગયા કે, બાપુ અહીં જ મને અધમૂઓ કરી નાખશે. એટલે કહે : બાપુ ! તમારી ગાય. મને છોડો !

**હું કેમ આવું એકલો ?**

આપણી વાત પ્રભુબળની હતી. જેની પછવાડે ત્રણ લોકના નાથ, તીર્થંકર પરમાત્માની શક્તિ હોય તે કોઈ-નાથીય પરાજિત બને નહિ. 'લડથડતું પણ ગજબચ્ચું, ગાજે ગયવર સાથે રે....' નાનું પણ હાથીનું બચ્ચું, મદનિયું ગાજે છે; પણ એ પિતાની હુંફને કારણે.

પ્રભુબળ સામે નજર જવાથી પોતાની અશક્તિની વાત ભૂલાઈ જાય છે, ભક્તરાજ મહામહિમ સીમન્ધર ભગવાનનાં દર્શને જવા, પરમાત્માની વાણી સુણવા આતુર છે; પણ ત્યાં જવું શી રીતે ? પહેલાં તો ભક્ત મૂંઝાય છે : સીમંધર સ્વામ રે તમારે ધામ રે, હું કેમ આવું એકલો ? ....વસમી છે વાટ રે, અંતર ઉચાટરે, હું કેમ આવું એકલો ?

પણ આ ઉચાટ પ્રભુબળને નીરખતાં, તેના અપાર મહિમાને ચિંતવતાં ઓસરી જાય છે. અને એથી જ ભક્ત વિચારે છે કે, પોતાને છેડેથી પ્રારંભ ન થઇ શકે તો સામે છેડેથી તો એ થઈ શકે જ.

'તુમ સેવામાંહિ સુર કોડી, ઈહાં આવે જો એક દોડી, આશ ફલે પાતક મોરી રે....'

હે પ્રભુ! આપની સેવામાં કરોડો દેવ છે. તેમાંથી એક દેવને જો આપ અહીં મોકલો તો મારી આશા – આપનાં દર્શનની અને આપની વાણી શ્રવણ કરવાની – સફળ થાય.

'તુજ મુજ નહિ છે ભેદ'

જો કે, પ્રભુ અને આપણા વચ્ચે જે અંતર છે તે ભૌગોલિક છે. થોડા આગળ જો આપણે વધી શકીએ, સૂક્ષ્મની દુનિયામાં તો આ ભૌગોલિક અંતર આપોઆપ ઓગળી જાય. પૂજ્ય દેવચન્દ્રજી મહારાજે સીમન્ધર જિન સ્તવનામાં કહ્યું છે: માહરી પૂર્વ વિરાધનાયોગે પડચો એ ભેદ, પણ વસ્તુ ધર્મ વિચારતાં તુજ મુજ નહિ છે ભેદ,'

પરમાત્માનું સ્વરૂપ તે જ આપણું ભાવિ શુદ્ધ સ્વરૂપ છે. આપણે પરમાત્માનું દર્શન આ કાજે તો કરીએ છીએ: એમની કૃપાથી એમના જેવા થવા માટે, 'પ્રભુ મારે તારા જેવું થાવું છે.' લક્ષ્ય બહુ મોટું છે આપણું. ભગવાન બનવાનું. પણ એ સાધ્ય ભણી ગતિ કરાવે એવાં સાધનો – આલંબનો કયાં હસ્તગત કર્યાં છે?

## મોક્ષ મેળવી આપનાર ભક્તિની ઉંચાઈ કેટલી?

પરમાત્માનું એવું દર્શન કયારે થયું કે, જયારે આપણે સ્થળ, કાળથી પર બની પરમાત્મામાં ખોવાઈ ગયેલા? પરમાત્માનાં દર્શન કરતાં ચોધાર આંસૂએ કેટલી વાર રડેલા? અરે, આંખ ભીની કેટલીવાર થયેલી?

પરમાત્મસ્વરૂપ બનવા માટે ભક્તિને કેટલી ઉંચાઈએ લઈ જવી પડે?

ધનપાલ કવિ પરમકૃપાળુ પરમાત્માની સ્તુતિ કરતાં કહે છે : હે પ્રભુ ! આપની સેવા દ્વારા મારા સંસારનો અન્ત આવશે એમાં મને કંઈ શંકા નથી. પણ મોક્ષમાં આવ્યા પછી આપની ભક્તિ નહિ થાયએનું મને દુઃખ છે.

'મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી,' મુક્તિ કરતાંય ભક્તિ વધુ ગમે એ પરિસ્થિતિની વાત તો ઘણી દૂર છે હજુ. સંસાર કરતાં ય ભક્તિ અદકેરી ગમી છે ?

## ભરત મહારાજાની વિમાસણ

ભરત મહારાજાને એક જ સાથે બે વધાઈ મળી. એક વધાઈ એ હતી કે, પરમાત્મા ઋષભદેવને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે. બીજા સમાચાર હતા ચક્રરત્નની પ્રાપ્તિના.

એક ક્ષણ તો ભરત મહારાજા વિમાસણમાં મૂકાઈ ગયા. ચક્રરત્નની પૂજા કરવા જવું કે પરમાત્માના દર્શને જવું ? એક જ ક્ષણ. તરત જ પરમાત્માના વન્દને જવાનો નિર્ણય તેમણે કરી લીધો છે. પણ આ જે દુવિધા પ્રગટી તેની પણ શાસ્ત્રકાર ભગવંતોએ નોંધ લઈ લીધી છે.

ભક્તિયોગના અમર ગાયક ધનપાળ કવિએ 'ઋષભ પંચાશિકા' માં કડક શબ્દો વાપર્યા છે ભરત મહારાજાની એ દુવિધા સંબંધે. 'પૂઆવસરે સરિસો દિણ્ઠો ચક્કસ્સ તંપિ ભરહેણ.' રે, ક્યાં અનંત ઉપકારી પરમાત્મા અને ક્યાં દુન્યવી શાસનનું પ્રતીક એક ચક્રરત્ન; ભરત રાજા જેવા વિવેકીએ બેયને સમાન લેખ્યા ?

પરમાત્મા ધર્મશાસનના સ્થાપક. પેલું ચક્ર દુન્યવી શાસનનું પ્રતીક. આ બન્નેમાં સમાનતા? 'વિષેણુ તુલ્યં પિયૂષમ્'. અમૃત અને વિષમાં આંશિક સમાનતા પણ શી રીતે હોય?

ધર્મશાસન મુક્તિના અમરતની ભેટ દેનારું. ચક્રરત્ન સંસારના 'વિષ'ની પ્રસાદી દેનારું.... પરમ ભક્ત ધનપાળ કવિએ ભરત મહારાજાની વર્તણુક વિષેની નોંધ પૂરી કરતાં કહ્યું: 'વિસમા હુ વિસયતિણ્હા, ગરુઆણ વિ કુણઈ મઇ-મોહં.' ખરેખર! વિષયોની તૃષ્ણા મહાન વ્યક્તિત્વોની મતિને પણ મુગ્ધ કરી દે છે.

**ધમ્મ દેસયાણું: પ્રભુની ધર્મદેશના**

ધર્મ પરના બહુમાનની આપની મૂળ વાતમાં આપણે વિચારતા હતા કે, ધર્મ પર બહુમાન પ્રગટે ત્યારે ધર્મ-દાતા, ધર્મદેશક તીર્થંકર પરમાત્મા પર પણ અત્યન્ત આદર ઉપજે છે.

'ધમ્મ દેસયાણું' ધર્મના ઉપદેશક પરમાત્માને નમસ્કાર હો! 'અમૃત ઝરણી મીઠી તુજ વાણી, જેમ અષાઢો ગાજે; કાન મારગે થઇ હિયડે પેસી, સંદેહ મનના ભાંજે રે....' કેવા બડભાગી હશે એ જીવો, જેઓ વિહરમાન પ્રભુની દેશના હાલ સાંભળી રહ્યા હશે.

'લલિત વિસ્તરા' ગ્રન્થમાં મહાન ધર્મનાયક પૂજ્ય હરિભદ્ર સૂરી મહારાજાએ 'ધમ્મ–દેસયાણું' પદની વ્યાખ્યા કરતાં પરમાત્માની ધર્મદેશનાનું પ્રારુપ વર્ણવ્યું છે.

**સંસાર : બળતા ઘર જેવો**

'પ્રદીપ્ત ગૃહોદર કલ્પોયં ભવઃ' પરમકૃપાળુ પરમાત્માની ધર્મદેશનાની આછેરી ઝાંખી લલિત વિસ્તરા શાસ્ત્રની દૃષ્ટિથી જોઈએ. દેશનાનો પ્રારંભ 'સળગતા ઘર જેવો આ સંસાર છે.' બળતા ઘરમાં બેઠેલાને કેવો તાપ લાગે ? એવો જ, બલ્કે, એથીય વધુ તાપ સંસારી આત્માને હોય.

અને આગનું કામ કેવું હોય છે એ તો તમે જાણો છો ને ? એક બાજુ બૂઝવવા જાવ, અને થોડા પ્રયાસે એ બાજુને સંભાળીને નિરાંતનો શ્વાસ લેવા બેસો ત્યાં તો બીજી બાજુ એ દેખા દે જ. મોંકાણના સમાચાર તરત જ મળે : અરે, આ બાજુ ઠાર્યું, પણ પેલી બાજુ તો આગ લપકારા મારી રહી છે. ને તમારે સામી બાજુએ ઠારવા માટે દોડવું પડે !

સંસારનું કામે આવું નથી ? પુત્ર નહોતો, ખૂબ ઉણપ સાલતી હતી માને પુત્રની; ને ત્યાં નસીબ જોગે પુત્ર થયો. પણ આગળ જતાં એ એવો થયો કે, એ જ મા કહેવા લાગી કે, આના કરતાં તો મારા પેટે પથરો પાક્યો હોત તો સારું હતું !

પુત્ર જન્મે ત્યારે મા–બાપ માને કે ઘડપણમાં અમને આ દીકરો ટેકારૂપ થશે. પણ દીકરો કમાવા ઉપડી જાય શહેરમાં મોટો થઈને, બાળ–બચ્ચાં સાથે, ત્યારે ડોસા–ડોસીને તો હાથે જ રોટલા ઘડવાનો વારો આવે !

મેં માગ્યો ચડવા, તમે આપ્યો ઉપાડવા !

બહારગામનું કામ પતાવી વોરાજી ઘર ભણી જઈ રહ્યા છે. ગામ હજુ દૂર હતું ને થાક લાગ્યો હતો. પગ ઉપડવાનું નામ નહોતા લેતા. વિપત્તિને ટાણે ધર્મની, પરમાત્માની યાદ સહેજે આવી જતી હોય છે. વોરાજીએ ખુદાને વિનંતી કરી : 'હે ખુદા ! એક ઘોડો આપો' ! થાકયા હતા ને પોતે. એટલે ચડવા સારુ ઘોડાની માગણી કરી.

ધીમે ધીમે વોરાજી થોડાક આગળ ચાલ્યા. હવે આગળ શું બન્યું છે કે, એક સિપાઈ પોતાની ઘોડી લઈ થાણે જઈ રહ્યો છે. વચમાં ઘોડીને વછેરો થયો. હવે ? તરતના જન્મેલા વછેરાને કંઈ ચલાવાય નહિ. સિપાઈ ઉભો રહ્યો. થોડીવાર કે, કોઈ આવે તો તેની પાસે ઉપડાવી લઉં.

ત્યાં જ વોરાજીને દેખ્યા. તરત સિપાઈએ બૂમ મારી : એય અહીં આવ. વોરાજી આવતાં પૂછયું : કયાં જવું છે ? વોરાજીએ પોતાના ગામનું નામ દીધું. જોગાનુજોગ, વોરાજીનું ગામ એ જ થાણાનું ગામ હતું.

સિપાઈ કહે : ચાલ, આ વછેરાને ઉપાડી લે ! વોરાજી કહે : પણ.... સિપાઈ લાલ આંખ કાઢી કહે: પણ, બણ કંઈ નહિ ચૂપચાપ ઉપાડી લે. નહિતર હું સિપાઈ છું. આ બંદૂક તારી સગી નહિ થાય !

બંદૂકના ડરથી વછેરો ઉપાડવો પડ્યો. એક તો થાક્યા હતા, ને તેમાં બોજ ઉપાડવાનો આવ્યો. વોરાજી મનમાં બબડ્યા : ખુદા ! આ શું કર્યું તમે ? મેં તો ઘોડો ચડવા માટે માગ્યો’તો ને તમે ઉપાડવા માટે આપ્યો. ખુદા ! તમે ઉંધું સમજ્યા....

બહુમતિ પિતાઓના આ જ હાલ થયા છે. સંતાન માગ્યું બોજ ઓછો કરવા પણ સંતાને બોજ ઓછો કરવાને બદલે વધાર્યો !

## દેહ ઔદારિક દુઃખનો દરિયો

પરમાત્માની ધર્મદેશનાનો ગ્રાફ આલેખી રહ્યા છે લલિતવિસ્તરાકાર મહર્ષિ. ‘નિવાસ : શારીરાદિ દુઃખાનામ્.’

સંસાર કેવો છે ?

દુખના ભંડારરૂપ. શરીરનું દુખ. પણ એટલું. મનનું દુખ પણ એટલું. ‘દેહ ઔદારિક દુખનો દરિયો.’ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રીમદ્ વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજા આ સૂત્ર ઘણી વખત ઉચ્ચારતા. અને પછી ઉમેરતા : દુખનો ભંડાર હોવા છતાં આ દેહ ઉપયોગી છે; જો એનાથી સાધના થઈ શકે તો ! અઢારે અંગ વાંકા હોવા છતાં ઉંટ રણમાં ઉપયોગી છે તેમ....

## ગુણસેન રાજાનો પ્રશ્ન : ગુરુદેવનો ઉત્તર

સમરાદિત્ય ચરિત્રમાં એક સરસ પ્રસંગ આવે છે. ગુણસેન રાજા વિજયસેન નામના આચાર્ય ભગવન્તના

દર્શને જાય છે. દેશના સાંભળ્યા પછી રાજા વિનમ્રતાથી ગુરુ ભગવંતને પૂછે છે: ભગવન્! એવું કયું નિમિત્ત આપને મળેલું જેથી સંસારનો ત્યાગ કરી આપ સંયમ માર્ગે જવા પ્રેરાયા? ત્યારે આચાર્ય ભગવંત કહે છે: રાજન્! આ સંસારને વિષે નિર્વેદનું–કંટાળાનું કારણ શું છે એમ તમે પૂછયું ત્યારે હું તમને સામે પૂછું છું કે, આ સંસારમાં એવું શું છે જે એના પર નફરત જન્માવવા સમર્થ ન હોય?

વિચારક મનુષ્યને માટે આ સંસારના પ્રત્યેક સાધનો નિર્વેદના પ્રેરક છે. ભવવૈરાગ્યના પોષક છે.

**ક્ષણનો પણ પ્રમાદ કેવો?**

'ન યુક્તઃ ઈહ વિદુષઃ પ્રમાદઃ' અપ્રમાદની સાધના માટે મળેલ આ જન્મમાં પ્રમાદ કેવો? પાંદડાં પર બાઝેલાં ઝાકળ બિન્દુઓ જેવું આ જીવતર; ક્યારે મૃત્યુ રૂપી પવનના ઝપાટે ખરી જશે એ કોણ જાણે છે? 'અંજલિ જલ સમ આયુ અથિર હૈ, ઈમ દરસત જિનરાયા....' ખોબામાં રાખેલ પાણી જેવું આ આયુષ્ય. ટીપું ટીપું પડ્યે જ જાય છે, પડ્યે જ જાય છે; ને લો, હથેળી ખાલીખમ! અંજલિમાં જળ છે ત્યારે પ્રમાદ ન કરીએ, આત્મશુદ્ધિ કરી લઈએ.

**શ્વાસે શ્વાસે સમરું તમને...**

'અતિ દુર્લભા ઈયં માનુષાવસ્થા'. મનુષ્યનું જીવન મળવું અતિદુર્લભ છે. એની એક ક્ષણ પણ વ્યર્થ ન જવી

જોઈએ. એ માટે તો ભક્તો પરમાત્માને સ્તવતાં કહે છે: 'શ્વાસે શ્વાસે સમરું તમને જીવનના આધાર....'

એક રાજાએ એક સંતને ગુરુપદે સ્થાપ્યા. સંત તો રમતારાત. આજ અહીં તો કાલ કહીં. વર્ષો પછી સંત ફરતાં ફરતાં તે જ નગરમાં પાછા આવ્યા. રાજાને ખબર મળતાં તે દર્શન કરવા દોડી આવ્યો.

દર્શન કરી, પ્રવચન સાંભળી રાજાએ પૂછ્યું: ગુરુદેવ! આ સેવકને કદી યાદ કરતા હતા કે....?

સંતે રોકડું પરખાવ્યું: રાજન્! જ્યારે હું પરમાત્માના ધ્યાનમાં લીન રહેતો અને રહું છું ત્યારે તો કોઈને ય યાદ કરવાનો સવાલ જ નથી રહેતો. પણ જ્યારે પરમાત્માનું સ્મરણ ચૂકાઈ જતું અને દુનિયાનું સ્મરણ થઈ ઉઠતું ત્યારે તમારી યાદ આવી જતી: એક મોટો રાજા પણ મારો ભગત છે! પણ પાછળથી આ વાત પર હું ચોધાર આંસૂએ રડતો. હાય! પરમાત્માનું વિસ્મરણ મને કેમ થયું?

### સાધના અજન્મા બનવાની

પરમાત્માની ધર્મદેશનાની આછી શી ઝાંખી આપણે જોઈ રહ્યા છીએ. મનુષ્ય જન્મ અજન્મા બનવાની સાધના માટે છે. 'પ્રધાનં પરલોક સાધનમ્'. ઇન્દ્રિયોના અનુકૂલનની સાધના (?) તો દેવતાના અવતારમાં ઘણી કરી. આ મનુષ્યનો અવતાર પરલોક સુધારવા માટે છે. ધર્મની સાધના માટે છે.

### વિષયોની ભયંકરતા

'પરિણામકટવઃ વિષયાઃ' પાર્ટીમાં બધા બેઠા હોય જમવા માટે. જાતજાતની વાનગીઓ પીરસાઈ હોય. ત્યાં સમાચાર મળે કે, આ મિઠાઇઓ જે સ્વીટ-માર્ટમાંથી લાવી છે; ત્યાંની મિઠાઈઓ એક પાર્ટીમાં પીરસાયેલ બે કલાક પહેલાં. અને જેટલા લોકોએ તે મિઠાઈ ખાધેલ તે બધાને એમ્બ્યુલન્સમાં નાખી હોસ્પિટલ ભેગા કરવામાં આવ્યા છે....આ સમાચાર સાંભળ્યા પછી કેટલા બહાદૂર મનુષ્યો એ મિઠાઈને આરોગશે ?

કોઈ નહિ ને ?

અને વિષય-ઈન્દ્રિયોનું અનુકૂલન પણ પોઈઝનસ સ્વીટ-ઝેરી મિઠાઈ છે, આ સમાચાર કોઈ ગુરુ ભગવંતના મુખેથી સાંભળેલા ? સાંભળ્યા પછી ય એ વિષયોનું સેવન ચાલુ છે ને ? ખરી બહાદૂરી તમારી !

### પ્લાસ્ટિક સર્જરથી નવું નાક

એક લહેરી લાલા બજારમાં જઈ રહ્યા હતા. નાનકડા નગરનું એ બજાર. હટાણાનું ગામ. તેથી ગામડેથી લોકો અનાજ, ઘી વગેરે ત્યાં વેચી જાય અને બદલામાં જીવન જરૂરી ચીજો ત્યાંથી લેતા જાય.

એક રબારણ ઘી વેચવા આવેલી. એના બોઘરણામાં પડેલું ઘી એવી સોડમ ફેલાવતું હતું....પેલા લહેરી લાલાના

નાકે એ સુગંધને ઝીલી. અને મન સુધી સંદેશ મળતાં જીભ થઈ તૈયાર. એ તાજા ઘીને આસ્વાદવા.

આગળ પાછળનો વિચાર કર્યા વગર લહેરી લાલાએ તો આગળ જતી રબારણના બોઘરણામાં હાથ ઘાલી લોંદો ભરી ઘી લઇ લીધું અને સીધું મોઢામાં નાખી દીધું. રબારીની જાત અને તેમાંય સ્ત્રી માણસ; ધજાગરો બાંધવામાં શું બાકી રાખે? આખી બજારમાં પેલાની 'નામના' કરી નાખી!

તોય પેલો તો નફ્ટાઈથી હસે. 'નાક તો કટ્ટા, મગર ઘી તો ચટ્ટા!' આબરૂ ગઈ તો ગઈ, નાક કપાણું તો કપાણું; પણ ઘી તો ચટાણું!

આજે ભોગની લાલસા એવી વધી છે કે, નાક (આબરૂ)ની કિંમત જ કદાચ નથી રહી! પ્લાસ્ટિક સર્જરી દ્વારા નવું નાક લાવી શકાય છે ને! ધન હોય એટલે આબરૂ આવવાની જ છે પાછળ પાછળ....આવી, માન્યતા વાળા સમાજમાં તમે જીવો છો ને?

દેવાળું કાઢનારે આજે પોતાનું ઘર સલામત રાખી બે-પાંચ લાખ દબાવી પછી દેવાળું જાહેર કરે છે!

ભોગલાલસા એટલી વધી કે પરલોકમાં દુર્ગતિમાં રવડવું પડશે તેનો ભય નહિ, આ ભવમાં આબરૂ ગૂમાવવાનો ડર નહિ.

પરમાત્માની ધર્મદેશનાની વાત ચાલી રહી છે. વિપ્રયોગાન્તાનિ સત્સંગતાનિ.' સંયોગો કેવા મળ્યા છે

તમને? વિયોગમાં પરિણમે એવા જ ને! કોઈ સંયોગ શાશ્વત ખરો?

અને સંયોગના મૂળમાંય શું? જો ધર્મમૂલકતા ન હોય તો સ્વાર્થમૂલકતા જ હોવાની.

**આજની કન્યા ફ્લેટ, કાર સાથે ફેરા ફરે છે.**

એક કન્યાનું વેવિશાળ કરવાનું હતું. મૂરતિયાને જોયો. તેની માસિક આવક કેટલી? તેમ પૂછતાં જવાબ મળ્યો: ચાર આંકડામાં છે.

પહેલાંના ક્ષત્રિય રાજાઓનાં લગ્ન બે રીતે થતા: એક તો હથેવાળે. પરંપરાનુસાર. બીજું ખાંડા સાથે. જ્યારે રાજા કન્યાને આંગણે લગ્ન માટે ન જઈ શકે તેમ હોય ત્યારે રાજ્યનો અધિકારી રાજાની તલવાર લઈને જતો. અને એ તલવાર સાથે કન્યાને ફેરા ફેરવવામાં આવતા!

પહેલાંની કન્યા ખાંડા સાથે ફેરા ફરતી. આજની કન્યા ફ્લેટ, કાર સાથે ફેરા ફરે છે!

પેલી કન્યાનું લગ્ન, માસિક આવક જેની ચાર આંકડામાં હતી તેવા યુવક સાથે થઈ ગયું. પણ લગ્ન પછી ભેદ ખૂલ્યો કે, ચાર આંકડામાં એકલા રૂપિયા નહોતા; પૈસાય સામેલ હતા! મૂરતિયાનો માસિક પગાર હતો ૯૮.૫૦ રૂપિયા!!

બિલાડીની દાટે ચઢિયો, ઉંદરડો શું મહાલે ?

'પાતભયાતુરમ્ અવિજ્ઞાતપાતમ્ આયુ.' આયુષ્ય કેવું છે? બે વિશેષણો દ્વારા એની ઓળખ કરાવી. 'પાતભયાતુરમ.' જેના નાશનો હર ક્ષણે સંભવ છે તેવું આયુષ્ય અને છતાં એ 'અવિજ્ઞાતપાતમ્' છે. ક્યારે આયુ પૂરું થશે એ કોઈ જાણતું નથી; સિવાય કે જ્ઞાની પુરુષ.

ધારી લો, કે તમને ખબર પડી જાય કે તમારું આયુષ્ય હવે અમુક જ દિવસનું છે તો તમે સાધુપણું કે વ્રતધારીપણું સ્વીકારી જીવનનો અન્ત ભાગ સુધારી લેવાના ? કે વસિયતનામું (વીલ) બનાવવામાં જ એ સમય ખર્ચી નાખવાના ?

નાગદત્ત શેઠ ચિત્રકારને કહી રહ્યા છે: એવું ચિત્રકામ કર કે, બસ.... લોકો જોઈ જ રહે. તારી બધી કલા અહીં ઠાલવી નાખ. ભલે પાણીની જેમ ખરચાઈ જાય....

એ વખતે ત્યાંથી પસાર થઈ રહેલા જ્ઞાની મુનિરાજ આ શબ્દો સાંભળી સહેજ હસ્યા.

શેઠે પાછળથી એ વિષે કારણ પૂછતાં મુનિવરે કહ્યું: ભાઈ! તારી જીંદગી બહુ ટૂંકી છે, સાત દિવસનું તારું આયુષ્ય છે. અને તું એવી યોજનાઓ ઘડી રહ્યો છે, જાણે તું શાશ્વત કાળ સુધી અહીંજ રહેવાનો હોય.

જ્ઞાની મુનિરાજની આ વાણીથી શેઠ પ્રતિબુદ્ધ થઈ ગયા. બસ, સાત જ દિવસ....ના, એ સમય પણ ટૂંકો નથી, જો એનો યોગ્ય ઉપયોગ કરતાં આવડે તો. રાંઢવું પચાસ હાથ જેટલું ભલે ને કૂવામાં ગયું હોય, છેડો હાથમાં

હોય તો બધું હાથમાં છે. નાગદત્ત શેઠ સાધનામાં લીન થઈ ગયા. મૃત્યુને મહોત્સવ જેવું બનાવી દીધું

તો, જીંદગીનો આ પત્તાનો મહેલ ક્યારે કાળ-હવાના ઝપાટે તૂટી જશે તેનો ખ્યાલ ન હોઈ હરેક ક્ષણ ને ધર્મની સાધના વડે ભરી દો.

પૂજ્ય ચિદાનન્દજી મહારાજની વાણી છે : 'ભલા ભલા પણ ઊઠી ચાલ્યા, જોને કેઈક ચાલે, બિલાડીની દોટે ચઢિયો ઉંદરડો શું મહાલે ?' બીજા એક પદમાં એક મહર્ષિ કહે છે : 'ચક્રી હરિ બળરાયા, ષટ ખંડમાં ન સમાયા, બળતી ચેહમાં સમાયા રે....'

### સંસારનો તાપ : ધર્મનો મેઘ

સંસારને બળતા ઘર જેવો કહ્યો, બળતા ઘરને ઠારવા માટે પાણીનો ધોધ જોઈએ. ધર્મનું નીર સંસારની આગ ઠારી શકે.

ધર્મમેઘ.... ધર્મના ઝંઝાવાતી વરસાદમાંથી અનરાધાર રીતે ચિત્તની ભોમકા પર પડતું નીર સંસારના તાપને હરી લે છે. પાણી પડતું જ જાય છે, પડતું જ જાય છે.... અને શાન્તિ શાન્તિ થઈ જાય છે.

'ધમ્મદેસયાણુ' શબ્દ પરના ચિન્તન માં પરમાત્માની ધર્મદેશનાની આછી શી ઝાંખી જોઈ.

### મોહના કિલ્લા પર હલ્લો

સંસારને કાજળની કોટડી સમો કહ્યો છે; જ્યાં ડાઘ ન લાગે પાપના કાજળનો તો જ નવાઈ. પણ અહીં ગ્રન્થ-

કાર મહર્ષિ એક એવી વિધિ બતાવે છે, જેથી ઓછામાં ઓછું પાપ લાગે.

કર્મોના ઉદયથી મળનારા સુખમાં ન મૂંઝાવાથી તમે મોહના કિલ્લા પર હલ્લો લઈ જઈ શકો છો.

જમવા બેઠા. ગરમાગરમ રસોઈ આવી. એ વખતે તમે હરખાઈ જવાના? ઈચ્છિત ભોજન મેળવવામાં તમારું પુણ્ય ખર્ચાય છે એ તમને ખબર છે? શું પુણ્ય આવી બાબતો માટે ખર્ચવાનું છે?

**જવાબ મયણાસુંદરીનો ને સુરસુંદરીનો**

મયણા સુંદરીને પિતા પ્રજાપાળ રાજા પૂછે છે. પુણ્ય દ્વારા શું મળે? ત્યારે તેણી શું કહે છે? મયણા કહે મતિ ન્યાયની રે, શીળસું નિર્મળ દેહ; સંગતિ ગુરુ ગુણવંતની રે, પુણ્યે પામી જે એહ....

અને સુરસુંદરી શું કહે છે? સુરસુંદરી કહે ચાતુરી રે, ધન યૌવન વર દેહ, મનવલ્લભ મેળાવડો રે, પુણ્યે પામી જે એહ રે....

સુરસુંદરી ખાલી ચતુરાઈ, બુદ્ધિવિલાસને પુણ્યનું ફળ માને છે, જ્યારે મયણા સુંદરી ન્યાય, નીતિ પૂર્વકની બુદ્ધિને પુણ્યનું ફળ માને છે.

તમારે પુણ્યના ઉદયે કેવી બુદ્ધિ જોઈએ? આરાધનાની સામગ્રી પ્રાપ્ત કરાવે એવી કે કોઈને શીશામાં ઉતારે તેવી?

સુરસુંદરી આગળ વધીને કહે છે: 'ધન-યૌવન-વર દેહ,' પુણ્યના ઉદયથી ધન, યૌવન અને સુંદર દેહ પ્રાપ્ત

થાય છે. જ્યારે મયણા સુંદરી કહે છે : 'શીળસું નિર્મળ દેહ.' તેણીને યૌવનથી ફાટફાટ થતા દેહની ઈચ્છા નથી. રૂપથી સુશોભિત શરીર નથી જોઈતું. શીયળથી સોહતું શરીર પુણ્ય વડે મળે છે એમ મયણા સુંદરી કહે છે.

બુલવર્કર્સનો આ જમાનો !

તમારે ય માત્ર તગડું, હૃષ્ટપુષ્ટ શરીર જોઈએ કે તપથી દીપ્તિમાન બનેલી કાયા જોઈએ ? બુલવર્કરોનો આ જમાનો છે, સુન્દર અને સશક્ત કાયાનું નિર્માણ કરો. પણ શક્તિ મળ્યા પછી શું કરવું એ નહિ સમજાયેલું હોય તો.... ?

એક સંસ્કૃત સુભાષિતમાં કહેવાયું છે કે, સજ્જન પાસે આવેલી વિદ્યા જ્ઞાન માટે થાય છે. એ વિદ્યા અન્તર્યાત્રાનો પ્રારંભ કરાવે છે, મનુષ્યને વિનયી, વિવેકી, સદાચારી બનાવે છે. પરંતુ અપાત્ર પાસે વિદ્યા હોય તો એ જ્ઞાન માટે નહિ પણ જીભાજોડી માટે જ વપરાશે. જીભાજોડી. શબ્દોનો જ ખેલ. અંદર કોરાધાકોરપણું ! 'વિદ્યા વિવાદાય...'

સજ્જન પાસે ધન હોય તો એ દાન કરશે. પોતાના ધનથી બીજાઓનાં આંસૂ લુછશે. આ તો સજ્જનની વાત પરંતુ 'સદ્ગૃહસ્થતા વિહોણા' વ્યક્તિ પાસે ધન આવશે ત્યારે એ છાતી ફૂલાવીને ફરશે. 'હમ કીસીસે કમ નહિ' 'ધનં મદાય....' પણ છાતી ફૂલાવવાથી ઊંચું બનાતું નથી.

**'તું ઊંચો નથી, લાંબો જરૂર છે !'**

નેપોલિયન પોતાની લાયબ્રેરીમાંથી કો'ક પુસ્તક શોધી રહ્યો હતો. પુસ્તક ઉપરની અભરાઈ પર હતું. નેપોલિયન મેજ, ખુરસી તરફ નજર દોડાવવા લાગ્યો. જેના ઉપર ચડી એ પુસ્તક લઈ શકાય.

ત્યાં જ એક અધિકારી આવી ચડયો. નેપોલિયન ઉપરની અભરાઈમાંથી પુસ્તક લેવા માગે છે એ વાત સમજતાં એને વાર ન લાગી. એણે કહ્યું : લાવો, સાહેબ ! હું તમને પુસ્તક લાવી આપું. હું તમારાથી ઉંચો છું ને !

તરત જ નેપોલિયને કહ્યું : તું મારાથી ઉંચો નથી હા, લાંબો જરૂર છે !

ઈન્કિમિનથી—હાઇટ....વધારવા માટેના ઔષધથી–ઉંચા થવાતું નથી. લાંબા જ થવાય ! ઊંચા થવા માટે ધર્મ જોઈએ.

' શક્તિ : પરેષાં પરિપીડનાય. ' સજ્જન પાસે શક્તિ હશે તો એ નિર્બળોનું રક્ષણ કરવામાં પોતાની શક્તિ વાપરશે. જ્યારે ગૂંડો તાકાતવાળો હશે તો ? એ બીજાઓને હેરાન કરશે.

**તો કાદવમાં ગાડી ન ફસાય !**

સુરણાસુંદરી કહે છે, 'મનવલ્લભ મેળાવડો. ' પુણ્યથી મનગમતો જીવનસાથી મળે. મયણાસુન્દરીની કઈ કામના છે ? 'સંગતિ ગુરુ ગુણવંતની રે.' સદ્ગુરુઓ પાસેથી અણમોલ બોધવચનો સાંભળવા એ ઉત્સુક બની છે.

મયણાસુંદરીએ પુણ્યના ઉદયથી જે ઈચ્છયું તે તમે પણ ઈચ્છો તો મોહના કાદવમાં મનની ગાડી ફસાઈ ન જાય.

પુણ્યના ઉદયથી વધુ આરાધનાનો વિકાસ ઈચ્છનાર ભૌતિક વસ્તુઓની પ્રાપ્તિથી હરખાઈ જતો નથી. તેનું મન આકાશ જેવું બન્યું છે. જે કાદવથી લેપાતું નથી. કાદવ ગમે તેટલો ઉડાડો આકાશ તેનાથી થોડું ખરડાવાનું છે ?

મનને આવું નિર્લેપ બનાવવું છે. એવી નિર્લેપતા પ્રાપ્ત કરવા માટે સાધનાના પંથે આગળ વધો.

નિર્લેપતાની સાધના એટલે પુદ્ગલોના ખેલાઈ રહેલા નાટકના પડદા પાછળ દેખવાની ક્રિયા. 'કબહીક કાજી કબહીક પાજી, કબહીક હુઆ અપભાજી; કબહીક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્ગલ કી બાજી...' પુદ્ગલની બાજીમાં ખૂબ રમ્યા; હવે એનાથી દૂર સરવું છે.

પૂજ્ય મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજય મહારાજા 'સમાધિ શતક'માં કહે છે. 'આતમ જ્ઞાને મગન જો, સો સબ પુદ્ગલ ખેલ; ઈન્દ્રજાળ કરી લેખવે, મિલે ન તિહાં મન-મેલ'.... સાંઠ-ગાંઠ જે બંધાઈ ગઈ છે પુદ્ગલ સાથે, તેને છુટ્ટાછેડામાં ફેરવવી છે !

[૧૨]

# 'મોહરાય શિર લાકડિયાં'

पश्यन्नेव परद्रव्य-
नाटकं प्रतिपाटकम् ।
भवचक्रपुरस्थोऽपि
नामूढः परिखिद्यते ॥

પૂજ્ય વીર વિજય મહારાજે ચોસઠ પ્રકારી પૂજામાં, મોહનીય કર્મ નિવારણ પૂજામાં 'મોહરાય શિર લાકડિયાં' વરસાવનાર મુનિરાજની મોહરાજ સાથેની લડાઈનું માર્મિક વર્ણન રજુ કરી કહ્યું: મુનિવર મોહને નાસવે રે, રહી શ્રી શુભવીરને સંગ.

મોહના નાશ માટેનું બળ ક્યાંથી ઉદ્ભવે છે એ ભણી એમણે ઈશારો કરી દીધો. મહામહિમ શ્રી શાન્તિનાથ ભગવાનની સ્તવનામાં ભક્તહૃદયની વાત આ શબ્દોમાં રજૂ

થઈ છે : 'મોહ લરાઈ મેં તેરી સહાઈ, તો ક્ષણુ મેં છિન્ન છિન્ન કરુંના....' લડાઈ બળિયા સાથે છે, એટલે પ્રભુબળ વગર આપણુને નહિ ચાલે. જિન ઉત્તમ પૂંઠ હવે પૂરો, કહે પદ્મવિજય થાઉં શૂરો, તો વાધે મુજ મન અતિ નૂરો....

બલ્બમાં વિદ્યુત ચમકે છે. પણ એ ચમકનો પૂરવઠો દૂર દૂરના કોઈ વિદ્યુતઘરમાંથી આવે છે.

મોહના ભૂતની ચોટલી હાથમાં આવે છે પ્રભુભક્તિથી. પ્રભુશક્તિથી. અને એટલે તો સ્તવનકાર મહર્ષિએ કહ્યું : 'ધ્યાન ખડગ વર તેરે આસંગે, મોહ ડરે સારી ભીક ભરૂના....' પ્રભુના ધ્યાન, પરમાત્માના નામ મન્ત્ર સમી તલવાર હાથમાં આવી ગઈ; પછી મોહના શા ભાર છે? 'તુમ આણુા ખડગ કર ધારિયો છે, તો કાંઈક મુજથી ડરિયો છે.'

અનામી મિત્રની ભેટ (?)

પહેલાં, મોહને ઓળખી લેવો પડશે. અનુકૂલનના એવાં પ્રલોભન એ આપે છે કે, એ પ્રલોભન પર જો નજર ગઈ તો તમને નવડાવી જ નાખશે; વગર સાબુએ!

નવદંપતી લગ્ન પ્રસંગે મળેલ ભેટ–સોગાદ જોઈ રહ્યા હતા. ત્યાં ભેટના ઢગલામાંથી એક પરબીડિયું મળી આવ્યું. એમાં એક બહુચર્ચિત ફિલ્મના શોની બે ટિકિટો હતી; અને તેય બાલ્કનીની! પરબીડિયા પર ભેટ આપનારનું નામ વાંચવા ગયા તો ખાલી આટલું જ લખેલું : એક અનામી મિત્ર તરફથી.

તે જ દિવસે સાંજે નવદંપતી તે ફિલ્મ જોવા ગયા. ફિલ્મ જોતી વખતેય મનમાં થતું હતું. આ અનામી મિત્ર કોણ? સામાન્ય રીતે તો લોકો ભેટ-સોગાદ પર નામ લખે જ. આ સન્માનની સ્પૃહા વગરનો દાતા કોણ હશે?

ફિલ્મ પૂરી થયે ઘરે ગયા ત્યારે ઘર કંઈક અસ્ત વ્યસ્ત લાગ્યું. ખરોખર તપાસ કરી તો માલુમ પડયું કે, લગ્નની બધી ભેટ-સોગાદો, કીમતી વાસણો ને દાગીના બધું જ, ચોરાઈ ગયું છે!

પોલિસને તાત્કાલિક બોલાવવા માટે પોલિસ ચોકીનો ફોન નંબર શોધવા ડિરેકટરી લેવા પતિ મહાશય ગયા તો ત્યાં ડિરેકટરી પર જ એક ચિઠ્ઠી પડેલી જોઈ, આ ચિઠ્ઠી વળી કોની? વાંચ્યું તો અંદર લખ્યું હતું: કેમ ફિલ્મ શો માં મજા રહીને? અલવિદા – અનામી મિત્ર.

ઓહ! તો આ ચોર મહાશયનું જ કારસ્તાન હતું ફિલ્મ શોની ટિકિટની ભેટ એટલા માટે આપી હતી કે, તેઓ બેય ફિલ્મ જોવા જાય તો – ઘરમાં બીજું કોઈ ન હોવાથી – ઘર રેઢું પડે અને નિરાંતે ચોરી કરી શકાય!

મોહનું કામ પણ આવું છે! તમે આમ પાપ નહિ કરવાના. પણ મોહ એવી અનુકૂળતાના પ્રલોભનમાં તમને નાખી દેશે કે તમે હોંશે હોંશે પાપ કરવા મંડી પડશો.

આજે જે પાપ વધ્યું છે, પહેલાના જમાનાના સંદર્ભમાં, તે શું જરૂરિયાતને કારણે વધ્યું છે?

પેટ ભરવા માટેનું પાપ કેટલું?
ને પટારા ભરવા માટેનું પાપ કેટલું

કોઈ દિવસ વિચાર કર્યો કે, પેટ ભરવા માટે કેટલું પાપ થાય છે અને પટારા ભરવા માટે કેટલું પાપ થાય છે?

'જરૂરિયાત એ શોધની જનની છે.' નેસેસિટી ઈઝ ધ મધર ઑફ ઈન્વેન્શન.' આ સૂત્રને સામે છેડે આપણે આ સૂત્ર બનાવશું: જરૂરિયાત વધે તેમ પાપ વધે.

ઘર પાકકું સારું હોય, વર્ષોથી એમાં રહેતા હો તમે પણ પૈસા વધી જાય તો.... ? એને તોડીને નવો બંગલો બનાવવાનો વિચાર થાય ને? એ વખતે જો આ ચિન્તન આવી જાય તો? કે ખરેખર બંગલાની જરૂર છે કે પછી પૈસા વધ્યા એટલે સ્ટેટસ-સિમ્બોલ તરીકે બંગલો બનાવવો છે? સ્ટેટસ-સિમ્બોલનો ખરબચડો અનુવાદ છે—દેખાડો કરવાની વૃત્તિ

'પહેલાં ઉપધાન કરાવું, પછી ઘર સમરાવું'

*એક ભાઈને હું ઓળખું છું. પહેલાં પરિસ્થિતી સામાન્ય હતી. એક વખત ઉપધાન તપની આરાધના જોઈ અને એમના મનમાં સંકલ્પ થયો કે, પુણ્યના યોગે મને સંપત્તિ મળે* તો સૌથી પહેલાં હું ઉપધાન તપની આરાધના કરાવું.

શુભ સંકલ્પથી પુણ્ય વધે છે અને ફળે છે, પેલા ભાઈ પાસે બે વર્ષમાં જ સારું એવું ધન ભેગું થયું. અને તરત જ તેઓ ઉપધાન તપની આરાધના કરાવવાની તજવીજમાં પડી ગયા. ઘર જૂનું જ છે હજુ હોં! પહેલાં ઉપધાન, પછી બીજું બધું આ વાત જેમણે નક્કી કરેલી એ આ ભાઈએ ખૂબ ઠાઠથી ઉપધાન તપ કરાવ્યાં.

તમે પણ જો ચિન્તનનાં ચક્ર ચલાવી શકો તો આવું તમે પણ કરી શકો. પહેલાં ધર્મારાધન.... સંસાર તો છે જ!

**કલ્પક મંત્રીની પાપભીતિ**

જરૂરિયાત વધે તેમ પાપ વધે. જરૂરિયાત ઘટે તેમ પાપ ઘટે. કલ્પક વિદ્વાન, અભ્યાસી હતો. કોરી વિદ્વત્તા નહિ, હો! આચરણથી સોહતી વિદ્વત્તા. નિષ્પાપ જીવન કેમ કરી જીવી શકાય એ વિષે તે સતત વિચારણા કર્યા કરતો.

પાપ ઓછું કરવું એ જ્યારે લક્ષ્ય બને છે ત્યારે માણસ કોઈપણ પાપનું કાર્ય કરતાં પહેલાં વિચારે છે: આ કાર્ય ન કરું તો ચાલે કે કેમ. કોઈ પણ રીતે જો એ કાર્યને ટાળી શકાય તેમ હોય તો ટાળ્યા વગર એ ન રહે.

પુણિયા શ્રાવક રોજ એક અતિથિની ભક્તિ કરતા. પણ વધુ પુણીઓ વણ્યા સિવાય! કારણ કે વધુ પુણીઓ વણવી પડે તો ધર્મ-આરાધન ઓછું થાય. સામાયિક ઓછા થાય. 'સાપ મરે નહિ ને લાકડી ભાંગે નહિ' જેવો રસ્તો શોધી કાઢેલો હતો તેમણે. એક દિવસ પોતે ઉપવાસ કરતા. એક દિવસ તેમનાં શ્રાવિકા ઉપવાસ કરતાં. આમ બે જણની રસોઈમાં રોજ અતિથિને ભોજન કરાવવાનો લાભ મળી જતો.!

કલ્પક પંડિત પણ આ રીત નિષ્પાપ જીવન વીતાવવા હંમેશા પ્રયત્નશીલ રહેતો. આચરણ સાથેની વિદ્વત્તા એટલે

સોનામાં સુંગંધ. આચરણ વિહોણી વિદ્વતા એટલે લૂખું ધાન.

બે પંડિત : એક હાથી, એક પોપટ !

બે પંડિતો કાશીએ જતા હતા. રસ્તામાં ભેગા થઈ ગયેલા. સાથે ચાલે. સાથે સૂઈ જાય. પણ મનમાં એક-બીજાને એકબીજા પર પ્રેમ નહિ. ભારોભાર ખાર.

રસ્તામાં એક મોટું ગામ આવ્યું. બંને પંડિતો નગરમાં ગયા. ત્યાં એક શ્રીમંત સદ્‌ગૃહસ્થે બેઉ પંડિતોને જમવાનું આમંત્રણ આપ્યું. બેઉ પંડિતોએ એ આમંત્રણ સ્વીકાર્યું. પોતાના દીવાનખંડમાં ઉતારો આપ્યો. નાના પંડિત નહાવા ગયા એટલે શેઠે મોટા પંડિતને પૂછ્યું : આ પંડિતજી કેવાક વિદ્વાન છે ?

" વિદ્વાન ? " મોટા પંડિત હી હી કરી હસવા માંડ્યા. " મહાશય ! વિદ્વત્તા તો ખરી, પણ બીજાને શીશામાં ઉતારે એવી છે એની પાસે.

આ કાશીએ જવા નીકળ્યો છે પણ તેય કંઈ યાત્રા માટે નહિ; દક્ષિણાની લાલચે.... કે ત્યાં જઈશું ને કોઈ સુખી માણસોને અગડં-બગડં પૂજા-પાઠ કરાવી પૈસા પડાવી લઈશું.... બગભગતાઈ જેવી આ વિદ્વત્તાને શું કરવાની ? હાથીને જેમ દેખાડવાના દાંત જુદા હોય અને ચાવવાના જુદા હોય તેમ આ અમારા પંડિતરાજને પણ બોલવાનું જુદું ને ચાલવાનું જુદું....

થોડીવારે નાના પંડિત સ્નાન કરીને આવ્યા એટલે

મોટા પંડિત ગયા. તો તેમના ગયા પછી શેઠે નાનાં પંડિત-ને પૂછ્યું : મોટા પંડિતજી વિદ્વાન લાગે છે. શાસ્ત્રોના પંડિત....

વચ્ચે જ પેલો કહે : પોથી પંડિત કહો, પોથીપંડિત અને એય પોથીમાંના રીંગણાંને ભાવપૂર્વક આરોગે તેવા ! અને ભાઈ! પોપટને 'રામ રામ' શીખવાડો તો એય બોલે. પણ 'રામ રામ' બોલેય ખરો ને રામચન્દ્રજીની મૂર્તિ પર ચરકેય ખરો ! આ અમારા પંડિત મહાશયનું જ્ઞાન પણ પોપટિયું જ્ઞાન છે. એટલે મોટા પંડિતજી પોથી પંડિત અર્થાત્ પોપટ-પંડિત છે.

પેલા શ્રેષ્ઠી હોંશિયાર હતા. બન્ને પંડિતો શાસ્ત્રોના વિદ્વાન અને સભાઓ ગજવે તેવા છે એ સમજતાં એમને વાર ન લાગી. પણ સાથે સાથે આ બેઉ થોથાપંડિત જ છે, એટલે જ્ઞાનની વાત એમને હૈયે બિલકુલ નથી ઉતરી એવું પણ તેઓ સમજી ગયા. આવા પંડિતો ઉધારે ઉધાર વેપાર કરતા હોય છે! ઈધર સે લિયા, ઉધર દિયા. અહીંથી ઉધાર લીધું, શાસ્ત્રોમાંથી, ને લોકોને આપી દીધું.... દલાલી લેતાં હોત તો તો ઘણું સારું હતું. પણ આ ઉદાર (?) મહાશય દલાલી, કમિશન પણ નથી લેતા. કમિશન રૂપે થોડા પર્સન્ટેઈજ જ્ઞાન ઉતારતા હોય ને તોય કામ થઈ જાય.

### સંગીત પ્રિય રાજવી

એક સંગિત વિશારદે સંગીત પ્રિય રાજવી પાસે 'તિલક કામોદ' રાગને એ રીતે પેશ કર્યો કે રાજવી આનંદ

માં ઝૂમવા લાગ્યા. શાસ્ત્રીય સંગીતની અટપટી, અણજાણ ગલીઓમાં સંગીતકારે તિલક કામોદના માધ્યમથી એવા ઘૂમાવ્યા કે, રાજવી એના સંગીતના જ્ઞાન પર ફિદા ફિદા થઈ ગયા. અને મનમાં બોલ્યા : આનાથી અર્ધું જ્ઞાને મને હોત, સંગીતનું. તો હિમગિરિના કો' કન્દરામાં જ હું ખોવાઈ જાત ! વીણા વગાડયા કરત. નિર્દોષ હરણાંને રમાડયા કરત.

પણ આ તો શ્રોતાનો વિચાર હતો. સંગીતકાર મહાશય તો રાજાને પ્રસન્ન કરી 'ભજકલદારમ્'ની ભેટ જ લેવા ઈચ્છતા હતા. ના, એમને હિમાળો નથી ગાળવો !

પેલા શ્રીમંતે બેઉ પંડિતોને પાઠ ભણાવવાનો વિચાર કર્યો. ઘણા પાઠ ભણ્યા'તા વેદ-ઉપનિષદના, પણ આ પાઠ બાકી હતો ! ભોજનનો સમય થતાં બેઉ પંડિતો જમવા આવ્યા. સુંદર આસન પર બેઉને બેસાડ્યા. ચાંદીના પાટલા ઢાળ્યા. તે પર સોનાનાં થાળ મૂકયા.... બેઉ પંડિતો આટલું બધું પોતાનું સન્માન જોઈ ખુશ ખુશ થઈ ગયા. અને.... ચાંદીના પાટલા ઢાળી તે પર સોનાની થાળીઓ મૂકનાર જજમાન માલ-પાણી તો સારા પીરસશે જ. જાત-જાતના મિઠાઈ, બદામ-પીસ્તા ચારોડીવાળાં કઢેલાં દૂધ, જાત જાતનાં ફરસાણ...

ત્યાં બે થાળ આવ્યા. બન્ને પર રેશમી વસ્ત્ર ઢાંકેલ. પંડિતો લાલચુ નજરે જોઈ રહ્યા. કયારે થાળનું અનાવરણ થાય અને મિષ્ટાન્ન દેવનાં દર્શન થાય !

અને થાળ પરથી વસ્ત્ર હટતાં જ.... આ શું? એક થાળમાં લાલ મરચાં અને બીજા થાળમાં લીલું ઘાસ! અમારા જેવા પંડિતરાજોની આવી મશ્કરી!

શ્રેષ્ઠી હાથ જોડીને કહે: હું વિચારતો હતો કે, પંડિતરાજો મારા મહેમાન બન્યા છે તો તેમને ભાવતું ભોજન પીરસુ. પણ હવે આપને સીધી રીતે કેમ પૂછાય કે આપને શું ભાવે છે? એથી મેં આપ બન્નેનો પરિચય આપ બન્ને પાસેથી લીધો. હવે આપ આ ભોજનનું રહસ્ય સમજી ગયા હશો. (પોપટને લાલ મરચું બહુ ભાવે. અને હાથીને લીલું ઘાસ.)

પંડિતો શરમાઈ ગયા. બસ, તેજીને ટકોરો જ હોય. શ્રેષ્ઠીએ રસોડા ભણી ઈશારો કરતાં નોકરો સ્વાદિષ્ટ ભોજનનાં થાળ લઈ આવ્યા. ખૂબ પ્રેમપૂર્વક ખવડાવ્યું અને ઉપરથી દક્ષિણા આપી.

સમજાવવાની કેવી કળા હતી શેઠજીની!

### વાત કેળાંવડાંની!

આપણે કલ્પક પંડિતની વાત કરી રહ્યા હતા. તે બહુ પાપભીરુ હતો. પાપ કરવાની વાત આવે ને ધ્રૂજે: ના, ભાઈ સા'બ! મારાથી એ નહિ થાય.

એક શેઠે એક વૈદ્યની દવા એક અસાધ્ય દર્દ માટે કરી. વદ્ય બહુ નિષ્ણાત હતાં વૈદ્યરાજે કહ્યું: જુઓ, શેઠજી! મારી દવા શરૂ કરતાં પહેલાં એ ધ્યાનમાં રાખજો કે, મારી દવામાં ચરી બરાબર પાળવી પડશે. તમારે તળેલું

જીંદગીભર બંધ કરવું પડશે. ભૂલેચૂકે પણ જો તળેલું ખવાઈ ગયું તો મુશ્કેલીનો પાર નહિ રહે. શેઠજીએ વૈદ્યરાજની વાત સ્વીકારી અને દવા લેવાની શરૂ કરી.

દવા ખરેખર અકસીર નીકળી. જાતજાતની દવા કરતાં પણ જે રોગ હટવાનું નામ નહોતો લેતો, તેને આ દવાએ હટાવી દીધો.

શેઠજીએ વૈદ્યરાજને આ શુભ સમાચાર આપ્યા. વૈદ્યરાજ કહે: એ તો મને ખાતરી જ હતી. આ દવા લો અને દર્દ ન જાય તેમ બને જ નહિ. પણ પેલી ચરીની વાત બરોબર ધ્યાનમાં રાખજો. આખી જીંદગી સુધી તળેલું નથી જ ખાવાનું. અને જો ખાધું તો મુશ્કેલીનો પાર નહિ રહે.

દિવસો વીતી ગયા. એક દિવસ મહેમાન આવેલા. શીરા, પૂરી, કેળાંવડાં બનાવેલાં. શેઠજીને કેળાંવડાં બહુ ભાવતાં. પણ શું થાય? આ વચ્ચે રોગ આવી ગયો....!

કેળાંવડાં તળાઈ રહ્યાં છે. નાકે સુગંધ લીધી. ઈન્દ્રિયોની આખી શૃંખલા છે. આંખે જોયું, પણ જો મન નિર્લેપ હશે તો વાંધો નહિ આવે. પણ મન જો આંખે જોયેલ પદાર્થ પ્રત્યે રાગ વ્યક્ત કરશે તો તરત જ એ પદાર્થને મેળવવાની ઇચ્છા થશે. અને લો, દુઃખની ગાડીની વ્હીસલ વાગી ગઈ. હવે એ ઉપડશે અને ક્યારે એનુ થોભવાનું સ્ટેશન આવશે તે કોણ જાણે છે?

ઇચ્છિત વસ્તુ મળી ગઇ એટલે સ્ટેશન આવી ગયું એવી ભ્રમણામાં ના રહેતા ! કેવળ વસ્તુની પ્રાપ્તિ માટેની યાત્રા એ જ દુઃખની યાત્રા છે એવું નથી. યાત્રાનો પહેલો પડાવ છે એ તો !

દુઃખની યાત્રાનો પહેલો પડાવ : મનભાવન વસ્તુની પ્રાપ્તિ માટે તૈયાર થવું. એ માટે કોશીશો શરૂ કરવી.

બીજો પડાવ : મળી ગયેલ વસ્તુને સાચવવાની મહેનત. રૂપવતી સ્ત્રી પત્ની તરીકે મળી ગઈ એટલે માણસ 'હાશકારો' અનુભવે છે. પણ એને કહીએ કે, ભાઈ! તું ચડ્યો એના કરતાં મોટો ડુંગર ચડવાનો હજુ બાકી છે !

પત્ની રૂપવતી હશે ત્યારે, એ શીલવતી હશે તો ય પતિનું મન શંકાશીલ રહેવાનું જ. અને એમાં જો કોઇ જોડે હસતી-બોલતી એણીને સાંભળી, જોઈ તો પેટમાં તેલ રેડાશે !

આ ફરિયાદ નહિ હોય તો બીજી ફરિયાદ હશે: પીયરનાં સગાં-વહાલાં પર જેટલો એને પ્રેમ છે, એટલો અહીં કોઈના પર નથી !

**'મારાં સાસુજી કરતાં તમારાં સાસુજી પર વધુ હેત છે !'**

એક ભાઈની પત્ની માટેની આ કાયમી ફરિયાદ : એને તો એનાં સગાં-વહાલાં મળ્યાં એટલે ગોળનું ગાડું મળ્યું જાણે ! અને અમારા કોઈ સગાં-સંબંધી આવે તો મોઢું તોબરા જેવું થઈ જાય. એક વાર પત્નીને કહ્યું પણ ખરું : તને મારાં સગાં પર વહાલ નથી....

બાઈ બહુ ચાલાક હતી. એ કહે : એ તો તમારો વહેમ છે. બાકી હું તો મારા સગાં કરતાં તમારાં સગાંને વધુ ચાહું છું. જુઓ ને, મારાં સાસુજી કરતાં તમારાં સાસુજી પર મને કેવું હેત છે !

ભોળો પતિ ખુશ–ખુશ થઈ ગયો. પણ એ ન સમજ્યો કે, બાઈએ વાગ્‌વિલાસમાં એને ઠગી લીધો હતો.

'અર્થાનામ્ અર્જને દુઃખમ્ અર્જિતાનાં ચ રક્ષણે.' પદાર્થની પ્રાપ્તિમાં દુઃખ. પહેલો પડાવ દુઃખની યાત્રાનો. પ્રાપ્ત થયેલને સાચવી રાખવામાં દુઃખ. બીજો પડાવ. અને સાચવવા છતાંય લપડાક મારીને ભાગી જાય, આ દોલત, તો દુઃખનો કોઈ આરોઓવારો નહિ. પહોંચી ગયા ભાઈ સાહેબ દુઃખના ડુંગરિયે. આખી જીંદગી ઝૂર્યા કરશે હવે. પછી જીવનની કૈસેટમાં દુઃખનાં જ બધાં ગાણાં અંકિત થયેલ જોવા મળશે.

આવા કોઈ મૂરતિયાનો ભેટો અને એના ટેપ–રેકોર્ડરની સ્વિચ ઓન કરો તો આવાં જ ગાણાં સંભળાયા કરશે : મારી પાસે તો ખૂબ ધન હતું. શું વાત કરું મારા જાહોજલાલીના સમયની ! અને અત્યારે ! હાય, હાય બધું ગયું !! કંઈ ન રહ્યું... !

## 'દોલત'ની બે લાત

દોલત બે લાત મારે છે. આવતી વખતે આગળ લાત મારે છે. જેથી માણસ અક્કડ બની જાય છે અને જતી વખતે લાત મારે છે જેથી આદમી ઢીલો ઢફ થઈ જાય છે.

કેડ વળી જાય છે...

પેલા શેઠજીની વાત જોઈ લઈએ. ગરમાગરમ કેળાંવડાં ઉતરી રહ્યા છે. નાક બહેને સોડમનો ટેસ્ટ લઈ લીધો એટલે જીભ બહેન ઉંચાં-નીંચાં થાય છે: અમને કાં નહિ? શેઠજીના મનમા દુવિધા થઈ. શું કરવું? ખાવાનું અત્યન્ત મન થયું છે, પણ વૈદ્યરાજનાં વચનો યાદ આવે છે અને પેલી ઈચ્છા પર બ્રેક લાગી જાય છે.

જમવા બેઠા—મહેમાનો સાથે શેઠ. શીરો મહેમાનો સાથે શેઠને પીરસ્યો. પૂરી, કેળાંવડાં શેઠાણીએ મહેમાનોને પીરસ્યા. શેઠજીને તો ચરી હતી એટલે મૂકવાનો સવાલ નહોતો.

ત્યાં એક મહેમાન કહે: વાહ! રસોઈ તો શું ટેસ્ટ-ફુલ બની છે! અને એમાંય આ કેળાંવડાં તો બસ, જાણે ખાધાં જ કરીએ ખાધાં જ કરીએ...

જે વસ્તુ પોતે ખાઈ શકે તેમ નથી, પોતાના ગજવાને પરવડે તેમ નથી એથી અથવા તો કોઇ રોગ આદિને કારણે, એનું વર્ણન સાંભળવાથી, એના વિષેની લોભામણી જાહેર ખબરો વાંચવાથી જે બહેકાવ ઉત્પન્ન થશે એ આખરે ઉન્માર્ગે જ લઈ જશે મનુષ્યને.

આ માટે જ સદાચારની વાડો-મર્યાદાઓ હતી. એ કિલ્લેબંધી નહોતી. સુરક્ષાની દિવાલો હતી. એ દિવાલોને જમીનદોસ્ત કરી કેટલું ગૂમાવ્યું છે એનો વિચાર કદી કર્યો છે?

શેઠજીએ અત્યાર સુધી બ્રેક રાખી હતી તળેલી વસ્તુ ખાવાની ઈચ્છા પર પણ આજે એ બ્રેક ખરાબ થઈ ગઈ. સંયમનો બંધ તૂટી પડચો.

શેઠ શેઠાણીને કહે : લાવો, એક બે કેળાંવડાં. વૈદ્યો તો ડર બતાવ્યા જ કરે. નહિતર એમનો ધંધો શી રીતે ચાલે? વિચાર એક-બે કેળાંવડાં ખાવાનો જ હતો. પણ એક-બે મોઢામાં જતાં એવો ટેસ્ટ પડચો કે શેઠ ડઝન બંધ ખાઈ ગયા !

અને પછી રાત્રે શું પીડા થઈ છે, શું પીડા થઈ છે. એક મિનીટ ચેન ન પડે. રાતોરાત વૈદ્યરાજને બોલાવ્યા. વૈદ્યરાજ સમજી ગયા કે ચરી તોડવાના કારણે આ થયું છે. જલદ દવાઓના પૂરા ડોઝ આપ્યા. ઘણી ઘણી દવાઓ ફેરવી ત્યારે માંડ દુખાવો શમ્યો.

વૈદ્યરાજે કહ્યું : શેઠજી ! ભગવાનની કૃપાથી આ ફેરે બચી ગયા. બાકી હવે જો બીજીવાર આવું થયું તો મારે હાથ ખંખેરવાના જ રહેશે.

હવે તો શેઠ તળેલાના નામથી એટલા ગભરાવા માંડયા કે, કોઈક જગ્યાએ મહેમાનગતિએ જાય તો પહેલે-થી જ કહી દે કે, મારા માટે તળેલી કોઈ વસ્તુ બના-વવાની નહિ. પણ એટલું જ પૂરતું નહોતું. કોઇ પણ નવી વાનગી દેખે તો તરત પૂછે આ તળેલી તો નથી ને?

પાપનો ભય આવો હોવો જોઈએ. નવા બિઝનેસમાં જોડાવાનું કોઈ આમંત્રણ આપે અને કહે કે, આ ધંધામાં

કમાવાની તકો ઘણી છે. ત્યારે પાપભીરુ આત્મા કહે, પૂછે : એ તો ઠીક પણ આમાં પાપ કેવું ? પાપની કોટડી સમા સંસારમાં તો બેઠો જ છું ના, હવે વધુ પાપ નથી કરવું ?

**કલ્પકની મંત્રી થવાની ઈચ્છા નથી.**

'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રન્થમાં મહાન ધર્મનાયક હરિભદ્ર સૂરિ મહારાજાએ સમકિતી આત્માની પાપપ્રવૃત્તિને 'તપ્ત લોહપદન્યાસ.' જેવી વર્ણવી છે. તપેલી લોઢા પર પગ મૂકતી વખતે જેવી અસહ્ય બળતરા થાય તેવી બળતરા સમકિતીને પાપ કરતી વખતે થાય.

આપણે કલ્પક પંડિતની વાત કરતા હતા. તે પાપભીરુ હતો. જેમ બને તેમ નિષ્પાપ જીવન જીવવાની એની કોશીશ હતી. તેટલામાં રાજા તરફથી રાજ્યના મંત્રીપદની ઓફર તેને કરવામાં આવી. જુના મંત્રીના સ્થાને નવો મંત્રી નીમવાનો હતો ત્યારે મંત્રી તરીકેની બધી લાયકાત રાજાને કલ્પકમાં લાગી.

આજે મિનિસ્ટર બનવા માટે કઈ લાયકાત જોઈએ ?

**'તમારો બાબો મિનિસ્ટર બનશે.'**

એક મિત્રે એક ભાઈને કહ્યું : તમારો બાબો મોટો થઈને મિનિસ્ટર થવાનો.

"શી રીતે જાણ્યું ? તમે ય જ્યોતિષ જાણો છો કે શું ?"

"ના, જ્યોતિષથી નહિ એની રીતભાત પરથી લાગ્યું કે એ મિનિસ્ટર બની શકશે."

પેલા ભાઈને જાણવાની ચટપટી થઈ છે. "પણ વાતમાં મોણ નાખ્યા વિના જલ્દી કહો ને."

"તમારો બાબો જુઠ્ઠાં વચનો—જેમને એ કદી પાળતો નથી—દેવામાં કુશળ છે એથી મને લાગે છે કે ભવિષ્યમાં એ મિનિસ્ટરની CHAIR શોભાવશે! મેં એને અઠવાડિયા પહેલાં કહેલું: બાબા! તું સ્કૂલથી છુટે ત્યારે, વળતાં, આ પુસ્તક લેતો આવજે બુકસ્ટોલમાંથી. એ કહે: સારું. સાંજે પૂછ્યું તો કહે: આજે તો ભૂલી ગયો. કાલે જરૂર લાવીશ. એ પછી પાંચ દિવસ વીતી ગયા. કો'ક દિવસ........રોજ નવી ગીલ્લી, નવો દાવ કરે છે....પણ પુસ્તક તો હજુ બુકસ્ટોલમાં જ છે!

રાજાને કલ્પકમાં મન્ત્રીપદને શોભાવે તેવી આ લાયકાતો દેખાણી: વિદ્વત્તા, કુશાગ્ર બુદ્ધિ, પરદુખદુખિતા ....આથી રાજાએ કલ્પકને ખાસ આગ્રહ કર્યો. કલ્પક વિનમ્રતાપૂર્વક ઈન્કાર કરે છે: મહારાજ! મારા પર કૃપા કરો. મને એ બોજ ન સોંપો. હું જીવનને વધુ આરાધનામય બનાવવા ઈચ્છું છું ત્યાં આ ઉપાધિ ન વળગાડો!

કોઈ હિસાબે કલ્પક તૈયાર ન થયો ત્યારે રાજાએ એક યુક્તિ કરી. કલ્પકને ખોટા ગુના હેઠળ આરોપી બનાવ્યો. લોકો ન જાણે તે રીતે. કારણ કે કલ્પકની

આબરૂને સહેજ પણ ડાઘ નહોતો લગાવવો. પછી રાજાએ કહ્યું : આ આરોપમાં સજા છે મૃત્યુદંડ. ફાંસી. પણ એક જ શરતે આમાંથી તને હું છુટકારો આપું. અને તે શરત તમે જાણો છો તેમ, મંત્રીપદના સ્વીકારની હતી.

જો મંત્રીપદે આવીને અધર્મ કરવો પડે તેમ હોત તો તો કલ્પક ફાંસીને માંચડે ચડી જ જાત. પણ રાજાએ તેને આરાધના માટે ખૂબ સ્વતંત્રતા આપતાં તે મંત્રીપદના સ્વીકાર માટે તૈયાર બન્યો.

કેટલી નિષ્પાપ જીવન માટેની ઝંખના ?

મહામંત્ર નમસ્કાર મંત્રમાં નિષ્પાપવૃત્તિને મંગળ સાથે સાંકળી તે. 'એસો પંચ નમુક્કારો, સવ્વપાવપ્પણા-સણો....' પરમેષ્ઠી ભગવંતોને કરાયેલ નમસ્કાર સર્વ પાપોનો નાશ કરે છે અને તેથી જ તે સર્વ મંગળોમાં પ્રથમ મંગળ છે. 'મંગલાણું ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં.'

મંગળ માટે પાપનાશ. અને પાપનાશ માટે પરમેષ્ઠી –નમસ્કાર. આપણે પરમાત્માનાં દર્શન તો કરીએ છીએ, પણ પાપનાશ માટેની યાચના પૂર્વક કેટલા નમસ્કાર કર્યા ? પેથડ મંત્રીએ પરમાત્માનાં કેવાં દર્શન કર્યા ?

પેથડ મંત્રી પાસે સુવર્ણસિદ્ધિ હતી. ઘણું સુવર્ણ એમણે એ સિદ્ધિના બળે બનાવેલું. એક વખત તેઓ પરમાત્માનાં દર્શન કરવા ગયા. દર્શન તો ઘણી વખત કરતા, પણ આ વખતે એવાં દર્શન થઈ ગયાં કે સુવર્ણ-

સિદ્ધિ ખટકવા લાગી. ડંખવા લાગી. કારણ કે સુવર્ણસિદ્ધિમાં વનસ્પતિકાય વગેરેની વિરાધના થતી હતી.

દર્શન કરતી વખતે જ તેમણે સંકલ્પ કર્યો: સુવર્ણ સિદ્ધિ કોઈને આપીશ નહિ. તેમ હવે પછી એનો ઉપયોગ પણ નહિ કરું. પણ જેટલું સુવર્ણ થઈ ગયું એનું શું? એનો તીર્થોદ્ધાર આદિ સુકૃત્યોમાં ઉપયોગ કરીશ. સંસાર માટે નહિ.

ભગવાનનાં દર્શન કરતી વખતે યાચના માત્ર એક જ કરવાની છે પાપનાશની. અને પાપનાશની ભાવના લગાતાર ચાલ્યા કરે એ માટે પરમાત્મસેવાની યાચના કરવાની છે: ભવોભવ તુમ ચરણોની સેવા, હું તો માગું છું દેવાધિદેવા...

પૂજ્ય મહોપાધ્યાય યશોવિજય મહારાજાએ ઋષભદેવ પરમાત્માની સ્તવનામાં કહ્યું છે: માગત નહિ હમ હાથી ઘોડે, ધન કણ કંચણ નારી; દિઓ મોહિ ચરણ કમલ કી સેવા, યાહી લગત મોહિ પ્યારી....ન જોઈએ હાથી–ઘોડા, ન જોઈએ ઋદ્ધિ–સમૃદ્ધિ; મારે તો જોઈએ આપના ચરણ કમળની સેવા.

'યાહી લગત મોહિ પ્યારી....' મને એ જ પ્યારી લાગે છે. ચરણ કમળની સેવા જ બીજું બધું અકારું લાગે છે.

મોહના ભૂતની ચોટલી પરમાત્મભક્તિથી જ આપણા હાથમાં આવે છે. પછી, એવો ભક્ત પુરુષ મોહના નાટકને

નિર્લેપ રીતે જોયા કરે છે. સાક્ષીભાવની ભૂમિકા આવી જાય છે અને કર્તૃત્વનો રસ ઊડી જાય છે. 'હું કરું હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જિમ શ્વાન તાણે....'

મોહથી ઘેરાયેલું વ્યક્તિત્વ નાટક જોતી વખતે સાક્ષી-ભાવને બદલે કર્તૃત્વભાવમાં આવી જાય છે અને પરિણામે હેરાન થાય છે.

રાગ અને દ્વેષનો ઝમેલો, બખેડો ઊભો કેમ થાય છે? પેલા નાટકમાં પ્રેક્ષક બનવાને બદલે નટ બની જવાથી ....આ સારું અને આ નરસું; આ મને ગમે અને આ ન ગમે; આના વગર તો હું જીવી જ ન શકું અને આ હોય તો હું દુઃખી દુઃખી થઈ જાઉં આવા વિચારોની શ્રેણી મનુષ્યને રાગ–દ્વેષમાં લપેટી સંસાર ભણી ખેંચી જાય છે.

'નામૂઢઃ પરિખિદ્યતે.' ગ્રન્થકાર મહર્ષિ ફરમાવે છે. વિવેકી મનુષ્ય રાગ–દ્વેષની પકડમાં નથી આવતો અને તેથી પરંપરાએ એ સુખી બને છે.

સંસારમાં રહેવા છતાં સંસાર–ભાવથી પર રહેવાની કળા 'જ્ઞાનસાર ગ્રન્થ' આપણાને શીખવાડે છે. એ કળાને શીખીએ અને ભવ–પાર પામીએ.

રોડો તો ઘણાં છે, હવે થોડાંક ટ્રાફિક સર્કલ્સ ઊભા કરો જ્યાંથી સાક્ષી ભાવે તમે સંસારના માર્ગોને જોઈ શકો.

[૧૩]

# કારસ્તાન કારમાં મોહનાં

विकल्पचषकैरात्मा
पीतमोहासवो ह्ययम् ।
भवोच्चतालमुत्ताल–
प्रपञ्चमधितिष्ठति ।।

પૂજ્ય ચિદાનંદજી મહારાજે મહામહિમ નેમિનાથ ભગવાનના સ્તવનમાં મોહના ઘેનથી ઘેરાયેલ આપણી અસ્મિતાનું દર્દજનક બયાન રજૂ કર્યું છે. હા, પરમાત્મા સિવાય કોની આગળ દર્દની વાત કરાય? 'પ્રભુવિણ કુણ આગળ કહેવું?'

'મોહ મહા મદ છાકથી, હું છકિયો હો નહિ શુદ્ધિ લગાર.' આ છે વીતકકથા. ગ્રન્થકાર મહર્ષિએ એ કથાને આ શબ્દોમાં મૂકી છે: 'વિકલ્પચષકૈરાત્મા, પીતમોહાસવો હ્યયમ્.' મોહની મદિરા. વિકલ્પનો પ્યાલો.

ગમો અને અણગમો. રાગ અને દ્વેષ. આ છે વિકલ્પો. મોહના 'જામ'ને જેમાં ભરી ભરીને પીવાય છે! જે ગમે છે, એના વગર કેમ ચાલી શકશે એ મૂંઝવણને સામે છેડે આ વાત છે: અમુકની સાથે તો મારાથી રહેવાય જ નહિ. બસ, આ બે બિન્દુઓના આકર્ષણ અને અપાકર્ષણમાં જ જીવન પૂરું થઈ જાય છે.

અને આ ગમા-અણગમાની પાર્શ્વભૂમિ જ કેવી ડગમગતી છે? જેને માટે માણસ થોડા સમય પહેલાં કહેતો હોય છે: આના વગર હું નહિ જીવી શકું. તે જ વ્યક્તિ સાથે એ હદે સંબંધો બગડે છે કે જ્યારે એનું મોઢું જોવામાં ય એ પાપ માને છે.

કોણ બદલાણું? વ્યક્તિ તો એની એ જ છે. એ નથી બદલાણી. તમે બદલાણા છો! જેના પર રાગ કરતા હતા તેમાં કંઈક દોષ દેખાય છે અને પરિણામે રાગનો મહેલ કડૂડૂ ભૂસ કરતોક ને પડી જાય છે.

## 'ભગવાન વગર નહિ ચાલે'

રાગ ખૂબ કર્યો સંસારમાં. વિરહની વ્યથા પણ ખૂબ ભોગવી. પરંતુ પરમાત્માનો વિરહ કદી સાલ્યો છે? મહામહોપાધ્યાય શ્રીમદ્ માનવિજય મહારાજ જેવા ભક્તપુરુષો પરમાત્માને કહી શકશે: 'તુજ વિરહો કિમ વેઠિયે રે લાલ'! પણ આવાં ભક્તિ સભર વચનો આપણે ક્યારે ઉચ્ચારી શકશું? 'બીજા બધા વગર મારે ચાલશે, પણ ભગવાન વગર નહિ ચાલે;' આ ભૂમિકા જ્યારે હાથ-

વગી બને ત્યારે આ ઉદ્ગારો કાઢવા આપણે અધિકારી બની શકીએ.

સંસાર માટે, સ્નેહિજનો માટે, પુષ્કળ આંસૂ વહાવ્યા છે આ આત્માએ. સમંદરના સમંદર જેટલાં. પણ પરમાત્મા માટે કેટલાં આંસૂ વહાવ્યાં? પરમાત્મા નથી મળ્યા, મને ક્યારે પરમાત્માનો સાક્ષાત્કાર થશે, આ ભાવના સાથે આંખમાંથી એકાદ આંસૂ ટપકી પડે તોય એ અણમોલ છે.

**સમરાશાહના પિતાની પરમાત્મસમર્પિતતા**

મહાતીર્થ શત્રુંજયના ઉદ્ધાર સાથે જેમનું નામ સંકળાયેલું છે તે સમરાશાહના પિતા પોતાના મહાલયમાં બેઠા ધર્મ–આરાધન કરી રહ્યા છે. તન મહેલમાં છે, પણ મન મન્દિરમાં છે. આરાધક આત્માનું ચિત્ત ધર્મમાં, મોક્ષમાં જ હંમેશા હોય; શરીર જ સંસારમાં હોય. 'મોક્ષે ચિત્તં ભવે તનુઃ'

મૂર્તિભંજકોના કાળની આ વાત છે. તો સમરાશાહના પિતા એક વખત ધર્મ–આરાધન કરી રહ્યા છે, ત્યાં એમને સમાચાર મળ્યા કે, શત્રુંજય તીર્થના અધિપતિ, દેવાધિદેવ ઋષભદેવ પ્રભુની મૂર્તિને વિધર્મીઓએ તોડી નાખી છે.

સમાચાર શું સાંભળ્યા, વીજકડાકો બોલ્યો જાણે. 'શું? ભગવાન ઋષભદેવની પરમપાવની મૂર્તિ હવે ન રહી? હવે અમે કોના સહારે તરશું? સમાચાર સાંભળતાં ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા તેઓ. 'દુષમ કાળ જિનબિંબ જિનાગમ, ભવિયણ કું આધાર જી.'

કેવો છે દુષમકાળ?

પૂજ્ય જિનવિજય મહારાજ મહામહિમ મહાવીર ભગવાનના સ્તવનમાં કહે છે: જિન–કેવલી–પૂરવધર વિરહે, ફણી સમ પંચમ કાળજી.' નહિ તીર્થંકર ભગવાન, નહિ કેવળી ભગવાન, નહિ પૂર્વધર મહર્ષિ; અને આ પાંચમો આરો તો, બાપ! ભયંકર સર્પ જેવો છે.

પણ એ ભયંકર સાપના ઝેરને સંહરી લેનાર કોઈ જડીબુટ્ટી શું નથી જ?

છે. સ્તવનકાર મહર્ષિના શબ્દોમાં: તેહનું ઝેર નિવારણ મણિ સમ, તુજ આગમ તુજ બિંબોજી.' વિષ છે તો વિષહર મણિ પણ છે અને વિષહર મણિ હાથમાં હોય તો વિષથી બીચાવાનું કેવું?

**કુમારપાળ રાજા: કેવી સુન્દર અન્તિમ અવસ્થા!**

કુમારપાળ રાજા પર વિષપ્રયોગ થયો. ભયંકર વિષ દુશ્મનો દ્વારા ભોજન વાટે અપાણું. પરમાર્હત રાજા પ્રભુશાસનના મહાન સ્તંભ હતા. પ્રભુવચનની પરિણતિને કારણે નથી જીવન પર વધુ મોહ. નથી મૃત્યુનો લગીરે ડર.

કેવું સુન્દર આ જીવતર? ન જીવવાની ઈચ્છા. ન મરવાની. બિલકુલ તટસ્થતા. જીવન લાંબુ થાય તો એને પરમાત્માની સેવામાં વીતાવવું. અને જો ડેરા–તંબૂ અહીંથી ઉપડી જાય તો, જ્યાં પણ નવો પડાવ પડે ત્યાં પરમાત્માનું શાસન મળે એવી અન્તિમ પ્રાર્થના....

કુમારપાળ રાજાના ભંડારમાં એક વિષહર મણિ હતું. ભંડારી તાબડતોબ એ મણિ લેવા માટે ભંડારમાં ગયો.

પણ વિષપ્રયોગ કરનારાઓએ પહેલેથી સાવચેતી રાખી હતી. ઘરના જ એ દુશ્મનોએ વિષહર મણિને ભંડારમાંથી લઈ લીધું હતું.

રાજ્યભક્ત ભંડારી હતાશ થઈ ગયો : આવા મહાન રાજા શું અમારી વચ્ચેથી જતા રહેશે ? એની આંખો અશ્રુબિન્દુઓથી ભરાઇ ગઈ, એ ઢીલા વદને રાજાની પથારી પાસે આવ્યો. પરમાર્હત રાજા એના મોં પરથી સમજી ગયા કે, મણિ હવે હાથવગો નથી રહ્યો. છતાં મન પર જરાય અપ્રસન્નતા નથી. પોતાના પર આવો વિષપ્રયોગ કરનાર પર મનના ખૂણે પણ દ્વેષ નથી.

ઝેર ઉત્કટ છે. કેવી પીડા થતી હશે. પણ એ બધી પીડાઓને સંહરી લેનાર મહામણિ એમની પાસે હતું. અને સમજવાની વાત છે કે, કદાચ પેલું મણિ–વિષધર મણિ મળ્યું હોત તો પણ શરીરનું વિષ કદાચ દૂર થાત. પણ આ શાસન રૂપ મણિ ન હોત તો મનમાં કેવો ભયંકર વિદ્વેષ પેલા કાવતરાખોરો પર હોત ! એ વિદ્વેષ 'હેમરેજ' કરાવી જીવનને સંહરી લે એ તો બહુ મામૂલી ચીજ છે; દ્વેષ દ્વારા બગડેલ પરિણતિથી કેટલાંય જીવનો સુધી શુભ નિમિત્તો મળવા ન દે.

આપણે તો આ વાત પકડી રાખવી છે : તેહનું ઝેર નિવારણ મણિ સમ, તુજ આગમ તુજ બિંબોજી. ભગવાનના પવિત્ર શબ્દો. ભગવાનની પવિત્ર મૂર્તિ.

પૂજ્ય વીર વિજય મહારાજ પીસ્તાલીશ આગમની પૂજામાં કહે છે: આગમને અવલંબતાં રે, ઓળખિયે અરિહંત.' હા, પ્રભુની પિછાણ આગમ વગર શી રીતે થાય?

સદ્ગુરુ આગમ દીપને હાથમાં લઈ ભવ્યજનોને પરમાત્માનું સ્વરૂપ દેખાડે છે, 'અમીયભરી મૂરતિ રચીરે, ઉપમા ન ઘટે કોય; શાન્ત સુધારસ ઝીલતી રે, નીરખત તૃપ્તિ ન હોય.... વિમલ જિન! દીઠાં લોયણે આજ. મારા સીઝયાં વાંછિત કાજ....'

ભગવાનનાં દર્શન. જીવનનું સાર્થક્ય. 'નીરખત તૃપ્તિ ન હોય.' ભગવાનનાં દર્શન કર્યા જ કરીએ, કર્યાં જ કરીએ તોય આંખો ધરાતી નથી. કોની? પૂજ્ય આનંદઘનજી મહારાજની આપણી શું હાલત છે? આંખો કોને જોવા ચાહે છે? ભગવાનને કે સંસારને?

પ્રભુના પવિત્ર શબ્દો – આગમ ગ્રન્થો અને પ્રભુની પવિત્ર મૂર્તિ ભોગમાર્ગના ઘોર અંધકારમાં યોગનાં પવિત્ર અજવાળાં ઉમેરે છે. 'નિશિ દીપક પ્રવહણ જિમ દરિયે મરુમાં સુરતરુ લુંબજી.' ઘોર અંધારામાં દીપક સમાન પ્રભુના પવિત્ર શબ્દો છે.

મેઘકુમારે પ્રભુની વાણી સાંભળી. એક જ વખતનું દેશના શ્રવણ અને રાજવૈભવ અસાર લાગી ગયો! ઘરે આવી માતાજીને કહ્યું: મા! મા! મારે તો ભગવાનના ચરણોમાં સ્થાન પ્રાપ્ત કરવું છે. ધારિણી પરમશ્રદ્ધાળુ નારી છે. સમજે છે કે, ખરો મારગ ભગવાનનો જ છે. પણ

બીજી બાજુ પુત્ર–મોહ છે. અને એટલે એ મેઘકુમારને શું કહે છે? 'તું મુજ એક જ પુત્ર, તુજ વિણુ જાયા! રે સૂનાં મન્દિર માળિયાં રે....'

માતાની ઈચ્છા પુત્રને રમાડીને જ પૂરી નથી થઈ. પૌત્રને પારણે ઝૂલાવવા એ ઈચ્છે છે: 'મુજ મન આશા રે પુત્ર હતી ઘણી રે, રમાડીશ વહુનાં રે બાળ.'

પરમાત્માનું વચન છે: ઈચ્છા આકાશ જેવી અનંત છે. દૂર, દૂર, થોડા જોજન દૂર આકાશ ધરતીને અડેલું દેખાય પણ ત્યાં જાવ તો એ આકાશ એટલું ને એટલું જ દૂર હોય, જેટલું પહેલાં હતું!

'ભાલાને લાંબો કરો.'

એક તરંગી રાજાના મહેલમાં ચોરી થઈ. પહેરાવાળાઓની નજર ચૂકવી ક્યારે ચોરો આવ્યા તે ખ્યાલ જ ન રહ્યો. બડા ઉસ્તાદ હતા ચોરો. ઉસ્તાદી વગર ચોરી થાય કંઈ? પણ એક નવશીખાઉ ચોર આવેલો, જેના હાથમાંથી ઘરેણાંનો ડબ્બો છટકી ગયો અને પડયો ફરસ માથે. 'ખણિંગ' કરતોકને અવાજ થયો અને ચોકીદારો સાબદા થઈ ગયા. ચોરો સમજ્યા કે, જો પકડાઈશું તો જાનથી જઈશું. એટલે એક અંધારી બાજુ પર આંધળુકિયો હલ્લો કરી, માર્ગમાં આવતાં પહેરેગીરોને પાડી બહાર નીકળી ગયા અને બહાર બાંધેલા ઘોડા પર બેસી દૂર દૂર નાસી છુટયા.

અવાજ થતાં જ રાજા જાગી ઉઠચો. મંત્રી અને રાજ્યાધિકારીઓ આવ્યા. હવે તો સીધી વાત હતી. ચોરોના ઘોડાના પગલે પગલું દબાવતાં રાજસૈન્યે તરત જ નીકળી જવું. મંત્રી એ હુકમ આપવા જતા હતા ત્યાં જ તરંગી રાજાના મનમાં એક તરંગ સૂઝચો અને એણે લશ્કરને ચોરો પાછળ જવાની ના પાડી દીધી.

"એમ કરો," એણે મંત્રીને કહ્યું : "એક લાંબો ભાલો બનાવરાવો. ચોરો ભાગી ભાગીને કેટલે ગયા હશે? અર્ધો ગાઉ. બસ અર્ધો ગાઉ લાંબો ભાલો બનાવરાવી દો. પછી અહીં બેઠાં બેઠાં જ ચોરોનો ઘાટ ઘડી નાખું. ત્યાં સુધી જવાની મહેનત શા માટે?"

મંત્રી મૂછમાં હસવા લાગ્યા. 'આ રીતે ચોર પકડાય કંઈ? પણ આ તરંગી રાજાને કોણ સમજાવે!' તરત લુહારોને બોલાવવામાં આવ્યા અને તેમને અર્ધો ગાઉ લાંબો ભાલો ઝડપા ઝડપ બનાવવાનું ફરમાવવામાં આવ્યું. પણ તે વખતે કોઈ મશીન નહોતું કે ફટાફટ કામ થઈ જાય. પા કલાક વીત્યો, પણ ભાલાનું નિર્માણકાર્ય હજુ ચાલુ જ હતું. રાજા કહે: પા કલાકમાં તો ઘોડેસવાર ચોરો બીજો અર્ધો ગાઉ-પોણો ગાઉની મજલ કાપી ચૂકચા હશે. માટે સવા ગાઉ લાંબો ભાલો બનાવો! સમય પસાર થતો ગયો તેમ ચોરોની સંભવિત દૂરી પ્રમાણે રાજા લાંબો ભાલો બનાવવાની આજ્ઞા આપતો જ રહ્યો.

અસંતોષી માણસ ભાલાને લાંબો બનાવવાનું જ કાર્ય

નથી કરી રહ્યો ? સામાન્ય સ્થિતિમાં માણુસ હોય છે ત્યારે એ વિચારે છે : બસ, લાખેક રૂપિયાની મૂડી થઈ જાય તો ઘણું ઘણું. પુણ્યના યોગે તે લખપતિ થઈ પણ જાય, પરંતુ એ સંતુષ્ટ થવાનો ? ના, ઈચ્છાનો ચોર પાંચ લાખ પર પહોંચી ગયો હશે. અને એથી હવે ભાલો પાંચ લાખનો બનાવવો પડશે. અને લાંબો એટલો લાંબો ભાલો થતાં....

**ધારિણી મનાવે રે મેઘકુમારને રે...**

ધારિણી માતા મેઘકુમારને કહે છે : મારી તો કેટલી બધી ઈચ્છા છે ! 'તુજને પરણાવું રે આઠ કુમારિકા રે, સુંદર અતિ સુકુમાળ, મલપતી ચાલે રે જેમ વન હાથણી રે, નયણ વયણ સુવિશાળ....'

પણ મેઘકુમારના મનમાં પરમાત્માનાં વચનો ઘૂમી રહ્યાં છે : 'સંસારમ્મિ અસારે... અસાર સંસારમાં સાર માત્ર એક ધર્મ છે—ચારિત્ર ધર્મ.'

જીવનના રથના સારથીપદે પરમાત્માને બેસાડવા માગે છે મેઘકુમાર. ભગવાનને જ્યારે દોર સોંપી દઈએ છીએ, આપણે સમર્પિત થઈ જઈએ છીએ, ત્યારે મન હળવું, પ્રફુલ્લ બની જાય છે. બોઝિલ મનનો બોજ ન જાણે ક્યાં ફંગોળાઈ જાય છે.

પૂજ્ય મહોપાધ્યાય શ્રીમદ્ યશો વિજય મહારાજા મહામહિમ શ્રી સીમંધર જિનના સ્તવનમાં કહે છે : "દાસનાં ભવદુખ વારીએ, તારીએ સો ગ્રહી બાંહ્ય રે." હા, હાથ પકડીને એ પાર ઉતારશે. " શિવ દિએ પ્રભુ સપરાણે રે !"

મેઘકુમારે શું કર્યું? પરમ કૃપાળુ પરમાત્માના ચરણોમાં જીવનને સમર્પિત કરી દીધું. પરમાત્મા સારથી બન્યા એમના જીવન રથના.

અનંતા જન્મોથી આપણે આપણા જીવનો મોહને, રાગને, દ્વેષને ધરતાં આવ્યા છીએ. આ જીવન તો હવે પરમાત્માને જ સમર્પિત કરવું છે.

જીવનની નૈયાનું સુકાન એવા શ્રદ્ધેય તત્ત્વને સોંપાય જેના પર આપણે પૂરેપૂરો વિશ્વાસ રાખી શકીએ. 'પ્રભુ! તું તો તારક છે, મારે તુજથી તરવું છે.' તારક છે પરમાત્મા, મારક છે રાગ, દ્વેષ, અહમ્.... જીવનની સોંપણી મારક તત્ત્વના હાથમાં કદી થઈ શકે?

**એક મરજીવાની વાત**

દરિયાકાંઠે એક રત્નોનો વેપારી ઊંડા સમુદ્રમાંથી રત્નો કઢાવતો હતો. મરજીવાઓ ડૂબક પોષાક પહેરી દરિયામાં ડૂબકી લગાવતા. કાંઠા પર ઓક્સિજન યન્ત્ર રહેતું. જેની સાથે નળીઓનું સંધાન રહેતું. મરજીવો દરિયામાં ઉતરી જાય ત્યારે એનું જીવન ઓક્સિજન યન્ત્ર પર બેઠેલા નિયામકના હાથમાં રહેતું.

એક દિવસ એક મરજીવો ડૂબક પોષાક પહેરી તૈયાર થયો. અંદર ઝંપલાવવા માટે. ત્યાં જ તેની નજર ઓક્સિજન યન્ત્ર પર બેઠેલા માણસ પર ગઈ ઓહ! આની સાથે તો કાલે ચકમક ઝરી હતી. જે મારો દુશ્મન છે એના હાથમાં હું જીવન કેમ કરીને સોંપું? તેણે ડૂબક-

પોષાક ફગાવી દીધો. વેપારીએ પૂછતાં કહ્યું : ઓક્સિજનના યંત્ર પર જે માણસ બેઠેલો છે, એની સાથે મારે અણબનાવ થયેલો છે. હવે હું દરિયામાં જાઉં ત્યારે મારું જીવન તો એના હાથોમાં હોય. હું મારા દુશ્મનના હાથમાં જીવનને કેમ સોંપું ?

વેપારીએ તરત જ ઓક્સિજન–યન્ત્ર પરના માણસને બદલાવી નાખ્યો. જે મરજીવાનો મિત્ર હતો એને યન્ત્ર પર બેસાડવામાં આવ્યો. હવે મરજીવો ઝંપલાવવા તૈયાર થઈ ગયો.

**જીવન રથના સારથી : પરમાત્મા**

મેઘકુમારે તારક પરમાત્માને જીવન સમર્પિત કર્યું. 'તમેવ સચ્ચં જં જિણેહિં ભાસિઅં.' પરમાત્મા કહે તે જ સત્ય. પરમાત્માની આજ્ઞા પ્રમાણે જ જીવન વીતાવવું એ એમનો મુદ્રાલેખ બન્યો.

દીક્ષિત જીવનની પહેલી રાત્રે મુનિઓના પગની ધૂળથી સંથારો ભરાઈ ગયો મેઘકુમાર મુનિનો. 'મુનિ પદ રજ ઊડી રે, સંથારો ધૂળે ભર્યો; સુખશય્યા સાંભરી રે, મન દુર્ભાવ ધર્યો....' તેમનું મન આહટ્ટ - દોહટ્ટ થઈ ગયું. ક્યાં મારી સુખશય્યા અને ક્યાં આ ધૂળભર્યો સંથારો ? હું શી રીતે આવું સાધુજીવન પાળી શકું ?

પણ વાંધો નથી. ભગવાન એમના રથના સારથી છે. 'પ્રભુએ હાથીના રે, ભવોનો બોધ કીધો; ઉન્માર્ગે જાતો રે, રથ એ વાળી લીધો....' પ્રભુએ તેમને તેમના પૂર્વ-

જન્મની કથા કહી સંભળાવી : તું હાથી હતો. અને ત્યાં એક સસલાની દયા માટે તેં પગ ઉંચો કર્યો હતો. હાથીના ભવમાં પ્રાણીની દયા માટે આટલું કષ્ટ સહન કરનાર તું અહીં આટલો કાયર કાં ? સર્વ જીવોની અહિંસા માટેનું આ સંયમ તને મળ્યું છે, ત્યારે તારા જેવો બહાદૂર માણસ પીછેહઠ કરે ? તું તો રાજકુમાર હતો. યુદ્ધનીતિનો તને ખ્યાલ છે. યુદ્ધમાં ગયા પછી યા તો વિજયની વરમાળા યા તો ખપી જવું આ સિવાય ત્રીજો કોઈ માર્ગ હોય છે?

"ના, પ્રભુ !" મેઘકુમાર મુનિ બોલ્યા.

કરુણા વત્સલ પ્રભુ અમૃતવાણી ઉચ્ચારી રહ્યા : "યુદ્ધના મોરચે પીછેહઠ નથી થઇ શકતી. તો આ મોરચે પણ પીછેહઠ કેમ થઈ શકે ?"

'ધમ્મ સારહીણં.' 'ઉન્માર્ગે જાતો રે રથ એ વાળી લીધો.' ભગવાને મેઘકુમાર મુનિના ઉન્માર્ગે જવા તૈયાર બનેલા જીવનરથને ઉગારી લીધો.

**મોહનાં આ કારસ્તાન !**

મોહ જીવનના રથને ખાડામાં નાખવા કોશીશ કરે છે. પણ મોહના એ દાવને નાકામયાબ બનાવવો હોય તો જિન પ્રવચનના પાન દ્વારા મોહની નબળી કડીઓ જાણી ત્યાં હલ્લો લઈ જવો જોઈશે.

એક પતિ-પત્નીને એકબીજા પર અત્યન્ત પ્રેમ. એકબીજા વગર શ્રેષ્ઠીનો આ પુત્ર અને તેની નવવધૂ એક દિવસ પણ રહી શકે નહિ.

દૈવને કરવું તે એક વખત ટૂંકી માંદગીમાં શ્રેષ્ઠિપુત્ર પરલોકના પંથે સિધાવ્યો. પેલી એની પત્ની આ અસહ્ય દુઃખને જીરવી ન શકી. આ ભયંકર આઘાતથી તેનું મગજ બહેર મારી ગયું. અને મગજની એ શૂન્યતા આખરે પાગલ-પણામાં પલટાઇ. જેના વગર એક દિવસ રહેવું પણ એ અસંભવિત માનતી હતી એ પ્રિયતમનું મૃત્યુ ! એક ભયંકર વીજકડાકો શોકનો. અને પછી ઘોર અંધારી રાત જેવું પાગલપણુ. જો આંખોમાંથી અનરાધાર વર્ષા વરસી હોત આંસૂની, તો શોક પાગલપણાની હદ સુધી વકરત નહિ આંસૂડાંની પાળ શોકના સાગરને આગળ વધતો અટકાવત.

હવે પતિના મૃતદેહ પાસે જ આ બાઇ બેસી રહે છે. આખો દિવસ બબડયા કરે છે : મારો શું અપરાધ સ્વામિન્ ! કે તમે બોલતાય નથી, ચાલતા ય નથી....એક વાર મુખથી મારા અપરાધને કહો તો ખરા. હું લાખ–લાખ વાર તમારી માફી માગું....

સગા–વહાલાઓએ તેણીને ખૂબ સમજાવી. આ તો મરી ગયેલ છે. હવે એનો અગ્નિ–સંસ્કાર કરવા દે. અને આ સાંભળતાં તો તે રણચંડી જેવી બની જતી. શું કીધું ? મારા સ્વામીને તમારે બાળી નાખવા છે એમ ? નહિ, એ કદાપિ નહિ બને ! મારા સ્વામી તો જીવે છે. મને મૂકીને તેઓ શી રીતે પરલોક જઈ શકે ?

બીજી બધી બાબતમાં, બોલવા–ચાલવામાં, બાઈ

ડાહી છે. એક જ વાત એ લોકોની માનવા એ તૈયાર નથી કે, એના પતિ મૃત્યુશરણ થયા હોય.

લોકો પોતાના સ્વામીને પોતાના પાસેથી આંચકી ન જાય એ માટે એ ચોવીસે કલાક મૃતદેહની કાળજી રાખવા લાગી. પણ એ એકાદ મિનીટ પણ જો કોઇ કારણસર બહાર જાય તો લોકો પેલા મૃતદેહને લઈ લેવા કોશીશ કરતા ! એ સમજી ગઈ લોકોની પેરવી. ભભકીને બોલી : જાવ, તમને અમારી હાજરી ન ગમતી હોય તો અમે આ ઘરમાં નહિ રહીએ. અને પછી પતિના મૃતદેહને ઉંચકી તે ગામ બહાર દૂર એક જગ્યાએ ગઈ. ઝાડ નીચે સારી જગ્યાએ મૃદેતહને મૂકયો અને માખીઓ ઉડાડવા લાગી આઈ.

મોહનું કામણ પણ મનુષ્યને આ હદે બેચેન નથી બનાવતું ? આ બેચેની શી રીતે ટળે ? વાર્તાનો અંત ભાગ આ વાત પર સરસ પ્રકાશ ફેંકી જાય છે. જરા જોઈએ એ અંતભાગને.

પુત્રવધૂ પુત્રના મૃતદેહને લઇ ગામ બહાર પડી રહે એ શેઠની ખાનદાની માટે મોટું કલંક હતું. આ કલંક ધોવા શું કરવું ? ખાનદાન ઘરની વહુને, કુલવધૂને શી રીતે સમજાવવી ?

એક ચાલાક માણસે પુત્રવધૂને ડાહી બનાવવાની યુક્તિ ખોળી કાઢી. એક સ્ત્રીનું મડદું કયાંકથી એ શોધી લાવ્યો. અને જ્યાં કુલવધૂ રહેતી હતી ત્યાં આવ્યો. આવીને સ્ત્રીનું

મડદું નીચે નાખી બોલ્યો : લોકો કેવા મૂરખ છે. મારી વહાલી પત્ની બે દિવસથી બોલતી–ચાલતી નથી. રીસાઈ ગઈ છે મારાથી, તો લોકો કહે : આ મરી ગઈ છે. તેને બાળી નાખવી જોઈએ....

પેલી કહે : મારેય બરોબર તમારા જેવું જ થયું છે. મારા ઘરવાળા પણ બોલતા–ચાલતા નથી એટલે લોકો કહે : એ મરી ગયા છે. અરે ભાઈ, અમારા બે માણસની વાતમાં દુનિયાને શી ખબર પડે ? અને ખબર ન પડે તેય સમજ્યા. પણ આટલી બધી પંચાત કરવાની દુનિયાને શી જરૂર ? હું તો દુનિયાની એ ધમાલથી કંટાળીને મારા સ્વામીને લઈ ને અહીં જ આવી ગઈ.... કેટલી શાન્તી છે અહીં !

હવે તો આ બન્ને ભાઈ–બહેન થઈ ગયા. બેય સમદુખિયા. 'આવ ભાઈ, હરખા, આપણે બેય સરખા;' હવે તો પેલી બાઈ આ ધરમના ભાઈ ને પોતાના સ્વામીની દેખભાળનું કામ સોંપી બહાર પણ જાય.

એક વખત એ રીતે થોડીવાર બહાર ફરીને એ આવી ત્યારે પેલો એનો ધરમનો ભાઈ ચિન્તામાં ગરકાવ થઈ ગયેલો હોય તેમ બેઠો હતો. આંખો બંધ. ધ્યાનસ્થ યોગી જેવી. અને આ શું ? આંખમાંથી આંસૂ સરી રહ્યા છે ને !

"ભાઈ! ભાઈ! શું થયું ? કેમ તમે આમ સૂમસામ બેઠા છો ?"

"ચાલો, થોડે દૂર જઇ તમને બધી વાત કરું." કહી

થોડે દૂર જઈ તેણે ધીમે ધીમે વાત શરૂ કરી. કાલ્પનિક વાત પણ બિલકુલ સાચી લાગે એ માટે એમાં શા શા નાટકીય તત્ત્વ ઉમેરવા જોઇએ એ વાત એને શીખવાડવી પડે તેમ નહોતી. "બહેન ! મેં મારી આંખે એવું જોયું અને કાને એવું સાંભળ્યુ છે કે, હજુ મને વિશ્વાસ નથી બેસતો મારા પોતાના આંખ-કાન પર. છતાં, માનીએ કે ન માનીએ, જે વસ્તુસ્થિતિ છે તેની સામે આંખ-મીચામણાં કરી શકાય નહિ. અને એથી જ મારી આંખમાં આંસૂ આવી ગયાં."

"હવે જલ્દી કહો ને, તમે જે જોયું, સાંભળ્યું હોય તે."

"એવું થયું બહેન, કે તું ગઈ પછી હુંય પગ છુટ્ટો કરવા થોડું ટહેલવા લાગ્યો. ટહેલતાં ટહેલતાં થાક્યો એટલે એક વૃક્ષની ડાળ પર બેઠો. ત્યાં જ મેં જોયું કે તારા પતિ ઉભા થયા અને ઉભા થઈને મારી ઘરવાળી પાસે આવ્યા. મને નવાઈ લાગી કે, અમે આટલી મહેનત કરીએ છીએ તોય જે આંખ નથી ઉઘાડતા એ ભાઈ સાહેબ ઊભા થયા ! અને એ નજીક ગયા એટલે મારી ઘરવાળીએ પણ આંખો ખોલી. પછી બેય સામસામુ હસ્યા. સ્મિતની આપ-લે થઇ.

"પછી થયો શરૂ વાર્તાલાપ. હું તો ગૂપચૂપ, ઝાડની ઓથે-ઓથે થોડો આગળ આવ્યો. તો બન્ને જણા પ્રણય ગોઠડીમાં પડેલા લાગ્યા. તમારા પતિ મારી પત્નીને કહે :

હું તમને ચાહું છું... મારી પત્નીએ પણ સામું એ જ કહ્યું. આથી હું તો હેબતાઈ જ ગયો. અને મારા ખોંખારાનો સહેજ અવાજ થઈ જતાં મિયાંની મિંદડીની જેમ ચૂપ થઈ ગયા."

બન્ને મૃતદેહોને થોડા નજીક-નજીક લાવી મૂકયા હતા પેલાએ. પોતાની વાતને વધુ પ્રતીતિ જનક બનાવવા માટે.

રાગના કિલ્લા પર તોપમારો શરૂ થઈ ગયો! પહેલે ધડાકે એ જમીનદોસ્ત ભલે નહિ બને, એના કાંગરા તો જરૂર ખરવા લાગશે. પેલી બાઈનો મોહ થોડો પાતળો પડયો. રાગને પાતળો બનાવવા જરૂરી છે દોષદર્શન.

બીજી વખત પેલી બાઈ બહાર જઈને આવી ત્યારે આ ભાઈએ બીજીવાર એના મોહના કિલ્લા પર તોપમારો કર્યો. "આજ તો એમની પ્રણયગોઠડી બરોબર સાંભળી. મારી બૈરી કહે : હું તો આમની જોડે રહીને કંટાળી ગઈ છું. ચાલો, આપણે બેય ગૂપચૂપ નાસી જઈએ. તમારા પતિ કહે : મારા મનમાં જે વાત હતી એ જ તમે કહી. હું ય આ બૈરીથી કંટાળી ગયો છું. તેમની વાતચીત આગળ ચાલે એ પહેલાં અપશુકનિયાળ એક છીંક મને આવી ગઇ. એ અવાજથી બન્ને પાછા ચૂપ થઈને સૂઈ ગયા."

મોહના કિલ્લામાં ઠેક-ઠેકાણે ગાબડાં પડી ગયાં 'જે મને નથી ચાહતા, એમના પાછળ ઝૂરી ઝૂરીને મરવાનો શો અર્થ?' આને જ પૂજ્ય આનંદઘન મહારાજે સોપા-

ધિક પ્રેમ કહ્યો છે. જ્યાં સૂક્ષ્મ રીતે પણ સોદાની વાત રહેલી જ છે.

**આ તે 'હાઈ સોસાયટી' કે 'હાય! સોસાયટી...!'**

આજનો સોપાધિક પ્રેમ ખુલ્લા અર્થમાં સોદાગીરી બની ગયો છે. SEX થી ઉપરની દુનિયાનું અસ્તિત્વ જ ન હોય એ રીતે લોકો જીવી રહ્યા છે. અને એમને હાઇ સોસાયટી' ના કહી બીજાઓ એ જ માર્ગે જવા આતુર બન્યા છે. અરે, પણ આ તો 'હાઈ સોસાયટી' છે કે 'હાય! સોસાયટી....' છે?

જ્યાં નરી પશુતા જ નૃત્ય કરી રહી હોય તે સોસાયટીને હાય! સોસાયટી, તારા આ શા હાલ? કહેવાનું મન થઇ જ જાય.

જીવન એટલે ડાયવોર્સ (છુટ્ટાછેડા) ના ડબ્બાને લગાડેલું એન્જિન! જેટલા ડબ્બા વધુ હોય તેટલી પ્રગતિ વધુ કહેવાય નહિ?

**'મારે તમારું આઠમું ઘર...!'**

એક ભાઈ ચાર વખતના લગ્નવિચ્છેદ પછી પાંચમી વાર ઘોડે ચડયા! પૈસાના જોરે કો'ક દૂરના પ્રદેશમાંથી બૈરી લઇ આવ્યા. બૈરી પર રોફ જમાવવા માટે પેલા ભાઈ કહે: સાંભળ મારી નવલી વહુ, આ મોંઢળને તું પાંચમી વહુ.... પણ પેલી બાઈ આમનાથી ચાર ચાંદરવા ચઢે તેવી હતી. કહે: સાંભળો મારા નવલા વર, આ મારે

તમારું આઠમું ઘર.... ! તમે પાંચમી વખત ઘર માંડો છો, તો હું કંઈ કમ નથી. હું આઠમી વખત ઘર માંડું છું. હું તમારા કરતાં વધુ અનુભવવાળી છું !

**પ્રીત ન હોય પરાણે રે... !**

‘હાય, સોસાયટી....’ ની કથા પૂરી કરી પેલી આપણી ચાલુ કથા આપણે જોઈ લઈએ. પેલી બાઈના મોહના કિલ્લામાં પેલા ચાલાક માણસે બરોબર ગાબડાં પાડયાં છે. હવે કિલ્લાને જમીનદોસ્ત કરતાં વાર લાગે તેમ નથી.

ફરી એકવાર બાઈ બહાર ગઈ અને આવી. જુએ તો પોતાનો પતિ નહિ. પેલાની પત્ની નહિ. પેલા ભાઈ બેય મડદાંને દૂર દૂર આવેલ એક જળાશયમાં નાખી આવેલ. બાઈ આવીને પૂછે એ પહેલાં તો આ ભાઈએ જોર-જોરથી બોલવાનું શરૂ કરી દીધું: માળા, જબરા નીકળ્યા.... ! આખરે બેય જણ ભાગી જ ગયા. હું પાણી લેવા કૂવે ગયેલો. આવીને જોઉં તો એકે દેખાય નહિ.

ચારે દિશામાં નજર નાખી તો પણે, પેલી બાજુ જોર-જોરથી દોડતાં એમને બેયને જોયા. પહેલાં તો એમની પાછળ પડવાનો વિચાર કર્યો. પણ પછી થયું કે, જવા દો ! *લપ ગઈ.... ‘પ્રીત ન હોય પરાણે રે !’ પરાણે પ્રીત કરાવીને* શું કસ કાઢવાનો ?”

બાઈનો રાગનો કિલ્લો જમીનદોસ્ત ! કહે : સારું થયું....રાગનું ભૂત જતાં થોડા દિવસમાં બાઈ ડાહી થઈ ગઈ.

રાગનો, મોહનો નશો ચડે છે, ત્યારે માણસ બધું ભૂલી જાય છે. 'વિકલ્પચષકૈરાત્મા....' ગ્રન્થકાર મહર્ષિ કહે છે : સાંસારિક ભ્રમણાઓની પ્યાલીઓમાં અવિવેકી મનુષ્ય મોહનો જામ પીએ છે અને પછી દારૂડિયાની પેઠે શાન-ભાન ભૂલી અવિવેકની પરાકાષ્ઠાને સૂચવતી ચેષ્ટાઓ તે કરે છે.

દોષ-દર્શન રાગના આ નશાને, કેફને ઓછો કરી શકે છે. પેલી બાઈ ને જેમ પતિમાં પ્રેમના અભાવ રૂપ દોષ દેખાતાં પતિ પરનો પ્રેમ અદશ્ય થઈ ગયો. પાગલપણું ગયું. તેમ મોહે જે કારસ્તાન કર્યાં છે તેની વિચારણા થાય તો ધીરે ધીરે મોહની અસારતા સમજાય. અને અસારતા સમજાતાં ધર્મમાર્ગમાં સ્થિરતા આવે.

સંસારી આત્માની દુર્દશાનું વર્ણન પૂજ્ય ચિદાનન્દજી મહારાજે શી રીતે કર્યું તે આપણે આ પ્રકરણના પ્રારંભમાં જોઈ ગયા. તેઓએ પરમાત્માની સ્તવનામાં કહ્યું : 'મોહ મહા મદ છાકથી, હું છકિયો હો નહિ શુદ્ધિ લગાર...' અને પછી પરમાત્માને વિનંતી કરી : 'ઉચિત સહી ઇણે અવસરે, સેવકની હો કરવી સંભાળ....' પ્રભુ ! આપ તો તારક છો. બધાને તારો છો આપ. તો મને કેમ વિસાર્યો ?'

જગતારક પદવી લહી. તાર્યા સહી હો અપરાધી અપાર; તાત ! કહો મોહે તારતાં, કિમ કીધી હો ઈણુ અવસર વાર....'

પરમાત્મ ભક્તિમાં જેટલી તીવ્રતા વધશે તેટલો રાગ, મોહ પાતળો પડશે. પરમાત્મ ભક્તિમાં તીવ્રતા વધુ ને વધુ કેમ આવે એ માટે પ્રયત્નશીલ બનીએ.

આત્માના અજ્ઞાનમાંથી બધાં જ દુઃખો આવ્યાં ને આત્માના જ્ઞાનથી બધા જ દુઃખોનો નાશ છે. આત્મા આત્માને જાણે તો વિકાસનું પૂર્ણત્વ સમજો. જે સ્મિત કરે છે ને હજાર હજાર સૂર્યો પ્રકાશી ઊઠે છે, જે પગલાં મૂકે છે અને હજાર હજાર સુવર્ણ કમલ ખીલી ઊઠે છે તે જ્ઞાનશક્તિ અને આનંદનો મહામેરુ હું ! માત્ર એક નાનકડા ભ્રમના રૂનાં પૂમડા નીચે ઢંકાઈ ગયો.

હું દેહ છું તે ભ્રમ, સંસારનું મૂળ છે.

હું આત્મા છું તે સત્ય, મોક્ષનું મૂળ છે.

હું અને મારુંનો અર્થ ફેરવી નાખો અને આ મોહમય વિશ્વ જ્ઞાનમય વિશ્વ બની જશે. સાચા હું અને મારુંની શોધ તે જ સાધના છે.

ઇન્દ્રિય અને કષાયોના પરિવારવાળો, આ પરમાણુ, લુબ્ધ, મોહાધીન, આત્મા તે હું નથી. ત્યાં મારું પણ નથી. સંસારની આ વિષમ પરિસ્થિતિઓમાંથી શાસ્ત્રનું ગણિત લગાડીને હું અને મારું શોધવાનું છે. આત્મજ્ઞાન થયું કે પૂર્ણતા પામ્યા.

[૧૪]

# ખોવાઈ ગયેલા 'હું'ને શોધવા.....

निर्मलं स्फटिकस्येव
सहजं रुपमात्मन: ।
अध्यस्तोपाधि सम्बन्धो
जडस्तत्र विमुह्यति ॥

એક પ્રસિદ્ધ સંતને મળવા માટે તે પ્રદેશના ગવર્નર તેમના મઠે ગયા. મોટા ભાગે ધ્યાનમાં જ રહેતા તે સંત બહુ ઓછા લોકોને મુલાકાત આપતા. શબ્દોની દુનિયામાં આખરે તો સંતોને ઓછો જ વિશ્વાસ રહેતો હોય છે! સંતો પરા અને....પશ્યન્તી ના પડાવ સુધી પહોંચેલા હોઈ એમની વૈખરીમાય - એમના મુખેથી વહેતા શબ્દોમાંય -

એક ચમક ઊઠતી રહેતી હોય છે. પરન્તુ અધિકારી શ્રોતા સિવાય એ આત્માને કોણ જોઈ શકે ?

પેલા ગવર્નર સંતની મુલાકાતે ગયા છે. ત્યાંની પદ્ધતિ મુજબ મુલાકાતીએ પોતાનું નામ એક કાર્ડ પર ભરી ત્યાંના કર્મચારીને આપવાનું રહેતું. કર્મચારી એ કાર્ડને સંત પાસે પહોંચાડતો. પછી સંત 'હા' ભણે તો મુલાકાતીને સંત પાસે લઈ જવાતો.

ગવર્નરે કાર્ડમાં લખ્યું : કિટેગામી, કયોટોના ગવર્નર. સંત પાસે જઈ કાર્ડ પાછું આવ્યું. મુલાકાત માટે સંતે ના પાડી હતી. કિટેગામી પણ સાધનાના પંથે વળેલો યાત્રિક હતો. એ પોતાની ભૂલ તરત સમજી ગયો. એણે પેલું કાર્ડ કર્મચારી પાસેથી લઈ 'કયોટોના ગવર્નર' એ શબ્દો છેકી નાખ્યા અને કાર્ડ લઈ ફરી સંત પાસે જવા કર્મચારીને કહ્યું. કર્મચારી આમ તો ન જાત. પણ સામે ગવર્નર હતા. શી રીતે ના પડાય ? તે ફરીથી ગયો. કાર્ડ સંતને દેખાડયું. સંત સહેજ હસ્યા અને મુલાકાતની પરવાનગી તેમણે આપી.

દેખીતી રીતે જ, સંત તે પ્રદેશના ગવર્નરને મળવા નહોતા માગતા. બહારના શાસકને મળવાનો આખરે શો અર્થ ? અંદરનો બાદશાહ અંદરના બાદશાહને જ મળે ને !

**સજ્જન મંત્રીની વિચારણા**

ધર્મના માર્ગે ઊંડા ઉતરેલને ધર્મમાં જેટલો આનંદ

આવે છે એનાથી બહુ ઓછો રસ સંસારમાં આવતો હોય છે.

સિદ્ધરાજ રાજાએ સજ્જનસિંહને કહ્યુ: હું તમને દંડનાયકની પદવી આપવા માગું છું. મારા મંત્રીમંડળમાં પણ તમને સ્થાન આપવા ઈચ્છું છું

બીજો કોઈ માણસ એ સ્થાને હોત તો હરખાઈ ગયો હોત. પણ સજ્જનસિંહ કહે છે : મહારાજ ! માફ કરો. હું આપની સેવા કરવા અસમર્થ છું. ધર્મ આરાધના કરવાનો માંડ હવે સમય મળ્યો છે, તેને આપ લઈ ન લો. હું સવારે પ્રતિક્રમણ કરું છું. પછી પરમાત્માનુ દર્શન. ત્યારબાદ ગુરુદેવનું દર્શન, જિનવાણીનું શ્રવણ અને પરમાત્મ-ભક્તિ બપોરે સામાયિકો, સાંજે આરતી, પ્રતિક્રમણ... મારો પૂરો દિવસ ધર્મમય બની ગયો છે એને કર્મમય ક્યાં બનાવો ?

સિદ્ધરાજ કહે છે : તમારી આરાધનાની વાત સાંભળી મને આનંદ થયો. પરંતુ તમારે થોડો સમય તો આ જવાબદારી સંભાળવી જ પડશે. ખંડણીની રકમમાં અધિ-કારીઓ દ્વારા ઘણો ગોટાળો થઈ રહ્યો છે એ માટે તમારા જેવા પ્રામાણિક વ્યક્તિત્વની મારે ખાસ જરૂરત છે.

જે વ્યક્તિ પોતાના ધર્મ માટે ચૂસ્ત હોય છે, તેનામાં તે જેના માટે કામ કરે છે તે વ્યક્તિ પ્રત્યે વફાદારી રહેતી હોય છે. કારણ કે ધર્મ તેને તેમ કરવાનું શીખવે છે.

**મુસ્લિમ સજ્જનની ટકોરથી યુવાન ધર્માભિમુખ બન્યો.**

હમણાં જ આ કિસ્સો વાંચ્યો હતો. એક શ્રદ્ધેય મુનિવર પાસે, પોતાનામાં અતૂટ ધર્મનિષ્ઠા શી રીતે પેદા થઈ એની વાત કરતાં, એક યુવાને કહ્યું કે, પહેલાં તો એ નાસ્તિક શિરોમણિ જ હતો. નાસ્તિકતામાંથી આસ્તિકતા ભણીની એની યાત્રાની વાત તેણે મુનિવરને આ રીતે કહી બતાવી: "એકવાર હું એક ઈન્ટરવ્યૂ માટે ગયેલો. ઈન્ટરવ્યૂ લેનાર મુસ્લિમ સદ્‌ગૃહસ્થે મને પૂછયું કે હું કંદમૂળ ખાતો હતો કે કેમ. મેં તરત જ જવાબ આપ્યો. "હા. હું ખાઉં છું. કારણ કે હું ધરમ–બરમમાં માનતો નથી. ધર્મ એ OUT–DATED ચીજ છે.

"તરત જ પેલા મુસ્લિમ સદ્‌ગૃહસ્થે મને કહ્યું: તો હવે તમે જઈ શકો છો. અમારી પેઢી માટે અમારે નિષ્ઠાવાળી વ્યક્તિ જોઈએ. જે વ્યક્તિને પોતાના ધર્મ માટે નિષ્ઠા નથી, એ બીજાઓને શી રીતે વફાદાર રહી શકશે ?

"એ વ્યક્તિના આ શબ્દોએ મને ધર્મની બાબતમાં રસ લેતો કર્યો અને જેમ જેમ હું ધર્મમાં ઊંડો ઉતર્યો તેમ મને લાગ્યું કે, જૈન ધર્મના તમામ સિદ્ધાન્તો ને જો આચરણમાં ઉતારવામાં આવે તો મનુષ્ય મહાત્મા બની જાય !" યુવાને વાતનું સમાપન કર્યું.

## મહામહોપાધ્યાય શ્રીમદ્ યશો વિજય મહારાજ

પરમાત્માનું શાસન તો કોઈ અદ્‌ભૂત ચીજ છે. જેમ જેમ તેમાં ઊંડા ઉતરીએ તેમ લાગે કે, ઓહ! આ શાસન ન હોત તો આપણે ક્યાં હોત! શાસન જ આપણા સમૂચા અસ્તિત્વનો આધાર છે એમ લાગ્યા વગર રહે નહિ.

મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજય મહારાજાએ પરમાત્મ–સ્તવનામાં કહ્યું છે: શાસન તાહરું અતિ ભલું, જગ નહિ કોઈ તસ સરખું રે.' પૂજ્ય મહામહોપાધ્યાયજી મહાન તાર્કિક હતા. સઘળાંય દર્શનોના અભ્યાસ કર્યા પછી એમણે જૈનદર્શન માટે કહ્યું: જગ નહિ કોઈ તસ સરખું રે....

પૂજ્ય મહોપાધ્યાયજીને કાશીના દિગ્ગજ પંડિતોએ 'ન્યાય વિશારદ' નું બિરુદ આપ્યું હતું તેમના કાશી તરફના ગમનના મૂળમાં રહેલ એક શ્રેષ્ઠીની શાસન ભક્તિની વાત પણ આપણા દિલ ડોલાવી જાય તેવી છે.

પોતાના ગુરુવર્ય નયવિજયજી મહારાજની સાથે પૂજ્ય યશોવિજય મહારાજ અમદાવાદ પધારેલા. તે વખતે પૂજ્ય યશોવિજયજી મહારાજ — જે ગ્રન્થ 'જ્ઞાનસાર' પર આપણે ચિન્તન કરી રહ્યા છીએ તેના અમર સર્જક — ની ઉંમર ૨૧ વર્ષની.

પણ વિદ્યાને વય સાથે શી નિસ્બત? એ વયમાં એમણે જે જ્ઞાનનું ઉંડાણુ મેળવ્યું હતું તે જોઈ રાજનગરની

પ્રજા એમની વિદ્વત્તા પર ફિદા – ફિદા થઈ. પૂજ્યશ્રીએ અવધાનના પ્રયોગો બતાવ્યા. માનસિક શક્તિની ધારણાના સ્થિરતાના પ્રયોગો એટલે અવધાનના પ્રયોગો. ધુરંધર પંડિતો પણ એ સભામાં ઉપસ્થિત હતા. યુવાન મુનિની અસાધારણ શક્તિની સહુ પ્રશંસા કરી રહ્યા. 'જૈનં જયતિ શાસનમ્' ના નિનાદથી સભાખંડ ગાજી રહ્યો.

માથાં તો બધાના ડોલી રહ્યા હતા એ ટાણે, આ મહાનની વિદ્વત્તાને બિરદાવવા સારુ. પણ દિલ ડોલી ઉઠયું એક શાસનને સમર્પિત શ્રેષ્ઠિવર્યનું. સરસ્વતીના મૂર્તિમંત પ્રતિક સમા આ મુનિવરમાં એ શ્રેષ્ઠિવર્ય હરિભદ્રસૂરી મહારાજને જોઈ રહ્યા હતા. બીજા હેમચન્દ્રસૂરી મહારાજને ખડા થતાં એ જોઈ રહ્યા હતા સ્વપ્નિલ આંખો સામે....

બીજા દિવસે પેલા શ્રેષ્ઠિવર્ય — ધનજી સૂરા એમનું નામ — પૂજ્ય નયવિજય મહારાજ પાસે આવ્યા ગુરુવરને વંદન કરી નમ્ર નિવેદન રજૂ કર્યું : ગુરુદેવ ! યશોવિજય મહારાજમાં હું હરિભદ્રસૂરિ મહારાજને જોઈ રહ્યો છું. અસાધારણ શક્તિ છે એમની. આપ ખૂબ અભ્યાસ કરાવો એમને. જેથી નાનકડા હરિભદ્રસૂરિ મહારાજની વાણી સાંભળી અમે પાવન થઈ એ.

ગુરુજીએ કહ્યું : શ્રેષ્ઠિવર્ય ! તમારી ભાવના બરોબર છે. પણ મુશ્કેલી એ છે કે, હવે યશોવિજયને અભ્યાસ કરાવી શકે તેવા જ પંડિત આ બાજુ નથી. વિદ્યાધામ કાશીમાં જ તેવા પંડિતો મળી શકે.

શ્રેષ્ઠી નમ્રભાવે વિનવી રહ્યા: તો ગુરુદેવ આપ એ બાજુ પધારો. કાશી તરફ.... અને એક વિનંતી છે મારી. આપને તો ભક્તો અનેક છે. પણ મારે સદ્ગુરુ આપ જ છો. મુનિરાજશ્રીના અધ્યયન માટે પંડિતો વગેરેને આપવામાં જે દ્રવ્ય ખર્ચાય તે બધાનો લાભ મને જ મળવો જોઈએ. દેવ! સંસાર કાજે તો ખૂબ ધન ખર્ચ્યું, શાસન કાજે કંઈક વપરાશે તો મને સંતોષ થશે.

કેવા મહાનુભાવો હતા આ! શાસન કાજે સર્વસ્વ ન્યોછાવર કરવાની ભાવનાવાળા. યશોવિજય મહારાજ કાશીના વિદ્યાધામમાંથી વિદ્યાનાં અપૂર્વ તેજ લઈ આવ્યા અને 'લઘુ હરિભદ્ર સૂરિ' તરીકે ધુરંધરોએ એમને નવાજ્યા ત્યારે ધનજી સૂરાને કેટલો આનંદ થયો હશે એની તો કલ્પના જ કરવી રહી.

## ઉદારતા લલ્લિગ શ્રાવકની

લલ્લિગ શ્રેષ્ઠી પૂજ્ય હરિભદ્ર સૂરિ મહારાજની ધર્મદેશનાથી અને તેમની કૃપાથી શાસનનું રહસ્ય સમજ્યા. શાસનનું રહસ્ય હાથમાં આવે છે ત્યારે જીવનનું પૂરા અર્થમાં પરિવર્તન થઈ રહે છે. ભોગ – માર્ગે વહેતું જીવન વહેણ યોગમાર્ગે વહેવા લાગે છે. શાસનના પારસમણિનો સંસ્પર્શ થતાં જ સ્વાર્થનું સ્થાન પરમાર્થ લઈ લે છે. ખાવાના આનંદ કરતાં પછી ખવડાવવામાં વધુ આનંદ આવતો હોય છે.

લલ્લિગ શ્રાવકે દાનશાળા ખોલેલી. જેમાં સેંકડો, હજારો મનુષ્યો રોજ ભોજન લેતા. ભોજન લેનારાઓ પણ કૃતઘ્ન નહોતા. ભારતનો ભિખારી પણ કશું આપ્યા વગર ભીખ લેતો નહોતો. એ આશીર્વાદ આપતો અને પછી રોટી પ્રેમપૂર્વક સ્વીકારતો. આપનારના મનમાં અહંકાર નહોતો આવતો. 'ભાઈ! આ રોટી કોના નસીબની આપણે ખાઈએ છીએ એ કોણ જાણે છે? આપો. પ્રેમપૂર્વક બીજાને આપો. એક રોટી હોય તો અર્ધી અર્ધી આપો....

ઉદારતા ભારતીય સંસ્કૃતિના શિખર પરનો સોને રસ્યો કળશ હતો. એના ઝગારાથી જ સંસ્કૃતિની ભવ્યતાની ઝાંખી વરતાવા લાગે. માઘ કવિ ખૂબ ઉદાર હતા. જેટલી એમની ઉદારતા એટલી જ એમના ધર્મપત્નીમાં પણ ઉદારતા. હા, પતિ–પત્ની બન્નેમાં સમાન ધર્મ ભાવના હોય તો જીવતરનો રથ ધર્મના રાજમાર્ગ પર ઝડપી આગેકૂચ કરવા લાગે. પણ લગ્નના રથને એક પૈડું સ્કૂટરનું અને એક પૈડું ટ્રેકટરનું હોય તો... ?

ઘણી વખત એવું જોવા મળે કે, ભાઈ બહુ ઉદાર હોય અને તેથી મહેમાનોને પોતાના ઘેર લઈ જવા બહુ ઉત્સુક હોય. અને એમાંય મહેમાન ગુરુ મહારાજને વન્દન કરવા આવેલ હોય તો તો એમના ભાવ એટલા વધે કે, ન પૂછો વાત. પણ એ વખતે ઘરવાળીનું કટાણું મોઢું યાદ આવી જાય, મહેમાનોનાં દર્શનથી શેઠાણીના મોઢા પર દોરાનાર લાલ–પીળા રંગનું સ્મરણ થઈ જાય અને ઈચ્છા

હોવા છતાં મહેમાનોને એ ઘેર લઈ જઈ શકે નહિ.

'હું કંઈ ઢોર છું કે, બેભાખરી પર આ ત્રીજી આપે છે!'

કોઈ જગ્યાએ વળી આથી ઉંધું જોવા મળે. ભાઈ કંજૂસ હોય ને બહેન ઉદાર હોય. એક ભાઈ ઑફિસેથી આવ્યા ત્યારે એમની સાથે મહેમાન હતા. ઘેર આવીને પત્નીને ખાનગીમાં કહ્યું: આ લપ રસ્તામાંથી વળગી છે, એટલે હવે ભોજન તો કરાવવું જ પડશે. કારણ કે હું એકલો શી રીતે ખાઈ શકું? બાઈ કહે: થોડો શીરો બનાવી નાખું હમણાં ઝટપટ. પેલા ભાઈ લાલ આંખ કરી કહે: આ ક્યાં આપણો સગો છે! ગામનો છે એટલે સામો ભટકાઈ જવાથી ઘરે આવ્યો છે. શીરા-પૂરી ખવડાવશું તો તો પછી ભાઈસાહેબને મઝા પડી જશે અહીં. પછી જવાનું નામ જ નહિ લે તો....?

એક શ્વાસે આટલી બધી વાત પતિ મહોદયે કરી દીધી. પત્ની પતિને ઓળખતી હતી એટલે ચૂપ રહી. બાકી તો એ અતિથિવત્સલા હતી. ધીરેથી એણે કહ્યું: ભાખરી રોજની જેમ પાંચ જ રાખી છે તમારા માટે. એમાંથી તમે બે જણ શી રીતે ખાશો? પતિ કહે: તું ચિન્તા ન કર. હું બાજી સમાલી લઈશ. તારે પહેલી વખતે બેય ભાણામાં એક એક ભાખરી મૂકવી. પછી બીજી વાર પણ એક એક મૂકવી. ત્રીજી વખત થાળીમાં એક ભાખરી-જે બાકી રહી છે- લઈ આવવું. અને મારા ભાણામાં મૂકવા કોશીશ કરવી.... થાળી હાથમાં ઊંચી રાખવી. જેથી

અંદર એક જ છે એ મહેમાન દેખી ન જાય. બાકીનું બધું હું સંભાળી લઈશ.

બન્ને જણ જમવા બેઠા. પૂર્વયોજના મુજબ બહેન બે વાર એક એક ભાખરી આપી ગયાં. ત્રીજીવાર જ્યાં બાઈ એના ધણીના ભાણામાં ભાખરી મૂકવા ગઈ કે, પેલા ભાઈ તાડૂકયા : તું શું મને ઢોર-ઢોર સમજે છે કે, બે ભાખરી આપ્યા પછી આ ત્રીજી ભાખરી આપવા આવી છે. હું ખાઉધરો નથી.... પછી કહે : મહેમાનને જોઈતી હોય તો પીરસ.

પણ મહેમાન ઢોર બનવા તૈયાર નહોતા એટલે એમણે વિવેક પૂર્વક ઈનકાર કર્યો : નહિ, બહેન ! હવે નહિ.... મનમાં તો કહેતા હતા મહેમાન : આવા મૂંજીના ત્યાં કયાંથી આવી ગયો કે, શીરા–પૂરીને બદલે ભાખરી પણ પૂરતી ન ખવડાવી.... હોટેલમાં જવું પડશે હવે !

'ભલે વધાર્યા !'

શિષ્ટાચારના કારણે માણસ ભાષામાં થોડો વિવેક રાખી શકે છે. બાકી તો એ વિવેકી વાકયો બોલતી વખતે મનમાં જે હોય છે, તે નીકળી પડે તો ? મહેમાન આવે ત્યારે મોઢું તો એમ જ કહેતું હોય કે, આવો ! પધારો ! પણ મનમાં તો એમ જ હોય કે કયાંથી આ ફૂટી નીકળ્યા રવિવાર બગાડવા માટે !

એક સજજને એક પગલૂછણિયું લાવેલું. જેના પર

લખેલું : ભલે વધાર્યા ! ભૂલથી થોડાંક પગલૂછણિયાં પર આવું છપાઈ ગયેલું. જેથી તે અર્ધી કિંમતે સ્ટોરવાળો ગ્રાહકોને પધરાવતો હતો. પેલા સજ્જન અર્ધી કિંમતમાં આ પગ લૂછણિયું લાવેલા. જે મહેમાનો આવે તે એ લખાણ વાંચી મોં કટાણું કરે. અને પેલા ભાઈ દર વખતે ખુલાસો કરે : આ તો સસ્તામાં મળતું હતું, માટે લાવ્યો છું. બાકી તમને જોઈને ખૂબ આનંદ થયો. આ બાબતમાં શ્રીમંતોએ તો અદ્ભૂત પ્રગતિ (?) સાધેલી છે. અલ્સેશિયન કૂતરો જ સ્વાગત કરવા તૈયાર હોય મહેમાનનું. ભૂલે ચૂકે ગેટમાં પગ મૂકાઈ ગયો તો એવો પેલો ઘૂરકે કે મૂઠીઓ વાળી નાસવું પડે!

**માઘ કવિનાં ધર્મપત્નીની ઉદારતા**

આપણે માઘ કવિની વાત જોઈ રહ્યા હતા. માઘ કવિ બહુ ઉદાર હતા. તો એમનાં ધર્મપત્ની પણ એટલાં જ ઉદાર હતાં. ઉદારતાના કારણે એમની પાસે ધન લાંબો સમય રહી શકતું નહિ.

એક વખત એક ગરીબ બ્રાહ્મણ કવિને ઘેર આવ્યો એને પોતાની પુત્રીનાં લગ્ન કરવા હતાં. માઘ કવિનું નામ સાંભળી એમના દ્વારે તે આવ્યો છે.

કવિ વિચારવા લાગ્યા કે, આને શું આપવું ? કશું જ ધન નથી પાસે. ઘરમાં ગયાં અંદર. કંઈક મળી આવે તો જોવા. બીજું તો કશું દેખાણું નહિ. પત્નીના પગનાં ઝાંઝર દેખાણાં. સૂઈ ગયેલ ધર્મપત્નીના એક પગમાંથી

ઝાંઝર કાઢયું. ધર્મપત્ની જાગી ગયાં. માઘ કવિએ કહ્યું : દેવી! બીજું કંઈ આપવા જોગું નથી, એટલે આજ.... વચ્ચે જ કવિપત્ની કહે : પણ નાથ! એક જ ઝાંઝર કેમ લીધું ? આ બીજું પણ લો અને એ ભાઈને આપો. ધર્મપત્નીની ઉદારતાથી ક વ પ્રસન્ન બની ગયા.

## 'ભવવિરહ' સૂરિ

લલ્લિક શ્રાવક દાનશાળામાં રોજ સંખ્યાબંધ લોકોને ભોજન આપતા. જમ્યા પછી લોકો લલ્લિગને દુઆ આપતા : જેવી અમારી આંતરડી તમે ઠારી, તેવી તમારી પણ ઠરજો ! તેનો આભાર પણ માનતા ત્યારે લલ્લિગ શ્રાવક કહેતા : આ બધો પ્રતાપ સદ્‌ગુરુદેવનો છે. એમણે જો મને ધર્મ ન આપ્યો હોત તો મારું ધન ભોગ-વિલાસમાં ખર્ચાત, પણ પરોપકારનાં કાર્યોમાં ન ખર્ચાત.

ત્યારે લોકો સદ્‌ગુરુદેવ હરિભદ્રસૂરિ મહારાજનાં દર્શને જતા. અને કહેતા : સૂરિજી, પ્રણામ.... નમસ્કાર વન્દન. સૂરિ મહારાજ આશિષ આપતા: તમને 'ભવ-વિરહ'ની પ્રાપ્તિ થાઓ! 'ભવવિરહ' શબ્દ એટલો પ્રસિદ્ધ થઈ ગયો કે, લોકો પછી કહેતા : ભવવિરહ સૂરિ ઘણું જીવો !

## ધન્ય ગુરુભક્તિ !

આ લલ્લિગ શ્રાવક એક વખત સદ્‌ગુરુદેવને વન્દન કરવા ગયા ત્યારે એમણે જોયું કે, ગુરુદેવના મુખ પર કોઈક ચિન્તા ડોકિયું કરી રહી છે. 'મહાન ધમ નાયક

છે ગુરુદેવના શાસનના. કોઈ પ્રાણ પ્રશ્નની ચિન્તા સતાવી રહી હશે એમને. પણ મને જો એનું પગેરું મળી જાય તો મારી શક્તિ પ્રમાણે હું ગુરુભક્તિ કરી શકું....' લલ્લિગ શ્રાવક વિચારી રહ્યા છે.

ત્યાં જ ગુરુદેવના મુખમાંથી શબ્દો સરવા લાગ્યા : લલ્લિગ! જો ને, શાસનનો મારા પર કેટલો બધો ઉપકાર છે. જો આ શાસન ન હોત તો આપણું અસ્તિત્વ ન હોત. કઈ દુર્ગતિઓમાં આપણે ફેંકાઇ ગયા હોત. શાસનના ઉપકારનો બદલો હું કયારે ચૂકવી શકીશ ?

લલ્લિગ તો મહાગુરુની વાણી સાંભળીને આભા જ બની ગયા. ધન્ય ! મહાગુરુદેવ ! ધન્ય તમારી વાણી ! "ગુરુદેવ તમે તો મહાન શાસન પ્રભાવક છો. કેટલાય ગ્રન્થોનું સર્જન કર્યું આપે તો..."

"હજુ તો ઘણા ગ્રન્થો રચવાના બાકી છે. દિવસે વ્યસ્તતાના કારણે બહુ સર્જન થઈ શકતું નથી. રાત્રે પ્રકાશના અભાવે લખી શકાય નહિ. દિવસો જઈ રહ્યા છે. જલ્દી-જલ્દી. જીંદગી નાની. કાર્ય ઘણું...."

લલ્લિગ મહાગુરુદેવને વન્દન કરી ઘરે ગયા. પણ હવે ભોજન એમના ગળે ઉતરતું નથી. ગુરુદેવની ચિન્તા હવે લલ્લિગમાં સંક્રમિત થઈ છે.

તમારા બધાને હૈયે જો આ રીતે શાસન વસી જાય – લલ્લિગ શ્રાવકની પેઠે – તો શાસનભક્તિ કાજે કેટલી મોટી તાકાત કામે લાગી જાય ?

લલ્લિગ શ્રાવક વિચારી રહ્યા છે: એવું શું કરું, જેથી મહાગુરુદેવ રાત્રે પણ ગ્રન્થોનું સર્જન કરી શકે? ફાનસનો કે કોડિયાનો ઉપયોગ વર્જ્ય છે ત્યારે એની અવેજીમાં.... અચાનક જ એક વાત યાદ આવી: એક જાતનું રત્ન આવે છે. જે રાત્રે પણ દિવસ જેવો પ્રકાશ પાથરી શકે છે. તરત જ જાણીતા રત્નના વેપારીઓને પૂછ્યું: આવું રત્ન ક્યાંથી મળી શકે? ઝવેરીઓએ દૂર-દૂરના એક બેટમાં આ રત્ન મળી શકે તેમ જણાવ્યું.

લલ્લિગ શ્રેષ્ઠીએ તરત પોતાના મુનીમને તૈયાર કર્યા. કહ્યું: જલ્દી જલ્દી એ પ્રકાશિત રત્ન લઈ આવજો. અને જોજો, મહાગુરુદેવની ભક્તિ માટે આ રત્ન લાવવાનું છે એટલે ધન સામે જોતા નહિ. ગમે તેટલો ખર્ચ ભલે થાય, રત્ન તો જોઈએ જ.

રત્ન આવ્યું અને લલ્લિગ શ્રાવકની ગુરુભક્તિના પ્રતીક સમું તે ઉપાશ્રયની દિવાલમાં સોહવા લાગ્યું!

ભોગ માટે લાખોનો ખર્ચ કરનાર ઘણા છે; પણ શાસન માટે લાખોની ન્યોછાવરી કરનાર કેટલા?

છત્રીશ સો રૂપિયાનું શાક...

એક ગામમા બે શ્રેષ્ઠીઓ રહેતા બન્ને એકબીજાના પ્રતિસ્પર્ધી-હરીફ. એકવાર મલુકચંદ શેઠનો મુનીમશાક લેવા બજારમાં ગયો. એક શાકવાળી પાસે તાજાં ભીંડા હતાં. મુનીમ કહે: લાવ, બધાં ભીંડાં મને આપી દે. મારા શેઠ માટે. પણ ત્યાં જ તલકચંદ શેઠનો મુનીમ ટપકી

પડચો ત્યાં! એ કહે : હું બે રૂપિયા વધુ આપુ. પણ શાક મને આપ.

મલુકચંદ શેઠનો મુનીમ ગર્જ્યો : હવે મુંજી જેવા તારા શેઠ માટે જે સસ્તામાં સસ્તું હોય એ શાક લઈ જા. આ શાક તો મારા શેઠ ખાશે....

તલકચંદનો મુનીમ કહે : અહી વાતોમાં વડાં નથી તળવાનાં. હાલો, રૂપિયાનાં વડાં તળીએ! જે વધુ રકમ આપે તે ભીંડાં લઈ લે. બોલો બોલી.

વાત ચડસાચડસી પર ચડી ગઈ. પાંચ-દશનાં ભીંડાં પણ પાંચસોએય વાત અટકી નહિ. મલુકચંદ શેઠનો મુનીમ કહે આપણા હજાર! તલકચંદ વાળો ક્યાં કમ હતો? એ એ કહે આપણા દોઢ હજાર, ગાડી પહોંચી છત્રીસ સો પર! તલકચંદ શેઠનો મુનીમ છત્રીશસોનાં ભીંડા લઈને શેઠને ઘરે તો ગયો, પણ મનમાં થતું હતું કે, શેઠ આ કામ બદલ સરપાવ આપશે કે લાલ આંખ બતાવશે?

શેઠના કાન સુધી પણ વાત તો પહોંચી જ ગઇ હતી. તલકચંદ શેઠે મુનીમને સાબાશી આપી અને કીમતી વીંટી મુનીમને ભેટ આપી. કહે: તેં આજ મારી આબરૂ રાખી....

છત્રીશસો ના ભીંડાંનું શાક ગરમાગરમ શીરા સાથે ઊડાવ્યું!

આવો ખર્ચ કરવામાંય ઉદારતા જોઈએ; પણ આવી ઉદારતા ઘણી વ્યક્તિઓમાં મળી જશે. પરંતુ શાસન માટે

લાખોની ન્યોચ્છાવરી કરવાની ભાવના કેટલામાં?

સજ્જનસિંહને સિદ્ધરાજ રાજાએ કહ્યું : તમે મારા મંત્રીમંડળમાં સ્થાન લો. સજ્જનસિંહ કહે : મહારાજ! માફ કરો. માંડ ધર્મ કરવાનો મોકો મળ્યો છે. ત્યાં મને રાજકાજમાં કાં ફસાવો? સિદ્ધરાજ કહે : ઘણા રાજ્યાધિકારીઓ મારી પાસે છે. પણ કરની વસૂલાતમાં ગોટાળો ઘણો થઈ રહ્યો છે, માટે થોડો સમય માટે તમારે રાજ્યને સેવા આપવી પડશે.

રાજાના વચનનો અનાદર ન કરવાના હેતુથી સજ્જનસિંહ દંડનાયક—કર વસૂલાત અધિકારી બન્યા. પણ મનનું વહેણ તો ધર્મ ભણી જ ચાલુ રહ્યું. અંદરનો ઝૂકાવ ધર્મ ભણીનો જ રહ્યો.

ધર્મ અશુદ્ધ આત્મ-સ્વરૂપને શુદ્ધ બનાવે છે. કિટેગામીની વાતમાં આપણે પ્રવચનના પ્રારંભમાં જોઈ ગયા કે, સંત ગવર્નર કિટેગામીને મળવા નહોતા માગતા. ગવર્નરની પદવી-ઉપાધિ વગરના કિટેગામીને મળવામાં તેમને વાંધો નહોતો.

આપણે આપણી જાતની કેવી મુલાકાત લેવા ઈચ્છીએ છીએ? ઉપાધિવાળું સ્વરૂપ તો પ્રગટ છે જ આપણું. ઉપાધિ વગરના સ્વરૂપને હવે પ્રગટ કરવાનું છે. 'નિર્મલં સ્ફટિકસ્યેવ સહજં રૂપમાત્મનઃ.' ગ્રન્થકાર મહર્ષિ કહે છે: આત્માનું શુદ્ધ સ્વરૂપ સ્ફટિક જેવું નિર્મળ છે. એ શુદ્ધ સ્વરૂપ તરફ નજર નાખવાને બદલે લોકો બહાર ને બહાર

ભમી રહ્યા છે. પરમાત્માનું સ્વરૂપ તે જ આપણું શુદ્ધ સ્વરૂપ.

### કસ્તૂરિયા મૃગની રખડપટ્ટી

પૂજ્ય આનંદઘનજી મહારાજે કહ્યું છે: પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઓલંગી રે જાય. પરમ નિધાન તો પાસે જ છે; પણ એને ઓળંગીને લોકો દૂર દૂર ભમે છે. પેલા કસ્તૂરિયા મૃગની જેમ. કહે છે કે, કસ્તૂરિયા હરણની ડુંટીમાં કસ્તૂરી નામનો સુગંધી પદાર્થ હોય છે. પવનના ઝપાટાથી એ સુગંધ ચારે બાજુ ફેલાતાં પેલું હરણ એ સુગંધી વસ્તુને મેળવવા આમથી તેમ અને તેમથી આમ દોડે છે. એ જ હાલત આપણી છે. આપણી અંદર રહેલા આનંદને મેળવવા આપણે બહાર નજર દોડાવી રહ્યા છીએ.

આપણે પૂછીશું, તો એ પરમ નિધાનને દેખવાની આખરે કોઈ વિધિ ખરી કે નહિ?

પૂજ્ય આનંદઘનજી મહારાજ ધર્મનાથ ભગવાનના સ્તવનમાં એ વિધિ બતાવે છે: પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે, દેખે પરમ નિધાન; હૃદય નયણ નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન....સદ્ગુરુ આપણા હૃદયરૂપી નેત્રમાં આગમનાં અંજન આંજે તો પરમ નિધાન સમા પરમાત્માનાં દર્શન થાય. 'હૃદય નયણ નીહાળે જગધણી.' અને પરમાત્માનાં આ રીતે દર્શન થાય તો આપણા શુદ્ધ સ્વરૂપની જિજ્ઞાસા આપણને થાય.

મહામહિમ શ્રી વિમળનાથ ભગવાનના સ્તવનમાં પૂજ્ય આનંદઘનજી મહારાજ જે કહે છે; વિમલ જિન! દીઠાં લોયણે આજ, તે આ સંદર્ભમાં છે. હૃદયનાં–આતમનાં લોચન દ્વારા તેમના જેવી ઉચ્ચકક્ષાએ વિરાજતી વ્યક્તિઓ જ પ્રભુનાં દર્શન પામી શકે.

**યોગીરાજ આનંદઘન મહારાજ**

પૂજ્ય આનંદઘન મહારાજનાં સ્તવનો આપણી અણમોલ મૂડી છે. એ આપણી પાસે શી રીતે આવી તેની એક દંતકથા છે. આનંદઘનજી જેવા મસ્ત યોગી પુરુષોના મુખેથી પ્રભુદર્શન વખતે આવાં ઉદ્ગારો સરી રહે. પરન્તુ તેઓ પોતે તો કોઈ એવી નોંધ કરે નહિ.

દંતકથા કહે છે કે, એક વાર પૂજ્ય આનંદઘન મહારાજ પરમાત્માની આગળ આ સ્તવનો ગાઈ રહ્યા હતા, મન્દિરમાં બીજું કોઈ હતું નહિ; પણ યોગાનુયોગ એ વખતે પૂજ્ય જ્ઞાન વિમળ સૂરિ મહારાજ ત્યાં જઈ પહોંચ્યા અને તેમણે આનંદઘન મહારાજના પવિત્ર કંઠેથી વહેતા થયેલ શબ્દોને લિપિબદ્ધ કરી દીધા. નોંધી લીધા.

આવા મહાપુરુષોની શબ્દ પ્રસાદી એ જ એમના જીવનની નોંધ હોય છે. એનાથી એમના આન્તરિક વૈભવની આછી શી ઝાંખી, આપણી યોગ્યતાનુસાર, આપણને થાય છે. સ્પૃહા માત્રને જેમણે ખોતરી ખોતરીને ફેંકી દીધી હોય તેવા આ મહાપુરુષો પાસેથી એમના બાહ્ય જીવનની વિગત

તો શેની મળે ? સિવાય કે એમના સમસામયિકોએ એમના વિષે કશું લખ્યું હોય.

તેઓ પોતે એમના એક પદમાં કહે છે: 'મેરે પ્રાન આનંદઘન, તાન આનંદઘન; માત આનંદઘન, તાત આનંદઘન....' 'રાજ આનંદઘન, કાજ આનંદઘન....નામ આનંદઘન, લાભ આનંદઘન....' લો, આ એમનું જીવનવૃત્ત! ચોમેરથી બસ આનંદની અમી વર્ષા થઈ રહી છે અને એમાં આ યોગીરાજ નહાઈ રહ્યા છે.

આવા યોગીરાજને કોણ પિછાણી શકે? પૂજ્ય મહોપાધ્યાય યશોવિજય મહારાજ પૂજ્ય આનંદઘનજીની અષ્ટપદીમાં કહે છે : 'સુજસ વિલાસ જબ પ્રગટે આનંદરસ, આનંદ અક્ષય ખજાને; એસી દશા જબ પ્રગટે ચિત્ત અંતર, સોહિ આનંદઘન પિછાને....' આનંદ માટેની અન્તર્યાત્રા જે કરી શકચો છે યા કરી રહ્યો છે તે જ આનંદઘનજીને જાણી શકે.

ગ્રન્થકાર મહર્ષિએ આ જ વાત અહીં કરી છે. આનંદઘન રૂપ નિજ સ્વરૂપને વિવેકી દ્રષ્ટા જ જોઈ શકે છે. 'જડસ્તત્ર વિમુહ્યતિ.' બાહ્યદૃષ્ટિ મનુષ્ય બહારના દર્શનમાં એવો મશગુલ થઈ ગયો છે કે, 'પરમ નિધાન પ્રગટ મુખ આગળ' હોવા છતાં એના તરફ ઝાંકચા વગર એ બહાર પડતી બારી દ્વારા બહાર ઝાંકી રહ્યો છે.

આપણે આન્તર દર્શન કરીશું ?

[૧૫]

# 'સિદ્ધની શોભા રે શી કહું ?'

अनारोपसुखं मोह
त्यागादनुभवन्नपि ।
आरोपप्रियलोकेषु
वक्तुमाश्चर्यवान् भवेत् ॥

કેવું હોય છે મોક્ષનું સુખ ? 'જ્યોત સું જ્યોત મિલાણી' જેવા વાક્યોનો પ્રયોગ જે સમયની સ્થિતિનું ચિત્રણ કરવા સારુ વપરાતો હોય છે એ સમયના નિરવધિ આનંદને શબ્દોના કેમેરામાં 'ક્લિક' કરવો લગભગ અશક્ય છે.

આઠ દૃષ્ટિની સજ્ઝાયમાં પૂજ્ય મહોપાધ્યાયજી યશોવિજય મહારાજ કહે છે : સર્વ શત્રુક્ષય સર્વ વ્યાધિલય, પૂરણ સર્વ સમીહાજી; સર્વ અરથયોગે સુખ તેહથી, અનંતગુણ

નિરીહાજી....શત્રુઓનો ભય દૂર થઈ જાય,બધા રોગો દૂર થઈ જાય, સર્વ ઈચ્છાઓ પૂર્ણ થાય અને સર્વ પદાર્થો મળતાં જે સુખ ઊપજે તેથી અનંતગુણું સુખ મોક્ષમાં હોય છે.

વિધેયાત્મક રીતે પણ મુક્તાત્માના આનંદની આછેરી ઝાંખી, મહર્ષિઓના શબ્દોને સથવારે થઈ શકે. નિષેધાત્મક રીતે પણ એ glimpse જોઈ શકાય.

પૂજ્ય પદ્મવિજયજી મહારાજે 'સિદ્ધપદ પૂજા'માં આ રીતે મુક્તાત્માના આનંદનો ગ્રાફ દોરી બતાવ્યો છે: 'અક્રોહી, અમાની, અમાયી, અલોભી.' ન ક્રોધ, ન માન, ન માયા, ન લોભ....નિષેધાત્મક રીતે આનન્દની આ પ્રસ્તુતિ કરી.

ક્રોધના કારણે ઉપજતી ઉશ્કેરાટજન્ય વેદના કેટલી હદે આપણને અકળાવી મૂકતી હોય છે? 'ક્રોધવશ ધમધમ્યો, શુદ્ધ ગુણ નવિ રમ્યો....ભક્ત પરમાત્માની સ્તવનામાં કહે છે: હું તો ક્રોધ કષાયનો ભરિયો, તું તો ઉપશમ રસનો દરિયો....

અમાની. સિદ્ધ ભગવંતો માનથી પર. આપણું સમૂચું અસ્તિત્વ જ Ego–અભિમાનના પડથી ઉપસેલું. એ પડ નીકળી જતાં શું શેષ રહે? ખ્યાતિનો કેટલો તો રસ છે કે લોકો પ્રખ્યાતિ ન મળે તો કુખ્યાતિ માટે પણ તૈયાર છે!

આજે કુખ્યાત માણસોની વાતો વાંચવામાં લોકોને કેવો રસ છે? 'ગરમાગરમ' અઠવાડિકોને સંતોની કથા છાપવાનું આજે પોષાય તેમ નથી. ડાકૂઓની કથા અને બળાત્કાર, લૂંટના કિસ્સાઓ જ છપાય છે અને એવા મેગેઝિનોનો ફેલાવો ઘણો મોટો હોય છે.

કેવા સમાજનું નિર્માણ થઈ રહ્યું છે ? જ્યાં પાયામાંથી જ રસવૃત્તિને ખોટા માર્ગે દોરવામાં આવી રહી છે, એ સમાજની ઈમારત લડખડયા વગર શી રીતે સ્વસ્થ ઊભી રહી શકશે ?

પહેલાંના ગુરુકુળો

કેવાં હતાં પહેલાંનાં ગુરુકુળો ? કેવાં વિદ્યાનાં ધામ હતાં એ ! જ્યાં વિદ્યા સંસ્કાર સાથે મળતી....અને ગુરુ-જનનો આદર કેવો ? રાજકુમાર હોય તો પણ ગુરુની લાલ આંખ થતાં ડરી જાય

એક રાજકુમાર એક ગુરુકુળમાં અભ્યાસ કરતો. બીજા પણ વિદ્યાર્થીઓ ત્યાં અભ્યાસ કરતા. કોઈ શ્રેષ્ઠીપુત્ર હતો તો કોઈ બ્રાહ્મણ વિદ્યાર્થી હતો. ગુરુની બધા પર એક સરખી નજર.

રાજપુત્રનો અભ્યાસ પૂર્ણ થયો. વિદાયની વેળા આવી. રાજપુત્રનું મન ખિન્ન છે : આવા વત્સલ ગુરુદેવનો યોગ ફરી હવે ક્યારે મળશે ? ગુરુના ચરણોમાં રાજપુત્ર આળોટવા લાગ્યો.

ત્યાં જ ગુરુદેવે પોતાની પાસે રહેલ નેતરની સોટી રાજપુત્રની પીઠ પર બે-ત્રણ વાર લગાવી. રાજપુત્રે ઊંચું જોયું. ગુરુદેવના મુખ પર ક્રોધની જરાય નિશાની નથી. મરક-મરક હસી રહ્યા છે તેઓ. રાજપુત્રે પ્રેમથી આ 'પ્રસાદી'નું રહસ્ય પૂછ્યું ત્યારે ગુરુ કહે : થોડા સમય પછી તું રાજા બનીશ. દંડનીતિ તારા હાથમાં આવશે.

મંત્રી તારી આગળ ફરિયાદ રજૂ કરશે કે, આ મનુષ્યે આ ગુનો કર્યો છે, તેને શું સજા કરવી? એ વખતે બીજા રાજાઓની પેઠે તું પણ અમાનવીય સજા ન ફરમાવી બેસે એ માટે આ સોટીઓ તને ફટકારી છે. આ સોટીને જીવનમાં ભૂલતો નહિ!

તું રાજા બને એટલે મનુષ્ય મટી જતો નથી. એમ ગુનેગાર ગુનો કરે એથી એ પણ મનુષ્ય મટી જતો નથી. સર્વ પ્રાણીઓને સુખ ગમે છે. દુઃખ કોઈને ગમતું નથી. આ સૂત્રને સામે રાખીને તું જીવીશ તો માનવ્યની સીમાનું ઉલ્લંઘન તારા હાથે નહિ થાય!

કેવું હતું આ સંસ્કાર સાથેનું જ્ઞાન! વિદ્યાર્થીમાં વિદ્યા મેળવવાની લક્ષ્યબદ્ધતા પણ કેટલી હતી! ભારતના ગુરુકુળોની પ્રશંસા સાંભળી એ વખતે પરદેશથી પણ વિદ્યાર્થીઓ ત્યાં અધ્યયન કરવા આવતા.

**'હું હાથી જોવા નથી આવ્યો!'**

એક વિદ્યાર્થી આરબ દેશમાંથી ભારત ભણવા માટે આવેલો. વર્ષો પહેલાંની આ વાત છે. એક ખ્યાતિ પ્રાપ્ત ગુરુકુળમાં રહી એ આરબ વિદ્યાર્થી અભ્યાસ કરી રહ્યો હતો.

એક વખત ગુરુજી પાઠ આપી રહ્યા હતા તે વખતે ગુરુકુળના મકાન પાસેથી એક હાથી પસાર થયો. હાથીની ઘંટડીઓનો અવાજ આવતાં વિદ્યાર્થીઓ બધા ઊભા થઈ ગયા. હાથી જોવા માટે ન ઊભો થયો એક માત્ર આ આરબ વિદ્યાર્થી.

હાથી દેખાતો બંધ થતાં, બધા વિદ્યાર્થીઓ ફરી પાઠ માટે બેસતાં ગુરુજીએ પેલા આરબ વિદ્યાર્થીને પૂછયું : ભાઈ ! તું તો એવા દેશમાંથી આવે છે, જ્યાં હાથી કોઈ વાર જોવા જ ન મળે. અહીંના વિદ્યાર્થીઓએ તો ઘણી વાર હાથી જોયેલો અને છતાં તેઓ હાથીનું નામ સાંભળતાં ઊભા થઈ ગયા અને તું....

પેલા વિદ્યાર્થીએ આટલું જ કહ્યું : ગુરુદેવ ! સેંકડો કોશની મજલ કાપી હું અધ્યયન કરવા અહીં આવ્યો છું; નહિ કે હાથી જોવા.

આ જવાબ સાંભળી ભારતીય વિદ્યાર્થીઓ એવા શરમિંદા બન્યા કે, તેમણે તે વખતે જ નિર્ણય લીધો કે આપણે કદી પાઠ વચ્ચેથી હવે ઊઠવું નહિ....

## ચાવવું તો મારે પડે છે ને !

પાઠ વચ્ચેથી ઉઠાય નહિ. પ્રવચન વચ્ચેથી પણ ઊઠાય નહિ. ભગવાનની વાણી પૂરા આદર સાથે સાંભળવી જોઈએ.

એક શેઠને પુણ્યયોગે શેઠાણી બહુ ભક્તિવાળાં મળ્યાં હતાં. શેઠ બહુ આળસુ. જમવાનો સમય થાય ત્યારે શેઠાણી પાટલો મૂકે. આસન બિછાવે. ભાણું પીરસે. અરે, રોટલીના ટૂકડાય શેઠાણી કરે અને શેઠના મોંમાંય મૂકે. પણ તોય શેઠનું મોઢું તો એરંડિયું પીધું હોય તેવું જ. શેઠાણી કહે : તમે જરા હસતું મોઢું રાખતા હો તો મને કેટલો આનંદ થાય ? અને તમારી કેટલી સેવા થાય છે,

તોય.... જુઓ રસોઈ હું કરું, ભાણું હું પીરસું, રોટલીના ટૂકડાય હું કરું અને તમારા મોંઢામાંય મૂકું તોય તમારું મુખ હસતું કાં નહિ?

ધીમેથી શેઠ કહે: એ તો બધું ઠીક, પણ ચાવવું કોને પડે છે? ચાવવું તો મારે પડે છે ને!

પ્રવચનોમાં શ્રોતાની આ હાલત તો આજે નથી ને! શાસ્ત્રકાર મહાપુરુષો જ્ઞાનામૃતનું ભોજન શાસ્ત્રોના અમર પાત્રોમાં મૂકી ગયા.... પણ એ અમૃત તમે સીધું ગટાગટ ઉતારી જાવ તેવું નથી.... એ સંસ્કૃત ભાષામાં છે યા પ્રાકૃત ભાષામાં છે. એટલે અત્યારના પ્રવચનકાર મહાત્માઓ તમારી ભાષામાં તમે સમજી શકો એ રીતે એ જ્ઞાનામૃત પીરસે છે. પોતાના સ્વાધ્યાયના અમૂલ્ય સમયમાંથી થોડો સમય કાઢી તમને પ્રસાદી આપે છે. ભગવાનની વાણીની. અને એ સાંભળવાનો અવસર મહાપુણ્યે તમને મળે છે ત્યારે...? અવસર જતો રહે છે હાથમાંથી કે એને આવકારો છો તમે?

## ‘No time’નો ઉપાય

યાદ રાખો, ‘No time’ એ શિષ્ટાચારની ભાષાનું સર્જન છે. ‘No interest કહી શકાય નહિ માટે જ નો ટાઈમ બોલાતું હોય છે. આજે ઘણી વખત મજાની વાત જોવા મળે છે. જેને તમે વ્યસ્ત મનુષ્ય કહો છો, એ મુંબઈથી દિલ્હી તો પ્લેનમાં જશે. પણ ત્યાં ગયા પછી ‘હાઉ ટુ પાસ ધ ટાઈમ? (સમય કેમ પસાર કરવો ?)

ના પ્રત્યુત્તર રૂપે કલબમાં રમી રમવા જશે! પહેલાં સમય કેમ બચાવવો એની મથામણ પછી સમય કેમ પસાર કરવો એની મૂંઝવણ...

છતાં, એવા માણસોને તમે સારાં પુસ્તકો વાંચવા આપો. એ વાંચનમાં જો રસ પડી જશે તો એ આગળના પગથિયાં પણ ચઢવા લાગશે.

વાચન કે શ્રવણ એ પ્રથમ પગથિયું છે. જો કે, શ્રવણ કરતાં પણ શુશ્રૂષા — ધર્મ સાંભળવાની ઇચ્છાને મહત્ત્વપૂર્ણ લેખવામાં આવી છે.

શુશ્રૂષાને સરવાણી કહી છે. જે ભૂમિમાં પાણીના સ્રોતો નીકળી આવવાની શકયતા હોય ત્યાં કરેલું ખોદકામ, ખોદવાથી થયેલ શ્રમને ઠંડા પાણીથી ઉપજેલા સુખમાં વિલીન કરી દે છે. પણ રણમાં જ ખોદવાનું હોય તો...?

શ્રવણ કે વાચન પછીનું Step છે ચિન્તન, મનન. એક એક શબ્દને વાગોળવો. અને ત્યાર બાદનું Step આપણને સાક્ષાત્કાર ભણી લઈ જાય છે: નિદિધ્યાસન.

ધર્મનો સાક્ષાત્કાર થતાં જ...

ધર્મનો સાક્ષાત્કાર થતાં જ જીવન એક નવી દીપ્તિથી ચમકીલું બની જાય છે. જીવનનો ઉચ્ચતમ આદર્શ આપણી સામે ખડો થાય છે. પછી, મનોરંજનના નામે મનોભંજન કરે તેવાં સાધનોની પાછળ દોડવા માટે કે જીવન જરૂરિયાતની વસ્તુઓના નામે મોજશોખની વસ્તુઓ ભેગી કરવા માટે તે વ્યક્તિ પાસે સમય નથી રહેતો હોતો. એની

એક એક ક્ષણ અર્થસભર, સજીવ બની જાય છે. મૃતપ્રાય બનેલા જીવનમાં ઉત્સાહની, ઉમંગની લહેર દોડી જાય છે. અને જીવન આનંદથી પૂર્ણ બની જાય છે. અંદરથી આનંદ મળતો શરૂ થઈ જાય છે અને તેથી બહારથી આનંદ ઉમેરવાની જરૂર નથી પડતી. જેને કુદરતી રીતે વિટામીન સી મળી જતું હોય તે વિટામીન સી ની ટીકડીઓ શા સારુ ગળે ?

ધર્મનો સાક્ષાત્કાર થતાં એક વાત ધાર્મિક વ્યક્તિના મનમાં સ્પષ્ટ થઈ જાય છે કે, એની પાસેથી બીજું બધું જતું રહેશે તો ચાલશે, પરંતુ ધર્મ જશે તો નહિ ચાલે. ધર્મ જ જીવનનો પર્યાય બની ગયો છે ને ! પછી એને ધર્મના માર્ગેથી ચલાયમાન કરી શકવા કોઈ સમર્થ નથી.

પવિત્ર ઉત્તરાધ્યયન સૂત્રમાં એક સરસ શ્લોક આવે છે. જેનો ગુજરાતી પદ્યાનુવાદ આ પ્રમાણે છે :

આત્મા થયો નિશ્ચિત જેહનો કે,
ત્યજીશ હું દેહ, ન ધર્મશાસન;
તેને ચળાવી નવ ઇન્દ્રિયો શકે,
ઝંઝાનિલો મેરુ મહાદ્રિને યથા....

ગમે તેવો ઝંઝાવાત મેરુ પર્વતને ન ડોલાવી શકે તેમ ધર્મ માટે જેનું મન નિશ્ચલ થયું છે તેને વિષયાસક્તિ ચળાવી શકતી નથી.

ધર્મ સાધન છે જીવન શુદ્ધિનું. મોક્ષનું. ધર્મને સાધન તરીકે માનનાર રોજ વિચારે છે : મને વિષયોમાંથી મુક્તિ

શી રીતે મળે ?

**એન્ટેના છે, ટી. વી. નથી !**

એક ભાઈએ મિત્રને કહ્યું : આજે રમાનારી ટેસ્ટ મેચને ટી. વી. પર જોવા હું તમારે ત્યાં આવીશ. પેલા મિત્ર કહે : પણ મારે ત્યાં ક્યાં ટેલીવિઝન છે ? પેલા ભાઇ કહે : તમારી ઇચ્છા નહિ હોય તો નહિ આવું. બાકી તો, મેં પોતે તમારા બંગલા પર કાલે એન્ટેના જોયેલ ને !

પેલા ભાઇ કહે : પણ એન્ટેનાની હું ક્યાં ના પાડું છું ! એન્ટેના છે. લોકો એમ માને કે, ફલાણા ભાઈના ત્યાં ટી. વી. છે એ માટે. બાકી ટી. વી. નથી જ. અને હમણાં લાવવો ય નથી.

ટેલીવિઝન જેને 'જોવા' માટે જોઈએ છે તેને જ ટી. વી. સેટ લાવવો પડે અને એન્ટેના લગાવવો પડે. પણ જેને ખાલી વટ જ પાડવો હોય તેને એન્ટેનાથી ચાલી જાય !

ચરવળો એન્ટેના છે. તો જયણાનો ભાવ એ ટી. વી. છે. ચરવળો એટલે સામાયિકમાં ઉભું થવાનો પરવાનો આટલી જ એની વ્યાખ્યા ન કરતા !

જિણ કરે જિનવર પૂજીએ...

જીણહા મંત્રી પરમાત્માની પૂજા માટે જઈ રહ્યા હતા. હાથમાં પૂજનની સામગ્રીનો થાળ છે.

તમે પૂજા કરવા જાવ ત્યારે ઘરેથી અષ્ટપ્રકારી પૂજાની સામગ્રી લઈ જાવ છો ને કે બધું દહેરાસરમાંથી જ લઈ

લો છો? પરભારું પોણાબારું નથી કરતા ને? સ્વદ્રવ્યથી જ પરમાત્માની પૂજા કરવી જોઈએ.

જીણુહા મંત્રી પૂજા કરવા માટે જઇ રહ્યા છે. ત્યાં કોટવાળ એક આરોપીને લઈને આવે છે. તેના આરોપની વાત મંત્રીએ સાંભળી. ન્યાયાધિકારી તરીકે મંત્રી જ કામ કરતા હતા. આરોપ સાંભળ્યા પછી મંત્રીને લાગ્યું કે ફાંસીની– શિરચ્છેદની જ સજા એના માટે હતી.

પણ પૂજાના કપડે ફાંસીની સજાની વાત શી રીતે કહેવાય? તેમણે બીંટડું તોડી નાખ્યું. કોટવાળ સમજી ગયો. આરોપી પણ સમજી ગયો. આરોપી ચાલાક બારોટ હતો. હકીકતમાં એણે ગુન્હો કર્યો પણ નહોતો પરંતુ ખોટી રીતે તેને પકડવામાં આવેલ.

ત્યારે બારોટે મંત્રીને કહ્યું: જીણુહાને જિનવર, ન મિલે તારોતાર; જિણ કરે જિનવર પૂજીએ, સો કિમ મારણુહાર?

'જે હાથે તમે જિનેશ્વરને પૂજો છો, એ હાથે જ બીજાને મોતને ઘાટ ઉતારવાની સજા ફરમાવતું સૂચન કરો છો?' બારોટના આ ઈશારાથી તરત જ મંત્રી બારોટને પ્રણમી રહ્યા. 'તમે મને ખરેખરું જ્ઞાન આપ્યું. તમે ઠીક જ કહ્યું કે, જીણુહાને જિનવર, ન મિલે તારોતાર.... ભગવાનને હજુ હું બરોબર નથી પિછાણી શકયો.' બારોટનો સત્કાર કરી તેમને વિદાય કર્યો. સજા તો રદ થઈ જ, વધુમાં સત્કાર કર્યો.

આ કડીને બરાબર હૃદયસ્થ કરો : જિણ કરે જિનવર પૂજીએ, સો કિમ મારણહાર ? જે હાથ વડે જિનેશ્વર દેવની પૂજા કરી, એ હાથ વડે કોઈ પણ જીવનો વધ શી રીતે થાય ? જે જીભ વડે પરમાત્માનાં ગુણગાન ગાયાં એ જીભ અપશબ્દોનું ઉચ્ચારણ કરી શકે ? જે હૃદયમાં ધર્મનો સાક્ષાત્કાર થયો ત્યાં વિષયો શી રીતે રહી શકે ? આસક્તિઓને ભાગ્યે જ છૂટકો !

સિદ્ધ ભગવાનનું સ્વરૂપ આપણે વિચારી રહ્યા છીએ અક્રોહી અમાની અમાયી અલોભી....'

ક્રોધ, ઈર્ષ્યા, નિન્દા આ બધા દુર્ગુણોમાંથી જે દુર્ગુણ આપણામાં હોય તેનાથી વિરુદ્ધના, પરમાત્મામાં રહેલ ગુણનું વારંવાર સ્મરણ કરવું. 'હું તો મનથી ન મૂકું માન, તું માનરહિત ભગવાન.'

## ગામના અખબાર ગંગાડોશી

ગંગામા ગામના અખબાર જેવાં. હાલતું–ચાલતું અખબાર !

ગામના બધા ગંગા ડોશીથી ગભરાય. જો સહેજ એમને વાંકું પડયું તો જોઈ લો, બસ, સામેવાળાના ડાંડિયા ડુલ ન કરે તો ગંગા ડોશી શાના ?

એક વખત ચીમનલાલ શેઠના ઘરે ડોશી ગયા, ને કોઈએ આદર-સત્કાર કર્યો નહિ. ડોશી તો ધૂંઆ ફૂંઆ થઈ તરત ગામમાં ઘરે ઘરે ફરવા માંડયા. બધાયને કહે :

પેલા ચીમનભાઈના ત્યાં પૈસા મૂકયા હોય તો હવે ઉપાડી લો જલ્દી.

"કેમ ?"

"કેમ, તે શું મારા ભાઈ? તમેય નાના કીકલા જેવા છો ને! આ હવે જુઓ. એક-બે દા'ડામાં એમના દેવાળાના સમાચાર ન સાંભળો તો મને 'ફટ' કહેજો! મોટો નવલસા હીરજી જેવો દેખાવ કરે છે, પણ માંહિ પોલંપોલ છે."

આખા ગામમાં ડોશી લાકડી લઈને ફરી આવ્યાં ને થોડીવારમાં ચીમનલાલની દુકાને દરોડો પડયો લોકોનો! વ્યાજે પૈસા મૂકી ગયા હોય તે બધાય માગવા આવે એકી સાથે તો શું થાય ? ચીમનલાલ સમજી ગયા કે, આ કાર-સ્તાન ગંગા ડોશીનાં!

લોકોને દુકાનના આગળના ભાગમાં બેસાડી પાછળને બારણેથી રૂપિયા રોકડા સો અને વધુમાં છીંકણીની ડબ્બી લઈ ચીમનલાલ ગંગા ડોશીને ત્યાં ગયા. અને જ્યાં આ નૈવેદ્ય જોયું ત્યાં ડોશી ખુશખુશ!

ચીમનલાલ કહે: મા! હવે તારો તોય તમે, ને ડૂબાડો તોય તમે.

"શું થયું ?"

"માજી! અફીણ ઘોળીને પીવું પડે તેવી પરિસ્થિતિ સર્જાણી છે. લેણદારોએ લાઈન લગાવી છે.!"

"તે એમાં આમ ગભરાઈ શું ગયા ? જાવ. હું આવું અને બાજી સુધારી લઉં છું."

ચીમન શેઠ ગયા અને પાછળના બારણેથી પેસી ગયા દુકાનમાં. થોડીવારમાં ગંગામા દુકાનના આગળના ભાગમાં આવ્યા. હાથમાં થેલી હતી. "અરે ચીમન શેઠ, ઓ ચીમન શેઠ ! જરા આ થેલી સંભાળજો. મારા ભાઈ! આ સોનું ને રૂપિયા ને બધું તમારે ત્યાં મૂકવા આવી છું...." પછી, ચીમન શેઠ, દુકાનમાંથી નીકળીને બહાર આવે એ પહેલાં લોકો સમક્ષ ફરી માજી બોલ્યાં: "હમણાં જ મને સમાચાર મળ્યા કે, ચીમન શેઠની સ્થિતિ તો સદ્ધર છે. એમના વહાણ ડૂબી ગયાના સમાચાર મને મળેલા. પણ હવે માલુમ પડયું કે, એ સમાચાર ખોટા હતા...." લોકો બધા ગૂપચૂપ પોત-પોતાને ઘેર પહોંચી ગયા.

એક વખત ગામના એક શ્રીમંતના ઘરે એક યાત્રિક બ્રાહ્મણ આવ્યો. શ્રીમંતે પોતાના ઘરે એને ઉતારો આપ્યો. ખીર-પુરીનું ભોજન કરાવ્યું. હવે બનેલું એવું કે, દૂધ લઈને ગામડેથી ભરવાડણ આવી રહી હતી ત્યારે આકાશમાં સમડીએ પકડેલા સર્પના મુખમાંથી ઝેરના બિંદુઓ ટપકયા અને તે ભરવાડણના બોઘરણામાં જ પડયા. નથી ભરવાડણને આ ખબર. નથી પેલા શ્રીમંતને ખબર. તેમણે તો પ્રેમપૂર્વક અતિથિને પેલા વિષયુક્ત દૂધમાંથી ખીર બનાવી પીરસી. શ્રીમંતના ત્યાં સવારે નાસ્તા માટે ગામ-

માંથી જ દૂધ આવતું. અને નવ-દશ વાગ્યાના સુમારે ગામડેથી આ ભરવાડણ દૂધ લઈને આવતી. ભરવાડણે લાવેલ દૂધની ખીર બની. અને શ્રમથી થાકેલ અતિથિ બધી ખીર જમી ગયા.

ભોજન પછી અતિથિ સૂતા. પણ સૂતા એ સૂતા. ચિરનિદ્રામાં પોઢી ગયા. સાંજે જગાડવા ગયા ત્યારે ખબર પડી કે અતિથિ તો મૃત્યુશરણ થઈ ગયા છે. યોગ્ય અંતિમ વિધિ કરી. શ્રીમંતના હૈયે અતિ દુઃખ હતું. ગામ આખું શોકમગ્ન હતું.

ખુશ હતાં એક ગંગા મા! એમને તો ઘણા દિવસથી કોઈની નિન્દાનો ખોરાક નહોતો મળ્યો, એટલે રોટલાય ભાવતા નહોતા! ડોશી તો લાકડી લઈને ઉપડયા. જે મળે એને કહે: સાંભળ્યું? આ શ્રીમંતનું કારસ્તાન! બ્રાહ્મણને મારી નાખ્યો! લોકો તો હું-હું કહી આગળ ચલતી પકડે. કારણ કે ડોશીને કંઈ કહેવાય પણ નહિ શીખામણ આપવા કોઈ જાય તો પછી એની જ ફિલમ ઉતારી નાખે!

આખા ગામમાં ડોશી ફરી આવ્યા. ડોશીના ગયા પછી લોકો કહેતા: બ્રહ્મહત્યાનું પાપ તો ખરેખર આ ડોશીને જ લાગે. કારણ કે નથી કંઈ જમાડનારનો વાંક. નથી ભરવાડણનો વાંક. પણ આ ડોશી આટલી બધી નિંદા કરી રહી છે, એટલે ખરેખર તો આ હત્યાના પાપનું પોટલું ડોશીના શિરે જ છે!

આજે ગંગા ડોશીનો વસ્તાર ખૂબ ફાલ્યો ફૂલ્યો છે! જ્યાં જુઓ ત્યાં નિન્દક વૃત્તિ! અને પોતાના બોલની કોઈ કિંમત મનુષ્યને રહી છે? ઘડી પહેલાં જેની આગળ બેસી એના ગુણગાન કરતો 'તો, પોલસનના ડબ્બે ડબ્બા ઠાલવતો 'તો એની જ પીઠ પાછળ એની કાપતી કરવા લાગે! પોતાના જ શબ્દોની પોતાના હાથે આ તો કેવી અવદશા!

હું તો મરું તો મરું...

ઈર્ષાવૃત્તિ પણ કેટલી વકરી છે? બીજા કોઈનું સુખ મનુષ્ય સાંખી જ શકતો નથી. પોતે થોડું નુકશાન વહોરીને, બસો–પાંચસો ઘરના બગાડીને પણ માણસ બીજાને ખેદાન-મેદાન કરવા તૈયાર હોય છે.

પેલી કહેવત આવે છે: હું મરું તો મરું, પણ તને રાંડ કરું.... આ કહેવતના મૂળમાં રહેલ કથાના નાયક જેવા શૂરવીર (?) મનુષ્યોનો આજે તોટો નથી! એ કથાના નાયક ભાઈને પોતાની પત્ની પર ઘણી વખત ગુસ્સો ચડે. ગુસ્સો તો એવો ચડે કે, બસ જાણે શું ય કરી નાખવું! છેલ્લે વિચાર આવે એમને, કે બીજું કંઈ નહિ, બૈરીને વિધવા બનાવવી. જેથી આખી જીંદગી રડ્યા કરે અને દુ:ખી થાય. કમાનાર તો કોઈ હોય નહિ પછી.... આ તો પોતે કમાય છે ને પેલી તાગડધીન્ના કરે છે!

પણ મુશ્કેલી એ કે, પત્નીને વિધવા બનાવવી હોય તો પોતાને પરલોક પહોંચવું પડે! વાંધો નહિ, થોડું દુ:ખ

સહન કરવું પડે તો ભલે કરવું પડે; પણ એને તો બરો-બરનુ દેખાડી દેવું, આથી એ ભાઇ બોલ્યાય ખરા એકવાર પત્ની પ્રતિ: હું મરું તો મરું, પણ તને રાંડ કરું....

**આ વિષવતુંળમાં કોણ બચી શકે ?**

નિન્દાવૃત્તિ અને ઈર્ષાવૃત્તિએ દૂષિત કરેલ આ વાતા-વરણમાં, આ ઝેરી પર્યાવરણમાં કોણ સુરક્ષિત રહી શકે ? મહાપુરુષોનાં વચનોનું વારંવાર અનુસ્મરણ કરવાથી આપણે આ ઝેરી વાતાવરણમાંથી બચી શકીએ.

એક તત્ત્વજ્ઞાનીને એના પ્રશંસકે કહ્યું : કાલે ફલાણા ભાઈ આપની પીઠ પાછળ આપની નિન્દા કરતા હતા. તત્ત્વજ્ઞ હસીને બોલ્યો : મારી ગેરહાજરીમાં મને કોઈ મારી નાખે તોય મને વાંધો નથી; પછી કોઈ મારી ટીકા કરે એથી હું શાને અકળાઉં ?

કેવો સરસ જવાબ છે !

આપણી ગેરહાજરીમાં આપણા વિષે કોઈ ગમે તેમ બોલી ગયું, એમાં આપણું શું લૂંટાણું ? શા માટે આપણે અકળાઈએ ?

'અક્રોહી–અમાની....' સિદ્ધ ભગવંતના ગુણોનો ખ્યાલ ત્યારે જ આવશે, જ્યારે ક્રોધ, માન વગેરે એ કરેલ ખૂવારીનો આપણને ખ્યાલ આવશે. ભવિષ્યમાં તો નરકાદિ ગતિમાં દુર્દશા છે જ; પરંતુ ક્રોધથી, ઈર્ષાથી અહીં જ કેવું ભયંકર ટેન્સન ઉપજે છે ?

સુખી કહેવાતા સમાજમાં આજે ઈર્ષાના ચેપી રોગે ભયંકર રીતે દેખા દીધી છે.

## ચરચામાંથી મરચાં !

એક ગુરુના દેહાન્ત પછી એમના શિષ્યો મઠાધીશ કોણ બને એ પ્રશ્ન પર લડવા લાગ્યા. શબ્દચર્ચામાંથી હાથોહાથની લડાઈમાં સરી પડયા એ લોકો :

ચર્ચામાંથી ઉડે મરચાં, તે મરચાં માંથી થાય હાડકાનાં ફૂરચાં ! બિન જરૂરતની ચર્ચામાં લોકો કેટલાં નાહકના હેરાન થાય છે !

કાકો–ભત્રીજો એક ગામથી બીજે ગામ જઈ રહ્યા હતા. રસ્તામાં એક બાજરીના ખેતરમાં પાક સરસ થયેલો હતો. કાકા કહે : ખરેખર, આ ખેતરનો માલિક નસીબદાર છે. પચાસેક બોરી (કોથળા) બાજરી તો એને થશે જ.

ભત્રીજો કહે : કાકા ! તમારા તો બધાં વરસ પાણીમાં ગયા ! આવડા ખેતરમાં વળી પચાસ બોરી બાજરી થતી હશે ? મારું માનવું છે કે, ચાલીસ બોરીથી સહેજ પણ વધુ ન થાય !

પોતાને બિન અનુભવી સમજનાર ભત્રીજા પર કાકાને ગુસ્સો આવ્યો : તને શું ખબર પડે, ખાધાની ? પચાસ બોરીથી વધુ ઉતરે બાજરી એ બરોબર છે. બાકી પચાસથી સહેજ પણ ઓછી નહિ એ નક્કી જ છે.

ચર્ચામાંથી બેય મરચામાં ઉતરી પડયાં અને મરચા માંથી હાથોહાથની લડાઇ પર ! ભત્રીજો શબ્દયુદ્ધમાં ભલે

ન પહોંચ્યો કાકાને, પણ હવે વારો એનો હતો. 'પહેલો મારે તે કદી ન હારે' સૂત્રને ધ્યાનમાં લઈ એણે કાકાને પછાડયા અને ઉપર ચડી બેઠો તે.

કાકાની દાઢીને ખેંચતાં તે કહે: બોલો, કાકા! હવે મારી વાત ખરી કહેશો કે નહિ? જો ચાલીસ બોરી બાજરીની વાત કબૂલો તો તમને હમણાં જ છોડી દઉં! નહિતર આ દાઢી ખેંચી લઈશ! કાકા પણ કંઈ કમ ન હતા. એ કહે: દાઢી ચૂરો ચૂરો થાય, પણ એક બૂરો ઓછો ન કહું.... દાઢી ભલે જતી રહે, એની ચિન્તા નથી; પણ મેં કહેલ બોરીઓની સંખ્યામાંથી એક પણ બોરી ઓછી નહિ થાય.

છેવટે વટેમાર્ગુઓએ બન્નેને છુટ્ટા પડાવ્યા. બાજરી ચાલીસ મણ થાય કે પચાસ મણ; આમને શું હતું? નહોતો એક દાણો કાકાને મળવાનો કે નહોતું ભત્રીજાને કંઈ કમિશન મળવાનું!

'મારુ તે સાચું' આ ભૂમિકા ઝઘડાનું મૂળ છે. 'સાચું તે મારું' આ ભૂમિકા આવી જાય તો ઝઘડા સમાપ્ત થઈ જાય.

'ગુરુ મહારાજનો ઉપદેશ!'

પેલા શિષ્યો, ગુરુના દેહાન્ત પછી મઠાધીશ બનવાની હરીફાઈમાં ઉતરી ગયા છે. હરીફાઈ તો કેવી! ગળાકાપ હરીફાઈ. બે હરીફ હતા ગાદીના. બન્નેના અનુયાયીઓ એક-બીજાનાં માથાં કાપવા તૈયાર થઈ ગયાં છે.

ગામના આગેવાન માણસોને આ ધમાલની ખબર મળતાં તેઓ ત્યાં આવ્યા અને કહેવા લાગ્યા: ક્યાં તમારા ગુરુનો ઉપદેશ અને ક્યાં આ તમારું આચરણ ? તમારા ગુરુદેવ રોજ વિશ્વમૈત્રીનો ઉપદેશ આપતા અને તમે લોકો ઘરમાં જ લડાઈ કરી રહ્યા છો !

એક બટક બોલો ચેલો બોલી ઉઠ્યો : ગુરુદેવનો ઉપદેશ તો અમારે માથા પર છે. ગુરુદેવ વિશ્વમૈત્રીની વાત કહેતા, તો અમે પણ વિશ્વમૈત્રીમાં માનીએ છીએ. બાકી, અંદરો અંદર ન લડવાનું કંઈ ગુરુ મહારાજે કહ્યું નથી !

કેવી છે આ ઈર્ષા ? અંદરોઅંદરની લડાઈ ! ઘરે ઘરે જાદવાસ્થળી જામેલી છે ને !

## પડોશીના પીત્તળના, ને ગામના ગારાના

એક માજીને એક જણે પૂછ્યું : કેમ બહેન બા મજામાં છે ને ? માજીની એકની એક પરિણીતા પુત્રી માટે પેલા ભાઈએ આ પૂછ્યું હતું. માજી કહે એને તો બાદશાહી છે, ભાઈ ! સવારે ઉઠીને દહેરાસર જઈ આવે ત્યાં રસોઈયાએ ચા નાસ્તો તૈયાર કરી રાખ્યો હોય. બધા સાથે ચા નાસ્તો કરી, નહાઈ-ધોઈ તે પૂજા કરવા જાય. પૂજા કરીને આવતાં તો જમવાનો સમય થઈ જાય. ભોજન કરી આરામ કરે. પછી બપોરે ચા પી પડોશમાં ફરવા જાય. સાંજે જમીને જમાઈ ને એ બેય ફરવા જાય... બસ. બાદશાહી છે એને તો !

પછી એમના દિકરાની પુત્રવધૂ વિષે પૂછવામાં આવતાં જ માજીની આંખોમાં લાલાશ આવી ગઈ. કહે: મૂકો એનું નામ. એને કામ શું છે બીજું? આખો દિવસ સૂઈ રહેવું ને ગપ્પાં મારવાં. આ સિવાય બીજું કામ હરામ કરતી હોય તો! સવારે ઉઠે મોડી, પછી દેવદર્શનથી આવી ચા-નાસ્તો ઠોકે. ત્યાર બાદ બાથરૂમમાં જાય નહાવા તો બે કલાકે બહાર નીકળે. બપોરે ખાઈ ને – બરોબર ઝાપટી ને ઘોરે. ચાર વાગ્યે જાગી ચા-પાણી પી બહેનપણીઓ જોડે ગપ્પાં મારવા જાય તો વહેલી પડજો રાત!

પેલો પૂછનારો તો માજીના મુખ સામે તાકી જ રહ્યો થોડી વાર. એમની પૂત્રવધૂ એ જ કરતી હતી, જે એમની પૂત્રી કરતી'તી પણ પ્રેમના ચશ્માથી જોવાના કારણે પૂત્રીનું સુખ રાજરાણી જેવું લાગતું. જ્યારે પૂત્રવધૂનું સુખ ખમાતું નહોતું. જોઈ શકાતું નહોતું. ચશ્માના કાચ ફરી જતા હતા ને! દ્વેષના કાચ દ્વારા જોવાવાને કારણે આ મુશ્કેલી સર્જાતી હતી.

હમણાં એવી જાતના કાચ શોધાણા છે, જે તડકામાં એની મેળે સફેદ રંગમાંથી લીલા, આસમાની રંગના બની જાય. સૂર્યના કિરણોની અસરથી રંગમાં પરાવર્તન.

દરેક માણસ આવા કાચવાળા ચશ્મા અંતરની આંખ પર લગાવી ફરી રહ્યો તેવું લાગે છે, નહિ? 'મારા છોકરા સોનાના, પાડોશીના પીત્તળના અને ગામના છોકરા ગારાના...'!

જીવન જ્યારે મહોત્સવ સમું બને છે.

'અક્રોહી, અમાની, અમાયી, અલોભી....' સિદ્ધ ભગવંતોના આનંદમય સ્વરૂપની વાત પૂજ્ય પદ્મ વિજય મહારાજ કહી રહ્યા છે. ક્રોધ, માન, માયા, લોભ પૂર્ણતયા નહિ પણ આંશિક રીતે દૂર થાય તોય કેટલી શાન્તિ મળે છે? 'ટેન્સન' ના ગ્રહની પીડા કષાયોના દૂરીકરણથી કેવી ઓછી થાય છે, એ તમે જાતે પ્રયોગ કરીને અનુભવો.

કેવા યુગમાં આપણે જીવી રહ્યા છીએ? પોતાનું નાક વાઢીનેય બીજાનું અપશુકન કરનારાઓની જમાત વચ્ચે રહેવાનુ છે. આવે વખતે 'સર્વ કલ્યાણ'– ની ભાવનાને વરેલા પ્રભુના શાસનમાં આપણો આન્તરિક પ્રવેશ થઈ ગયો હશે તો, અને તો જ વાંધો નહિ આવે. નહિતર આ યુગ તમારી માનવતાને ક્યારે પશુતાનો પુટ આપી દેશે, તમને ખ્યાલ પણ નહિ આવે....

અને પરમાત્માના મહા શાસનમાં આપણો પ્રવેશ થાય છે ત્યારે આનંદ, આનંદ છવાઈ જાય છે એ વખતે. પૂજ્યપાદ સિદ્ધસેન દિવાકર સૂરિ મહારાજાએ દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકામાં પરમાત્માની સ્તવના કરતાં કહ્યું છે: પ્રભુ આપની કૃપાનો પ્રસાદ પામેલા અમારે માટે તો આ જીવન જ મોટો મહોત્સવ બની ગયું છે. પળ, પળ લાખેણી. ક્ષણ, ક્ષણ મોંઘેરી. આનંદના રસમાં ઝબોળાયેલી ઘડીઓ, મુહૂર્તો, દિવસો....

પૂજ્ય રામ વિજય મહારાજ પરમાત્મદર્શનના સમયની

વાત કરતાં કહે છે: 'દુખ દોહગ દૂર ટળ્યાં એ, પેખી પ્રભુ મુખચંદ કે....' અને ? 'ચિન્તામણિ મુજ કર ચઢયું એ પાયો ત્રિભુવન રાજ કે....' 'મુંહ માગ્યા પાસા ઢળ્યા એ, સિધ્યા વાંછિત કાજ કે....'

પરમાત્મ દર્શનથી જ આત્મશુદ્ધિ થશે. ભક્ત પ્રભુની સ્તવના કરતાં કહે છે: 'મને માયાએ મૂકયો પાશી, તું તો નિર્બંધન અવિનાશી.' હું માયાના પાશમાં બંધાઈ ગયો છુ, તમો નિર્બંધન છો. 'મારે જન્મ-મરણનો જોરો, તેં તો તોડયો તેહનો દોરો.' પ્રભુના રૂપને જોતાં જોતાં પ્રભુસમ બનવાનું છે આપણે. પૂજય મહોપાધ્યાય યશો વિજયજી મહારાજ પરમાત્મ સ્તવનામાં કહે છે: 'દેખી અદ્ભૂત તાહરું રૂપ, અચરિજ ભવિક અરૂપી પદ વરે જી...' આપનુ રૂપ જોતાં આપનો ભક્ત અરૂપી પદને પામે છે.

## કુબડો રાજકુમાર ફૂટડો શી રીતે બન્યો ?

એક રાજકુમારને નાનપણથી જ ખૂંધ નીકળેલ. રાજા નો એક નો એક દીકરો. ભવિષ્યનો રાજા બનનાર ગાદી વારસ. આમ તો એ ફૂટડો, સોહામણો હતો. પણ આ ખૂંધે એના રૂપનો કચ્ચરઘાણ વાળી નાખ્યો હતો. તે સાવ ઢૂબો, બેડોળ લાગતો હતો. રાજાએ એની ખૂંધ કાઢવા માટે ઘણા વૈદ્યો તેડાવ્યા. વૈદ્યોએ ઘણા ઉપાયો કર્યા. પણ પેલી ખૂંધ કેમે કરી ઓછી ન થાય.

રાજાએ આખા નગરમાં ઢંઢેરો પિટાવ્યો: જે માણસ રાજકુમારની ખૂંધ દૂર કરી એને સ્વસ્થ બનાવી આપશે

તેને રાજા એક લાખ સુવર્ણ મહોરોનું ઈનામ આપશે. સોના મહોરોની વાતે ઘણાને રાજધાની તરફ દોડાવ્યા. પણ બધા એ ઊંચા આંબાની કેરી લેવા માટે વામણા પડયા ! કોઈ રાજકુમારના દર્દને દૂર ન કરી શકયું.

ત્યારે એક હોંશિયાર માણસ ત્યાં આવ્યો. તે રાજકુમારને મળ્યો. મુલાકાતને અંતે એને લાગ્યું કે, સૌથી પ્રથમ તો રાજકુમારમાં આવી ગયેલ નિરાશાને ખંખેરવી પડશે. રાજપૂત્રના મનમાં ઠસી ગયું છે કે, હવે ગમે તેટલી દવાઓ ફેરવવામાં આવે, પોતે સ્વસ્થ નહિ જ બને. આ નિરાશા ન હટે તો દવા પોતાનો પ્રભાવ કેમ કરી બતાવી શકે ?

તે ચાલાક માણસે શિલ્પી પાસે રાજકુમારનું પૂતળું બનાવરાવ્યું રાજકુમારની ખૂંધ નીકળી જાય અને તેઓ ટટ્ટાર ઉભા રહે ત્યારે હોય તેવું. એ પૂતળું રાજકુમાર પાસે લાવી પેલા માણસે રાજકુમારને કહ્યું : આ પૂતળું આપનું જ છે. રોજ તે પૂતળા સામે ઉભા રહી આપ વિચારો કે, 'એક દિવસ હું આવો બનવાનો છું ! આ ભવિષ્યની મારી જ પ્રતિકૃતિ છે....' અને આશ્ચર્યકારક રીતે, તે પ્રતિકૃતિ સામે ઉભા રહેવાથી રાજપૂત્રના હૃદયમાં આશાનો સંચાર થયો. પછી શ્રેષ્ઠ વૈદ્યની દવા ચાલુ કરી પેલા મનુષ્યે. અને લો, થોડા જ અઠવાડિયાઓમાં ઔષધનું આશ્ચર્યકારક પરિણામ આવવા માંડયું. ખૂંધ દૂર થવા લાગી. ઓગળવા લાગી. અને એક દિવસ એવો આવ્યો જ્યારે રાજકુમાર તદ્દન સ્વસ્થ બની ગયા.

સ્વસ્થતા તરફ લઈ જનાર હતી દૃઢ ઈચ્છાશક્તિ : હું સ્વસ્થ, નિરોગી બનવાનો જ છું.

પ્રભુની મૂર્તિને જોતાં આ વિચાર કદી આવેલો ? કે એક દિવસ હું પણ વીતરાગતાને પ્રાપ્ત કરીશ : અલબત્ત, વીતરાગ પરમાત્માની આજ્ઞાને અનુસરવાથી જ.

**આપણું સ્થાન સિદ્ધશિલા જ**

આપણો આખરી વિસામો સિદ્ધશિલા જ છે. આપણું સ્થાન સિદ્ધ ભગવંતોની બાજુમાં ! હા પણ એ માટે ભગીરથ પ્રયાસ કરવો પડશે.

ગ્રન્થકાર મહર્ષિ ફરમાવે છે : ' અનારોપસુખં મોહ-ત્યાગાદનુભવન્નપિ. ' મોક્ષનું સુખ એવું તો અનુપમેય છે કે, એની સાથે સરખાવી શકાય એવી કોઈ ચીજ આ સંસા-રમાં નથી. તેથી જ્ઞાની એ સુખને જાણવા છતાં કોઈને એ સુખની વાત નથી કરી શકતા. કયું ઉદાહરણ આપવું ? એ આનંદને કોની સાથે સરખાવવો ?

**રાજા અને ભીલ**

એક રાજા ફરવા માટે, વનવિહાર માટે નીકળેલો : મોટા કાફલાને લઈને. રાજાનો ઘોડો તેજ ચાલતો હતો. થોડીવારમાં રાજા પોતાના કાફલાથી ઘણો દૂર નીકળી ગયો.

પણ હવે કાફલાને મુશ્કેલી પડી. આગળ આવતાં બે-ત્રણ કેડીઓ ફંટાતી હતી. અને પથરાળ કેડીઓ પર રાજાના ઘોડાનું પગેરું કળાય નહિ. શું કરવું ? રાજાજી કઈ બાજુ ગયા હશે ? અધિકારીઓએ કાફલાને ત્રણ ભાગમાં

વહેંચી નાખ્યો. પણ તોય ઉપાધિનો અંત ન આવ્યો. એક એક કેદી કેટલીય પેટાકેદીઓમાં ફંટાતી હતી.

હવે તો આડેધડ જ સફર કરવાની હતી. રાજાજી કઈ બાજુ ગયા હશે એનો કોઈ પત્તો નથી. અનુમાને જ વહાણ હંકારવાનું છે.

આ બાજુ રાજાજી તો ધૂનમાં ને ધૂનમાં ઘોડાને આગળ દોડાવી રહ્યા છે. ખૂબ દૂર ગયા પછી જ્યારે તરસ લાગી ત્યારે પાછળ જોયું તો ન મળે કોઈ નોકર કે ન દેખાય કોઈ ચાકર. રાજાને ખબર નથી કે પોતે કેટલે દૂર આવ્યા છે. તરસ ખૂબ લાગી છે. શું કરવું ? ત્યાં જ એક ભીલ દેખાયો. તે રાજા માટે ઠંડું પાણી લાવ્યો પછી રાજાને પોતાની ઝૂંપડીએ દોરી ગયો. ત્યાં તાજા રોટલા અને છાશનું ભોજન કરાવ્યું. રાજાને એ ભોજન એવું તો મીઠું લાગ્યું કે, ન પૂછો વાત.

ભોજન કરી રાજા આરામ કરી રહ્યા છે ત્યાં જ કાફલાનો એક ભાગ લાંબા સમયની રખડપટ્ટી પછી ત્યાં આવ્યો. ભીલે બધાને ઠંડું પાણી પાયું.... વિદાયની વેળાએ રાજાને થયું, ન ઓળખાણ, ન પિછાણ, છતાં આ ભીલે કેટલી આગતા-સ્વાગતા કરી ? હું એક રાજ્યનો રાજા; હું શું એનાથી જાઉં ?

### અમેરિકી પ્રમુખનો માર્મિક જવાબ

અમેરિકી પ્રમુખ જઈ રહ્યા હતા. ત્યારે એક હબસી નાગરીકે તેમને સલામ ભરી. સન્માન દર્શાવવા હેટ નીચે

ઉતારી. આ જોઈ પ્રમુખે પણ પોતાની હેટ નીચે ઉતારી તેનું અભિવાદન કર્યું.

પ્રમુખની મંડળીમાં સામેલ અધિકારીઓને લાગ્યું કે, પ્રમુખે હેટ ઉતારવી નહોતી જોઈતી. નાગરીક તો પ્રમુખનું સ્વાગત કરે. પણ પ્રમુખે શા માટે આ તકલીફ વહોરવી જોઈએ? એક અધિકારીએ તો આ વાત પ્રમુખને કહી પણ ખરી. ત્યારે પ્રમુખ બોલ્યા: મિત્રો! હું એક સભ્ય નાગરીક તો છું ને? એક સામાન્ય નાગરીકમાં હોય તેટલું પણ શિષ્ટાચારનું ભાન જો મને ન હોય તો પછી હું સભ્ય મનુષ્ય શી રીતે ગણાઉં?

આવો વિચાર આવે તો જીવનમાં ઘણા ગુણોનું અવતરણ થાય. 'હું કોણ?' હું જૈન....' આ રીતે કોઇ નીતિ-નિયમોને ગોઠવ્યા છે?

"અમુક બિઝનેસમાં પ્રોફિટ સારો છે. તમે જોડાશો?" તરત જ વળતું જૈન પૂછશે: એ ખરું, પણ જૈનત્વને બાધા પહોંચે એવું તો એ ધંધામાં કંઈ નથી ને? પહેલા મારો ધર્મ. પછી મારો સંસાર.

પેલા રાજાએ વિચાર્યું કે, જંગલી કહેવાતા ભીલે આટલી આગતા-સ્વાગતા કરી તો સભ્ય કહેવાતો હું એનાથી જઉં? રાજાએ ભીલને એક ઘોડા પર બેસાડવાનું સેનાપતિને ફરમાન કર્યું. રાજધાનીમાં એક મહેલમાં એને ઉતારો આપ્યો રોજ જાત-જાતની મીઠાઈ ને ભાત ભાતના ફરસાણ; રાજાના આતિથ્યમાં શી મણા હોય?

થોડા દિવસો પસાર થયા અને ભીલને પોતાનું જંગલ સાંભર્યું. રાજાને કહે : મારે જવું છે. રાજાએ વસ્ત્રો વગેરે ખૂબ વસ્તુઓ આપી એને ઘેર મોકલ્યો.

ઘરે તો એના સગા-વહાલા બધા ભેગા થઈ ગયા. પૂછે એને : કેવું હતું રાજાનું ઘર ? કેવી આગતા સ્વાગતા હતી ? ત્યાં ખાવાનું કેવું હતું ? ભીલ મૂંઝાઈ ગયો. શી રીતે આ લોકોને ઘેબરનો સ્વાદ સમજાવવો ?

પેલા લોકોએ ફરી ફરીને પૂછયું ત્યારે એક છાણું લઈને ભીલે દેખાડયું. કદ સૂચવવા માટે. પેલા એના સગા-વહાલા કહે : થૂ થૂ.... આવું તો કોણ ખાય ? ભીલ કહે : એનો સ્વાદ તો એવો મીઠો હતો, એવો મીઠો હતો કે ન પૂછો વાત. આ તો મેં છાણું બતાવીને એનું કદ દેખાડયું.

એક જણ કહે : મકાઈના રોટલા કરતાંય વધુ સ્વાદિષ્ટ.

ભીલ કહે : અરે, એના કરતાં તો કંઈ ગણું સ્વાદિષ્ટ

જેમણે ગોળ-ખાંડ પણ ન ચાખ્યાં હોય તેમને બીજી રીતે સમજાવાય પણ શી રીતે ?

આ જ વાત અહીં છે. મોક્ષના સુખની વાત સંસારીઓને શી રીતે સમજાવવી ? 'પરમાત્મ પંચવિંશતિકા' માં મહામહોપાધ્યાય શ્રીમદ્ યશો વિજય મહારાજે કહ્યું છે : 'સુરાસુરાણાં સર્વેષાં, યત્સુખં પિંડિતં ભવેત્; એક-

સ્યાપિ હિ સિદ્ધસ્ય, તદનન્તતમાંશગમ્....' બધા દેવોના સુખનો ઢગલો, માનો કે, એક જગ્યાએ કરીએ તોય તે સિદ્ધ ભગવાનના આનંદના સંદર્ભમાં કેવડો ? તો કહ્યું, અનંતમા ભાગ જેવડો....

એ સિદ્ધ ભગવાનના આનંદ ઐશ્વર્યને હાથ વગો કરવા આગળ વધીએ.

આજે ધાર્મિક વાતાવરણમાં મગ્નતા નથી આવતી. ઝોકા આવે છે. રેસકોર્સમાં દોડતા ઘોડામાં જે મગ્નતા છે કે સિનેમા જગતના ખોખા અને પુંઠાના જે સેટિંગ્સ, પરદા ઉપર જોવામાં જે મગ્નતા છે તેના સહસ્રાંશની મગ્નતા પણ શાસ્ત્રમાં એક સુત્રમાં કે મંદિરના નથી આવતી.

જ્યાં રસ હોય છે ત્યાં મગ્નતા હોય છે.

જ્યાં લાભ દેખાય છે ત્યાં રસ ઉત્પન્ન થાય છે.

રેસનો ઘોડો મારું ભાગ્ય બદલાવશે તેવી શ્રદ્ધા છે. આ લાભથી તેનામાં રસ છે. તેથી તેનામાં મગ્નતા છે. વીતરાગની મૂર્તિ કે શાસ્ત્રથી તે લાભ થાય, તમારું ભાગ્ય પલટાય તેવી તમને શ્રદ્ધા નથી. તેથી તેમાં રસ નથી. પરિણામે મગ્નતા નથી.

વસ્તુની સાચી ઓળખનો અભાવ, યથાર્થ મૂલ્યાંકનની કળાનો અભાવ જ આ બધા રોગોનું મૂળ છે.

[૧૬]

# ચાલો, અન્તર્મુખ બનીએ !

यश्चिद्दर्पण विन्यस्त –
समस्ताचारचारुधी :
क्व नाम स परद्रव्ये –
नुपयोगिनि मुह्यति ॥

પંડિત રામચન્દ્ર ત્રિપાઠી અધ્યયનમાં હોંશિયાર. ઘણી પદવીઓ તેમણે પ્રાપ્ત કરેલી : વ્યાકરણાચાર્ય, તર્કવાગીશ, સાહિત્યમાર્તંડ.... કહો કે, એમના નામ પાછળ પદવીઓનું જંગલ આખું ઉગી ગયેલું !

શેક્સપીયરે કહ્યું છે What's in the name ? નામમાં શું છે ?'

આજનો મનુષ્ય જવાબ આપશે : ' નામમાં જ બધું સમાયેલું છે !' બ્રહ્માંડ આખુંય પિંડમાં આવી ગયું !

તો પંડિત રામચંદ્ર પણ આ જ સિદ્ધાન્તમાં માનતા હતા. તેથી પોતાના નામને જ્યાં પણ બોલવાનો કે લખવાનો મોકો મળે ત્યાં પદવીઓના જંગલને ભૂલતા નહિ.

એક વખત પંડિતજી જાતરાએ નીકળ્યા. રાત્રે એક સ્ટેશન પર ગાડી ઉભી રહી. બીજે દિવસે સવારે બીજી ગાડીમાં આગળ ધપવાનું હતું. 'રૈનબસેરા' માટે તપાસ કરતાં ખબર પડી કે, સ્ટેશનની બાજુમાં એક ધર્મશાળા છે.

મધરાત પડી ગયેલી. પંડિતજી ધર્મશાળાના દરવાજે પહોંચ્યા. દરવાજો બંધ! ઠંડી રાતમાં દરવાન અંદરથી ઠઠાવીને સૂઈ ગયેલો. પંડિતજીએ પા કલાક સુધી ઘાંટા પાડયા ત્યારે પહેરેગીરની ઉંઘ સહેજ ઊડી.

"કોણ છે?" અર્ધી ઉંઘમાં જ પહેરેગીરે પૂછ્યું. રોજની ટેવ મુજબ પંડિતજી ઓચર્યા: પંડિત રામચન્દ્ર ત્રિપાઠી, વ્યાકરણાચાર્ય, તર્કવાગીશ, સાહિત્ય માર્તન્ડ.... આવ્યા છે. દરવાજો ખોલો.

પહેરેગીર કહે: ધર્મશાળા યાત્રિકોથી ખીચોખીચ ભરાઈ ગઈ છે. અને હવે ચાર-પાંચ જણાને સૂવાની તો શું બેસવાની પણ વ્યવસ્થા થાય તેમ નથી.

પંડિતજીએ ઘણી મહેનત કરી એ સમજાવવાની કે પોતે એક જ છે. પોતાની જોડે બીજું કોઈ નથી. પણ પહેરેગીરના મનમાં એમ જ ઠસી ગયું કે, છે ચાર-પાંચ જણા, પણ દરવાજો ખોલાવવા માટે ખોટું બોલી રહ્યા

છે. તેણે ધરાર દરવાજા ન ખોલ્યો અને પંડિતજીને આખી રાત બહાર ઠંડીમાં ઠીઠુરાવું પડ્યું.

પંડિતજી પાસે વિદ્યા હતી, પણ એ બહિર્મુખી હતી. અન્તર્મુખી નહિ. અન્તર્મુખી વિદ્યા પ્રદર્શનમાં નથી રાચતી. અન્તર્મુખી વિદ્યામાં મધ્યમા કે પશ્યન્તીનો પુટ હોવાથી ખાલી વૈખરીનું કોરાધાકોરપણું ત્યાં નથી હોતું.

## વાણીના ચાર પ્રકાર

વાણીના ચાર પ્રકાર છે: પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી. વૈખરીની સરસ વ્યાખ્યા એક જગ્યાએ વાંચી હતી: ધાણી ફૂટે તેમ મોઢામાંથી ફૂટતી અને કોઇના કાનમાં જઇ દટાઈ મરતી વાણી તે વૈખરી વાણી. બહુ ઓછું આયુષ્ય તેનું હોય છે. થોડી મિનિટોનું માત્ર. પણ આજે વૈખરીનો જ વપરાશ પૂરબહારમાં ચાલી રહ્યો છે. બોલવાનું એટલું બધુ વધી ગયું છે કે, શબ્દોની કિંમત બહુ ઓછી થઈ ગઈ!

ઉપદેશ દેવા માટે કેટલી પાત્રતા વિકસાવવી જોઈએ તેનું શાસ્ત્રોમાં વર્ણન આવે છે. વર્ષો સુધી, શાસ્ત્રની વાતોને આત્મસાત્ કર્યા પછી જ્ઞાની ગુરુઓ દેશના આપતા. અને એ પણ સાંભળનારની પાત્રતા જોઈને આપતા.

જ્ઞાની ગુરુ, યોગ્ય પાત્ર અને પ્રભુની વાણીએ ત્રણેનો સંગમ થતાં કંઈ કેટલાંય જીવનોનું પરિવર્તન થતું.

શાલીભદ્રે એકવાર પ્રભુની વાણી સાંભળી અને એને સમજાઈ ગયું કે, સપ્ત ભૂમિક પ્રાસાદમાં કે બત્રીશ પત્નીઓમાં સુખને શોધવા નીકળવાની વાત ભ્રમણાથી વધુ કંઈ જ ન હતું.

'મોક્ષ શી રીતે મળે ?'

એક રાજા સાધુ–સંન્યાસી જે કોઈ આવે તેમની પાસે જતો અને પોતે ધર્મી છે એવું બતાવવા 'મહારાજ! મારો મોક્ષ શી રીતે થાય ?' એમ પૂછતો. કરવા–બરવાનું કંઈ નહિ. ખાલી પ્રશ્નો જ કરે...

હા; ધર્મ પણ 'સ્ટેટસ સિમ્બોલ' સમો હોઈ શકે છે ઘણાને માટે.

એક ભાઈને શોખ હતો મોટા મોટા ડૉકટરોની પાસે જવાનો અને પોતે જેના અસ્તિત્વથી સહેજ પણ ચિન્તિત નહોતા એવા પોતાના રોગ માટે મોટા ડૉકટરોના પ્રીસ્ક્રીપ્સન્સ એકઠાં કરવાનો. એવાં પ્રીસ્ક્રીપ્સન્સની એ ભાઈએ ફાઈલ બનાવેલી અને પોતાની મુલાકાતે આવનાર દરેક મુલાકાતીને તેઓ એ ફાઈલ દેખાડતા. 'મોટી મોટી વિદેશની ડીગ્રીઓવાળા આટલા ડૉકટરોને મેં તબિયત બતાવી છે.' અલબત્ત, આગળની વાત તેઓ નહોતો કરતા કે, 'અને આ બધા પ્રીસ્ક્રીપ્સન્સ બીજાઓને દેખાડવા માટે ભેગા કરી રાખ્યા છે. 'તમારા લાભાર્થે' એ કે પ્રીસ્ક્રીપ્સન પ્રમાણેની દવા મેં લાવી નથી કે લાવવાનો વિચાર કર્યો નથી....'

આવો જ શોખ ઘણા લોકોને હોય છે. 'આટલા આટલા જ્ઞાની ગુરુઓનો ઉપદેશ સાંભળ્યો છે મેં. ફલાણા મહારાજ સાહેબને મારા પર ખૂબ લાગણી. અમુક મહારાજશ્રીનાં પ્રવચનોમાં તો હું રોજ જતો....' પણ એમાંથી એકે પ્રવચનની વાતને અમલમાં મૂકી કે કેમ એવું એ ભાઈને ન પૂછતા, હો ! નહિતર એમનું મોઢું કટાણું થઈ જશે !

પેલા રાજાને પણ આવો જ શોખ. બધા સંતો પાસે એ જાય. પ્રવચનો સાંભળે પણ પછી કંઈ નહિ. એ ઉપદેશ જોડે એને સ્નાન - સૂતકનોય સંબંધ નહિ.

તાળીઓનું પોટલુ !

એક નાટ્યકાર પોતાની મંડળી સાથે એક નગરમાં ગયો. નગરના રાજા પાસે જઈ તેણે રાજાને વિનંતી કરી : આપ કૃપા કરો અને મારી વિદ્યા જુઓ. આપ જોવા માટે અનુમતિ આપશો તો મને બહુ આનંદ આવશે.

રાજાએ તેના ખૂબ આગ્રહથી હા પાડી. રાજમહેલના વિશાળ પ્રાંગણમાં યોગ્ય સમયે નાટક શરૂ થયું. નાટક ખૂબ સુન્દર હતું. જેમ જેમ તે આગળ વધ્યે જતું હતું. તેમ તેમ લોકો તાળીઓના ગડગડાટથી તેના એક એક વિશેષ દૃશ્યને અને નાટ્યકારના એક એક વિશેષ વાર્તાલાપને વધાવતા હતા.

નાટકનો અંત થયો. એ વખતની પદ્ધત્તિ એવી હતી કે, રાજા ખુશ થઈને ઇનામ આપે એ પછી જ

નાગરીકો ઈનામ આપી શકે. રાજા કોણ જાણે કઈ ધૂનમાં હતો કે, તેણે કશું ઈનામ જ ન આપ્યું. લોકો મૂંઝવણમાં પડચા.

ત્યાં જ નાટચકારે એવું સરસ કોઈ ગાયન લલકાર્યું જેથી લોકોએ તાળીઓના ગડગડાટથી મેદાન ગૂંજાવી નાખ્યું. નાટચકારે એ વખતે મંચ પર પોતાનો ખેસ પાથર્યો અને અને પછી જેમ પોટકું બાંધે તેમ, ખેસમાં કશું ન હોવા છતાં, બાંધવા લાગ્યો.

રાજા કહે : ઉસ્તાદ! આ વળી કયો પ્રયોગ?

નાટચકાર કહે : મહારાજ! તાળીઓનું પોટલું બાંધું છું. બીજું તો કંઈ મળ્યું નથી, હવે ખાવા માટે કંઈક તો જોઈશે ને! એટલે આ તાળીઓનું પોટલું બાંધી લઈ જઉં છું.

રાજાને તરત જ પોતાની ભૂલનું ભાન થયું અને એણે ઈનામ આપતાં નાટચકારને નાગરીકો પાસેથી પણ ખૂબ ધન મળ્યું.

ઘણા લોકો પ્રવચનમાં જાય છે અને તાળીઓનું પોટલું બાંધી ઘેર આવે છે. પણ તમે આવું ન કરતા! નિયમના ઈનામનું પોટલું બાંધી ઘેર જજો!

પેલો રાજા સંતોના પ્રવચનોમાં જાય. અને મનોરંજન મેળવી, ધર્મી હોવાના અભિમાનમાં થોડો વધારો પ્રાપ્ત કરી ઘરે, મહેલે પાછો ફરે. હતો એવો ને એવો!

સહેજ પણ ફેરફાર વગર રીટર્ન્ડ ટિકિટ લઈને જ જતો' તો ને!

વાર્તાના રાજા સિવાયના ઘણા રાજાઓ એવા થઈ ગયા. જેઓ રીટર્ન્ડ ટિકિટ લીધા વગર દેશના સાંભળવા જતા. એક દેશના સાંભળે, પાપથી હૈયું ધ્રૂજી ઉઠે અને ગુરુ મહારાજને વીનવી રહે: ગુરુ મહારાજ! અમને આપના ચરણમાં સ્થાન આપો.

એક જ વખત પ્રભુની વાંણીનું શ્રવણ: અને આ પારથી પેલે પાર જીવનની નૌકા પહોંચી જાય! પણ તમે લોકો તો દેશના સાંભળવા આવો ત્યારે ય મનની નૌકાને 'ઘર'ના દોરડેથી બાંધીને આવો છો ને!

**નાવનું લંગર છોડો!**

પુનમની રાતે કેટલાક મિત્રોને ચાંદની રાતમાં નૌકા વિહાર કરવાનું સૂઝયું. એક હોડીને તેમણે ભાડે લીધી. આગોતરા પૈસા આપી હોડીવાળાને રજા આપી. અને પછી માંડયા હલેસા મારવા. ઘડીકમાં નૌકા આમ જાય તો ઘડીકમાં તેમ જાય. ખૂબ હલેસાં મારવા છતાં હોડી પાંચ-દશ મીટરના ચકરાવામાં જ ઘૂમતી રહી. આગળ ધપી જ નહિ.

અને ધપે ય શી રીતે?

ઉસ્તાદ હોડીવાળો હોડીને કાંઠા પર રહેલા એક થડ સાથે બાંધીને ગયેલો. પછી હોડી સામે કાંઠે શી રીતે જાય? નાવનું લંગર એ માટે છોડવું જ રહ્યું પહેલાં.

તમે લોકો પણ આ રીતે મનની હોડીને 'ઘર' સાથે

લાંગરીને અહીં આવો છો ને ? જેથી ગમે તેટલાં પ્રવચનોનાં હલેસાં મરાય તોય એ આગળ ખસે નહિ ! થોડી ઘણી આમથી તેમ ને તેમથી આમ થાય તે જુદી વાત છે !

પેલા રાજાએ પણ મનની હોડીનું લંગર ખોલેલું નથી અને એથી જ પ્રવચનો સાંભળે છે; પણ જીવનની નાવ તો હતી ત્યાં ને ત્યાં જ રહે છે !

એક સંતને રાજાના આ વર્તન પર કરુણા જાગી. કરુણાધન હોય છે સંતો. એક વખત એ સંત રાજમહેલમાં આવ્યા. રાજમહેલના એક પછી એક ખંડો જોતાં જાય અને 'ક્યાં હશે ? ક્યાં હશે ?' એમ બોલે જાય,

રાજાએ નમ્રતાથી પૂછ્યું : આપ કોને શોધો છો ?

'મારા ઉંટને. જેના પર બધો સામાન લાદી હું અહીં આવેલો.'

રાજાને આ જવાબથી વધુ આશ્ચર્ય થયું 'ઉંટને આખરે રાજમહેલમાં શોધવાનો શો અર્થ ? એ ક્યાંક ગલીઓમાં હોય....' પણ સંત બહુ પ્રસિદ્ધ હતા. અને એમની જ્ઞાનવાર્તા રાજાએ સાંભળેલી હતી એથી એણે ફરી નમ્રતાથી કહ્યું : પણ, ગુરુજી ! ઉંટ અહીં રાજમહેલમાં શી રીતે હોય ? અહીં એને શોધવાનો શો અર્થ ?

સંત હસીને કહે : ઉંટ રાજમહેલમાંથી ન જડે અને મોક્ષ રાજમહેલમાંથી જડે એમને ?

રાજા અંદરથી હલી ઊઠયો : 'જેને મુક્તિ જોઈએ

છે એ તો બધું છોડવા માંડે. અને જે બહારથી ખાલી થાય તે જ અંદરથી ભરાય.... હું વાતો કરું છું મોક્ષની. પણ મોક્ષ મેળવવા મેં શું કર્યું ?' બધું છોડી રાજા સંત ની પાછળ પાછળ ચાલી નીકળ્યો.

વૈખરીમાં જ્યારે પરાનો રણકાર હોય છે ત્યારે, જો સાંભળનાર પણ અવધાનવાળો હોય તો, 'થોડાક શબ્દો અને કામ ઝાઝું' થઈ જાય છે.

## મધ્યમા પશ્યન્તી અને પરા

વૈખરીમાં ખાલી શબ્દોની જ ફેંકાફેંક હોય છે, અર્થની ગતાગમ નથી હોતી — અરથ બરથ માર્યો ફરે !

મધ્યમામાં રટાતા સૂત્રોનો અર્થ સમજાય તો છે પણ એ એટલો હૃદયસ્પર્શી નથી બનતો, જેટલો બનવો જોઇએ. અર્થ સમજાણો પણ ખરા અર્થમાં 'અર્થ સર્યો નહિ'!

પશ્યન્તીમાં અન્તઃપ્રજ્ઞાને અજવાળે વ્યક્તિ રટાતા સૂત્રને જોઈને 'જોઈ' શકે છે. 'પશ્યન્તી' વાણી એટલે જ 'દેખતી' વાણી ! શબ્દો બોલતાં તેમનાં ચિત્ર ખડાં થાય મનની આંખો સામે. 'નમો અરિહંતાણં' પદ ઉચ્ચારતાં બંધ આંખો સામે સમવસરણમાં બેસી ધર્મદેશના આપતા પરમાત્મા દેખાય.

અને આતમ વીણાનો ઝંકાર રેલાઈ રહે એ છે પરા વાણી. એ મનની પકડમાં નથી આવતી એટલે એને વ્યક્ત

કરી શકાતી નથી, પણ પશ્યન્તી, મધ્યમા અને વૈખરીને એ અજવાળી મૂકે છે.

ગ્રન્થકાર મહર્ષિ આ જ વાત અહીં, 'જ્ઞાનસાર' નિર્મોહાષ્ટકના ઉપસંહાર માં કહે છે: 'યશ્ચિદ્ દર્પણ વિન્યસ્ત....' જેણે અંદરનો અપાર વૈભવ જોયો છે, તે બહાર શા માટે નજર નાખે ? પરદ્રવ્ય માટે એમણે સરસ વિશેષણ આપ્યું છે: 'અનુપયોગિનિ' અનુપયોગી એવા પરદ્રવ્યમાં તે જ મૂંઝાય કે જેણે અંદરની મોહક સૃષ્ટિ નથી જોઈ. હા, મોહ જ મોહનો છેદ ઉડાડી દેશે ! અંદરની દુનિયા પરનું મમત્વ બહારની દુનિયાના ત્યાગમાં પરિણમશે. ત્યારે ત્યાગ સ્વાભાવિક હશે. છોડવું નહિ પડે કશું, છૂટી જશે બધું એની મેળે...

મોહની દુનિયામાં વસીએ છીએ માટે અંદરની દુનિયા પર મોહ ધરાવવા સૂચન કરવામાં આવેલું છે. પણ આગળ જતાં મોક્ષની પણ આશંસા ઓગળી જાય છે. પરમાર્હત કુમારપાળ મહારાજા પરમાત્માની સ્તુતિમાં કહે છે: હે પ્રભુ ! આપની આણાને શિરે ધરી હું એવી નિર-પેક્ષ ભૂમિકાને ક્યારે પ્રાપ્ત કરીશ કે જ્યારે મને મોક્ષની પણ ઝંખના નહિ હોય ! 'મોક્ષેપ્યનિચ્છો ભવિતાસ્મિ નાથ !' અપેક્ષાઓના-ઝંખનાઓના જંગલમાંથી છૂટકારો. પછી મોહ શી રીતે સાધકનો પીછો પકડી શકે ?

દુઃખની જનની છે અપેક્ષા. અપેક્ષાઓ છૂટી જાય એટલે દુઃખ ભૂતકાળની બાબત બની રહે.

જીવન્મુક્તની વ્યાખ્યા આપતાં એક જ્ઞાનીપુરુષે કહ્યું છે : 'અતીતાનનું સન્ધાનમ્, ભવિષ્યદવિચારણમ્; ઔદાસીન્યમપિ પ્રાપ્તે, જીવન્મુક્તસ્ય લક્ષણમ્....' ભૂતકાળની કામનાઓ સાથેનો છેડો જ્યારે છૂટી જાય; ભૂતકાળ 'ભૂતકાળ' ની વાત બની રહે; ભવિષ્યકાળ માટે કોઈ કામના ન હોય, અને વર્તમાનમાં ઉદાસીનતા હોય; જે કાળે જે મળ્યું તે હર્ષ – શોક વગર સ્વીકારી લેવાની ભાવના હોય તો જીવન્મુક્તિ તમારા દ્વારને છબી રહી છે એમ જાણજો !

'ઔદાસીન્યમપિ પ્રાપ્તે....' જે વખતે જે મળ્યું તેનો સ્વીકાર... દુઃખ આવી પડે તો મનમાં અપ્રસન્નતા નહિ. અનુકૂલન આવી જાય તો પ્રસન્નતા નહિ.

આ ભૂમિકા બહુ ઉંચેરી છે. જ્ઞાન, ધ્યાન, તપ જપ વગેરે દ્વારા આ ભૂમિકાને હસ્તગત કરવા આગળ વધો એ જ કામના.

આ જ શૈલીએ એક નવું પુસ્તક ટૂંક સમયમાં
પ્રગટ થઈ રહ્યું છે

## શ્રાવકનાં છત્રીશ કર્તવ્યો

પ્રવચનકાર :

પૂજ્યપાદ શાસન પ્રભાવક આચાર્યદેવ
શ્રીમદ્ **વિજય** ૐકાર સૂરીશ્વરજી મહારાજા

* સામાયિક અને પ્રતિક્રમણ જેવા પવિત્ર અનુષ્ઠાનો કરતી વેળાએ શરીર તો કટાસણા પર બેઠેલું હોય છે, પણ મન દુનિયા આખીની સફરે નીકળી પડે છે.
–વગર ચરવળે....!

મનની લટાર પર પ્રતિબંધ શી રીતે મૂકી શકાય ?

જુઓ પ્રકરણ ૭ અને ૮

* આંખોના આત્મમાંથી આંસૂની નવ લખ ધાર વરસાવતી મહાસતી અંજના દેવીની કથા [ પૃ. ૩૫ ]

* મોર્નિંગ વોક લેવા જવું જ હોય તો રૂટ એવો રાખવો કે .... કેવો ? ૫૪ મું પાનું જરા ઉથલાવોને !

પાને પાને જ્ઞાનની વાતો : પ્રાચીન દ્રષ્ટાંતો

જ્ઞાનસ ... ળા-૨
સંપા ...
પાને પાને જ્ઞા...

આવરણ તાજ પ્રીન્ટીંગ પ્રેસ, અમદાવાદ. ફોન : ૩૬૭૪૧૧